સાંઝાચુલા (ગુજરાતી થાળી)
ફુલ ડીશ ફકત રૂા.૭૫/-માં
૨ શાક, દાળ-ભાત, સંભારો,
રોટલી, છાશ,
ઈન્દીરા સર્કલ પાસે,
કાલાવાડ રોડ, રાજકોટ
રામ ઔર શ્યામ ગોલાવાલાની બાજુમાં
નરેશભાઈ - ૯૯૭૯૯ ૧૬૩૫૬
મુન્નાભાઈ - ૯૯૨૪૫ ૭૮૧૪૪

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ- ૧૩ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૬-૫-૨૦૨૪ - સોમવાર | રાજકોટ (સીટી)

હરસ-મસા-ભગંદર-ફિશરની
હવે સૌરાષ્ટ્રમાં પણ USFDA
એપ્રુવ્ડ લેસર મશીન દ્વારા
સારવાર ઉપલબ્ધ
એપોઈમેન્ટ માટે ફોન : 97128 08524
શ્રી સહજાનંદ
એનો-કેર હોસ્પિટલ
૨૦૩/૨૦૪, બિજા માળે, ગાયત્રી બિલ્ડીંગ, રજપુતપરા મેઈન રોડ કોર્નર, ભુતખાના ચોક, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ

વર્ષ : ૩૮ અંક : ૨૧૭ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

## ૪૩ ડીગ્રીને પાર! કાલથી ગુરૂવાર સુધી આકરો તાપ વરસશેઃ પવનનું જોર રહેશે

૧૭

## કાલના મતદાન પૂર્વે જ અમદાવાદની ૧૩ સ્કૂલોમાં બોમ્બની ધમકી

### પ્રથમ બે તબકકામાં ઘટેલા મતદાન બાદ ચુંટણીપંચથી રાજકીય પક્ષો વધુ સતર્ક

# કાલે ગુજરાત સહિત ૧૨ રાજયોની ૯૨ લોકસભા બેઠક પર મતદાન



### ૧૦ રાજયો, બે કેન્દ્રશાસીત પ્રદેશના મતદારોઃ ૧૩૦૦થી વધુ ઉમેદવારોના ભાવી નિશ્ચિત કરશે ૧૮ કરોડથી વધુ મતદારો

### ગુજરાતમાં અમિત શાહ ઉપરાંત વિવાદોથી હોટ બનેલી રાજકોટમાં પરસોતમ રૂપાલા, ઉતરપ્રદેશમાં સપા ફેમીલીના ડિમ્પલ યાદવ, મધ્યપ્રદેશમાં બે પુર્વ મુખ્યમંત્રી દિગ્વીજયસિંઘ, શિવરાજ ચૌહાણ ઉપરાંત જયોતીરાદીત્ય સિંધીયા પ.બંગાળમાં અધિર રંજન ચૌધરી વિ. ગુજજુ ક્રિકેટર યુસુફ પઠાણ મેદાનમાં

નવી દિલ્હી: દેશમાં લોકશાહીના સૌથી મોટા ધર્મ સમાન સંસદીય ચુંટણીમાં કાલે ત્રીજા તબકકાના મતદાનમાં ગુજરાતની ૨૫ સહિત ૧૧ રાજયોની ૯૨ બેઠકો પર કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ સહિત અનેક દિગ્ગજોના ભાવી નિશ્ચિત થશે. તા.૧૯ એપ્રિલથી ૧ જૂન વચ્ચે યોજાઈ રહેલી ચુંટણીમાં હવે ૧૨૦ મહિલાઓ સહિત ૧૦૦૦ ઉમેદવારો મેદાનમાં છે અને પ્રથમ બે તબકકામાં યોજાયેલા મતદાનમાં જે રીતે આકરી ગરમી સહિતના ફેકટરના કારણે


(અનુસંધાન છઠ્ઠા પાને)

**જોઈએ છે**
રાજકોટની નામાંકિત કંપની માટે નીચે મુજબનાં સ્ટાફની જરૂરીયાત છે :
- એકાઉન્ટ આસીસટન્ટ (M/F) (Tally, Word તથા Excel નાં જાણકાર)
- પરચેઝ આસીસટન્ટ (M/F)
અનુભવી/બિનઅનુભવી
મો.નં.: ૯૪૨૮૦ ૦૪૪૬૧

**ડ્રાઈવર જોઈએ છે**
રાજકોટની નામાંકિત કંપનીને પોતાના મવડી પ્લોટ સ્થિત યુનિટ માટે ડ્રાઈવરની જરૂરીયાત છે.
આકર્ષક પગાર સાથે અનુભવીને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
મો.નં. : ૯૪૨૮૦ ૧૧૯૬૬

**જોઈએ છે**
ગોડાઉન કીપર
ગોડાઉનમાં કામ કરી શકે તેવા શશક્ત માણસની જરૂર છે
સુધીર એન્ડ કાં.
પરાબજાર, રાજકોટ-૧.
મો. ૯૫૧૦૪ ૪૪૪૦૩

**શ્રી જી.ટી. શેઠ ઓર્થોપેડીક હોસ્પિટલ - રાજકોટ**
Ph. 2453903 / 2440410 • E : gtsorthohospital@gmail.com
જોઈએ છે
નર્સિંગ સ્ટાફ
GNM / B.Sc. (Nursing) • મીનીમમ ૨ વર્ષનો અનુભવ
વોર્ડબોય / આયાબેન
ધોરણ ૭ પાસ, હોસ્પિટલ કામના અનુભવીને ખાસ પસંદગી
અનુભવ, અપેક્ષિત પગાર સાથે મેને. ડિરેકટરશ્રીને તુરત અરજી કરવી.






### વિશ્વમાં જીવલેણ બનતું હવામાનઃ તીવ્ર ગરમી-વરસાદ-પુરથી અનેકના મોત

# બેઈમાન મોસમઃ એશિયાઈ દેશો ધગ્યા, બ્રાઝિલ-અમેરિકામાં વરસાદ- પૂરનો કહેર

## ભારતમાં ઉતરાખંડના જંગલોની આગ મંદિરો સુધી પહોંચીઃ થાઈલેન્ડમાં ગરમીએ ૩૦ લોકોના જીવ લીધા, ખેતી પાક નષ્ટઃ બાંગ્લાદેશમાં રેકોર્ડબ્રેક ગરમીઃ બીજી બાજુ બ્રાઝિલ-અમેરિકામાં ધોધમાર વરસાદ- પુરથી જનજીવન અસ્તવ્યસ્તઃ બ્રાઝિલમાં ૬૦ લોકોના મોત, અમેરિકામાં ૧૭૮ અને કેન્યામાં ૨૨૮ લોકોના મોત

નવી દિલ્હી તા.૬

દુનિયામાં છેલ્લા કેટલાક સમયથી હવામાનમાં મોટો વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. એશિયાઈ દેશો ગરમીથી તપી રહ્યા છે તો બ્રાઝીલ-અમેરિકામાં ધોધમાર વરસાદની સાથે ઘોડાપુર આવ્યા છે. એશિયાઈ દેશોમાં ગરમીથી જંગલોમાં દાવાનળ ફેલાઈ રહ્યો છે અને અનેક લોકોના મોત થયા છે તો બ્રાઝીલ-અમેરિકામાં ભારે વરસાદ અને પુરથી સેંકડો લોકોના જીવ ગયા છે.

**ગરમીથી તપતા એશિયાઈ દેશોઃ** ભારત સહિત એશિયાઈ દેશો હીટવેવનો સામનો કરી રહ્યા છે. જેથી સંખ્યાબંધ લોકોના મોત નિપજયા છે. આથી ખેતી પાકોને પણ નુકશાન થયું છે. થાઈલેન્ડ અને બાંગ્લાદેશમાં ગરમીના રેકોર્ડ તૂટી રહ્યા છે.

ભારતના દક્ષિણી ભાગો ભીષણ ગરમીની ઝપટમાં આવી ગયા છે, જયારે ઉતરમાં પહાડી રાજય ઉતરાખંડ જંગલની આગનો સામનો કરી રહ્યા છે.

ઉતરાખંડમાં કુમાઉના જંગલોમાં રવિવારે ૨૨ જગ્યાએ આગની ઘટનાઓ બની છે. જેમાં ૩૪.૪૯ હેકટર જંગલ આગની ઝપટમાં આવી ગયા છે. શનિવારે જંગલની આગ દ્વારા હાટના દૂનાગિરિ મંદિર સુધી પહોંચી ગઈ છે. આથી મંદિરની દિવાલોને હળવું નુકસાન પહોંચ્યું છે, જયારે ટીન શેડ સળગી ગયા છે.





**થાઈલેન્ડમાં ગરમીથી ૩૦ના મોતઃ પાક નષ્ટઃ** થાઈલેન્ડમાં હિટસ્ટ્રોકથી ૩૦ લોકોના મોત થયા છે. ખેતી પાકો નષ્ટ થયા છે. કમ્બોડીયામાં ગત સપ્તાહે એક સૈન્ય મથક પર ગરમીના કારણે દારૂગોળામાં વિસ્ફોટો થતા ૨૦ સૈનિકો માર્યા ગયા હતા.

**બાંગ્લાદેશમાં સૌથી ગરમ મહિનો એપ્રિલ રહ્યોઃ** બાંગ્લાદેશમાં એપ્રિલમાં રેકોર્ડબ્રેક ગરમી રહી હતી. જયારે મ્યાનમારમાં ચોક શહેરમાં તાપમાન ૪૮.૨ ડિગ્રીએ પહોંચી ગયું હતું.

**ભારતઃ ૧૯૫૪ બાદ કોલકાતા સૌથી ગરમઃ** ભારતમાં કોલકાતામાં તાપમાન ૪૩ ડીગ્રી સેલ્સીયસે પહોંચી ગયું હતું. જે ૧૯૫૪ બાદ સૌથી વધુ હતું.

**બ્રાઝીલ-અમેરિકામાં ભારે વરસાદથી ઘોડાપુરઃ** જયારે બીજી બાજુ બ્રાઝીલ-અમેરિકામાં ભારે વરસાદને પગલે પુર આવતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું અને કેટલાય લોકોના જીવ ગયા હતા. આ ઉપરાંત આફ્રિકી દેશો- ઈન્ડોનેશિયા, હૈતી, કેન્યા, સોમાલિયા, ઈથિયોપિયા, રવાન્ડા, યુગાન્ડા, બુરુડીમાં વરસાદ અને પુરના કારણે સેંકડો લોકોના મોત થયા હતા.

ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહે સાઉદી અરબમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું.

**બ્રાઝીલમાં ૮૦ વર્ષનું સૌથી મોટું પુરઃ** બ્રાઝીલના દક્ષિણી રાજય રિયો ગ્રાન્ડે ડીસૂલમાં ભારે વરસાદથી ૬૦ લોકોના મોત થયા છે. ૧૦૧થી વધુ લોકો લાપતા બન્યા છે. રેકોર્ડ બ્રેક પુરથી અનેક શહેરો તબાહ થયા છે. હજારો લોકો ઘર છોડવા મજબૂર બન્યા છે. બ્રાઝીલમાં ૮૦ વર્ષનું સૌથી ભીષણ પુર છે.

**કેન્યામાં વરસાદથી ૨૨૮ લોકોના જીવ ગયાઃ** આફ્રિકી દેશ કેન્યામાં ભારે વરસાદ બાદ આવેલા પુરથી અત્યાર સુધીમાં ૨૨૮ લોકોના મોત થયા છે. ટાંઝનિયામાં વરસાદ-પુરથી ૧૧૫ લોકોના મોત થયા છે અને બે લાખ લોકોને અસર થઈ છે.

**અમેરિકામાં ભારે વરસાદથી હ્યુસ્ટનના વિસ્તારો જલમગ્નઃ** હ્યુસ્ટનમાં શનિવારે ભારે વરસાદથી અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. બચાવ દળોએ ૪૦૦ લોકોને સુરક્ષિત બહાર કાઢયા હતા. ૧૨૨ જેટલા પાળતુ પશુઓને પણ બચાવાયા હતા.

# કોંગ્રેસે OBC, SC-STને અન્યાય કર્યોઃ ભાજપના વિડીયો સામે પંચમાં ફરિયાદ




### જે.પી.નડ્ડા-અમિત માલવીયા સામે આચારસંહિતા ભંગની ફરિયાદ

ન્યુ દિલ્હી :

દેશભરમાં ચૂંટણીનો માહોલ છે. તમામ રાજકીય પક્ષો જીતવા માટે જોર લગાવી રહ્યું છે. હવે કોંગ્રેસે ભાજપના નેતાઓ વિરુદ્ધ મુખ્ય ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી છે. તેઓએ આક્ષેપ કર્યો છે કે ભાજપે તેના સોશિયલ મીડિયા પર કથિત રીતે અનુસૂચિત જાતિ અને જનજાતિના સભ્યોને કોઈ ચોક્કસ ઉમેદવારને મત ન આપવાની ધમકી આપતો એક કથિત વીડિયો પોસ્ટ કર્યો છે.

કોંગ્રેસ પાર્ટીએ આ ફરિયાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, ભાજપના સોશિયલ મીડિયા ઈન-ચાર્જ અમિત માલવિયા, કર્ણાટક બીજેપી અધ્યક્ષ બીવાય વિજયેન્દ્ર વિરુદ્ધ નોંધાવી છે.

કોંગ્રેસના મીડિયા પ્રભારી રમેશ બાબુએ મુખ્ય ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી હતી.

તેણે કહ્યું, 'હું તમારું ધ્યાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવેલા એક વીડિયો તરફ દોરવા માંગુ છું જે આઈટી સેલના વડા અમિત માલવિયા દ્વારા કરવામાં આવ્યું છે.

### SC, ST સમુદાયને કોંગ્રેસ વિરૂદ્ધ નફરત ફેલાવવાનો હેતુ

તેમણે વધુમાં કહ્યુંકે, 'આ વીડિયોનો હેતુ લોકોમાં દુશ્મનાવટની લાગણી વધારવાનો અને SC, ST સમુદાયને કોંગ્રેસ વિરુદ્ધ નફરત ફેલાવવાનો છે. આ વિડિયો આચાર સંહિતાનું ઉલ્લંઘન છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને એક વિશેષ ધર્મનું સમર્થન કરતા અને OBC, SC, ST સમુદાયને અન્યાય કરતા બતાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે કર્ણાટક બીજેપીની ઓફિશિયલ એક્સ ચેનલ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. આ એક ઇલસ્ટ્રેશન વીડિયો છે, જેમાં રાહુલ ગાંધી અને સિદ્ધારમૈયા એનિમેટેડ કેરેક્ટર તરીકે બતાવવામાં આવ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે પક્ષીના માળામાં એસસી, એસટી અને ઓબીસી નામના ઈંડા રાખવામાં આવ્યા છે. પણ રાહુલ ગાંધી એમાં મુસ્લિમ નામનું ઈંડું નાખે છે. જ્યારે મુસ્લિમ નામનું બચ્ચું ઈંડામાંથી બહાર આવે છે ત્યારે તે અન્ય ત્રણ બચ્ચાઓ કરતાં ઘણું મોટું દેખાય છે. જે પછી તે એકલા જ તમામ ભંડોળ ખાય છે અને બાકીના બચ્ચાઓને માળાની બહાર ફેંકી દે છે. આ રીતે ભાજપ દ્વારા વિડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે.

# 'આપ' અને કોંગ્રેસ વચ્ચેનું જોડાણ 'ઘરાર' જેવું સાબિત

## જુનાગઢમાં વાળા-ચુડાસમા વચ્ચે તડાફડીઃ જામનગરમાં માડમને 'આપ'ના દોંગાએ મોઢામોઢ ચોપડાવી દીધુ

રાજકોટ તા.૬

ગુજરાતમાં ઈન્ડિયા ગઠબંધન હેઠળ ચૂંટણી પુર્વે કોંગ્રેસ અને 'આપ'ના નેતાઓ વચ્ચે તમામ બેઠકો ઉપર કાર્યકરો પ્રચારમાં સાથે રહેશે તેવી સમજુતી થઈ હતી. પછી 'આપ' દ્વારા રાજયભરના કાર્યકરોને મોટાભાગે ભરૂચ અને ભાવનગર બેઠક ઉપર ઉતારી દેવાયા છે. ગણતરીના સ્થળોને બાદ કરતા બન્ને પક્ષના કાર્યકરો કે નેતાઓ પ્રચારમાં સાથે દેખાતા નથી ત્યારે બન્નેના નેતાઓ વચ્ચેના મતભેદો પણ ચુંટણી પ્રચારના છેલ્લા દિવસે ખુલ્લીને બહાર આવી ગયા છે.

જુનાગઢ બેઠક પર 'આપ'ના નેતા જગમાલવાળાએ કોંગ્રેસના સોમનાથના ધારાસભ્યને જવાબદારી આપી હોવા છતાં પ્રચારમાં નહીં જોડાતા હોવાનો દાવો કર્યો હતો. આ સાથે ચુડાસમા અડધા સરકારી થઈ ગયા હોવાનો આક્ષેપ પણ જાહેરમાં કરતા જ ભડકો થયો છે. વળતા જવાબમાં ચૂડાસમાએ વાળા ૨૦૨૨માં તેમની સામે હારી ગયા હતા એટલે આવું બોલતા હોવાનું કહ્યું છે. તે સાથે વાળા ભાજપના ઈશારે કામ કરતા હોવાનું પણ કહ્યું છે. આવી જ સ્થિતિ જામનગર બેઠક પર થઈ છે. પુર્વ સાંસદ અને કોંગ્રેસના નેતા વિક્રમ માડમે મંચ પરથી પોતે સેનાપતિ અને ભાજપનો ગઢ એવા શબ્દો વાપર્યા હતા. તેનો મંચ પરથી જ વિરોધ કરતા 'આપ'ના નેતા પ્રકાશ દોંગાએ પોતે માડમની વાતથી સહમત નહીં હોવાનું કહ્યું છે.

દોંગાએ આટલેથી ન અટકતા એમ પણ કહ્યું હતું કે કોઈના ગઢ હોતા નથી અને માડમ તમે એકલા સેનાપતિ નથી અહીં બેઠેલા બધા પણ સેનાપતિ છે તેમ કહી દેતા વિવાદ થયો છે.

## આજનું ચિંતન

### લાગણી

- બેસ, બેસો અને બેસને – આ ત્રણેય શબ્દોનો ભેદ સમજાયને એ જ સાચી લાગણી.
- લાગણીના હોય ખજાના, માણસો એ જ લાગે મજાના.
- લાગણીનો ટેકો મળી જાય પછી લાકડીના ટેકાની જરૂર નથી પડતી.
- લાગણીઓ કયાંય નથી ખોવાતી, બસ મતલબ હોય ત્યાં નથી દેખાતી.
- લાગણીઓ માણસની અંદર રહેલા માણસનું સરનામું છે.
- લાગણીઓને કયાં દ્વાર હોય છે જયાં મન મળે ત્યાં જ હરિદ્વાર છે.
- લાગણીઓનું નીર, પ્રેમનું ખાતર નાખેને ત્યારે જ સંબંધોનું સિંચન થાય છે.
- લાગણીમાં બહુ ભીના થવું નહિ, કારણ કે નીચોવનારા તૈયાર બેઠા છે.
- કદર અને કિંમત સમયસર ન થાય તો લાગણી અને પ્રેમ વિદાય લઈ લે છે.
- ખબર અંતરનો અર્થ છે – 'અંતર' ભલે ગમે તેટલું હોય, પરંતુ 'ખબર' રાખવી એ જ સાચી લાગણી છે.

# ટેલિગ્રામ એપ્લિકેશનમાં અજાણી લિંકથી સાવધ રહેજોઃ બેન્ક ખાતુ સાફ થઈ શકે છે

## ઘેરબેઠા રૂપિયા કમાવવાની લાલચ આપી લોકોને ફસાવવામાં આવે છે : અજાણી લિંક કયારેય ઓપન ન કરવી



અમદાવાદ તા.૬

ટેલિગ્રામ એપ્લીકેશનમાં ઘેર બેઠા રૂપિયા કમાવવાની લાલચ આપી લોકો બેન્ક ખાતા સાફ કરવામાં આવતા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ટેલીગ્રામ એપ્લીકેશનમાં આવતી અજાણી લિંક ઓપન કરતા પહેલા ચેતી જવું જરૂરી છે.

એક સમયે ટેલીગ્રામ સૌથી વિશ્વસનીય એપ્લીકેશન મનાતી હતી હવે તેના મારફતે વધુ ઠગાઈ થતી હોય તેવા કિસ્સા ધ્યાને આવ્યા છે. ટેલીગ્રામ મારફતે યુદ્ધ અને એકાકી જીવન ગુજારતા હોય અને બેકાર યુવાનોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા હોય તેવુ બની રહ્યું છે.

ટેલિગ્રામ એપ્લીકેશન મૂળ તો ભારતીય છે.સાયબર ગઠીયા તેની પર લિંક મોકલીને ટ્રેડીંગ કંપનીમાં ઈન્વેસ્ટ કરવાથી લઈને ઘેર બેઠા રૂપિયા કમાવાની લાલચ આપીને વૃદ્ધ કે યુવાનોને ફસાવે છે. સાયબર ગઠીયા ટેલીગ્રામમાં એકાઊન્ટ ધરાવનારા લોકોને કરવામાં આવેલ પોસ્ટ અને પ્રોફાઈલનો અભ્યાસ કરે છે. ત્યારબાદ તે મુજબની સ્કીમ અંગેનો મેસેજ સેન્ડ કરીને લાલચ આપે છે.વૃદ્ધોને ઈન્વેસ્ટમેન્ટ સંદર્ભની લીંક મોકલે છે. ત્યારે યુવાનોને ઘેર બેઠા લાખો રૂપિયા કમાવા છે? તે મુજબની લીંક મોકલતા હોય છે. વ્યકિત લાલચમાં આવીને લીંક પર કલીક કરી બેસે ત્યાથી સમગ્ર ખેલ શરૂ થઈ જતો હોય છે. જુદા જુદા ટાસ્કની ઓફર આપીને થોડા ઘણા રૂપિયા બેંક એકાઉન્ટે મોકલી આપે છે બાદમાં એકાઉન્ટમાં રહેલા લાખો રૂપિયા સેરવી લેવામાં આવે છે. હોટેલમાં રેટીંગ વધારવાનાં છે. અથવા તો રિવોર્ડ પોઈન્ટ મળ્યા છે.

લીંક પર કલીક કરો નહીંતર જતા રહેશે.ટ્રેડીંગમાં ઈન્વેસ્ટ કરીને લાખો રૂપિયા કમાવા મળશે.આ પ્રકારનાં મેસેજ કરીને છેતરપીંડી આચરવામાં આવતી હોય છે. આવા એક કિસ્સામાં ગત ૨૫ એપ્રિલ સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી કે યુવકને હોટેલ બુકીંગ કરવાથી કમીશન મળશે તેવી જાહેરાત જોઈ લલચાઈને યુવક બેંક ખાતાની વિગતો પણ આપી દેતા જુદા જુદા બહાના હેઠળ યુવકનાં ખાતામાંથી સાયબર ગઠીયાઓએ રૂા.૨.૬૦ લાખ સેરવી લીધા હતા.

### ટેલિગ્રામ થકી છેતરપીંડી અંગે સાયબર એકસપર્ટનું શું માનવુ છે

કોઈપણ સોસ્યલ મીડીયા પ્લેટફોર્મ પર ફીશીંગ લીંક આવતી જ હોય છે. તમે જે ડીટેલ આપો છો તે થર્ડ પાર્ટી એપ્લીકેશન મારફતે આપો છો સૌથી અગત્યનું છે કે તમારા સોશ્યલ મીડીયામાં આવેલી કોઈપણ અજાણી લીંકને કયારેય ઓપન કરવી જોઈએ નહિં તરત જ ડીલીટ કરી દેવી જોઈએ.

### સુવિચાર

**જીવન સહેલું નથી**
**વધારે બોલીયે તો – પાગલ ઓછું બોલીયે તો – ઘમંડી**
**કામની વાત કરીએ તો – મતલબી**

## હોય સર્વનું ખુશનસીબ અને ખુશનુમા જીવન

### મૂલ્યોની મહેક

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

મે માસમાં ભલે બહારનો તડકો તાપ આપી રહ્યો છે, પરંતુ સ્વયંના મન-બુધ્ધિ, મગજને શીતળ અને શાંતિથી ભરપુર ખુશીમાં રાખવા માટે, વિશ્વના સર્વ બ્રહ્માકુમારીઝ સેન્ટર્સ પર જોડાયેલા ભાઈ-બહેનો રોજ એક એક, એવા અનેક સ્વમાનનો અભ્યાસ કરશે. 'ખુશીના ખજાના'થી સંપન્ન બનવા, તેને સ્મૃતિમાં રાખી, પ્રેક્ટિકલ જીવનમાં અપનાવીને સ્વયંની સ્થિતિ ખુશનસીબ ખુશનુમા બનાવવા પુરૂષાર્થ કરશે. આપ સર્વ પણ સ્વયંને દિવસ દરમ્યાન સ્વમાનને વચ્ચે વચ્ચે યાદ અપાવી, તેના અભ્યાસ દ્વારા અવશ્ય પોતાના ભાગ્યના, ખુશીઓના દ્વારને ખોલશો.

મે માસની તારીખો મુજબ સ્વમાનનું લિસ્ટ આપના માટે આ મુજબ છે જે ૧૫ દિવસ બાદ પાછુંરીપીટ કરીશું અને શ્રેષ્ઠ અનુભવ કરીશું.

૧. હું ખુશીનો દેવતા છું, દેવી છું.
૨. હું (પરમાત્મા)શમા પર ફિદા થનાર (આત્મા)પરવાના છું.
૩. હું સદા ખુશીથી ભરપુર છું.
૪. હું ખુશીઓનો/ની મહાદાની છું.
૫. હું ખુશી આપનાર શ્રેષ્ઠ કર્મ કરવાવાળી આત્મા છું.
૬. સ્વયં ખુશીઓના સાગર પરમાત્મા મારા સાથી/કમ્બાઇન્ડ છે.
૭. હું ખુશનસીબ વિશેષતા સંપન્ન આત્મા છું.
૮. હું સદા આંતરિક ખુશીઓમાં નાચવાવાળી આત્મા છું.
૯. હું સદા દિલ ખુશ મીઠાઈ ખાનાર છું.
૧૦. હું ખુશી ખુશીથી શરીરને ચલાવનાર છું.
૧૧. હું સદા ખુશ રહેવાવાળી છું/ રહેવાવાળો છું.
૧૨. હું ચીઅરફૂલ(ખુશખુશાલ) છું.
૧૩. હું સદા ખુશીના ઝુલામાં ઝુલનાર સંપન્ન છું.
૧૪. 'જીવનમાં સર્વ પ્રાપ્ત થઈ ગયું છે' એ ખુશીમાં રહેવાવાળી આત્મા છું.
૧૫. હું ખુશનસીબ છું.
૧૬. હું ફ્રાક(ઉદાર/બડી) દિલ છું.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર વદ-૧૪ તા.૭/૫/૨૪, મંગળવાર

સૂર્યોદય : ૬-૧૩, સૂર્યાસ્ત : ૭-૧૩, જૈન નવકારશી : ૭.૦૧
રાશિ : મેષ (અ.લ.ઈ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મેષ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** આપના કાર્યની પ્રશંસા થવાની છે, તમો ખુબ જ મહેનતુ છો તેનો અહેસાસ તમારા વર્તુળમાં થવાનો છે, પ્રવાસમાં સફળતા મળવાની.

**વૃષભ :** દિવસ દરમ્યાન મનગમતી વ્યકિતની મુલાકાત થવાની છે, નોકરીમાં કાર્ય સફળતા રહેશે , આર્થિક બાબતોમાં ટેન્શન રહે.

**મિથુન :** જીવનમાં અંધશ્રધ્ધા ઉભી થાય તેવું વાંચન ન કરવાની સલાહ છે, તમારી મહેનતનું ફળ તમોને મળવાનું છે.

**કર્ક :** દિવસ દરમ્યાન મનગમતી વ્યકિતની મુલાકાત થવાની રાજકીય લાભ મળે, કાનુની પ્રશ્નોથી દુર રહેજો.

**સિંહ :** સંતાનોની કારકિર્દીમાં ધ્યાન દેવાથી સફળતા મળવાની છે, શેર સટામાં અનુભવોનો લાભ મળવાનો.

**કન્યા :** વ્યવસાય ક્ષેત્રે નિવૃત યોજનામાં સફળતા મળવાની, ખર્ચ ઉપર કાબુ રાખજો, કાનુની પ્રશ્નોથી જાળવવું.

**તુલા :** મનગમતું કાર્ય મળવાનું છે, નવી ઓળખાણ લાભદાયક રહેશે, વિદેશ જવાની તક છે.

**વૃશ્ચિક :** મિત્રો સાથે ધંધાનું આયોજન થાય, સરકારી કાર્યોમાં સફળતા મળ વાની, ધાર્મિક કાર્ય પાછળ ખર્ચ રહે.

**ધન :** ઓફિસમાં અધિકારી વર્ગની સાથે સુમેળ વધવાનો, વિદેશનો પ્રવાસ શકય બને, રાજકીય લાભ મળવાનો.

**મકર :** સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થવાનો, આધ્યાત્મિક પ્રવૃતિમાં વધુ રસ રહે, ભાઈ બહેનો સાથે સુમેળ વધવાનો.


**કુંભ :** નકારાત્મક વિચારોને દલીલબાજીથી દુર રહેવાની જરૂર રહે, મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી.

**મીન :** નવી ભાગીદારી યોજનામાં સફળતા રહેવાની, કારણ વગરનો તનાવ પણ રહે, પ્રવાસ થાય.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈકયૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



■ માધવી નરેશ શાહ



### આડી ચાવી

૧. જયા બચ્ચનના પત્રકાર પિતાનું નામ (૯)
૫. અસાવધ (૩)
૬. દિલ્હીનો ચર્ચિત ... હત્યાકાંડ (૩)
૭. માપ વગરનું (૩)
૮. અમજદ ખાન-અમિતાભ બચ્ચનની ફિલ્મ (૩)
૧૦. ઘોર નિષ્ફળતા (૩)
૧૨. બાબાસાહેબ ઠાકરેના નિવાસસ્થાનનું નામ (૩)
૧૪. બહારવટીયા (૨)
૧૬. દૈવિય હાથી (૪)
૧૭. અમેરિકન પ્રેસીડેન્ટ માટેનું વિશેષણ (૫)
૨૦. ભગવાન રામની નગરી (૩)
૨૧. એક (૨)
૨૨. કડી નજીકનું નગર (૩)
૨૩. મમ્મીની દેરાણી (૨)
૨૪. ગુજરાતીની ઓળખ જેની એક વાનગી (૩)
૨૫. સેલેરી (૩)
૨૬. એકાક્ષરી સવાલ (૧)
૨૭. આબરૂ (૩)

### ઉભી ચાવી

૧. મોરારીબાપુનું ગામ (૬)
૨. રસોઇઓ અંગ્રેજી(૨)
૩. ભાષા સમજાવનાર (૪)
૪. મિથુન ચક્રવર્તીની એક ફિલ્મ (૩)
૬. તું ઇસ તરહ સે મેરી જિંદગી મેં સામિલ હૈ ... ફિલ્મ (૭)
૯.એક અટક (૩)
૧૧. રઘુવંશીમાં જ આ નામ જોવા મળે ... ભાઇ (૨)
૧૩. ભાજપનો નારો : જય ... (૩)
૧૫. સબ્જી (૨)
૧૭. અજવાળુનું વિરોધી (૪)
૧૮. ઈશ્ક, પ્રેમ (૨)
૧૯. એસએએસઇ (૨)
૨૦. પલાઅ-ઉંધુ લખો (૩)
૨૨. કાંડુ - હિન્દી (૩)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ત | લ | ગા | જ | ર | ડા | | બ | | પ | રિ | વ | ર્ત | ન | |
| ક | | લ | | | મ | ગ | જ | મા | રી | | ર | | વા | જુ |
| ર | | પ | રિ | વા | ર | | રં | ગ | | મા | સી | ચા | ઈ | |
| ઘુ | | ચો | | | | લા | ગ | ણી | | મા | ત | ર | | મા |
| | પા | ણી | ચા | દ | | | દા | | મ | | મ | | ગ | ર્ગ |
| કા | લિ | યા | | ર | સ | ક | સ | | મ | ગ | | ક | | દ |
| | તા | | મ | કા | ન | | બા | જ | રો | | ક | ળ | | ર્શ |
| મા | ણા | વ | દ | ર | | ક | પા | ળ | | પ | લા | શ | સે | ન |
| ઘુ | | | નિ | | વા | રિ | | પ્ર | સુ | તિ | | | વ | |
| રી | ત | | યું | | મા | ચા | જા | લ | | ચા | | પ | | બે |
| દી | | ઓ | | ખા | | વ | | ચ | મ | લા | પ | ગ | લા | |
| ક્ષિ | તિ | જ | | સ | મ | ર | | | ન | | | લુ | | બ |
| ત | ર | સ | | | ઘુ | | સ | | વાં | કી | | છ | | ક |
| | સ્કા | | કા | | બા | | લ | | છી | | પા | ણિ | ચા | રૂ |
| હ | ર | ફ | ન | મૌ | લા | | મા | વ | ત | ર | | ચું | | |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

**લાઇવ એન્ડ એકસકલુઝીવ : કેન્દ્રીય મંત્રી મનસુખભાઇ માંડવીયા સાથે 'સાંજ સમાચાર'નો ખાસ લંબાણપૂર્વકનો 'ઓન ધી વ્હીલ્સ' ઇન્ટરવ્યુ...**

# કોઇ પણ મહામારી સામે લડવા ભારતનું ૫૦ વર્ષનું પ્લાનીંગ તૈયાર : ૬૪ હજાર કરોડનો ખર્ચ : દરેક જિલ્લા માટે ૧૦૦ કરોડનું બજેટ : કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવીયા



**આર્ટીફિશ્યલ ઇન્ટેલીજન્સના ઉપયોગથી ડિજિટલ હેલ્થ સિસ્ટમ આવશે : આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ મળશે લોકોને : કોરોના કાળમાં ભારતે વિશ્વને 'સંજીવની' પુરી પાડી**

**પોરબંદરમાં ક્રુઝ ટુરીઝમ લાવશું : દરિયામાં બર્થ ડે પાર્ટી સહિતના પ્રસંગો માટે વ્યવસ્થા : માધવપુર બીચનો વિકાસ : પોરબંદરથી મુંબઇ રોપેકસ સર્વિસ આવશે**

**પોરબંદર ભાજપના ઉમેદવારના લોકસભાના ફોર્મમાં ઝુંપડપટ્ટીમાં રહેતા ગૃહિણીને દરખાસ્ત મુકવાની તક આપી : માત્ર હું નહીં, તમામ લોકો મારી સાથે ચૂંટણી લડે છે**

**બે દાયકામાં ચૂંટણીમાં મોટા પરિવર્તન આવ્યા : ઓછા ખર્ચમાં પણ ચૂંટણી જીતી શકાય એ વાત પોરબંદરમાં સાબિત થશે : ધોરાજી, ગોંડલ, જેતપુરના વિકાસની બ્લુ પ્રિન્ટ પણ કેન્દ્રમાં તૈયાર**

**રાજકોટ/ પોરબંદર :**

આવતીકાલે લોકસભા ચૂંટણી માટે ત્રીજા તબક્કાનું મતદાન થવા જઈ રહ્યું છે જેમાં ગુજરાતની ૨૫ બેઠકો પર મતદાન થશે. સૌરાષ્ટ્રમાં બે કેન્દ્રીય મંત્રીઓ ચૂંટણી લડી રહ્યા છે. જેમાંથી પોરબંદર લોકસભા વિસ્તાર એટલે કે પૂજ્ય જલારામ બાપાની ભુમી, જ્યાં મા ખોડલ બિરાજમાન છે (ખોડલધામ) અને મહાત્મા ગાંધીની જન્મભૂમિ પર કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને ભાજપના ઉમેદવાર મનસુખભાઈ માંડવીયા ચુંટણી લડી રહ્યા છે. ત્યારે મનસુખભાઈ માંડવીયાએ 'સાંજ સમાચાર'ના યુવા એક્ઝિક્યુટિવ એડિટર કરનભાઈ શાહ સાથે લાઇવ એન્ડ એકસકલુઝિવ ઇન્ટરવ્યૂ કર્યો. આ ઇન્ટરવ્યૂ ઓન ધી વ્હીલ્સ એટલે કે ગાડીમાં પ્રવાસ સાથે વાત કરતા કરતા થયો હતો. મનસુખભાઈ માંડવીયા સાથેનો ઇન્ટરવ્યૂ 'સાંજ સમાચાર'ના ફેસબુક અને યુટ્યુબ પેજ પર પણ જોવા મળી શકશે. મનસુખભાઈએ વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

સામાન્ય કે નાના કાર્યકરો પણ ચુંટણી લડી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ, નાણાંનાં કારણે ચૂંટણી ન લડે તેવું ન થવું જોઈએ.

**વચ્ચે રોકીને .. કરન શાહ : હાલમાં ઓડિશામાં પૂરી બેઠક પર બન્યું કે કોંગ્રેસના ઉમેદવારે આર્થિક કારણોસર ઉમેદવારી પાછી ખેંચી..**

**મનસુખભાઈ :** હા વાત સાચી છે, ચૂંટણી ખર્ચ કરવાની પ્રણાલી બની ગઈ છે. ન કરવાના ખર્ચ ઘણી વખત કરતા હોય છે પણ એવું ન હોય. બને એટલો ઓછો ખર્ચ કરીને પણ ચૂંટણી લેડી શકાય અને જીતી પણ શકાય. અને મારા કાર્યકરો પણ આ સાથે સહેમત છે. ભાજપના કાર્યકરને હોદ્દો નહિ માન જોઈએ છે અને તમે પ્રેમ થી માન સન્માન થી કાર્યકરો સાથે રહો તો તેમને ખુબ ગમે. તેની ઈફેક્ટ વોટિંગમાં આવે.



**દેશના લોકોને સમયસર ૨૪૦ કરોડ ડોઝ આપી દીધા : દેશમાં રાતોરાત ફાર્મા કંપનીઓ પાસે દવાનું ઉત્પાદન વધારે કરાવ્યું કોરોના વાયરસ ઇન્ફલુએન્ઝાની જેમ વાયરસ મ્યુટેટ થતો રહે છે : હવે કોઇ ચિંતા નહીં હોવાનું વૈજ્ઞાનિકોએ તારણ આપ્યું છે**

**કટોકટી કાળમાં રાત્રે ૧ વાગ્યે પણ વડાપ્રધાન ફોન પર માર્ગદર્શન આપતા હતા : બીલ ગેટ્સે વર્લ્ડ ઇકોનોમી ફોરમમાં ભારતને ખાસ અભિનંદન આપ્યા હતા**

**કરન શાહ : દોઢ મહિનાથી પ્રચાર કરી રહ્યા છો, ચોપાટીમાં બાળકો સાથે ક્રિકેટ રમ્યા, સાયકલિંગ કર્યું, કેવો પ્રતિસાદ મળી રહ્યો છે ?**

**મનસુખભાઈ :** ચૂંટણીમાં પ્રચાર વખતે લોકો સાથે કનેક્ટ થાય તે ખૂબ મહત્વનું છે. મે ચૂંટણી પ્રચાર અને પ્રવાસ સિસ્ટમેટીક અને વૈજ્ઞાનિક ઢબે કર્યો છે. આખી ચુંટણી ઓછામાં ઓછો ખર્ચ થાય અને તેમ છતાં વધુમાં વધુમાં લોકો સુધી પહોંચી શકાય તેમ કર્યું છે. તેના માટે કાર્યકરોનું મોબીલાઈઝેશન કર્યું અને બીજા તબક્કામાં એપ્રિલમાં સીધા કોન્ટેક્ટ કર્યું, દરેક જિલ્લા તાલુકા પંચાયતનો પ્રવાસ કર્યો અને ગામોની મુલાકાત કરી. ભારત સરકારની જેટલી સ્કીમના લાભાર્થી છે તેને મળવાનું ચાલુ કર્યું અને સમજતો જાવ કે તેના જીવનમાં કેવો બદલાવ આવ્યો છે અને સરકાર પ્રત્યે શું તેમની સમજ છે. ત્યારબાદ હું પદયાત્રા કરતો કરતો રામજી મંદિર પહોંચ્યો. હું જ્યાં પણ જાવ ત્યારે ચોકમાં સંબોધન કરૂ, તો મારે ખુરશીની જરૂર નહિ, માઇકની નહિ રહી, ફૂલહાર નહિ કરવાના, તો આ રીતે ઓછા ખર્ચમાં પ્રચાર શરૂ કર્યો. મારો સ્વભાવ છે વીઆઇપી કલ્ચર જેવું નથી રાખ્યું, રાત્રે પ્રચાર કરીને આવું અને પોરબંદર રોકાયો હોવ તો ચોપાટી જાવ અને ત્યાં વોકિંગ કરૂ અને લોકોને મળતો. એકવાર સવારે બીચ પર ગયો હતો, ત્યારે શરૂઆતના દિવસો હતા એટલે યુવાનો હજુ મને ઓળખતા નહોતા, પરંતુ મે પૂછ્યું મને ક્રિકેટ રમવા દેશો અને એ લોકોએ મને બોલિંગ બેટિંગ કરવા આપી. અમને મજા આવી. રમત ગમત સાથે યુવાનોની સાથે વાતચીત કરવાનો પણ મોકો મળ્યો. મે યુવાનોને પૂછ્યું શું કરો છો તો તે લોકો કડિયા કામની મજૂરી કરતા હતા.

આ જ રીતે કેશોદ ગયો હતો, ત્યારે પ્રવાસ કરી રહ્યો હતો. પ્રચાર સમયે નયનાબેન કરીને એક બહેન મળ્યા, સવારે ૧૦-૧૧ વાગ્યાનો સમય હતો અને તેમના આંખોમાં થી આંસુ વહેતા હતા તો મે પૂછ્યું સફોકેશન થાય છે, તો મે સૂચના આપી કે આમને હોસ્પિટલમાં લઈ જાવ. તો એમને કહ્યું કે ના મને સફોકેશન નથી થતું. તેઓએ વાત કરી કે અમે ઝુંપડામાં રહીએ છીએ અને મારા પતિ રિક્ષા ચલાવે છે. અમારી કલ્પના ન હતી અમારું ઘરનું ઘર થાય પણ મોદીજીના ૩.૫ લાખ રૂપિયાની સહાયથી ઘરનું ઘર બની ગયું. મને પૂછ્યું ચા પીવા આવશો, પણ મે કહ્યું હું જમવા આવીશ અને જમ્યા. અમે ગયા ત્યારે ચેહરા પર હરખ જોયો અને મોદીજી પ્રત્યે ભાવ જોયો. જમ્યા બાદ મે બહેનને પૂછ્યું, હું લોકસભામાં ફોર્મ ભરવાનો છું તમે મારી દરખાસ્ત કરશો. સામાન્ય રીતે સાંસદો, નેતાઓ હોય છે પણ મે તે બહેનને પૂછ્યું કે ફોર્મ ભરવા વખતે દરખાસ્ત કરશો. આજે હું લોકસભાનો ઉમેદવાર છું પણ દરખાસ્ત નયનાબહેનએ કર્યું. એટલે લોકોને સાથે રાખીને ચાલ્યો છું તેથી માહોલ એવો બન્યો કે હું એકલો ચૂંટણી લડતો નથી, તમામ લોકો મારી સાથે લડે છે. વિધાનસભા ચૂંટણી જેવું વાઈબ્રેશન છે, જે સામાન્ય સંજોગોમાં લોકસભા ચૂંટણી દરમ્યાન જોવા ન મળે પણ તમામ વડાપ્રધાન મોદીના વિચારો સાથે જોડાયા છે અને લાભાર્થી છે.



**કરન શાહ : ૨૦૦૨ ની વિધાનસભા ચૂંટણી, અને હવે ૨૨ વર્ષ બાદ લોકસભા ચુંટણી લડી રહ્યા છે.. કેટલો બદલાવ આવ્યો છે ?**

**મનસુખભાઈ :** રાજનીતિક ક્ષેત્રમાં મે જોયું છે, કે ૨૦૦૨ ની સ્થિતિ અને અત્યારની સ્થિતિમાં ઘણો બદલાવ છે. તે વખતે કાર્યકરોની ફૌજ મર્યાદિત હતી. ૨૦૦૨ માં ભાજપ માટે ઘણ અંશે શરૂઆતના દિવસો હતા. હું જ્યાંથી લડી રહ્યો હતો તે પાલીતાણા બેઠક પર કોંગ્રેસની ગુંડાગીરી હતી, ભાજપ ત્યાં હતું નહિ. એ તબક્કો હતો. એ વખતે ચૂંટણીમાં ખર્ચ થતો, ત્યારથી મારા મનમાં હતું કે ચૂંટણીમાં ખર્ચ થવો ન જોઈએ, અને એ વાત કાર્યકરોએ સ્વીકારી. ભાજપમાં



**કરન શાહ : એક મુદ્દો એવો પણ આવે છે કે પોરબંદરમાં સ્થાનિક ઉમેદવાર નથી, બહારનો ઉમેદવાર છે...**

**મનસુખભાઈ :** શરૂઆતમાં કોંગ્રેસે એવી કોશિશ કરી કે તે પ્રચાર કરે કે સ્થાનિક ઉમેદવાર નથી, બહારનો છે. એટલે મે ૧૨ ટાઉનમાં કી વોટર - પ્રબુદ્ધ નાગરિક સંમેલન રાખ્યા અને બધાને મળતો ગયો. એ લોકો મને હેલ્થ મિનિસ્ટર તરીકે ઓળખતા હતા પણ હવે વધુ નજીક આવ્યા. અને મે કોઈને જવાબ આપવા કરતાં, તું તું મે મે કરવા કરતા સૌની સાથે સંવાદ કર્યો. મે કહ્યુ કે જમાનો બદલાઈ છે, હવે સમગ્ર દેશ મોદીજીનો પરિવાર છે. હવે પ્રાંતવાદમાંથી બહાર આવવું જોઈએ. વ્યક્તિ ક્યાંથી આવે છે તે મહત્વનું નથી, શું કરે છે તે મહત્વનું છે. મે દેશ દુનિયામાં કર્યા કરી સાબિત કર્યું છે. મને ખુશી એ વાતની છે કે મને પોરબંદર ક્ષેત્રના એક પણ નાગરિકે એવી કોઈ વાત મને ફિલ નથી કરવા દીધી. ટ્રેડીશનલ રાજનીતિ થી બહાર આવીને હવે જે નવી જનરેશનને ગમે તેમ કરવું જોઈએ.

**કરન શાહ : પોરબંદર મતક્ષેત્રનો ક્ષમતા પ્રમાણે વિકાસ નથી થયો, તો ગોંડલ - ધોરાજી, પોરબંદર - જેતપુરના વિકાસ માટે બ્લુ પ્રિન્ટ શું છે?**

**મનસુખભાઈ :** જે ક્ષેત્રને સમુદ્રતટ મળ્યો હોય તેના પાસે વિકાસની અનેક તક છે. અત્યારસુધી પ્રયાસો થયા હતા પણ હવે વધુ કરવામાં આવશે. પોરબંદરમાં ટુરિઝમને ડેવલપ કરવાનો પ્લાન છે, જેતપુરમાં ડાઇંગ ઇન્ડસ્ટ્રી છે, તેને ડબલ કરી શકો. ત્યાં ઇકો સિસ્ટમ ઓલરેડી છે. જેતપુરમાં ઇન્ડસ્ટ્રીને ઓર્ગેનાઈઝ કરીએ તો ડબલ ઉત્પાદન કરી શકીએ. ધોરાજીમાં પ્લાસ્ટિક માંથી રિસાયકલ કરવાના મોટા યુનિટ છે. આખા દેશમાંથી પ્લાસ્ટિક ઉદ્યોગનું હબ બની શકે છે. ધોરાજીમાં વેપારીઓના સ્કીલનો ઉપયોગ કરી પ્લાસ્ટિક રિસાયકલ કરવાની મોટી તક છે.

**કરન શાહ : પોરબંદરમાં કોસ્ટલ ટુરિઝમ વિકસાવવાની જરૂર છે**

**મનસુખભાઈ :** સાચી વાત.. તમે યાદ રાખજો પોરબંદરમાં ક્રૂઝ ટુરિઝમ લાવીશું. શનિવાર રવિવાર પોરબંદર લોકો આવે તેવું કરીશું. દરિયામાં શીપમાં લોકો બર્થડે પાર્ટી - સગાઈ - કરે તેવી વ્યવસ્થા કરીશું. ફ્લોટિંગ જેટી લાવીશું. માધવપુર બીચ પણ વિકસાવીશું. પોરબંદર થી મુંબઈ રોપેક્સ સર્વિસ લાવી શકાય. હું શિપિંગ મંત્રી હતો ત્યારે ભાવનગર થી મુંબઈ રોપેક્સ સર્વિસ ચાલુ છે એવી જ રીતે પોરબંદર થી ક્રૂઝ કનેક્ટીવીટી થશે.

**કરન શાહ : પોરબંદર મતક્ષેત્ર એક માત્ર એવું હશે જ્યાં બે એરપોર્ટ છે - કેશોદ અને પોરબંદર પરંતુ રેલ અને ફલાઇટ કનેકશન ઓછા છે..**

**મનસુખભાઈ :** રેલ કનેક્શન છે, પણ તે વધારીશું. ફ્લાઇટમાં સાચી વાત છે, અનેક વાર શરૂ થઈ છે અને પછી બંધ થઈ છે. પણ ફ્લાઇટ કંપનીઓ સાથે વાત કરી અમદાવાદ, મુંબઈ દિલ્હી સાથે ફ્લાઇટ સેવા જોડાય તેમ કરીશું. એર કનક્ટિવિટી આવશ્યક છે.

**કોરોના કાળ વખતે આરોગ્ય મંત્રાલય ૨૦-૨૦ કલાક ધમધમતું હતું : માત્ર 3 કલાક આરામ કર્યો છે : વોર રૂમમાંથી વડાપ્રધાન સાથે સતત સંપર્ક રહેતો હોવાની યાદ વાગોળતા આરોગ્ય પ્રધાન**

**કરન શાહ : આપની સાથે કોરોના કાળની વાત કરીએ.. દેશમાં જે પ્રકારની પરિસ્થિતિ હતી તો તે સમયમાં આરોગ્ય મંત્રી તરીકેની કામગીરી વિશે જણાવો..**

**મનસુખભાઈ :** એક દમ ક્રિટીકલ સમય હતો. આમ તો ૨૩ માર્ચ ૨૦૨૦ થી સમગ્ર દેશમાં લોક ડાઉન હતું પરંતુ મારી ઓફિસના ૨૦ ૨૦ કલાક કામગીરી થતી. એક બાજુ લોકો મૃત્યુ પામી રહ્યા હોય, બીજી બાજુ દવા ઉત્પાદન વધારવું, ઓક્સીજન, રસી સહિત અનેક મુદ્દાઓ હતા. આ ઉપરાંત કોરોના જેવા કાળમાં જ્યારે સહકાર કરવાનો હોય ત્યારે વિપક્ષ દ્વારા રાજકારણ રમાતું હતું. યુદ્ધ જેવી સ્થિતિમાં સહકાર જરૂરી હોય છે. ફકત ત્રણ થી ચાર કલાક જ સૂઈ શકતા હતાં. મારી ઓફિસમાં વોર રૂમ હતો, મિનિટ ટુ મિનિટના ફિગર આવતા હતા. દરરોજ સવારે ૯ વાગ્યે મિટિંગ થતી હોય, જેમાં વૈજ્ઞાનિક એડવાઈઝર આવતા હોય, હેલ્થ સેક્રેટરી, ફાર્મા સેક્રેટરી, મેડિકલ રિસર્ચના ડાયરેક્ટર, એઇમ્સના ડાયરેક્ટર - ડોકટરો સાથે સતત મિટિંગ ચાલતી હતી. રેગ્યુલર મિટિંગ ચાલતી, દરેક વિભાગના એક્સપર્ટ આવતા અને દુનિયામાં શું સ્થિતિ છે તેનું રિપોર્ટિંગ થાય, દવાની સ્થિતિ છે, દેશમાં જીનોમ સિકવસિંગ કરવા માટે અપડેટ લેવાઈ, અમે કલાક દોઢ કલાકમાં રિપોર્ટ બનાવી અને વડાપ્રધાન કાર્યાલયએ પહોચતું અને બપોરે ૪ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ થાય. પેહલા એવી સ્થિતિ હતી કે આ દેશ ક્યારે વેક્સિન બનાવશે, વેક્સિન બનાવી તો સારી છે કે ખરાબ છે - આ તો મોદી વેક્સિન છે, મોદીજી કેમ નથી લેતા, મોદીજી લીધી તો દેશ બાકી છે તો મોદીજી એ કેમ રસી લીધી.. આ પ્રમાણે વાત થતી પણ અને સમયસર તમામ લોકોને રસી આપી દીધી. દુનિયાની વસ્તી ૮ અબજ છે, અમે ૨૪૦ કરોડ ડોઝ આપ્યા. એટલે દુનિયાના ૩૩ ટકા ડોઝ અમે સમયસર આપ્યા, નાની વાત નથી. દુનિયાને રસી તથા દવા પહોંચાડી, અનેક દેશો પાસે દવા નહોતી. ૨૩ માર્ચના લોકડાઉન, ૪ એપ્રિલના પીએમ મોદીજીનો ફોન આવ્યો અને કહ્યું કે દુનિયાના અલગ અલગ દેશોમાંથી દવા માટે ફોન આવી રહ્યા છે. ત્યારે મને મોદીજીએ કહ્યું કે લોકડાઉન પાસ આપી અને ફાર્મા કંપનીઓ ચાલુ કરાવો અને ઉત્પાદન વધારો. દેશમાં લોક ડાઉન હતું છતાં એવી સ્થિતિમાં માત્ર દવા લેવા દરરોજ સાત થી આઠ પ્લેન લેન્ડ થતાં હતાં. એ વખતે મોદીજીએ મને કહ્યું સ્વાસ્થ્યને વેપાર નથી ગણતા, આપણે સ્વાસ્થ્યને સેવા તરીકે જોઇ દુનિયાને મદદ કરવાની છે. આપણે કોઈ ભાવ ન વધાર્યો અને કોઈ ક્વોલિટી સાથે બાંધછોડ નથી કરી. આ કરવાથી દુનિયાના વિકસિત દેશો પણ હવે ભારત સાથે કામ કરે છે, તેઓએ ભારત સાથે મિત્રતા કેળવી. અનેક દેશો રસીનો સ્ટોક કરતા હતા ત્યારે આપણે વેક્સિન મૈત્રી શરૂ કરી અને ૧૦૦ દેશોમાં રસી પહોંચાડી. મારી આના ઉપર પુસ્તક પણ આવી રહી છે. આવી કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં મોદીજીએ દેશને બચાવ્યો. તેમનું સમયસર માર્ગદર્શન આપતા. રાત્રે ૧ વાગ્યે પણ ફોન કરીને તો ફોર ઉપાડીને વાત કરે અને માર્ગદર્શન આપતા.

એક પ્રસંગ કહું.. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દાહોસમાં બિલ ગેટ્સ મને મળ્યા અને કહ્યું અભિનંદન ભારત, તમે કોવિડ અને વેક્સિનમાં અદ્ભુત કાર્ય કર્યું છે. ત્યારે આપણને ગૌરવ થાય આપણા વડાપ્રધાન ઉપર.

આ ઉપરાંત અનેક દેશોના મંત્રીઓ મારી સાથે સંપર્કમાં હતા. ઈન્ડોનેશિયા, યુએસ, સહિતના અનેક મંત્રીઓએ ફોન કરી મદદ માંગી હતી. એક વખત જર્મનીના મંત્રીએ મને ફોન કર્યો અને કહ્યું કે અમે તમને વેન્ટિલેટર મોકલી તમે અમે દવા આપો - જર્મની પાસે એઝીથ્રમાયસીન દવા નથી, ત્યારે અમે કહ્યું પ્લેન મોકલી અમે દવા મોકલીશું. એવું નથી કે અમને તમે વેન્ટિલેટર આપો તો જ તમને દવા મળશે. તમારી પાસે અનુકૂળતા હોય તો અમને વેન્ટિલેટર મોકલાવજો, અમારી પાસે દવા છે જે અમે તમને આપીશું.

બ્રાઝિલને જ્યારે દવા મોકલી ત્યારે તેના રાષ્ટ્રપતિએ ટવીટ કર્યું હતું કે જે રીતે લક્ષ્મણજી સંજીવની લઈને આવ્યા હતા, તે રીતે ભારત અમારા માટે સંજીવની બની છે અને પ્લેન દવા લઈને બ્રાઝિલ આવી રહ્યું છે. થેન્ક યુ મોદીજી... આ રીતે દુનિયાના પ્રતિભાવ મળે એટલે આપણે ગૌરવ થાય.

**કરન શાહ : હવે કોવિડની કોઈ ચિંતા ખરી.? ગઈકાલે જ વાંચ્યું કે નવો વેરીયેન્ટ FLRT અમેરિકામાં દેખાયો છે..**

**મનસુખભાઈ :** હવે એમાં એવું છે કરનભાઈ, કોરોના વાયરસ પૃથ્વી પર આવી ગયો, જેમ ઇન્ફલુંએન્ઝા છે તેમ કોરોના આવી ગયો. કોઈ પણ વાયરસ ૧૦૦ વાર થી વધારે મ્યુટેટ થાય, એટલે તેની ક્ષમતા ઘટતી જાય. અત્યારે કોરોના વાયરસ ૨૨૩ વખત મ્યુટેન્ટ થયો છે તેથી હવે કોઈ ચિંતા ઉપજાવી શકે તેવી સ્થિતિ નથી, તેમ વૈજ્ઞાનિકો કહી રહ્યા છે.

**કરન શાહ : તમારી પાર્ટીએ નારો આપ્યો છે અબ કી બાર, ૪૦૦ પાર ....પરંતુ રાષ્ટ્રીય સ્તરે ૪૦૦ કે પર કેવી રીતે થઇ શકે ?**

**મનસુખભાઈ :** કેન્દ્રીય મંત્રી હોવાથી અનેક રાજ્યોમાં પ્રવાસ કર્યા છે અને સંપર્કમાં છે. દક્ષિણ તથા પૂર્વ ભારતમાં બેઠકો વધશે. ભાજપની ૩૭૦ પ્લસ થશે અને એન.ડી.એ ને ૪૦૦ પ્લસ મળશે. ૨૦૧૯માં જ્યાં અમારૂ પરફોર્મન્સ સારું થયું નહતું તેવા રાજ્યોમાં થી ૫૦ બેઠકો પ્લસ થશે.

આયુષમાન ભારતના કારણે હવે હેલથના પાછળ ખર્ચ નથી થતો. ૮૦ કરોડને મફ્ત અનાજ આપ્યું. ઘરે ગેસ સિલિન્ડર આપ્યું, આનાથી લોકોના જીવનમાં બદલાવ આવ્યો. તો આ બદલાવ દક્ષિણ તથા પૂર્વના રાજ્યોમાં જોવા મળ્યો. અને લોકોને મોદીજીના વિશ્વાસ આવ્યો. નોંધપાત્ર રીતે સિટો વધશે. નોર્થ અને વેસ્ટમાં હાલમાં તમામ બેઠકો પર સારી પરિસ્થિતિ છે જ. આ સાથે ભાજપને ૩૭૦ પ્લસ અને એનડીએને ૪૦૦ મળશે તેનો મને વિશ્વાસ છે.



**કરન શાહ : આગળ જતાં કેવા હજુ પ્રોજેક્ટ કરવાની ઈચ્છા છે.?**

**મનસુખભાઈ :** મોદીજીનું સ્વપન છે કે કોઈ પણ પ્લાનિંગ કરીએ તેની ઇમ્પેકટ લાંબા સમય સુધી હોવી જોઈએ. કોરોના સમયે જે મેનેજમેન્ટ કર્યું તેમાં એવું પ્લાનિંગ કર્યું કે ૫૦ વર્ષ સુધી કોઈ પણ મહામારી આવે તો ભારત મજબૂત રીતે સામનો કરી શકે અને આગળ જતાં પણ તેવું હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવું જરૂરી છે, એટલે મિશન હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રકચરના માધ્યમથી કામ કરવાનું ચાલુ કર્યું છે અને એમાં ૬૪૦૦૦ કરોડ ખર્ચ કરવાના છીએ. એક એક જિલ્લામાં ૧૦૦ કરોડ નો ખર્ચ થશે જેમાં પ્રાઇમરી હેલ્થ સેન્ટર, ઉત્તમ કક્ષાની લેબોરેટરી, ક્રિટીકલ હેલ્થ ઇન્ફ્રા ઊભા થશે.

બીજું, આરટીફીશિયલ ઇન્ટેલિજન્સનો જમાનો છે તો અઈ ની મદદ થી અને ડિજિટલ હેલ્થ અમે લાવવા માંગીએ છીએ જેથી ટેલી મેડિસન થી અમે લોકો સુધી પહોંચી શકીએ. ડેટા એનેલીસિસ કરવા માંગીએ છીએ. આગામી દિવસોમાં હેલ્થ સિસ્ટમ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની બને.



**કરન શાહ : તમે ફિટ રહેવા શું કરો છો ?**

**મનસુખભાઈ :** હું ફિટનેસનો અગ્રાહી રહ્યો છું. હું નિયમિત સાયકલિંગ કરૂ છું અને સાથે યોગ કરૂ છું. સાયકલિંગ ફેશન નહિ પેશન છે. અને તેથી હું ઘણી વખત સાંસદ પણ સાયકલ પર જતો હોવ છું. મે પ્રાણાયામ - યોગ અને સાયકલિંગ થી હેલ્થ મેઇન્ટન કરૂ છું. તેથી તમામ યુવાનોને પણ અપીલ કરૂ છું કે નિયમિત રીતે કોઈ પણ કસરત કરવી જોઈએ.

# ખંઢેરી પાસે રોડ ક્રોસ કરતાં રાજસ્થાની યુવકનું કારની ઠોકરે કમકમાટીભર્યું મોત

## રાજસ્થાનથી મજુરી કામ અર્થે આવેલા મુકેશભાઈ ભગોરા બસમાંથી ઉતરી હોટલે જમવા જવા રોડ ક્રોસ કરતાં હતાં ત્યારે કાળમુખી કાર ત્રાટકીઃ પડધરી પોલીસ દોડી ગઈઃબનાવ અંગે પરીવારને જાણ કરાઈ

રાજકોટ,તા.૬

ખંઢેરી સ્ટેડીયમ નજીક રાજસ્થાનથી આવેલો યુવક બસમાંથી ઉતરી રોડ ક્રોસ કરતો હતો ત્યારે પુરપાટ ઝડપે આવેલ કારના ચાલકે હડફેટે લેતાં, યુવકનું કમકમાટી ભર્યું મોત નિપજયું હતું.બનાવની જાણ થતાં પડધરી પોલીસ દોડી ગઈ હતી.પ્રાપ્ત વિગત મુજબ, રાજસ્થાનમાં રહેતાં મુકેશભાઈ કબવાજીભાઈ ભગોર (ઉ.વ.૪૦) ગઈ કાલે પોતાના વતનથી રાજકોટ આવવા નિકળ્યા હતાં. તેઓ રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ ખંઢેરી સ્ટેડીયમ નજીક બસમાંથી ઉતરી રોડની સામે આવેલ હોટલે જમવા માટે જવા રોડ ક્રોસ કરતાં હતો ત્યારે પુરપાટ ઝડપે આવેલ અજાણ્યા કારના ચાલકે હડફેટે લેતા તેઓ રોડ પર પટકાયા હતો.જેમાં તેઓને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી.બનાવ સ્થળે એકઠા થયેલ લોકોએ ઈજાગ્રસ્ત યુવકને ૧૦૮ મારફતે સારવારમાં અત્રેની સીવીલ હોસ્પિટલે ખસેડતા ફરજ પરના તબીબોએ તપાસી તેમને મૃત જાહેર કર્યો હતો.બનાવ અંગે જાણ થતા પડધરી પોલીસ દોડી આવી હતી. અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી અકસ્માત સર્જનાર કાર ચાલક સામે ગુનો નોંધવા તજવિજ હાથ ધરી હતી. વધુમાં મળેલ વિગત અનુસાર, મૃતકના સંબંધી ખેઢેરીમાં ખેતમંજુરી કરતો હોય જેથી તે પણ તેમના સંબંધી સાથે કામ કરવા પહોંચે તે પહેલાં જ મોતને ભેંટયો હતો.બનાવ અંગે પોલીસે મૃતકના રાજસ્થાન રહેતાં પરીવારને જાણ કરવા તજવિજ હાથ ધરી હતી.

# કોન્સ્ટેબલના માતા-પિતાને મરવા મજબુર કરનાર રાજકોટનો વ્યાજખોર દિવ્યેશ ડવ ઝડપાયો

## ગઈ તા.૩૦ ના શહેર પોલીસમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ મિલન ખૂંટના માતાપિતાએ ટંકારાના છતર ગામ પાસે ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું 'તું

રાજકોટ. તા.૬

રાજકોટ શહેર પોલીસમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલના માતા-પિતાને મરવા મજબુર કરનાર


રાજકોટનો વ્યાજખોર દિવ્યેશ ડવને એલસીબી ઝોન-૧ ની ટીમે ઝડપી પાડ્યો હતો. ગઈ તા.૩૦ ના કોન્સ્ટેબલ મિલન ખૂંટના માતાપિતાએ ટંકારાના છતર ગામ પાસે ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હતું. બનાવ અંગે ટંકારા પોલીસ મથકમાં વ્યાજખોર અશ્વિન મારૂ અને દિવ્યેશ આહીર વિરૂદ્ધ મરવા મજબુર અને મનીલેન્ડ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. બનાવ અંગે હાલ રાજકોટમાં ૮૦ ફૂટ રીંગરોડ પર ભક્તિ સાનિધ્યમાં રહેતાં મૂળ હડાળા ગામના વતની મિલનભાઈ નિલેશભાઈ ખુંટ (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અશ્વિન રાવત મારૂ અને દિવ્યેશ આહીર (માધવ ઈલેક્ટ્રોનિકસ) નું નામ આપતાં ટંકારા પોલીસે આઈપીસી ૩૦૬,૫૦૬, ૫૦૭ અને મનીલેન્ડ એક્ટ હેઠળ કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર કચેરીમાં કોન્સ્ટેબલ તરીકે છેલ્લા પાંચક વર્ષથી ફરજ બજાવે છે. તેમના પિતા નિલેશભાઈ મનસુખભાઈ ખુંટ અને માતા ભારતીબેન જેઓ હડાળા ગામે રહેતા હતા.

ગઈ તા.૩૦/૦૪/૨૦૨૪ના બપોરના સાડા ત્રણ વાગ્યે તેઓ ફરજ ઉપર રાજકોટ પોલીસ કમિશ્નરશ્રીની ઓફીસે હાજર હતાં ત્યારે તેમના પિતાના મોબાઈલ પરથી ફોન આવેલ અને રાજકોટ સરકારી હોસ્પિટલમાંથી કોઈ નોકરી કરતા અજાણ્યા વ્યકતીએ કહેલ કે, તમારા માતા-પિતાને ૧૦૮ મારફતે અત્રેના સરકારી દવાખાને સારવારમા લાવેલ છે અને તેમને ઝેરી દવા પિધેલ છે તો તમે અહીં આવો વાત કરતા તે તેમની મંગેરત અને કાકા- કાકી સહિતના લોકો હોસ્પિટલે દોડી ગયેલ ત્યાં જઈને જોયુ તો તેના માતાપિતા બન્ને મરણ ગયેલ હાલતમાં હતાં અને તબીબોએ બન્ને ઝેરી દવા પીવાના કારણે મરણ ગયેલ હોવાનુ જણાવેલ હતુ.

દરમિયાન ટંકારા પોલીસ આવી જસ્રી કાગળની કાર્યવાહી કરી લાશનુ પી.એમ કરાવેલ હતુ.

વધુમાં ફરિયાદીએ ઉમેર્યું કે, તેમના પિતા નિલેશભાઈ ખુંટએ અગાઉ સાતેક વર્ષ પહેલા સબમર્શિબલ પંપનુ કારખાનું રાજકોટમાં કરેલ હતું. કારખાનામાં આર્થીક નુકશાની જતા તેઓએ એકાદ



વર્ષ પહેલા પૈસાની જરુરત પડેલ હોય જેથી તેઓએ ગેરકાયદેસર નાણા વ્યાજે આપનાર અશ્વિન મારુ પાસેથી ત્રણ ટકા લેખે રૂ.૪ લાખ લીધેલા હતા અને જેના વ્યાજના દર મહિને રૂ.૧૨ હજાર ચુકવતા હતા. તેમજ દિવ્યેશ આહીર (માધવ ઈલેકટ્રોનીકસ) પાસેથી ત્રણ ટકા લેખે રૂ.૫૦ હજાર વ્યાજે લીધેલ હતા. જેના વ્યાજના દર મહિને રૂ..૧૫૦૦ ચુકવતા હતા. તેની જાણ તેમના માતા-પિતા બન્નેએ કરેલ હતી. તેમના પિતા બન્ને માણસોને સમયસર વ્યાજના પૈસા ચુકવતા હતા.જે વાત તેમના પિતા અવાર-નવાર તેઓન પાસે આવે ત્યારે કરતા હતા. જેથી તેઓને ત્યારે કહ્યું હતુ કે, ગેરકાયદેસર રુપીયા વ્યાજે આપતા શખ્સો તમને દબાવતા હોય અને વ્યાજની પઠાણી ઉઘરાણી કરતા હોયતો તેમના વિરુધ્ધ તમે ફરીયાદ કરી નાખોનું કહેતાં તેમના પિતા કહેતા કે, આપણે સમાજમા આબરૂ હોય અને આ લોકોને આપણે મકાન વેચીને પણ વ્યાજ સહિત તેઓની રકમ ચુકવી આપીશુ તે લોકો વિરુધ્ધ હાલ ફરીયાદ નથી કરવી. તેમ કહી ફરીયાદ કરવાની ના પાડતા હતા. બાદમાં વ્યાજખોરો તેમના માતા-પિતા પાસે હડાળા ગામે રૂબરૂ અને ફોન ઉપર વ્યાજની પઠાણી ઉઘરાણી કરતા અને તેઓને માનસીક દુખ-ત્રાસ આપતા હતા. જેના માનસીક દુઃખ ત્રાસના કારણે તેના માતા-પિતાએ છત્તર ગામે તા.૩૦/૦૪/૨૪ ના બપોરના બે વાગ્યાની આસ-પાસ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી રાજકોટ એલસીબી ઝોન- ૧ ના પીએસઆઈ બી.વી.બોરીસાગર ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે કોન્સ્ટેબલ રવિરાજ પટગીર, સત્યજીતસિંહ જાડેજા અને દિવ્યરાજસિંહ જાડેજાને મળેલ ચોક્કસ બાતમીના આધારે ટંકારા પોલીસ મથકના ગુનાના આરોપી વ્યાજખોર દિવ્યેશ પરબત ડવ (ઉ.વ.૪૦),(રહે. સુખરામનગર શેરી નં.૫, હરિધવા રોડ) ને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે અન્ય એક વ્યાજખોરને પકડવા ટંકારા પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતાં.


## રાજકોટના વ્યાજખોર અશ્વિન મારૂ અને દિવ્યેશ આહીરે આપેલા રૂા.૪.૫૦ લાખના વ્યાજની પઠાણી ઉઘરાણીથી દંપતી કંટાળ્યું હતુંઃ કોન્સ્ટેબલ પુત્રએ ફરીયાદ નોંધાવતા એલસીબી ઝોન-૧ ની ટીમે આરોપીને દબોચ્યો

# ઈસ્કોન ભારતના અધ્યક્ષ પૂ. ગોપાલકૃષ્ણ ગોસ્વામીનું નિધન

રાજકોટ,તા.૬

ઈસ્કોનના સૌથી વરિષ્ઠ સંન્યાસીઓમાંના એક અને ઈસ્કોન ઈન્ડિયા ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ, પરમ પૂજય ગોપાલ કૃષ્ણ ગોસ્વામીનું ગઈકાલે દેહરાદૂનમાં હૃદયની બિમારીઓને કારણે સવારે નિધન થયું છે.

૧૯૪૪માં નવી દિલ્હીમાં જન્મેલા, પરમ પૂજય ગોપાલ કૃષ્ણ ગોસ્વામીએક તેજસ્વી વિદ્યાર્થી હતા જેમને સોરબોન વિશ્વવિદ્યાલય (ફ્રાન્સ) અને મૈકગિલ વિશ્વવિદ્યાલય (કેનેડા)માં અભ્યાસ કરવા માટે બે શિષ્યવૃતિ આપવામાં આવી હતી.તેમને ૧૯૬૮માં કેનેડામાં તેમના ગુરૂ અને ઈસ્કોનના સંસ્થાપક-આચાર્ય શ્રીલ પ્રભુપાદને મળ્યા હતા અને ત્યારથી તેમણે બધાની શાંતિ અને કલ્યાણ માટે ભગવાન શ્રી કૃષ્ણ અને સનાતન ધર્મના ઉપદેશોને વિશ્વ સુધી પોહચાડવા માટે પોતાને સમર્પિત કરી દીધા.ત્યારબાદ આગામી વર્ષોમાં તેમણે ભારત, કેનેડા, કેન્યા, પાકિસ્તાન, સોવિયેત સંઘ અને વિશ્વના અન્ય ભાગોમાં આઉટરીચ અને



સમુદાય-નિર્માણના પ્રયાસોની દેખરેખ કરી તેમણે સમગ્ર વિશ્વમાં ડઝનબંધ મંદિરો અને સાંસ્કૃતિક કેન્દ્રોના નિર્માણમાં પહેલ કરી હતી. જેમાં નવીદિલ્હીના પ્રખ્યાત ગ્લોરી ઓફ ઈન્ડિયા વૈદિક સાંસ્કૃતિક કેન્દ્રનો સમાવેશ થાય છે.જેનું ઉદ્ઘાટન ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયી દ્વારા કરવામાં આવ્યું હતું.અને પૂણેમાં ઈસ્કોન એનવીસીસીનું ઉદ્ઘાટન ભારતના રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે ભારતીય સંસ્કૃતિ અને તત્વજ્ઞાનના વિશ્વના સૌથી મોટા પ્રકાશક ભકિત વેંદાંત બુક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પણ સેવા આપી હતી. જે વિશ્વની ૭૦ થી વધુ ભાષાઓમાં ભગવદ ગીતા અને શ્રીમદ ભાગવત જેવા પવિત્ર ગ્રંથોના અનુવાદ અને પ્રકાશની દેખરેખ રાખે છે અને આજની તારીખમાં ૬૦ કરોડથી વધુ પુસ્તકો છાપે છે.તેમણે અન્નામૃત ફાઉન્ડેશનની પણ શરૂઆત કરી, જે આજે ભારતભરની ૨૦,૦૦૦ થી વધુ શાળાઓમાં ૧૨ લાખથી વધુ સરકારી શાળાના વિદ્યાર્થીઓને તાજું અને પૌષ્ટિક ભોજન પીરસે છે.તેમની વર્ષોની સમર્પિત સેવા અને ભકિત દ્વારા, તેમણે અસંખ્ય લોકોને તેમની સામાજિક, આર્થિક અથવા સાંસ્કૃતિક પુષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના આધ્યાત્મિકતા અને સેવાનો માર્ગ અપનાવવા માટે પ્રેરણા આપી તેમના હજારો પ્રવચનો દ્વારા તેમના ઉપદેશોથી પ્રેરિત થઈને પરમ પૂજય ગોપાલ કૃષ્ણ ગોસ્વામી દ્વારા ૭૦ થી વધુ દેશોના ૫૦,૦૦૦ થી વધુ લોકોને ભકિત યોગની પ્રકિયામાં દીક્ષા આપવામાં આવી રાજયના વડાઓથી લઈને અગ્રણી ઉદ્યોગપતિઓ, વિદ્યાર્થીઓ અને સમાજના સામાન્ય લોકો સુધી, તેઓ એક મિત્ર, તત્વજ્ઞાની અને માર્ગદર્શક તરીકે બધા માટે સમાન રીતે સુલભ હતા.

ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્રમોદીએ ૨૦૧૯માં પરમ પૂજય ગોપાલ કૃષ્ણ ગોસ્વામીને યાદ કરતાં લખ્યું.શ્રી ગોસ્વામી મહારાજનું જીવન, આદર્શો અને ઉપદેશો માનવજાતને આધ્યાત્મિકતાના માર્ગે ચાલવા માટે પ્રેરણારૂપ છે.

# અવસાન નોંધ

**વેરાવળઃ** સવિતાબેન નાથાલાલ ઉદેશી (ઉ.૮૪) તે નીતીનભાઈ, સંજયભાઈ (ભાટીયા આંગડીયા વાળા), દિનેશભાઈ, વિપુલભાઈ (જામનગર), જાગૃતીબેન વૈદ (રાજકોટ)ના માતુશ્રી તથા ભરતભાઈ વૈદના સાસુ તથા નંદલાલભાઈ ત્રિભોવનદાસ આશર (જામનગર)ના બહેનનું તા.૩ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૬ને સોમવારે સાંજે ૪થી ૫ અમારા નિવાસસ્થાન શિવાલીક એપાર્ટમેન્ટ, અંબાજી મંદિર બસ સ્ટેશન પાસે વેરાવળ ખાતે રાખેલ છે.

**જામખંભાળીયાઃ** બ્રહ્મક્ષત્રિય સ્વ. વિઠ્ઠલદાસ જેઠાલાલ ભૂતના પુત્ર ધીરજલાલ (ઉ.૭૧) હાલ અમદાવાદ તે સ્વ. નવીનચંદ્ર અને ગં.સ્વ. નિર્મળાબેન જવાહરભાઈ જોગીના નાનાભાઈ, ગં.સ્વ. પ્રભાબેન નવીનચંદ્ર ભૂતના દીયર તથા રમેશભાઈ, પરેશભાઈના મોટાભાઈ, રાજેશ્રી પરેશભાઈ ભૂતના શેઠ, તેજલ અતુલકુમાર વલેરા અને મિહિરના પિતાશ્રી, અલ્પાબેનના સસરા, ધવલ અને કિશનના મોટા પપ્પા, માનસી ધવલ ભૂતના મોટા સસરા, માધવ, બ્રિન્દાના દાદા, તનિષ્કાના મોટા દાદા તા.૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૬ના ૫થી ૬ દ્વારકા ગેટ પાસે બ્રહ્મક્ષત્રિય જ્ઞાતીની વાડી ખાતે રાખેલ છે.

**ગોંડલઃ** મુ. દેરડી હાલ, ગોંડલ નિવાસી ચુનીભાઈ પોપટભાઈ પરવાડીયા (ઉ.૬૪) તે ભાવિકભાઈના પિતા, વલ્લભભાઈ, હિંમતભાઈના ભાઈ, કમલેશભાઈ, સંદીપભાઈના કાકા, વીરના દાદાજીનું તા.૩ના અવસાન થયેલ છે.

**વાંકોડીઃ** સ્વ. તુલસીદાસ મોરારજી દાવડાના ધર્મપત્ની તારાબેન (ઉ.૯૦) લીલાધરભાઈ, દિનેશભાઈ, કિશોરભાઈ, જગદીશભાઈ, સ્વ. હંસાબેન અમૃતલાલ સોનૈયા તથા નયનાબેન જમનાદાસ સામાણીના માતુશ્રી તા.૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેની પ્રાર્થનાસભા તા.૬ના બપોરે ૩-૩૦થી ૪ કલાક સુધી બાંકોડી મહાજન સમાજવાડી બાંકોડી, મોસાળ પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**રાજકોટઃ** કાલાવડ નિવાસી હાલ રાજકોટ સ્વ. હરીલાલ જેચંદભાઈ શેઠના ધર્મપત્ની ભાનુમતિબેન હરીલાલ શેઠ (ઉ.૮૫) તે પારૂલબેન નિતીનભાઈ શાહ, કુંજલબેન રશ્મિકાંતભાઈ મોદી, સોનલબેન પીયુષભાઈ પુંજાણી, સ્વ. પરાગભાઈ હરીલાલ શેઠના માતુશ્રી તા.૪ને શનિવારના રોજ અરીહંત શરણ પામેલ છે.

**રાજકોટઃ** જોશીપુરા જુનાગઢ નિવાસી હાલ રાજકોટ સૌરાષ્ટ્ર બાજ ખેડવાળ બ્રાહ્મણ જયંતિલાલ લાધારામ મહેતાના ધર્મપત્ની મધુબેન (ઉ.૮૨) તે જયેશભાઈ અને ભાસ્કરભાઈ મહેતાના માતુશ્રી, કેવલ, હર્ષ, નિષ્ઠા, પંકિતના દાદીમા તથા નાની કુંકાવાવ વાળા લક્ષ્મીશંકર જે. ખંભોળીયા, કિર્તીભાઈ જે. ખંભોળીયાના મોટાબેનનું તા.૪ના અવસાન થયું છે. પ્રાર્થનાસભા, પીયર પક્ષનું બેસણું સાથે તા.૬ના સાંજે ૪-૩૦થી ૬-૩૦ ધુમકેતુ હોલ, ૪/ રોયલ પાર્ક, કાલાવડ રોડ, કેકેવી ચોક નજીક રાજકોટ ખાતે રાખેલ છે. જયેશભાઈ મો.નં. ૯૮૭૯૬ ૦૫૧૬૦.

**સાવરકુંડલાઃ** વાંઝા દરજી ભરતભાઈ મગનભાઈ વાજા (ઉ.૫૯) તે સ્વ. મગનભાઈ જેઠાભાઈ વાજાના પુત્ર, સ્વ. અમૃતલાલના ભાઈ, સરલાબેનના પતિ, હર્ષ, ભૂમિબેન પરમાર (વડોદરા)ના પિતાનું તા.૫ના અવસાન થયું છે. બેસણું તા.૬ના સાંજે ૪થી ૬ તેમના નિવાસ શિવાજીનગર, શેરી નં.૪, સાવરકુંડલા રાખેલ છે.

**સાવરકુંડલાઃ** હીનાબેન ગુણવંતભાઈ દોશી (ઉ.૬૭) તે ગુણવંતભાઈ તારાચંદભાઈ દોશીના ધર્મપત્ની અને વૈશાલી તેજસકુમાર પતિરા, નેહા નિતેશકુમાર કોઠારી ચાંદની રઘુવીરભાઈ પીઠડીયા, ઈશાની પિયુષકુમાર પરમારના માતુશ્રી તા.૪ને શનિવારના રોજ અરીહંત શરણ પામેલ છે.

**સાવરકુંડલાઃ** વિજયાબેન હરીલાલ જોશી (ઉ.૭૬) તે શરદભાઈ હરીલાલ જોશી, વિપુલભાઈ હરીલાલ જોશી રાજેશભાઈ હરીલાલ જોશી, ચેતનભાઈ હરીભાઈ જોશીના માતુશ્રીનું તા.૪ને શનિવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૬ના ૪થી ૬ પરશુરામ વળી ગર્લ્સ સ્કૂલની બાજુમાં સાવરકુંડલા રાખેલ છે.

**ગોંડલઃ** સવિતાબેન પરસોતમભાઈ પરમાર (ઉ.૭૫) તે હરેશભાઈ, ચંદ્રેશભાઈના માતુશ્રીનું તા.૩ના અવસાન થયું છે. બેસણું તા.૬ને સોમવારે સાંજે ૪થી ૬ ત્ર્મ્બકેશ્વર મહાદેવ મંદિર, યોગીનગર, ગોંડલ મુકામે રાખેલ છે.

**મોરબીઃ** રાજપર નિવાસી અંકિતભાઈ જયસુખભાઈ રંગપડીયા, તે જયસુખભાઈ ગોવિંદભાઈ રંગપડીયાના પુત્ર તેમજ હાર્દિકભાઈના ભાઈનું તા.૫ના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટઃ** ગં.સ્વ. હેમલતાબેન કાન્તીલાલ નથવાણી (ઉ.૯૦) તે સ્વ. કાન્તીલાલ માધવજીભાઈ નથવાણીના ધર્મપત્ની, મુકેશભાઈ, અશોકભાઈ, પ્રકાશભાઈ, ધર્મેશભાઈ, ઈલાબેન બીપીનભાઈ કેસરીયા, ચારૂબેન પ્રમોદકુમાર રૂઘાણીના માતુશ્રી, સ્વ. હરીલાલ ગોવીંદજી, કીશોરભાઈ જોબનપુત્રાના બહેત તા.૫ને રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા.૬ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ નાગર બોર્ડીંગ વિરાણી સ્કુલ સામે, ટાગોર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. સાથી પીયર પક્ષની સાદડી રાખેલ છે.

**રાજકોટઃ** ગં.સ્વ. અનસુયાબેન વિપીનભાઈ સંપટ (ઉ.૭૪) તે સ્વ. વિપીનભાઈ વિઠ્ઠલભાઈ સંપટ (મુંબઈ)ના ધર્મપત્ની, સ્વ. જમનાદાસ આશર (મોરબી)ના પુત્રી, પિયુષભાઈ સંપટ (હાલ રાજકોટ) સ્વ. દિપેશભાઈ સંપટ (મુંબઈ)ના માતુશ્રી, અ.સૌ. બિંદુબેન પિયુષભાઈ સંપટના સાસુ, જશ અને રિયાના દાદીનું તા.૪ના રોજ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું ઉઠમણું તા.૬ને સોમવારે સાંજે ૫-૩૦ વાગ્યે કાઠીયાવાડ ભાટીયા વિદ્યાર્થી ભવન, રેલ્વે જંકશન સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

## મોરબી પાલિકાના શોપ ઈન્સ્પેકટર આનંદભાઈ દવેનું અવસાન

**મોરબીઃ** મોરબી નગરપાલિકાના શોપ ઈન્સ્પેકટર આનંદભાઈ હર્ષદરાય દવે (ઉ.વ.૫૫) ત



ગંસ્વ.ઉષાબેન હર્ષદરાય દવેના પુત્ર, સ્વ.ભુપેન્દ્રભાઈ હરીલાલ ભટ્ટના જમાઈ, ગૌતમભાઈ અને હિનાબેનના ભાઈ, જીલ્લા સરકારી વકીલ વિજયભાઈ જાની (હળવદ)ના સાળા તથા ધાત્રીબેન નિશાનકુમાર જોષી અને સ્તૃતિ આનંદભાઈ ભટ્ટના પિતાશ્રી તા.૫ના રોજ કૈલાશવાસ પામેલ છે. સદ્ગતનું બેસણું તા.૭ને મંગળવારે સાંજે ૪ થી ૬ શ્રી જડેશ્વર મહાદેવ મંદિર રેલવે સ્ટેશન રોડ મોરબી મુકામે રાખેલ છે.


## અરિહંતશરણ - ઉઠમણું - પ્રાર્થનાસભા



**સ્વ. શ્રી કંચનબેન શાંતિલાલ દામાણી**

સ્વ.તા.૪-૫-૨૦૨૪, શનિવાર

અમારા પરિવારનાં ગં.સ્વ. કંચનબેન શાંતિલાલ દામાણી તે પ.પૂ. મનસ્વીજી મહાસતીજીનાં માતુશ્રી તેમજ ગોંડલ સંપ્રદાયનાં બા.બ્ર.પૂ.હિરાબાઈ મ.સ. તથા બા.બ્ર. જ્યોતિબાઈ મ.સ.નાં સંસારી ભાભીશ્રી તા.૪-૫-૨૦૨૪ ને શનિવારનાં રોજ અરિહંતશરણ પામેલ છે.

**સદ્ગતનું ઉઠમણું** તા.૯-૫-૨૦૨૪, ગુરુવાર સવારે ૯.૩૦ કલાકે શ્રી સરદારનગર ઉપાશ્રય, ૯/૧૪ સરદારનગર, રાજકોટ.

**સદ્ગતની પ્રાર્થનાસભા** તા.૯-૫-૨૦૨૪, ગુરુવાર સવારે ૧૧.૦૦ થી પારસ હોલ, પારસ સોસાયટી, નિર્મલા રોડ, રાજકોટ

હસમુખભાઈ જે. દામાણી - કમલેશભાઈ એલ.દામાણી
દીપાલી - ભાવેશ શાંતીલાલ દામાણી (મસ્કત)
હીર - મેહુલ શાંતીલાલ દામાણી (રીઝલ્ટ એડ.)
અલ્કાબેન - કમલેશભાઈ પરીખ (પ્રકાશ સ્ટોર)
રૂપલબેન - નરેશભાઈ ગોટેચા (પ્લાસ્ટીક હાઉસ)
વંદિત, ક્રિશ, નિધિ, રિદ્ધી, ક્રિષ્ના, જય, યશ
તથા દામાણી પરિવારનાં જય જિનેન્દ્ર



તૃતિય વાર્ષિક પુણ્યતિથીએ

**શ્રદ્ધાંજલી**



**સ્વ. હેમાબેન નથુભાઈ સોલંકી**

સ્વ.તા. ૫-૫-૨૦૨૧, બુધવાર
સવંત ૨૦૭૭, ચૈત્ર વદ-૯

આપના સારા કર્મોની સુવાસ સદાય યાદ રહેશે.
આપની મીઠી વાણી હર હમેંશા યાદ રહેશે...
દેહથી ભલે અદૃશ્ય થયા આપ,
પરંતુ આપની મધુર યાદ સદા દિલમાં અંકિત રહેશે...
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી. નથુભાઈ કેશાભાઈ સોલંકી
રવિભાઈ નથુભાઈ સોલંકી • બ્રિજેશ નથુભાઈ સોલંકી
તથા સમસ્ત સોલંકી પરિવાર
અતુલ ગેસ એજન્સી - રાજકોટ


### આચારસંહિતા લાગુ થયા બાદથી અત્યાર સુધી પોલીસ સતત એક્ટીવ રહી

# ચૂંટણી કામગીરી : રાજકોટ રેન્જના પાંચ જિલ્લામાં ૫૧,૮૬૯ શખ્સો સામે અટકાયતી પગલાં લેવાયા

## લાયસન્સવાળા ૭૩૨૭ હથિયાર જમા લેવાયા : ગેરકાયદેસર હથિયાર લઈ ફરતા શખ્સો પાસેથી ૩૦ બંદૂકો ઝડપાઈ : ૮ કારતૂસ પણ કબ્જે લેવાયાઃ દેશી-વિદેશી દારૂના મળી કુલ ૪,૮૭૦ કેસો કરાયા, આરોપીઓ પાસેથી કુલ રૂા.૩.૮૯ કરોડનો દારૂ સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયો

રાજકોટ, તા.૬

આગામી લોકસભા ચૂટંણી અનુસંધાને રાજકોટ રેન્જ પોલીસ દ્વારા આચાર સંહિતા લાગ્યાથી આજદિન સુધીમાં કરવામાં સતત દોડતા રહી પરિણાત્મક કામગીરી કરવામાં આવી છે. આચારસંહિતા લાગુ થયા બાદથી અત્યાર સુધી પોલીસ સતત એક્ટિવ રહી છે. ચૂંટણી કામગીરીમાં રાજકોટ રેન્જના પાંચ જિલ્લામાં ૫૧,૮૬૯ શખ્સો સામે અટકાયતી પગલાં લેવાયા છે. લાયસન્સ વાળા ૭૩૨૭ હથિયાર જમા લેવાયા છે. ગેરકાયદેસર હથિયાર લઈ ફરતા શખ્સો પાસેથી ૩૦ બંદૂકો ઝડપાઈ છે. ૮ કારતૂસ પણ કબ્જે લેવાયા છે. દેશી-વિદેશી દારૂના મળી કુલ ૪,૮૭૦ કેસો કરાયા, આરોપીઓ પાસેથી કુલ રૂ.૩.૮૯ કરોડનો દારૂ સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયો છે.

રેન્જ આઈજી અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી કામગીરીમાં અસામાજિક તત્વો વિરૂધ્ધ અટકાયતી પગલાની વિગતોમાં રાજકોટ રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓમાં ચુંટણી અનુસંધાને કુલ ૫૧,૮૬૯ અટકાયતી પગલાઓ લેવામાં આવેલ છે. જેમાં ૨૫૦ આરોપીઓ ઉપર પાસા દરખાસ્તો તથા ૪૯૭ આરોપીઓ ઉપર હદપારીની દરખાસ્તો મુકેલાનો પણ સમાવેશ થયેલ છે. પાસા દરખાસ્ત જોઈએ તો, સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૨, મોરબી જિલ્લામાં ૨૯, રાજકોટ ગ્રામ્યમાં ૭૪, જામનગરમાં ૫૭ અને દેવભૂમિ દ્વારકામાં ૨૮ આરોપીનો સમાવેશ થાય છે.

આચાર સંહિતા લાગુ પડી ગયા બાદ રાજકોટ રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓમાં ગેરકાયદેસર હથીયારધારા ના કુલ ૩૦ કેસો કરવામાં આવેલ છે, જેમાં ૩૦ હથીયાર તેમજ ૮ કારતૂસનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે. જેમાં સુરેન્દ્રનગરમાં ૬ હથિયાર, ૨ કારતૂસ, મોરબીમાં ૧૦ હથિયાર, રાજકોટ ગ્રામ્યમાં ૭ હથિયાર ૬ કારતૂસ, જામનગરમાં ૫ હથિયાર અને દેવભુમિ દ્વારકામાં ૩ હથિયાર ઝડપાયા છે.

ભારતીય બનાવટના ઈંગ્લીશ તેમજ દેશી દારૂના મળી કુલ-૪,૮૭૦ કેસો કરવામાં આવેલ અને આ આરોપીઓ પાસેથી કુલ રૂ.૩ કરોડ ૮૯ લાખ ૧૪ હજાર ૧૦૯ નો ઈંગ્લીશ તથા દેશીદારૂ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૬૨૭૭ બોટલ વિદેશી અને ૩૧૬૮ લીટર દેશી, મોરબી જિલ્લામાં ૧,૦૪,૩૦૯ બોટલ વિદેશી અને ૭૦૨૬ લીટર દેશી, રાજકોટ ગ્રામ્યમાં ૯૭૭૮ લીટર દેશી અને ૭૦૦૨ બોટલ વિદેશી, જામનગરમાં ૮૦૪૬ લીટર દેશી અને ૫૮૭૦ વિદેશી, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૫૧૬૬ દેશી અને ૭૯૯ વિદેશી દારૂ ઝડપાયો હતો.

રાજકોટ રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓમાં ૭૩૨૭ લાયસન્સ વાળા હથિયારો જમા લઇ લેવામાં આવેલ છે. અને હાલે કોઇ પરવાનેદારનું હથીયાર જમાં લેવા પર બાકીમાં નથી. નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ ઝુંબેશ શરુ કરવામાં આવેલ. જે અનુસંધાને ચુંટણી આચારસંહિતા લાગુ થયા બાદ આજદિન સુધીમાં કુલ ૬૧ નાસતા-ફરતા આરોપીઓને અટક કરવામાં આવેલ હતા. ૭,૧૨૫ નોનબેલેબલ વોરંટોની બજવણી કરવામાં આવેલ. જે કુલ વોરંટોના ૮૫ ટકા બજવણી કરવામાં આવેલ.



રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, રાજકોટ જિલ્લા પોલીસ વડા નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ, દેવભૂમિ દ્વારકા જિલ્લા એસપી નિતેશ પાંડેય, જામનગર એસપી પ્રેમસુખ ડેલુ , મોરબી એસપી રાહુલ ત્રિપાઠી, સુરેન્દ્રનગર એસપી ડો.ગિરીશ પંડયા

### કન્ટ્રોલરૂમ ઉપર રેન્જ કચેરી ખાતેથી સતત મોનીટરીંગ

આગામી લોકસભાની ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાના અમલીકરણ માટે દરેક જિલ્લા ખાતે કન્ટ્રોલરૂમમાં ઇન્ચાર્જ તરીકે યોગ્ય અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. કન્ટ્રોલરૂમ ખાતે ઉમેદવારો અને જાહેર જનતા તરફથી કરવામાં આવતી તમામ ચુંટણીલક્ષી ફરીયાદો ઉપર તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને આ તમામ કન્ટ્રોલરૂમ ઉપર રેન્જ કચેરી ખાતેથી સતત મોનીટરીંગ રાખવામાં આવી રહેલ છે. તેમ રેન્જ કચેરીની યાદીમાં જણાવાયું છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે રાજકોટ રેન્જ હસ્તકના તમામ જિલ્લાઓમાં રહેલા હિસ્ટ્રીશીટરો, એમ.સી.આર., માથાભારે શખ્સો ઉપર પોલીસ દ્વારા સતત વોચ રાખવામાં આવી રહેલ છે અને તમામ ઉપર જરૂરી અટકાયતી પગલા લેવામાં આવી રહ્યાં છે.

# ત્રંબામાં રમતાં-રમતાં એક વર્ષનો બાળક ડોલમાં ડુબ્યોઃ કરૂણ મોત્ત

## ગઈકાલે પરીવારની જાણ બહાર માસુમ બાળક ડોલના પાણીમાં ગરકાવ થયુંઃ સારવાર મળે તે પહેંલા જ દમ તોડતાં પરીવારમાં અરેરાટી

રાજકોટ,તા.૬

વાલીઓમાં માટે લાલબત્તી સમાન કિસ્સો ત્રંબામાં બનવા પામ્યો છે.ત્રંબામાં એક વર્ષનો બાળક રમતાં-રમતાં ડોલમાં પડ્યો હતો. બાદમાં ડોલના પાણીમાં ગરકાવ થતાં તે મોતને ભેંટયો હતો. બનાવ અંગે પરીવારને જાણ થતાં તેને સારવારમાં ખસેડાયો હતો. પણ જીવ બચી શકયો ન હતો. બનાવની પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.પ્રાપ્ત વિગત મુજબ ત્રંબા ગામ નજીક આવેલ ઝુંપડપટ્ટીમાં રહેતાં રામભાઈ બાંભણીયાનો એક વર્ષનો પુત્ર રાજવિર ગઈકાલે ઝુંપડા પાસે રમતો હતો ત્યારે અચાનક પાણીથી ભરેલ ડોલમાં તે પડયો હતો.ડોલમાં ભરેલ પાણીમાં માસુમ બાળક ગરકાવ થતાં તેનો શ્વાસ રૂંધાઈ ગયો હતો. બાદમાં પરીવારજનોને જાણ થતાં તેને તાત્કાલીક પાણી માંથી બહાર કાઢી સારવાર અર્થે અત્રેની સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નિપજયું હતું.બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પિએમમાં ખસેડી વધુ તપાસ યથાવત રાખી હતી.બનાવ અંગે મળેલ વધુ વિગત મુજબ મૃતકના માતા પિતા છુટક મંજુરી કામ કરે છે.બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ રાજકોટ, જામનગર, ખંભાળિયામાં છાંટા વરસ્યા

## ગઈકાલે વાદળછાયા હવામાન બાદ આજે સવારથી ફરી સ્વચ્છ વાતાવરણઃ ગરમી હવે વધશે

રાજકોટ,તા.૬

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગઈકાલે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ અનેક સ્થળે વાદળો છવાયા હતાં. અને ઠેર-ઠેર અમી છાંટણા વરસ્યા હતાં.તેમજ મહત્તમ તાપમાનમાં પણ ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો અનેક સ્થળે નોંધાયો હતો. જો કે ગઈકાલે ૪૧ ડિગ્રી સાથે ભાવનગર સૌથી ગરમ શહેર રહેવા પામ્યું હતું.દરમ્યાન આજે જો કે સવારથી સુર્ય પ્રકાશિત હવામાન છવાયું છે. અને હવે આજથી ફરી ગરમી વધવાથી આગાહી કરાઈ છે.

ગોહિલવાડ પંથકમાં ૪૦ ડિગ્રી ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા . દિવસભર ગરમ લુ ફુંકાતા જનજીવન પ્રભાવિત થયું હતું.ભાવનગર શહેરમાં અંગ દજાડતી ગરમી થી લોકો તોબા પોકારી ગયા હતા. દિવસ પર ગરમ પવન ફૂંકાયો હતો. રવિવારે ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૪૧.૦ ડીગ્રી નોંધાયું હતું .જ્યારે લઘુતમ તાપમાન ૩૦.૦ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૨૬% રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૧૮ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

તેમજ હવામાનમાં રવિવારે પલટો આવતા જામનગર પથકમાંહળવા છાંટા પડયા હતાં. શહેરમાં ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં ૨ ડિગ્રીનો ઘટાડો થયો હતો. વાદળછાયું વાતાવરણ અને તીવ્ર પવનના કારણે લોકોએ ગરમીમાં રાહત અનુભવી હતી. ૮ મે સુધી સૂકું અને અંશતઃ વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી છે. ત્યારે રવિવારે સવારે વાદળછાયા વાતાવરણ વચ્ચે હવામાનમાં પલટો. આવ્યો હતો અને જામનગર પંથકમાં હળવા છાંટા પડયા હતાં. ૨૪ કલાક દરમ્યાન મહતમ તાપમાન ૨ ડિગ્રી ઘટીને ૩૩.૨ ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી રહ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪ ટકા વધીને ૮૬ ટકા નોંધાયું હતું.પવનની ગતી ૧૧૧.૫ કીમી પ્રતિકલાક રહી હતી.

તથા હવામાન વિભાગની આગાહી મુજબ ગઈકાલે રવિવારે ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના વાતાવરણમાં પલટો આવ્યો હતો. સવારથી સર્જાયેલા વાદળછાયા વાતાવરણ વચ્ચે કેટલાક સ્થળોએ હળવા અમી છાંટણા પણ વરસ્યા હતા. બદલાયેલા માહોલ વચ્ચે મહદ અંશે સૂર્યનારાયણના દર્શન થયા ન હતા. આ બદલાવ વચ્ચે થયેલી ઠંડકના કારણે લોકોને કાળઝાળ ગરમીથી મુકિત મળી હતી. દરમ્યાન ગઈકાલે અમદાવાદ ખાતે ૩૯.૨, અમરેલીમાં ૪૦.૮, વડોદરામાં ૩૯.૮, ભુજમાં ૩૭.૪, રાજકોટમાં ૩૭, પોરબંદરમાં ૩૬, સુરેન્દ્રનગરમાં ૩૯.૮, વેરાવળમાં ૩૨.૪, છોટા ઉદેપુરમાં ૩૯.૨, ડાંગમાં ૩૯.૪, ડિસામાં ૩૮.૭, અને દિવમાં ૩૮.૧ ડિગ્રી, મહત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

# રોડ શોમાં એમપીના સીએમે મોજમાં ગદા ઘુમાવીને બાજુમાં ઉભેલા ધારાસભ્યને વાગી!

## સીએમ ગદા નીચે મુકી ધારાસભ્યનું માથુ પંપાળવા લાગ્યા

રાધૌગઢ (મધ્યપ્રદેશ) તા.૬

મુખ્યમંત્રી ડો. મોહન યાદવ આજે રાધૌગઢમાં રોડ શો કરી રહ્યા હતા. દરમિયાન કાર્યકર્તાએ ભેટ આપેલી ગદા તેમણે ઘુમાવતા આ ગદા બાજુમાં ઉભેલા અને તાજેતરમાં ભાજપમાં સામેલ થયેલા ધારાસભ્યને વાગી ગઈ હતી.



આ અંગેની વિગત મુજબ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવ રાધૌગઢમાં રોડ શો કરી રહ્યા હતા. દરમિયાન એક કાર્યકર્તાએ તેને ગદા ભેટ આપી હતી. સીએમ ગદા ઘુમાવી રહ્યા હતા ત્યારે ગદાનો ઉપરનો ભાગ બાજુમાં ઉભેલા ધારાસભ્ય રામનિવાસ રાવતના માથામાં વાગ્યો હતો. ઉલ્લેખનીય છે કે રામનિવાસ રાવત પાંચ દિવસ પહેલા જ ભાજપમાં સામેલ થયા હતા. તે શ્યોરપુર જિલ્લાની વિજયપુર સીટ પર ૬ વખત ધારાસભ્ય રહ્યા છે. ગદા ધારાસભ્યને વાગ્યા બાદ મુખ્યમંત્રી યાદવે ગદા નીચે મુકી દીધી હતી અને તેમનું માથુ પંપાળવા લાગ્યા હતા. જો કે ધારાસભ્યને મોટી ઈજા નહોતી થઈ. ઘટનાનો વિડીયો વાયરલ થયો છે.

## નામ બદલાવેલ છે

આથી હું
**જીતેન્દ્ર શાંતિલાલ બાખડા**
જાહેર કરૂ છું મારૂ જુનુ નામ
**જીતેન્દ્રકુમાર શાંતિલાલ બાખડા**
માંથી બદલાવીને
**જીતેન્દ્ર શાંતિલાલ બાખડા**
કરેલ છે અને હવે પછી
હું મારા નવા નામ
**જીતેન્દ્ર શાંતિલાલ બાખડા**
તરીકે ઓળખાઈશ.

**જીતેન્દ્ર શાંતિલાલ બાખડા**
પાર્શ્વ શાંતિ, યોગી પાર્ક શેરી નં. ૧૨, વ્રજ વિહાર એપાર્ટમેન્ટ સામે કાલાવડ રોડ, રાજકોટ - ૫

## નામ બદલાવેલ છે

હું નીચે સહી કરનાર **શ્રી પંડયા સંજયભાઇ હરસુખભાઇ** (નવુ નામ) **શ્રી પંડયા સંજય હસમુખરાય** (જુનુ નામ) ઠે. સનરાઇઝ, જડિયા બિલ્ડીંગ, ૧૫ સ્ટેશન પ્લોટ, ગોંડલ જી. રાજકોટ આથી જાહેર જનતા તથા મિત્રો અને સગા વહાલાઓને જાહેર કરૂ છું કે મારૂ જુનુ નામ **શ્રી પંડયા સંજય હસમુખરાય** બદલાવી મારૂ નવું નામ **શ્રી પંડયા સંજયભાઇ હરસુખભાઇ** રાખેલ છે. જેથી દરેક પબ્લીક મને મારા નવા નામથી જ ઓળખવું.

સહી/-
**(શ્રી પંડયા સંજયભાઇ હરસુખભાઇ)**

## જાહેર ચેતવણી કમ જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર શ્રી વિનોદભાઇ મંગાભાઇ વઘેરા, રહે. જલારામનગર, રામદેવપીરના મંદિર પાસે, વિરપુર (જલારામ) તા. જેતપુર જી. રાજકોટ આથી આ જાહેર ચેતવણી નીચેની વિગતે આપું છું કે અમારા પરિવારમાં અમો પિતા-પુત્ર તથા મારા પત્ની તથા મારા સંતાનો સાથે રહીએ છીએ. જે પૈકી મારો મોટો પુત્ર ઋતિક વિનોદભાઇ વઘેરા કે જેઓ મારા કે મારા પરિવારના કહ્યામાં ન હોય તેઓની સાથે કોઇપણ વ્યકિતએ કોઇપણ પ્રકારનો એટલે કે નાણાકીય કે અન્ય કોઇપણ રીતે વ્યવહાર કરવો નહી. તેઓ સાથે મારે કે મારા પરિવારને કોઇપણ પ્રકારના લેવા-દેવા નથી. આમ છતાં કોઇ તરફથી તેમની સાથે જે કાંઇ વ્યવહાર કર્યા હશે કે હવે પછી કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી તેઓની પોતાની રહેશે. જેમાં અમારી કે અમારા પરિવારની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહિ જેની ખાસ નોંધ લેશો.

મુ. જેતપુર
લી. સહિ : વિનોદ મંગાભાઇ વઘેરા
તા. ૦૪/૦૫/૨૦૨૪

## પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

**એકિકૃત સર્વગ્રાહી માનવશક્તિ આધારિત કોન્ટ્રાક્ટ**

**ટેન્ડર નોટીસ નં.** એમ-2024-05-સીસીસી-રાજકોટ તા.26-04-2024. (1) **કામનું નામઃ** C&W ડેપો રાજકોટ માટે ડેપો સંકુલની સફાઈ સહિત 2 વર્ષોના સમયગાળા માટે બાયો-ટોઈલેટ્સ અને OBHS ની કોચ સફાઈ, પાણીની આપૂર્તિ, માર્ગ પર પાણીની આપૂર્તિ અને જાળવણી કરવા માટે એકિકૃત સર્વગ્રાહી માનવશક્તિ આધારિત કોન્ટ્રાક્ટનું કામ. (2) **અંદાજિત પડતરઃ** ₹ 7,91,95,377.09 (3) **અર્નેસ્ટ મનીઃ** ₹ 5,46,000/- (4) **ટેન્ડર જમા કરવાની તથા ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** તા.17-05-2024 ના રોજ 15:00 કલાક સુધી અને તા.17-05-2024 ના રોજ 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) **ઓફીસનું સરનામું જ્યાં થી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે, નોટીસ બોર્ડનું સ્થળ અને વેબસાઈટ વિગતઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનીકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. **વેબસાઈટઃ** www.ireps.gov.in RJT-06

અમને ફોલો કરો: twitter.com/WesternRly

## જાહેર નોટીસ - અમારા કહ્યામાં નથી

આથી જાહેર જનતા જોગ જાહેર કરીએ છીએ કે,

મારો પુત્ર આકાશ કિશોરભાઇ ઠુમર, ઉ.વ.આ. ૩૧ મુળ રહે. જસદણ ઠે. કાનજીપરા-૨, ચીતલીયા કુવા પાસે મુ. જસદણ જી. રાજકોટ હાલ રહે. સુરતનો છે. તેના લગ્ન થઇ ગયેલ છે અને તે તેમનો તમામ લાગ-ભાગ લઇ અને અમારા પરિવારથી અલગ થઇ ગયેલ છે જેથી અમારી સ્થાવર-જંગમ મિલ્કતમાં તેનો કોઇપણ જાતનો લાગ-ભાગ-હકક-હિસ્સો નથી અને અમારી સાથે તેમને કોઇ જાતના સંબંધો કે તેની સાથે અમારે કોઇ જાતના વ્યવહાર નથી. જેથી મારા પુત્ર આકાશ કિશોરભાઇ ઠુમર સાથે અમારા નામે કે તેમના નામે કોઇપણ ઇસમોએ કોઇ પણ પ્રકારની રકમની તથા કોઇ પણ જાતની લેતી દેતીનો વ્યવહાર કરવો નહીં અને તેમ છતાં તેવો કોઇ વ્યવહાર તેમની સાથે કરવામાં આવશે કે કરવામાં આવેલ હોય તો તેની જવાબદારી જે તે વ્યકિતની રહેશે અને તેમાં અમારી કોઇ જાતની જવાબદારી રહેશે નહીં જે આ નોટીસથી જાહેર જનતાને જાણ કરીએ છીએ.

સ્થળ - જસદણ
તા. ૦૬/૦૫/૨૦૨૪

**લી. કિશોરભાઇ શામજીભાઇ ઠુમર**
રહે. જસદણ ઠે. કાનજીપરા-૨, મુ. જસદણ જી. રાજકોટ
મો. નં. ૯૮૭૯૧ ૮૩૪૩૩

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના જેતપુર તાલુકાના જેતપુર નવાગઢ નગરપાલિકાના હદમાં આવેલ જુના બગસરા રોડ વિસ્તારમાં તપસ્વી આશ્રમની બાજુમાં આવેલ જુના ગામતળનાં લેખ **નં.૮૨૮,તા.૧૬/૦૯/૧૯૪૪**નો ખુલ્લો પ્લોટ તથા ૨ દુકાન તથા ૩ ઓરડી મળીને મિલ્કતનાં **કુલ ચો.મી.૧૦૪-૫૨** રજી.વેચાણ દસ્તાવેજ **નં.૯૩૧ તા.૦૬/૦૮/૧૯૮૬**થી **શ્રી ભગવાનજી શીવશંકર પંડયા**ની આવેલ છે. સદરહું જણાવેલ વિગતો વાદી સ્થાવર મિલ્કત મારા અસીલ રૂષભભાઈ ચંદ્રકાન્તભાઈ શેઠ, રહે.રાજકોટવાળા આ સ્થાવર મિલ્કત ખરીદ કરવા માંગે છે.આ સ્થાવર મિલ્કત અંગે કોઈનો પણ ભાગ,લાગ, હકક, હિત કે હિસ્સો કે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, પોષણ, વારસાઈ, કોઈ કરાર, સાટાખત કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય/બેંક/ સરકારશ્રી તથા અન્ય કોઈ વ્યકિતને વાંધો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિવસ-૧૫ (પંદર)**માં નીચેના સરનામે આધાર પુરાવાની ખરી નકલો સાથે લેખીત વાંધા તકરાર પુરાવા સાથે જાણ કરવી, ત્યારબાદ વાંધો તકરાર હોય તો તે જતો (WAIVE) કરેલ છે.તેમ માની મારા અસીલ સદરહું સ્થાવર મિલ્કત ઉત્તરોત્તર રેકર્ડના આધારે સદરહું સ્થાવર મિલ્કત પોતાના નામે કે તે કહે તેના નામે અવેજ ચુકવીને આ મિલ્કતનો પાકો વેચાણ દસ્તાવેજ કરી લેશે. અને સદરહું મિલ્કતનો પ્રત્યક્ષ કબ્જો મેળવી લેશે.જેની સર્વેએ નોંધ લેવી.ત્યારબાદ કોઈ વાંધા કે તકરાર ખરીદનારને બંધનકર્તા રહેશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

મું.જેતપુર
તા.૦૬/૦૫/૨૦૨૪

**ભગવાનજી શિવશંકર પંડયા**
**અસીલની સુચના મુજબ**

**જે.કે.ઢોલરીયા એડવોકેટ એન્ડ નોટરી,**
મું. જીમખાના શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડ સામે, જેતપુર ૩૬૦૩૭૦, મો. ૯૮૨૫૮ ૬૪૦૮૬

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના જેતપુર તાલુકાના જેતપુર નવાગઢ નગરપાલીકાના હદમાં જુના બગસરા રોડ વિસ્તારમાં તપસ્વી આશ્રમની બાજુમાં આવેલ જુના ગામતળનાં લેખ નં. ૮૪૮, તા. ૧૬-૧૮/૦૯/૧૯૪૪નો ખુલ્લો પ્લોટ તથા ચાર દુકાન તથા ૫ ઓરડી મળીને મિલ્કતનાં કુલ ચો.મી. ૨૫૭-૯૮ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૨૮૩ તા. ૧૨/૦૬/૨૦૦૩થી શ્રી નિલમબેન જીતેન્દ્રભાઇ પંડયાની આવેલ છે. જેમાં જેતપુર-નવાગઢ નગરપાલિકાની આકારણી વર્ષ ૨૦૨૪-૨૦૨૫થી વોર્ડ નં. ૭માં હાલના દુકાનોના કબજેદારોના નામ નીચે મુજબ છે.

| ક્રમ | મિલ્કત નં. | કબજેદારનું નામ | માસીક ભાડુ રૂા. |
|---|---|---|---|
| ૧. | મિલ્કત નં. ૧૩૩૪ | મગનભાઇ રામજીભાઇ પીઠવા | ૧૫૦/- |
| ૨. | મિલ્કત નં. ૧૩૩૫ | મનસુખભાઇ મગનલાલ પીઠવા | ૨૦૦/- |
| ૩. | મિલ્કત નં. ૧૩૩૬ | મોહનભાઇ વાલજીભાઇ | ૨૫૦/- |
| ૪. | મિલ્કત નં. ૧૩૩૭ | રણછોડભાઇ પ્રેમજીભાઇ સાવલીયા | ૨૦૦/- |

સદરહું ઉપરોકત જણાવેલ વિગતોવાળી સ્થાવર મિલ્કત મારા અસીલ **રૂષભભાઇ ચંદ્રકાંતભાઇ શેઠ** રહે. રાજકોટવાળા આ સ્થાવર મિલ્કત ખરીદ કરવા માંગે છે. આ સ્થાવર મિલ્કત અંગે કોઇનો પણ ભાગ, લાગ, હકક, હિત કે હિસ્સો કે કોઇપણ પ્રકારનો વાંધો તકરાર, પોષણ, વારસાઇ, કોઇ કરાર, સાટાખત કે અન્ય કોઇ હિત સંકળાયેલ હોય / બેંક / સરકારશ્રી તથા અન્ય કોઇ વ્યકિતને વાંધો હોય આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫(પંદર)માં નીચેના સરનામે આધાર પુરાવાની ખરી નકલો સાથે લેખીત વાંધા તકરાર પુરાવા સાથે જાણ કરવી, ત્યારબાદ વાંધો તકરાર હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું સ્થાવર મિલ્કત ઉતરોતર રેકર્ડના આધારે સદરહું સ્થાવર મિલ્કત પોતાના નામે કે તે કહે તેના નામે અવેજ ચુકવીને આ મિલ્કતનો પાકો વેચાણ દસ્તાવેજ કરી લેશે અને સદરહું મિલ્કતનો પ્રત્યક્ષ કબજો ભાડુઆત સાથે મેળવી લેશે. જેની સર્વેએ નોંધ લેવી. ત્યારબાદ કોઇ વાંધા કે તકરાર ખરીદનારને બંધનકર્તા રહેશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

મું. જેતપુર
તા. ૦૬/૦૫/૨૦૨૪

**નિલમ જે. પંડયા**
**અસીલની સુચના મુજબ**

**જે.કે.ઢોલરીયા એડવોકેટ એન્ડ નોટરી,**
મું. જીમખાના શોપીંગ સેન્ટર, બસ સ્ટેન્ડ સામે, જેતપુર ૩૬૦૩૭૦, મો. ૯૮૨૫૮ ૬૪૦૮૬

## અસલ દસ્તાવેજ ગુમ થયા બાબતની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના ગામ રફાળાના **રે.સર્વે નં. ૨૩૨ પૈકી ૧ની જુની શરતની જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે. ૦-૭૬-૮૯ ચો.મી. તથા રે. સર્વે નં. ૨૩૨ પૈકી ૨ની જુની શરતની જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે. આરે. ૦-૩૭-૪૩ ચો.મી.** મળી કુલ ખેડવાણ જમીન હે.આરે. ૧-૧૪-૩૨ ચો.મી. (એકર ૨-૩૩ ગુંઠા)વાળી 'સીમાઇવાળુ' તરીકે ઓળખાતી ગામ નમુના નં. ૮/અ ખાતા નં. ૯૧૯ વાળી ખેડવાણ જમીન **(૧) શ્રી જીતેન્દ્રભાઇ ભીખાભાઇ પેઢડીયા (૨) શ્રી શૈલેષભાઇ ભીખાભાઇ પેઢડીયા (૩) શ્રી અરવિંદભાઇ ભીખાભાઇ પેઢડીયા** રજી. વેંચાણ દસ્તાવેજ અનુ. નં. ૨૫૩૨, તા. ૧૧/૪/૨૦૨૨થી શ્રી વિજય દામજીભાઇ સોજીત્રા પાસેથી ખરીદ કરેલ છે અને તેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નોંધ નં. ૩૯૪૪ પ્રમાણીત થયેલ છે, જે ગામ નમુના નં. ૮/અના ખાતા નં. ૯૧૯થી તેમના ખાતે ધારણ આવેલ છે. સદરહુ મિલ્કતની ટાઇટલ ફાઇલમાંથી નીચેના બે દસ્તાવેજ અસલ ગુમ થયેલ છે. શોધવા પ્રયત્ન કરવા છતાં મળી આવતો નથી.

૧. શ્રી વિનોદ રણછોડભાઇ જોગ શ્રી પરસોતમભાઇ લાખાભાઇ સેલડીયા એ કરી આપેલ વેંચાણ અનુ. દ. નં. ૬૬૬, તા. ૨૪/૨/૧૯૯૯વાળો દસ્તાવેજ અસલ.

૨. શ્રી જયંતીભાઇ રણછોડભાઇ જોગ શ્રી પટેલ દેવજીભાઇ લાખાભાઇ વિગેરેએ કરી આપેલ વેચાણ દ.અનુ.નં. ૬૬૫, તા. ૨૪/૨/૧૯૯૯વાળો દસ્તાવેજ અસલ.

સદરહું મિલ્કતના ઉપરોકત ટાઇટલ પરત્વે કોઇને કોઇપણ જાતના વાંધા-તકરાર, દર-દાવો, લાગભાગ, હિત, હિસ્સો, ભરણપોષણ વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૧૦(દસ)માં નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી જો મુદત દરમ્યાન કોઇના કોઇપણ પ્રકારના વાંધા, તકરાર નહીં આવે તો કોઇને કોઇ વાંધો તકરાર નથી અને જો છે તો તે જતા (WAIVE) કરેલ છે, તેવું માનીને મારા અસીલ સદરહું રજી. વેંચાણ દસ્તાવેજની ખરીનકલ સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી કઢાવી ફાઇલમાં રાખી આપીશું જે અસલ ગણાશે અને ત્યારબાદ સદરહું અસલ દસ્તાવેજ કે તેના અન્વયેના કોઇના કોઇપણ જાતના વાંધા-તકરાર મિલ્કત ધારણકર્તાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.

રાજકોટ. તા.૬/૫/૨૦૨૪

**સંજય જે. જોષી એડવોકેટ**
સરનામું :- **સંજય જે. જોષી એડવોકેટ**
સનલાઇટ પ્લાઝા, બાલક હનુમાન પાછળ, પેડક રોડ, રાજકોટ-૩

## એચ. જે. દોશી હોસ્પિટલ

માલવીયાનગર, ગોંડલ રોડ, રાજકોટ.

**જોઈએ છે**

- TMT ટેકનીશ્યન
- સિક્યુરીટી ગાર્ડ : ઉંમર ૪૫ વર્ષની આસપાસ
- વોર્ડબોય
- સ્વીપર

૮ કલાક ડયુટી, પગાર ૧૨,૬૭૦/- પી.એફ. તેમજ અન્ય લાભો મળવાપાત્ર

અરજી, ફોટો તથા શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, સ્કૂલ લીવીંગ સર્ટી.,આધાર કાર્ડ સાથે ઉપરોકત સરનામે વહીવટી અધિકારીને રૂબરૂ મળવું : સમય સવારે ૯ થી ૧૨, બપોરે ૩ થી ૫

## જાહેર નોટીસ

રાજકોટ મ્યુ. કોર્પોરેશનની હદમાં રૈયાના **રે.સ.નં. ૧૭૬** પૈકીના બીન ખેડવાણ અને રહેણાંક હેતુ માટે બીનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટ પૈકી **સબ પ્લોટ નં. ૬૪/બી**ની જમીન **ચો.મી.આ. ૪૦-૪૧** ઉપર આવેલ ઉભા, ઇમલા, ઇમારતવાળુ મકાન, **ભરતભાઇ મગનભાઇ વેદ** રહે. રાજકોટની માલીકીનું આવેલ છે. સદરહુ જમીન સહિતનું મકાન તેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા નકકી કરેલ છે જેથી સદરહુ જમીન સહિત આવેલ મકાન પરત્વે, કબ્જા, માલીકી કે તેના ટાઇટલ ડીડઝ પરત્વે જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો, દરદાવો કે અન્ય કોઇપણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેની દિવસ ૧૦ (દસ)માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઇના વાંધા તકરાર આવશે નહીં તો આ મકાનમાં કોઇને કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદરહું મકાન રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ખરીદ કરશે. ત્યારબાદ જો કોઇના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની તમામને નોંધ લેવી.

તારીખ : ૦૬/૦૫/૨૦૨૪

**મનિષ એચ. પંડયા (એડવોકેટ)**

**સંજય એચ. પંડયા (એડવોકેટ)**
**મનિષ એચ. પંડયા (એડવોકેટ)**
૩૦૫-સેફાયર કોમ્પ્લેક્ષ, સર્વેશ્વર ચોક, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ. ૯૮૨૪૮ ૪૪૯૯૭, ૯૮૨૫૪ ૯૮૫૫૪

## જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ કાર્તીકેય મ. પારેખ અમારા અસીલ ધર્મેશભાઈ અરવિંદભાઈ પટેલ (બાલધા), રહે. ભાકુંભાજી પરા, સ્ટેશન પ્લોટ, ધોરાજી વાળાની સુચના તથા ફરમાઈશથી આથી આ જાહેર નોટીસ પાઠવીએ છીએ કે:-

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટ જિલ્લાની સબ રજીસ્ટ્રી ડીસ્ટ્રીકટ ધોરાજી તાલુકાના ધોરાજી શહેરમાં નગરપાલીકાની હદમાં ભાકુંભાજીપરા સ્ટેશન પ્લોટ નામે ઓળખાતા વિસ્તારમાં આવેલ સીટી સર્વે કચેરીના સ્ટેશન વિભાગના શીટ નંબર-૯૪, સર્વે નંબર-૧૧૭૦ની જમીન ચોરસ મીટર ૧૪૩-૯૧ (ચોરસ વાર ૧૭-૧૧) તથા સર્વે નંબર-૧૧૭૪ની જમીન ચોરસ મીટર ૧૩૪-૭૮ (ચોરસ વાર ૧૬૧-૧૯) તથા સર્વે નંબર-૧૧૮૧ પૈકીની જમીન ચોરસ મીટર ૧૬-૨૭ (ચોરસ વાર ૧૯-૪૫) મળી કુલ જમીન ચોરસ મીટર ૨૯૪-૯૬ (ચોરસ વાર ૩૫૨-૭૫) થાય છે. સદર તે મિલ્કત રજીસ્ટર્ડ બીન અવેજી ફારગતી દસ્તાવેજ નં.૨૬૩૧, તા.૦૧/૧૧/૨૦૧૯ના રોજથી અમોને પ્રાપ્ત થયેલ છે. ત્યારથી સદર મિલ્કતની માલીકી કબજો, અને ભોગવટો અમારા અસીલનો છે. જે દસ્તાવેજ અમારા અસીલથી ખોવાઈ ગયેલ છે અથવા તો અવળા હાથે મુકાઈ ગયેલ છે. જેની શોધખોળ કરતા આજદીન સુધી મળી આવેલ નથી અને તે દસ્તાવેજનો મારા અસીલે કયાંય ઉપયોગ કરેલ નથી કે સદર દસ્તાવેજ કયાંય ગીરો-બક્ષીસ કરેલ નથી કે અન્ય કોઈ વ્યકિતને વેચાણ આપેલ નથી કે અન્ય કોઈ વ્યકિતને વેચાણ આપવા કરાર કરેલ નથી કે કોઈપણ બેન્કમાં તારણમાં આપેલ નથી. હાલ સદરહુ વિગત વર્ણનવાળી મિલ્કત મારા અસીલ સદરહું મિલ્કત વેચાણ કરવા માંગે છે. જેમાં ઉપરોકત અસલ દસ્તાવેજ અંગે ટાઈટલની ક્ષતી આવતી હોય જેથી આ જાહેર નોટીસ આપવા ફરજ પડેલ છે.

જેથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ઉપર જણાવેલ અસલ દસ્તાવેજ અંગે કોઈના હકક, હિત, હિસ્સા, લાગ-ભાગ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાથી દિવસ-૭માં લેખીતમાં આધાર પુરાવા સાથે જાહેર કરવા. મુદત હરોળ કોઈ વાંધો કે તકરાર નહી આવે તો કોઈ વ્યકિતને વાંધો કે તકરાર નથી તેમ માની મારા અસીલ વેચાણની પ્રક્રિયા આગળ વધારશે.

તા.૪/૦૫/૨૦૨૪

**કાર્તિકેય મ. પારેખ એડવોકેટ**
૯૯, સ્ટેશન પ્લોટ, ધોરાજી-૩૬૦૪૧૦ મો.૯૮૨૫૮ ૭૭૧૭૪

## જાહેર નોટીસ

શ્રી ગુજરાત રાજયના, ડીસ્ટ્રીકટ જામનગરના તથા સબ-ડીસ્ટ્રીકટ કાલાવડના, મોજે ગામ પીઠડીયાના રે.સ.નં. ૨૭૯/પૈકી ૨/પૈકી ૩ જેના નવા રે.સ.નં. ૧૦૩ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૧૮-૫૯ વાળી પિયત ખેતીની જમીન ખાતા નં.૬૯૧થી નોંધાયેલ છે. જેનો આકાર રૂા.૪.૦૦ પૈસા થાય છે. તે ખેતીની જમીનના હાલના ધારણકર્તા મુકેશભાઈ જમનભાઈ ડાંગરીયા છે, જેમની પાસેથી આ સદરહુ ખેતીની જગ્યા ખરીદ કરવા માટે અમારા અસીલે સોદો કરેલ છે અને સુથીની રકમ ચુકવેલ છે.

વાસ્તે, આ જાહેર નોટીસથી જાહેર કરવામાં આવે છે કે આ સુથી કરાર વ્યવહાર અન્વયે કોઈને કોઈપણ જાતનો કાયદેસરનો વાંધો-તકરાર હોય કે આ મિલ્કત પરત્વે કોઈપણ પ્રકારના હકક, અધિકાર, બોજો કરજ કે ચાર્જ અથવા કોઈપણ પ્રકારનું લેણું કે લીયન હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દશ)માં અમારી ઓફિસે લેખિત આધાર-પુરાવા સાથે રજુઆત કરવી. જો નિયત મુદતમાં કોઈ વાંધો લેવામાં નહીં આવે તો કોઈને કોઈપણ પ્રકારે વાંધો તકરાર નથી અથવા હોય તો પણ તે જતા કરેલ છે તેમ માની અમારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે સદરહું મિલ્કતની તબદીલી સંબંધેની કાર્યવાહી કરી આ મિલ્કતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધા-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની નોંધ લેવી.

તે અમારા અસીલની સુચનાથી
તા.૦૬/૦૫/૨૦૨૪

**મિલન ડી. વસોયા એડવોકેટ**

**મિલન ડી. વસોયા**
**એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)**
ઓફિસઃ ઓફિસ નં.૧૨, કનૈયા કોમ્પ્લેક્ષ, એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, કાલાવડ-૩૬૧૧૬૦. મો.નં. ૮૧૨૮૩૪૨૩૨૭

## સીવીલ કોર્ટ નોટીસ

ગોંડલના મહે. ૨જા અધિક સીનીયર સીવીલ જજ શ્રી મેહુલકુમાર ડી. પરમાર સાહેબની કોર્ટ સમક્ષ દિ.પ.અ.નં. ૨૨/૨૦૨૪ના કામના અરજદારો (૧) હિતેષભાઇ પ્રવિણભાઇ આસોડીયા તથા (૨) કૌશીકભાઇ પ્રવિણભાઇ આસોડીયા એ તેમના ગુજરનાર પિતાશ્રી પ્રવિણભાઇ નારણભાઇ આસોડીયા (મે. એસ.આર.ફોર્જના ભાગીદાર)ની ૩૪% હિસ્સાની મિલ્કત કે જે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના રીબડા ગામના જનરલ ઉદ્યોગ માટે બીનખેતી થયેલ રેવન્યુ સર્વે નં. ૨૮૨ પૈકી ૧ તથા રેવન્યુ સર્વે નં. ૨૮૩ તથા રેવન્યુ સર્વે નં. ૨૮૭ પૈકી ૨ ની કુલ જમીન ચો.મી. ૪૧૨૭૮-૦૦ના રીવાઇઝ પ્લાનના પ્લોટ નં. ૪૬ની જમીન ચો.વા.આ. ૪૮૬-૭૦ બરાબર ચો.મી.આ. ૪૦૬-૯૫ની ખુલ્લી જમીન વાળો પ્લોટ આ કામના અરજદારો તથા અરજદારોના ગુજરનાર પિતા પ્રવિણભાઇ નારણભાઇ આસોડીયા એ રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૬૬૪, તા. ૧૦/૦૩/૨૦૨૧ના રોજ ધરમશીભાઇ મોહનભાઇ બેડીયા વિગેરે પાસેથી ખરીદ કરેલ ત્યારબાદ ઉપરોકત પ્લોટ આ કામના અરજદારો તથા અરજદારોના પિતાશ્રી પ્રવિણભાઇ આસોડીયા એ ૧ નંબરની બુકના નં. ૯૯૨૭, તા. ૧૮/૧૦/૨૦૨૧થી મે.એસ.આર.ફોર્જના નામથી ચાલતી ભાગીદારી પેઢી (એટલે કે આ કામના અરજદાર નં. ૧નો ૩૩% હિસ્સો તથા આ કામના અરજદાર નં. ૨નો ૩૩% હિસ્સો તથા અરજદારોના પિતાશ્રી પ્રવિણભાઇ નારણભાઇ આસોડીયાનો ૩૪% હિસ્સો) જોગ કરી આપેલ છે. ત્યારબાદ ઉપરોકત પ્લોટ ઉપર શેડનું બાંધકામ કરેલ છે (જેના ગામ નમુના નં. ૨ના અનુક્રમ નં. ૭૫થી રીબડા ગ્રામ પંચાયત કચેરીમાં નોંધાયેલ છે. તેમજ ઉપરોકત મિલ્કતના સીટી સર્વે વોર્ડ : રીબડા (બીનખેતી), સીટી સર્વે નં. NA૨૮૨p૧, ૨૮૩, ૨૮૭p૨/૪૬ છે.) તે સ્થાવર મિલ્કતમાં રહેલ ૩૪% અનડીવાઇડેડ હિસ્સા અંગેનું વારસા સર્ટીફીકેટ મેળવવા અંગે અરજદારોએ તેમના એડવોકેટ **ધર્મેશ એચ. સિધ્ધપુરા તથા સાવન એન. આહીર** મારફતે ઉપરોકત અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય સદરહું અરજી સંબંધે જે કોઇને વાંધો તકરાર હોય તેમણે મુદત તા. ૬/૭/૨૦૨૪ના સવારના ૧૧ કલાકે લેખિત વાંધા સાથે હાજર રહેવું ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૦૪/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

હુકમથી
(જે.જી.શુકલ)
રજીસ્ટ્રાર
પ્રિન્સી. સીનીયર સીવીલ કોર્ટ

તૈયાર કરનાર
(પ્રેમલ એન. ગણાત્રા)
સીનીયર કલાર્ક

કોર્ટનો સીકકો










Aadhar Housing Finance Ltd
GHAR BANEGA, TOH DESH BANEGA.
www.aadharhousing.com

We are India's largest^ low-income housing finance company, present in 533 districts across 20 states and UTs*, focusing on providing housing finance to low-income groups and economically weaker sections.

Promoted by BCP Topco (which is managed and/or advised by affiliates of Blackstone Group Inc., one of the world's leading investment firms).

As of December 31, 2023, we had 255,683** live accounts (including assigned and co-lent loans) and we had the highest number of live accounts among analysed peers in FY 2023, according to CRISIL.

We had the highest AUM^ and Net Worth^ among analysed peers for the Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine months ended December 31, 2023^, according to CRISIL.

We actively participate in various affordable housing initiatives of the Government of India, such as the PMAY scheme.

We are Aadhar Housing Finance.

(*As of December 31, 2023), ^Gross AUM of Aadhar Housing Finance Limited (Rs. Million): 133,271.0; 147,777.9; 172,228.3; 198,651.6 and Net Worth (Rs. Million): 26,927.6; 31,466.3; 36,976.0; 42,491.0 as on Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine month ended December 31, 2023 respectively. As per CRISIL Report, Aadhar Housing Finance Limited has the highest AUM and net worth amongst select peers in India analysed, as on Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine month ended December 31, 2022 and December 31, 2023. (** LIVE ACCOUNTS: (including assigned and co-lent accounts) 182,471; 204,135; 233,228; 255,683 as of March 31, 2021, 2022, 2023 and December 31, 2023, respectively). #The number of branches does not include regional and corporate offices.

**Top 5 Risk Factors;** 1.Our Erstwhile Promoters are subject to ongoing regulatory investigations by enforcement agencies including the Enforcement Directorate and the outcome of such investigations may adversely impact us and the Equity Shares held by our Promoter, BCP Topco and the market price of the Equity Shares of our Company. 2.We are party to certain legal proceedings and any adverse outcome in these or other proceedings may adversely affect our business. 3.We depend on the accuracy and completeness of information provided by our potential borrowers and third-party service providers. Our reliance on any misleading information given by potential borrowers may affect our judgment of credit worthiness of potential borrowers, and the value of and title to the collateral, which may affect our business, results of operations, cash flows and financial condition. 4.We have had negative net cash flows in the past and may continue to have negative cash flows in the future. 5.Any increase in the levels of non-performing assets in our AUM would adversely affect our business, results of operations, cash flows and financial condition.

**Aadhar Housing Finance Limited** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its equity shares (**"Equity Shares"**) and has filed the red herring prospectus dated April 30, 2024 (the **"RHP"**) with the RoC. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, website of stock exchanges i.e. NSE at www.nseindia.com, BSE at www.bseindia.com and on the website of the Company at https://aadharhousing.com/ and on the websites of the BRLMs, i.e. ICICI Securities Limited, Citigroup Global Markets India Private Limited, Kotak Mahindra Capital Company Limited, Nomura Financial Advisory and Securities (India) Private Limited and SBI Capital Markets Limited at www.icicisecurities.com, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, https://investmentbank.kotak.com, www.nomuraholdings.com/company/group/asia/india/index.html and www.sbicaps.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk. For details, potential investors should refer to the RHP, including the section titled *"Risk Factors"* beginning on page 24 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision. Specific attention of the investors is invited to *"Risk Factors"* on page 24 of the RHP.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**) and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act. Accordingly, the Equity Shares are only being offered and sold (a) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from or not subject to the registration requirements of the U.S. Securities Act, and (b) outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

Adfactors 41

# લોકસભા ચૂંટણી પૂર્વે શહેર પોલીસે ૧૧,૧૦૮ શખ્સોની અટકાયત કરી

**આચારસંહિતા લાગુ થયાના દિવસથી જ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ એકશન મોડમાં આવ્યા’તાઃ અલગ-અલગ પોલીસ મથકોમાં સ્ટાફે શહેરમાં અશાંતિ ફેલાવતા તેમજ ગુનામાં મદદગારી, અન્ય ક્રાઈમ હીસ્ટ્રી ધરાવતા ૧૦,૦૦૦ શખ્સોને પકડયા**

**૩૨ શખ્સોને ‘પાસા’માં ધકેલ્યાઃ બે શખ્સોને તડીપાર કર્યાઃ દારૂના ૧૦૫૨ ગુના નોંધી રૂા.૩૯.૪૬ લાખનો શરાબ કબ્જે કર્યોઃ ડ્રગ્સના બે ગુના નોંધી રૂા.૩.૧૫ લાખનો નશાકારક પદાર્થ જપ્ત કર્યો**

### ગેરકાયદેસર હથીયાર રાખવાના ૯ ગુના નોંધાયાઃ ૨૬૯૧ લાયસન્સવાળા હથીયારો જમા લેવાયા

શહેર પોલીસ દ્વારા આચારસંહિતાના અમલ સમયથી ગેરકાયદેસર હથીયાર રાખવાના નવ ગુના નોંધી નવ હથીયાર તેમજ ૧૩ જીવતા કાર્ટીસ જપ્ત કર્યા હતા. ઉપરાંત શહેરમાં વિસ્તારમાં રહેતા લોકો પાસેથી કુલ ૨૬૯૧ લાયસન્સ વાળા હથીયારો જમા લેવાયા હતા.

### નાસતા-ફરતા ૪૫ શખ્સોને પકડયાઃ નોન બેલેબલ ૩૬૯૯ વોરંટની બજવણીઃ હીસ્ટ્રીશીટરો પર વોચ રાખવા પોલીસ સતત કાર્યરત

રાજકોટ તા.૬

રાજકોટ શહેર પોલીસ દ્વારા લોકસભા ચૂંટાણી પૂર્વે આચારસંહિતા લાગ્યાના દિવસથી જ હીસ્ટ્રીસીટરો તેમજ ગુનાને અંજામ આપવામાં પંકાયેલા શખ્સો વિરૂધ્ધ કાર્યવાહી આદરી દીધી હતી અને ટુંકા સમયમાં જ અંદાજે ૧૦,૦૦૦ જેટલા શખ્સોની અટકાયત કરી હતી તેમજ ૩૨ શખ્સોને પાસામાં તેમજ બે શખ્સોને તડીપાર કર્યા હતા. ઉપરાંત પ્રોહીબીશનના ૧૦૫૨ ગુના નોંધી રૂા.૩૯.૪૬ લાખનો દારૂ કબ્જે કર્યો હતો. તેમજ માદક પદાર્થ સાથે બે શખ્સોને દબોચી રૂા.૩.૧૫ લાખનો માદક પદાર્થ કબ્જે કર્યો હતો.

શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ અને એડી. પોલીસ કમિશ્નર વિધિ ચૌધરીએ શહેરમાં લોકસભા ચૂંટાણીની જાહેરાત થતા જ અમલી થયેલ આચારસંહિતાના ભાગ રૂપે લોકશાહીના પર્વમાં કોઈપણ જાતની કાયદો વ્યવસ્થાનો ભંગ ન થાય તે માટે શહેરના તમામ પોલીસ મથકના અધિકારીઓને તેઓના વિસ્તારના માથાભારે શખ્સો અને હીસ્ટ્રીશીટરો પર નજર રાખી અટકાયતી પગલા ભરવા આપેલ સુચનાથી શહેરના અલગ અલગ



પોલીસ મથકમાં હીસ્ટ્રીશીટરો તેમજ ગુનામાં મદદગારી કરનાર અને અન્ય ગુનામાં વારંવાર પોલીસ ચોપડે ચડતા અંદાજીત ૧૦,૦૦૦ શખ્સો સામે અટકાયતી પગલા ભરવામાં આવ્યા હતા. જયારે ૩૨ શખ્સોને પાસામાં જેલ હવાલે કરવામાં આવ્યા હતા. ઉપરાંત બે શખ્સોને તડીપાર કરેલ હતા.

ઉપરાંત પોલીસે વિદેશી અને દેશી દારૂના ૧૦૫૨ કેસ કરી બુટલેગરો પર ધોંસ બોલાવી હતી. જેમાં અંગ્રેજી દારૂના ૭૭ કેસ કરી ૧૩૦૨૦ બોટલ મળી ૩૭.૦૭ લાખનો દારૂ કબ્જે કર્યો હતો. જયારે દેશી દારૂના ૯૭૫ ગુના નોંધી ૧૧૯૧૯ લીટર દારૂ કબ્જે કરી રૂા.૨.૪૮ લાખનો દારૂ કબ્જે કર્યો હતો.

જયારે ડ્રગ્સના બે ગુના નોંધી રૂા.૩.૧૫ લાખનો માદક પદાર્થ કબ્જે કર્યો હતો. જયારે અનેક ગુનામાં સંડોવાયેલા અને પોલીસથી બચવા નાસતા ફરતા ૪૫ શખ્સોને શહેર પોલીસે પકડી પાડયા હતા. તેમજ અંદાજીત ૩૬૦૦ જેટલા નોન બેલેબલ વોરંટોની પોલીસ દ્વારા બજવણી કરવામાં આવી હતી. લોકસભા ચૂંટાણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે શહેર પોલીસે હીસ્ટ્રીશીટરો અને માથાભારે શખ્સો પર સતત વોચ રાખી છે.

### આદર્શ આચારસંહિતાના અમલ માટે કંટ્રોલરૂમ કાર્યરત

રાજકોટઃ લોકસભાની ચૂંટાણી દરમ્યાન આદર્શ આચારસંહિતાના અમલીકરણ માટે શહેર પોલીસ દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો હતો. કંટ્રોલ રૂમમાં અધિકારીની નિમણુંક કરી ૧૦૦ નંબર જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં ચૂંટાણીલક્ષી ફરીયાદો પર તાત્કાલીક કાર્યવાહી કરવા મોનીટરીંગ રાખવામાં આવી રહેલ છે.

## રસના ચીચોડે અન્યના ઝઘડામાં વચ્ચે પડેલ યુવક પર ચાર શખ્સોનો હિંચકારો હુમલો

**નવાગામમાં આવેલ પુલ પાસેનો બનાવ : મનહર દેસાણીને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયો : કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી**

રાજકોટ, તા. ૬

નવાગામમાં આવેલ પુલ પાસે રસના ચીચોડે અન્યના ઝઘડામાં વચ્ચે પડેલ યુવક પર ચાર શખ્સોએ હિંચકારો હુમલો કરતા યુવકને ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાઇ હતી.

બનાવ અંગે નવાગામ પુલ પાસે રહેતા મનહરભાઇ પ્રભુદાસ દેસાણી (ઉ.વ.૨૪)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રોહિત ઉર્ફે ભગો ભોલો ગઢવી, માઉલ ગઢવી, લાલો ગઢવી (રહે. રંગીલા સોસાયટી, નવાગામ)નું નામ આપતા કુવાડવા રોડ પોલીસે આઇપીસી ૩૨૩, ૩૨૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે તેઓ મજુરી કામ કરે છે ગઇકાલે રાત્રીના સમયે નવા ગામ બસ સ્ટેન્ડ પાસે દ્વારકાધીશ પાન પર આવેલ શેરડીના રસના ચીચોડે રસ પીવા ગયેલ હતો ત્યારે રોહિત ઉર્ફે ભગો ભોલો ગઢવી સહિતના આરોપીઓ વિશાળ જાડા નામના યુવકને લાકડીથી માર મારતા હતા જેથી તે યુવાનને બચાવવા વચ્ચે પડતા આરોપીઓએ જણાવેલ કે તું સામે વચ્ચે પડેલ છો તેમ કહી તેને પણ ધોકા વડે ફટકારવા લાગેલ હતા. તેમજ ભોલા ગઢવીએ ફરસીથી હુમલો કર્યો હતો. ઉપરાંત અન્ય શખ્સોએ ધોકાથી માર મારતા શરીરે ગંભીર ઇજા પહોંચી હતી. દરમ્યાન લોકો એકઠા થતા આરોપીઓએ ધમકી આપેલ કે જો તું રોડ પર દેખાઇશ તો તને જાનથી મારી નાખીશ કહી નાસી છુટયા હતા. બાદમાં ઇજાગ્રસ્તને સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

## નીટ-અન્ડર ગ્રેજયુએટની રવિવારે લેવાયેલી પરિક્ષાનું પેપર ‘લીક’ થયું હતું! પટણામાં તપાસ

### આઠ વિદ્યાર્થીઓના મોબાઈલમાં પેપરની કોપી મળી




નવી દિલ્હીઃ દેશમાં તબીબો માટે લેવાતી નીટની અન્ડર ગ્રેજયુએટ પરિક્ષાના પેપર લીક થયા છે અને બિહારમાંથી આ પેપર લીક થયાની ખાતરી પરથી કેન્દ્રીય એજન્સી સીબીઆઈએ પટણાના ભાસીનગરમાં દરોડા પાડીને આઠ લોકોની પુછપરછ ચાલુ કરી છે. હજુ ગઈકાલે જ આ પેપર લેવાયુ હતું અને જેઓની પુછપરછ ચાલી રહી છે. તેઓએ આ પેપર ખરીદવા હોય તેમ માનવામાં આવે છે. તેમના મોબાઈલમાંથી પેપરની સ્કેન કોપી મળી છે. આ કોપી દાતાપુરથી મોકલાઈ હોવાનું બહાર આવ્યું છે તથા હાજીપુરમાં પણ એક ડમી ઝડપાયા છે પણ પેપર લીક ફકત પટણા અને આસપાસ મર્યાદીત છે કે વ્યાપક છે તે અંગે પુછપરછ શરૂ થઈ છે. હાલમાં જ આ પ્રકારે પરિક્ષાના પેપર લીક કરનાર સામે આકરી કાર્યવાહી કરવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી અને તેમાં નીટ જેવી મહત્વપુર્ણ પરિક્ષાના પેપર લીક થતા જબરી સનસનાટી મચી છે.

### યુવા પત્રકાર મનોજ વાળાનો આવતીકાલે જન્મદિન



રાજકોટઃ યુવા પત્રકાર મનોજ વાળાનો આવતીકાલે જન્મ દિવસ છે. તેઓ યશસ્વી જીવનના ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. તેઓ છેલ્લા ૭ વર્ષથી મીડિયા જગત સાથે સંકળાયેલા છે. તેઓએ પોતાની કારકીર્દીની શરૂઆત રાજકોટના અખબારી જગતથી કરી અલગ અલગ પ્રિન્ટ મીડિયામાં કામ કર્યું છે. હાલ તેઓ ક્રાઈમ અને કોર્ટનું રિપોર્ટીંગ કરી રહ્યા છે. તેઓ મૂળ વિંછીયા તાલુકાના છાસિયા ગામના વતની છે. અને હાલ રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવી છે. હંમેશા જીવનમાં કંઈક નવું શીખવું અને સંશોધન કરવું તે તેમના શોખ રહ્યા છે. ક્રાઈમ ફિલ્ડ હોય કે, કોર્ટ પોતાની આગવી સૂઝબૂઝ અને લખાણ શૈલીથી લોકોને ગળે ઉતરી જાય તેવી ભાષામાં લોકોને સમક્ષ સમાચાર પીરશે છે. તેમના જન્મ દિવસ નિમિત્તએ મિત્રો વર્તુળ, સગા સંબંધી દ્વારા તેમના મો.નં. ૭૦૧૬૫૪૯૫૨૭ ઉપર શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

### મતદાન

(પહેલા પાનાનું ચાલું)

મતદાનની ટકાવારી ઘટી તેવી અસર આવતીકાલના મતદાનના તબકકામાં થઈ શકે છે.

આ ચુંટણીમાં ગુજરાત પર સૌનું ધ્યાન છે ત્યાં એક બેઠક પર ભાજપ બિહરીફ થયા બાદ ૨૫ બેઠકો પર યોજાઈ રહેલા મતદાનમાં ભાજપ જીતની હેટ્રીક બનાવી શકશે તેના પર છેલ્લા કેટલાક સમયના એક બાદ એક વિવાદ અને તેના પગલે સર્જાયેલા આંદોલન પરથી પ્રશ્ન પૂછાઈ રહ્યો છે અને ભાજપે રાજયમાં તમામ ૨૫ બેઠકો પર પાંચ દશકાથી વધુની લીડનો લક્ષ્યાંક રાખ્યો છે તેના પર પણ રાજકીય નિરીક્ષકોની નજીકની નજર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તથા ગૃહમંત્રી શ્રી અમીત શાહના આ હોમગ્રાઉન્ડમાં ભાજપને એક પણ બેઠક ગુમાવવી પોસાય તેમ નથી.

જે દિગ્ગજો આ તબકકાના મતદાનમાં સ્પર્ધામાં છે તેમાં શ્રી અમીત શાહ ઉપરાંત મધ્યપ્રદેશના પુર્વ મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણ અને વધુ એક પુર્વ સી.એમ. દિગ્વીજયસિંઘ, કેન્દ્રીય મંત્રી જયોતીરાદીત્ય સિંધીયા, સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવના ધર્મપત્ની ડિમ્પલ યાદવ અને બારામતીમાં પવાર ફેમીલીની જ ટકકરમાં શરદ પવારના પુત્રી- સુપ્રિયા સુલે તથા તેમના ભત્રીજા અને રાજયના નાયબ મુખ્યમંત્રી અજીત પવારના પત્ની સુનેત્રા પવાર વચ્ચે છે તો ઉતરપ્રદેશમાં જે ૧૦ બેઠકો પર કાલે મતદાન છે તેમાં ભાજપ-સપાની સીધી ટકકર અને માયાવતીના બહુજન સમાજ પક્ષના ઉમેદવારની હાજરીથી ચિત્ર રસપ્રદ છે. આ ૧૦ બેઠકોમાંથી ૮ પર ભાજપે ૨૦૧૯માં વિજય મેળવ્યો હતો. કર્ણાટકમાં ૧૪ બેઠકો પર મતદાન સાથે આ રાજયમાં ચુંટણી પ્રક્રિયા પુરી થશે અને આ રાજયમાં દેવેગૌડા ફેમીલીના સેકસ રેપ પ્રકરણની અસર જોવા મળશે. પ.બંગાળમાં ૪ બેઠકો પર ચુંટણી યોજાઈ રહી છે તેમાં બહેરામપુરામાં લોકસભામાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરી, પુર્વ ક્રિકેટર અને મૂળ ગુજરાત યુસુફ પઠાણ સામે છે જે તૃણમુલ કોંગ્રેસના ઉમેદવાર બનીને અહી ચુંટણી લડી રહ્યા છે.

કાલના મતદાનમાં આસામ-૪, બિહાર-૫, છતીસગઢ-૭, ગોવા-૨, ગુજરાત-૨૫, કર્ણાટક-૧૪, મધ્યપ્રદેશ-૮, મહારાષ્ટ્ર-૧૧, ઉતરપ્રદેશ-૧૦, પ.બંગાળ-૪, જમ્મુ-કાશ્મીર-૧, દાદરાનગર હવેલી-દિવ-દમણ-૨ બેઠકોનો સમાવેશ થાય છે.

### અવસાન નોંધ

**રાજકોટ:** કારડીયા રાજપુત સ્વ.અરજણભાઈ (બટુકભાઈ) વશરામભાઈ વાઘેલા (ઉ.વ.૮૫) તે રાજેશભાઈ તથા શૈલેષભાઈના પિતાશ્રીનું તા.૫ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૯ને ગુરૂવારના રોજ કારડીયા રાજપૂત સમાજની વાડી, મવડી ચોકડી, રાજકોટ ખાતે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ રાખેલ છે. (મો.૯૨૬૫૩ ૫૮૫૯૭)

### બોમ્બ

(છેલ્લા પાનાનું ચાલું)

અને આ જ વિસ્તારની કેલોરેકસ સ્કૂલ તેમજ શાહીબાગના આર્મી કેન્ટોનમેન્ટની કેન્દ્રીય વિદ્યાલય સહિતની સ્કૂલોને અને થરતેજની આનંદ નિકેતન ઉપરાંત બોપાલ દિલ્હી પબ્લીક સ્કુલને પણ ધમકી ભર્યા ઈમેઈલ મળ્યા છે અને અમદાવાદ પોલીસની બોમ્બ સ્કવોડ સહિતની ટૂકડીઓએ તપાસ શરુ કરી છે. દિલ્હીની જેમ જ આ ઇ-મેઈલ પણ રશિયન સર્વરમાંથી મોકલવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે અને તમામ ઇ-મેઈલ એક સરખા હોવાનું પણ ખુલ્યું છે. અને હવે તેના પર તપાસ શરૂ કરવામાં આવી છે. આવતીકાલે અમદાવાદ સહિત ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે મતદાન છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ રાણીપની એક સ્કૂલમાં મતદાન કરવા માટે પહોંચવાના છે તે સમયે સ્કૂલોને નિશાન બનાવતા ધમકીભર્યા ઈમેઈલથી સુરક્ષા એજન્સીઓ પણ એલર્ટ થઇ ગઇ છે.

### દંડ

(છેલ્લા પાનાનું ચાલું)

કારમાંથી કચરો ભરેલા થેલા આ જગ્યા પર ફેંક્યા હતા. આ ઘટના સીસીટીવી સર્વેલન્સમાં જોવા મળતા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આ કારના નંબરના આધારે વોર્ડના સેનેટરી ઈન્સપેક્ટર મારફત રૂ.૨,૦૦૦ રૂપિયા દંડ વસુલ કરવામાં આવેલ છે.

મનપા દ્વારા ગંદકી કરતા લોકો અને બેદરકાર સફાઇ કામદારો સામે પણ પગલા લેવામાં આવે છે ત્યારે લોકોને આ રીતે શહેરને ગંદુ ગોબરૂ ન બનાવવા આ રીતે અપીલ કરવામાં આવી છે.

### પવન

(છેલ્લા પાનાનું ચાલું)

જ ડીગ્રી નીચે હતું.ભુજમાં ૩૩.૪ ડીગ્રી નોર્મલથી ૩ ડીગ્રી તથા ભુજમાં ૪૦.૮ ડીગ્રી નોર્મલ કરતા એક ડીગ્રી નીચે હતું.

તા.૬ થી ૧૨ મેની આસપાસ તેઓએ જણાવ્યું હતું કે એક સપ્તાહ સુધીમાં ગરમીનો રાઉન્ડ અને ગરમીનો જ માહોલ રહેવાની સંભાવના છે. આ દરમ્યાન મહતમ તાપમાન ૪૧ થી ૪૩ ડીગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે.ખાસ કરીને તા.૭ થી ૯ મે અર્થાત આવતીકાલથી ગુરૂવાર સુધી અમુક સેન્ટરોમાં તાપમાનનો પારો ૪૩ ડીગ્રીને પણ વટાવી જવાની સંભાવના છે.

આગાહીનાં આ સમયગાળામાં પવન પશ્ચિમ, ઉત્તર પશ્ચિમ તથા દક્ષિણ પશ્ચિમનાં ફુંકાવાની સંભાવના છે. તેની સ્પીડ ૧૫ થી ૨૦ કીમીની રહી શકે છે. સાંજે તથા રાત્રે ઝાટકાના પવનોનું જોર વધીને ૨૦ થી ૩૦ કીમી થઈ શકે છે.

ગુજરાતમાં આવતીકાલે લોકસભા ચૂંટણીનું મતદાન થવાનું છે. ત્યારે જ આકરી ગરમીની શકયતાને પગલે મતદાન પર અસર થવાની આશંકા વ્યકત થઈ જ રહી છે. રાજકીય પક્ષોએ વહેલા મતદાન કરાવવા માટે રણનીતિ ઘડી હોવાનું પણ ઉલ્લેખનીય છે.

## સસ્તા ભાવમાં ખરીદી, ફોનના રૂપિયા પરત કરી આપવા, ટાસ્ક પુરૂ કરવા, વોટ કરી કમાઈ લેવાની લાલચમાં ઓનલાઈન છેતરાતા લોકો

**સાયબર ફ્રોડ બાબતે પોલીસે અવારનવાર લોકોને જાગૃત કરતા કાર્યક્રમો કર્યા હોવા છતાં લાલચમાં લોકો ગઠીયાઓનો ભોગ બને છે**

રાજકોટ તા.૬

જલદીથી રૂપિયા કમાઈ લેવાની લાલચમાં લોકો સાયબર ફ્રોડનો ભોગ બનતા આવે છે. શહેર પોલીસ દ્વારા સાયબર ફ્રોડ બાબતે અવારનવાર લોકોને જાગૃત કરતા કાર્યક્રમો કર્યા હોવા છતા લોકો ટુંકા રસ્તે ઘર બેઠા બેઠા ઓનલાઈન માલામાલ થવાની લ્હાયમાં લોકો સાયબર ફ્રોડનો ભોગ બની રહ્યા છે ત્યારે શહેરમાં છ લોકો સાથે રૂા.૯.૩૭ લાખની છેતરપીંડી થયાની અરજી સાયબર ક્રાઈમ અને અલગ અલગ પોલીસ મથકે આવતા પોલીસે કુલ રૂા.૭.૫૦ લાખ પરત કરાવ્યા હતા.



શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરીએ શહેરમાં લોકો સાથે નાણાકીય ફ્રોડ ન થાય તે માટે તકેદારી રાખવા આપેલ સુચનાથી સાયબર ક્રાઈમ એસીપી ભરત બસીયા, પીઆઈ એમ.એ.ઝણકાંત, આર.જી. પઢીયાર, કે.જે. મકવાણાની રાહબરીમાં શહેરમાં ભોગ બનેલા લોકોને આવેલ અરજી પર ટેકનીકલ એનાલીસીસથી તપાસ આદરી હતી.

જેમાં અરજદાર મલયભાઈ જીગ્નેશભાઈએ ઈન્સ્ટાગ્રામ એપમાંથી સસ્તા ભાવમાં મોબાઈલ ખરીદેલ બાદ સામેવાળાએ રીફંડેબલ ચાર્જનું બહાનુ બતાવી મોબાઈલની ડીલેવરી સાથે બધી જ રકમ રીફંડ કરી આપવાનું કહી અરજદારના ખાતામાંથી કટકે કટકે રૂા.૨.૮૩ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. જેમાંથી સાયબર ક્રાઈમે અરજદારને રૂા.૧.૮૨ લાખ પરત કરાવ્યા હતા.

તેમજ અરજદાર શુભમ જયવંતભાઈને મોબાઈલ પર નાપતોલમાંથી સ્વીફટ ડીઝાઈર કાર ઈનામમાં લાગેલ છે. તેવો ટેકસ મેસેજ આવેલ જે રકમ મેળવવા માટે રજીસ્ટ્રેશન કરાવી પ્રોસેસીંગ ચાર્જ પેટે રૂા.૯૯૫૦૦ ગઠીયાએ ટ્રાન્સફર કરાવી લીધા હતા. જેમાં સાયબર ક્રાઈમે અરજદારને રૂા.૫૦,૦૦૦ પરત અપાવ્યા હતા.

જયારે એક અરજદારને ઓનલાઈન વોટ કરી બોનસ મેળવવાની લાલચ આપી રૂા.૧.૮૪ લાખ ગઠીયાએ ટ્રાન્સફર કરાવી લીધા હતા જેમાં સાયબર ક્રાઈમે અરજદારને રૂા.૧.૬૨ લાખ પરત કરાવ્યા હતા.

તેમજ એક અરજદારને ઓનલાઈન રોકાણ કરી વધુ રોકાણ મેળવવાની લાલચ આપી ગઠીયાએ રૂા.૧.૦૩ લાખ પડાવી લીધા હતા જે સાયબર ક્રાઈમે અરજદારને રૂા.૫૬૦૦૦ પરત કરાવ્યા હતા. ઉપરાંત અરજદાર હાર્દિકભાઈ પ્રભાતભાઈ હેરભાને ટાસ્ક પુરા કરવા માટે રૂા.૧.૨૭ લાખ ભરેલ હોય જેમાં તેઓને નફો પણ મળેલ નહીં અને ભરેલ રૂપિયા પણ પરત ન મળતા સાયબર ક્રાઈમે અરજીના આધારે તપાસ આદરી અરજદારને રૂા.૧.૨૨ લાખ પરત કરાવ્યા હતા.

**એલ્યુમીનીયમનો પીસ્ટન મટીરીયલ સસ્તા ભાવમાં લેવા જતા વેપારી રૂા.૧.૮૦ લાખમાં છેતરાયા**

થોરાળા પોલીસ મથકમાં અરજદાર જીતેન્દ્રભાઈ દેવરાજભાઈ પાંભર રહે. આશ્રય બંગ્લોઝ આંબેડકર ચોકની બાજુમાંએ આપેલ અરજીમાં જણાવ્યું હતું કે તેઓને વોટસએપના માધ્યમથી સંપર્ક કરી સાવીત્રી એન્ટરપ્રાઈઝ નામની કંપનીએ તેમની પાસેથી પુરતા પ્રમાણમાં પીસ્ટલ મટીરીયલનો સ્ટોક હોય જે સસ્તા ભાવમાં આપવાની લાલચ આપી અરજદાર પાસેથી અલગ અલગ ઓનલાઈન ટ્રાન્ઝેકશનથી રૂા.૧.૮૦ લાખ ગઠીયાએ પડાવી લીધા હતા. જે બાબતે થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી. વાઘેલાની રાહબરીમાં સાયબર ડીટેકશન ટીમે તપાસ આદરી ૧૦ દિવસના ટુંકા ગાળામાં અરજદારની ફ્રોડમાં ગયેલ રકમ રૂા.૧.૮૦ લાખ પરત કરાવ્યા હતા.

### ગાંધીગ્રામ પોલીસે એક માસમાં સાયબર ફ્રોડમાં ગયેલ રૂા.૫.૧૨ લાખ પરત કરાવ્યા



રાજકોટઃ ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ બી.ટી. અકબરીની રાહબરીમાં એએસઆઈ જે.કે. જાડેજા અને કોન્સ. હરેશ ગોહિલ, ધીરેન મકવાણા સહિતના સ્ટાફે એપ્રિલ માસમાં આવેલ સાયબર ફ્રોડના ભોગ બનેલા લોકોની અરજી પરથી તપાસ કરી ફ્રોડમાં ગયેલ રકમ વાળા બેંક એકાઉન્ટો ફ્રીજ કરાવી અરજદારોના રૂા.૫.૧૨ લાખ પરત કરાવ્યા હતા.

**સાયબર ક્રાઈમ અને થોરાળા પોલીસે ફ્રોડની આવેલ ફરીયાદ પરથી ટેકનિકલ એનાલીસીસની મદદથી તપાસ આદરી અરજદારોના ફ્રોડમાં ગયેલ રકમમાંથી રૂા.૭.૫૦ લાખ પરત કરાવ્યા**

## ઘર પાસે દેકારો કરવાની ના પાડતાં રાજસ્થાની યુવક પર બે શખ્સોનો છરીથી હુમલો

**સિંદૂરીયા હનુમાનની સામે ઇન્દિરાનગરનો બનાવઃ કલરકામ કરતાં યુવકના ઘરે ધસી આવી બે શખ્સોએ એક્ટિવામાં તોડફોડ કરી મારમાર્યોઃ ઇજાગ્રસ્તને સારવારમાં ખસેડાયોઃ ભક્તિનગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી**

રાજકોટ. તા.૦૬

સિંદૂરીયા હનુમાનની સામે ઇન્દિરાનગરમાં ઘર પાસે દેકારો કરવાની ના પાડતાં રાજસ્થાની યુવક પર બે શખ્સોએ હુમલો કરી એક્ટિવમાં તોડફોડ કરી હતી. બનાવમાં યુવકને ઇજા પહોંચતા સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે ભક્તિનગર પોલીસે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે સિંદૂરીયા હનુમાનની સામે ઇન્દિરાનગરમાં રહેતાં મહેન્દ્રભાઈ મુળચંદભાઈ ડાઈમા (ઉ.વ.૪૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શિવમ જનક બાવાજી અને જેનિલ રજપૂતનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ કલરકામની મજુરી કામ કરે છે. ગઈકાલે રાત્રીના સમયે તેઓ ઘરે ટીવીમાં મેચ જોતાં હતાં ત્યારે શિવમ બાવાજી અને જેનીલ રજપુતે ધસી આવી તેઓના ઘરની બહાર રહેલ એકટિવામાં ચકલીના પાણી પીવા માટેના માટીના કુંડાથી મારી નુકશાન કરી આગળનો ભાગ તોડી નાખેલ હતી.

જેથી અવાજ આવતા તેઓ બહાર દોડી આવેલ ત્યારે બંને શખ્સોને કહેવા જતા શિવમે તેના હાથમાં રહેલ છરીથી હોઠના ભાગે એક ઘા મારતા હોઠમાથી લોહી નીકળવા લાગેલ તેમજ તેની સાથેના જેનીલે પણ ઢીકાપાટુનો મુંઢ માર મારેલ હતો. બાદમાં બનાવ સ્થળે લોકો એકઠાં થતાં બંને શખ્સો નાસી છૂટ્યા હતાં. બાદમાં ઇજાગ્રસ્તને ૧૦૮ મારફતે સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતાં.

વધુમાં ઇજાગ્રસ્તે જણાવ્યું હતું કે, ગઈ તા.૦૪/૦૫ ના શિવમ અને જેનીલ બંને ઘરની બાજુમાં બહાર રાત્રીના સમયે બેઠા હતા અને દેકારા કરતા હોઈ જેથી તેઓને ત્યા બેસવાની ના પાડેલ અને બીજીવાર અહીં બેસતા નહી તેમ કહી ઠપકો આપેલ હતો જે તેને નહી ગમતા એક્ટિવામાં તોડફોડ કરી હુમલો કર્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

## ગાડી ભાંગતી વખતે આગ લાગતા ધોરાજીનો યુવક દાઝી ગયો

**દાઝી ગયેલ સરફરાઝ શેખને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો**

રાજકોટ, તા.૬

ધોરાજીનો યુવક ગેરેજમાં ગાડી ભાંગતો હતો ત્યારે ગાડીમાં આગ લાગતાં યુવક દાઝી ગયો હતો. હાલ યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

બનાવની વિગત અનુસાર ધોરાજીમાં ગેરેજમાં કામ કરતો સરફરાજ ફિરોજભાઈ શેખ (ઉ.વ.૨૪ રહે. વીસી પ્લોટ, ગોવાણી દવાખાને પાસે) નામનો યુવક ગત તા.૪/૫/૨૦૨૪ રોજ સાંજના છએક વાગ્યાની આસપાસ તેઓ બ્લુ સ્ટાર સિનેમા પાસે આવેલ એજાજભાઈ અઘાળીના ગેરેજમાં ગાડી ભાંગતો હતો. ત્યારે ગાડી ભાંગતી વખતે ડીઝલની ટાંકીમાં તિખારો લાગતાં આગ લાગી હતી. આગ લાગતાં યુવક શરીરે દાઝી ગયો હતો. બાદ યુવકને ધોરાજી સરકારી હોસ્પિટલ બાદ જુનાગઢ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાર બાદ વધુ સારવાર જણાતાં યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે.

## લોન ચૂકવવા આપેલ ચેક રિટર્ન થતા આરોપી મહેશ ટોળીયાને ૬ માસની કેદ

**ચેકની રકમ ૯૪,૩૯૮ બે માસમાં ન ચુકવે તો વધુ છ માસની સજા**

રાજકોટ, તા.૬

શિવસાગર ક્રેડિટ કો-ઓ. સોસાયટી લી. માંથી મેળવેલ લોનની વસુલાત માટે આપેલ ચેક રીટર્ન થતા કોર્ટમાં થેલી ફોજદારી ફરીયાદમાં આરોપીને છ માસની સજા ફટકારવામાં આવી છે.

કેસની વિગત મુજબ, ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર આવેલ કર્મચારી સોસાયટીમાં રહેતા મહેશભાઈ પ્રફુલભાઈ ટોળીયાએ શ્રી શિવ સાગર ક્રેડિટ કો-ઓ. સોસાયટીમાંથી રૂા.૧ લાખની લોન મેળવેલ. આ લોનની રકમ ભરપાઈ કરવા અંગે રૂા.૯૪,૩૯૮ નો ચેક આપેલ. ચેક અપુરતા નાણાને કારણે પરત ફરેલ. મહેશભાઈને મંડળીએ પોતાના એડવોકેટ નિલેશ પટેલ મારફત નોટીસ આપેલ. છતાં આરોપીએ રકમ ન ચૂકવતા મંડળીના ઓફીસર કિર્તીભાઈ લક્ષ્મીદાસ પટેલે રાજકોટના ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ ફોજદારી ફરીયાદ દાખલ કરેલ. કેસ ચાલતા ફરિયાદીના વકીલે કરેલી લેખિક મૌખિક દલીલ, રજૂ કરેલ પુરાવા, ટાંકેલા ચુકાદા ધ્યાને લઇ કોર્ટે મહેશભાઈ ટોળિયાને તકસીરવાન ઠેરવી, છ માસની સજા અને ચેક મુજબનું વળતર ફરીયાદીને બે માસમા ન ચુકવે તો વધુ છ માસની સજાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં ફરીયાદી મંડળી વતી રાજકોટના એડવોકેટ નિલેશ જી. પટેલ, નિકુંજબેન સાકરીયા, સહાયક રેખાબેન ઓડેદરા, રીધ્ધીબેન પીલોજપરા, દિપાલીબેન નકુમ રોકાયેલ હતા.

## ૧૫૯ કિલો ગાંજા સાથે પકડાયેલ આરોપી ધનજી કોતરાના જામીન મંજુર કરતી હાઈકોર્ટ

રાજકોટ, તા.૬

જસદણના કાળાસરમાં ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર થયાની બાતમી મળતા જસદણ પોલીસ દ્વારા રેડ કરી આરોપી ધનજીભાઈ નાનજીભાઈ કોતરાને પોતાની ૧૫૯ કિલો ૩૩૦ ગ્રામ ગાંજા સાથે ઝડપી તા.૬/૧૨/૨૦૨૩ ના રોજ એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી), ૨૦ (બી)૨(સી) મુજબ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી જેમાં આરોપીને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે.



એડવોકેટ રણજીત મકવાણા, જીજ્ઞેશ સભાડ

આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, રાજકોટના જસદણ પોલીસે બાતમી આધારે કાળાસર કોળીંબો નામની સીમમાં ધનજીભાઈ કોતરાના વાળા (ખેતર)માં રેડ કરી હતી. જેમાં જુદી જુદી ૬ પ્લાસ્ટીકની મોટી કોથળીમાંથી ૧૫૯ કિલો ૩૩૦ ગ્રામ ગાંજો મળી આવતા તેની કિંમત રૂ.૧૫,૯૩,૩૦૦ ગણી, કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી. આરોપીને જેલ હવાલે કરાતા જેલમાંથી આરોપી ધનજી કોતરાએ રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે અરજી નામંજુર થતા હાઇકોર્ટમાં જામીન અરજી કરાઈ હતી. જેથી આરોપી વતી રોકાયેલા એડવોકેટએ કરેલ દલીલો અને રજુ રાખેલ વિવિધ કોર્ટના ચુકાદા ધ્યાનમાં રાખી હાઇકોર્ટે આરોપીને જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ. સભાડ, તેમજ હાઈકોર્ટમાં મેહુલભાઈ.એસ પાડલીયા રોકાયેલ હતા.

## બોગસ દસ્તાવેજો બનાવી ૧૧ કરોડની છેતરપીંડી કર્યાના કેસમાં આરોપી પલક રૂપારેલ જામીનમુક્ત

રાજકોટ, તા.૬

જામનગરના પંચકોશી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોધાયેલ આઈ.પી.સી. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૦૬, ૪૨૦ અને ૧૧૪ના ગુનામાં આરોપી પલકકુમાર કીરીટભાઈ રૂપારેલને સેશન્સ કોર્ટે રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ હતો.

આ કેસની ટુંકમાં વિગત એવી છે કે, ફરીયાદી હીરેનભાઈ વિજયભાઈ કોટેચાએ ફરીયાદ કરી હતી કે, આરોપીઓએ અલગ અલગ સમયે ખેત ઉત્પાદનની જણસોની વેચાણ અને ખરીદીના સોદા કરેલ. દરમિયાન ફરીયાદીને આજ દીન સુધીમાં આરોપીઓ પાસેથી રૂ.૧૧,૧૮, ૨૮, ૪૬૩ લેવાના નીકળતા હતા. અવાર નવાર ઉઘરાણી કરતા એક આરોપીએ રૂ.૫,૨૮,૨૬,૦૭૧ આર.ટી.જી.એસ. થી જમા કરાવેલ હોય તેવી ૩ પહોંચો અને ખોટુ બેંક સ્ટેટમેન્ટ વોટ્સએપથી મોકલ્યું હતું.બજે બાદ પોલીસે આરોપી વિરુધ્ધ ગુન્હો દાખલ કરી આરોપીઓની ધરપકડ કરેલી. આરોપી પૈકી જેલ હવાલે રહેલા પલકકુમાર રૂપારેલે સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરતા, આરોપીના વકીલે કરેલી દલીલો અને રજૂ રાખેલા ચુકાદા ધ્યાને લઇ જામનગર એડીશનલ સેશન્સ જજ એમ. આર. ચૌધરીએ આરોપી પલકકુમારને શરતોને આધીન રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપી તરફે રાજકોટના એડવોકેટ જીતેન્દ્રસિંહ વી. પરમાર, વિજયભાઈ જોષી, રાજેન્દ્રસિંહ પરમાર, ચિરાગભાઈ મેતા, ઈકબાલભાઈ થયૈમ તથા એસ.એમ.ડાભી રોકાયેલ હતા.

## લોકસભાની ચૂંટણીના મતદાન માટે અભેદ્ય સુરક્ષાકવચ સાથે પોલીસ તૈનાત રહેશે

# રાજકોટ શહેર-જિલ્લામાં ૭ IPS સહિત ૬૦૦૦ જવાનોનો લોખંડી બંદોબસ્ત

**રાજકોટ શહેરમાં સીપી, એડીસીપી સહિત ૬ આઈપીએસ, ૮ એસીપી, ૨૬ પીઆઈ, ૬૫ પીએસઆઈ, પેરા મિલેટ્રી ફોર્સની ૪ ટુકડી સહિત ૩૧૦૦ જવાનો ખડેપગે રહેશે**

**રાજકોટ ગ્રામ્યમાં એસપી, એએસપી, એમ બે આઈપીએસ, ૪ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૫૦ પીએસઆઇ, પેરા મિલેટ્રી ફોર્સની ૫ ટુકડી સહિત ૩૦૦૦ જવાનો ખડેપગે રહેશે**

**રાજકોટ ગ્રામ્ય પોલીસને રાજકોટ લોકસભા બેઠક અને પોરબંદર લોકસભા બેઠક બંનેમાં ફરજ બજાવવી પડશેઃ જિલ્લાની ગોંડલ, જેતપુર અને ધોરાજી એમ ત્રણ વિધાનસભા સીટનો પોરબંદરમાં સમાવેશ થાય છે**






લોકસભાની ચૂંટણીને લઈ રવિવારે સાંજે રાજકોટ શહેરમાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના માર્ગદર્શન હેઠળ વિશાળ ફ્લેગ માર્ચ યોજાઈ હતી. આશરે વીસેક કાર, સાયરનના અવાજ સાથે નીકળી હતી. આ ફ્લેગ માર્ચ પોલીસ હેડ કવાર્ટર થઈ, રેસકોર્સ રિંગ રોડથી કિશાનપરા ચોક, રૈયા રોડ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, જામનગર રોડ, હોસ્પિટલ ચોક વગેરે વિસ્તાર ફરી પરત હેડ કવાર્ટર ખાતે સમાપ્ત થઈ હતી. જેમાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, ડીસીપી ઝોન – ૧ સજનસિંહ પરમાર, ડીસીપી ઝોન – ૨ સુધીરકુમાર દેસાઈ, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ, એસીપી સર્વે બી.વી. જાધવ, રાધિકા ભારાઇ, આર.એસ.બારીયા, બી.જે. ચૌધરી, એસીપી ક્રાઈમ બી.બી. બસીયા, એસીપી ટ્રાફિક જે.બી. ગઢવી, હેડ કવાર્ટર એસીપી એમ.આઇ. પઠાણ, ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એસઓજી પીઆઈ જે.એમ. કૈલા, પીસીબી પીઆઈ એસ.એસ. રાણે, પીઆઈ સર્વે વી.આર.પટેલ, આર.જી.બારોટ, એસ.એમ.જાડેજા, એન.જી.વાઘેલા, એમ.એમ.સરવૈયા, જે.આર.દેસાઇ, બી.એમ.ઝણકાટ, બી.ટી.અકબરી, ડી.એમ.હરિપરા, વી.આર.રાઠોડ, આઇ.એન.સાવલીયા, એન.આઇ. રાઠોડ, એ.બી. જાડેજા, જે.એસ. ગામીત, એસ.કે. જાડેજા, બી.બી. જાડેજા, બી.પી. રજયા, એમ.જી. વસાવા, એમ.એ. ઝણકાટ, કે.જે. મકવાણા સહિતના જોડાયા હતા.

**રાજકોટ, તા.૬**

આવતીકાલે લોકશાહીનું મહાપર્વ એટલે કે, ચૂંટણી છે. જેને લઈ રાજકોટમાં પ્રચાર તેની અંતિમસીમાએ છે તો સાથે પોલીસ પર સુરક્ષા વ્યવસ્થાને લઈ તેમની અંતિમ તૈયારીઓ કરી ચૂક્યું છે. મતદાન બુથો પર લોકસભાની ચૂંટણીના મતદાન માટે અભેદ્ય સુરક્ષાકવચ સાથે પોલીસ તૈનાત રહેશે. રાજકોટ શહેર-જિલ્લામાં ૭ આઇપીએસ સહિત આશરે ૬૦૦૦ જવાનોનો લોખંડી બંદોબસ્ત રહેશે. રાજકોટ શહેરમાં સીપી, એડીસીપી સહિત ૬ આઇપીએસ, ૮ એસીપી, ૨૬ પીઆઈ, ૬૫ પીએસઆઇ, પેરા મિલેટ્રી ફોર્સની ૪ ટુકડી સહિત ૩૧૦૦ જવાનો ખડેપગે રહેશે. જ્યારે રાજકોટ ગ્રામ્યમાં એસપી, એએસપી, એમ બે આઇપીએસ, ૪ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૫૦ પીએસઆઇ, પેરા મિલેટ્રી ફોર્સની ૫ ટુકડી સહિત અંદાજે ૩૦૦૦ જવાનો ખડેપગે રહેશે. રાજકોટ ગ્રામ્ય પોલીસને રાજકોટ લોકસભા બેઠક અને પોરબંદર લોકસભા બેઠક બંનેમાં ફરજ બજાવવી પડશે. જિલ્લાની ગોંડલ, જેતપુર અને ધોરાજી એમ ત્રણ વિધાનસભા સીટનો પોરબંદરમાં સમાવેશ થાય છે.



સીપી રાજુભાર્ગવ રેન્જ આઈજી અશોક કુમાર યાદવ જયપાલસિંહ રાઠોડ

રાજકોટ જિલ્લાની હદમાં રાજકોટ લોકસભા અને પોરબંદર લોકસભા એમ બંને લોકસભા સીટો સામેલ છે.

૧૦ – રાજકોટ લોકસભા બેઠકની વાત કરીએ તો, આ લોકસભા બેઠકમાં કુલ ૭ વિધાનસભા વિસ્તારનો સમાવેશ થાય છે જેમાં ૬૬-ટંકારા, ૬૭-વાંકાનેર, ૬૮-રાજકોટ પૂર્વ, ૬૯-રાજકોટ પશ્ચિમ, ૭૦-રાજકોટ દક્ષિણ, ૭૧-રાજકોટ ગ્રામ્ય, ૭૨-જસદણ. જ્યારે જિલ્લામાં આવતા ૭૩-ગોંડલ, ૭૪-જેતપુર અને ૭૫-ધોરાજી વિધાનસભા વિસ્તાર ૧૧-પોરબંદર લોકસભા બેઠક હેઠળ આવે છે.

### રાજકોટ શહેરમાં બંદોબસ્ત

રાજકોટ શહેરમાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના માર્ગદર્શન હેઠળ લોકસભાની ચૂંટણી માટે ૧ એડીજી કક્ષાના અધિકારી, ૧ ડીઆઈજી કક્ષાના અધિકારી, ૪ એસપી (ડીસીપી) કક્ષાના અધિકારી, ૮ ડીવાયએસપી (એસીપી) કક્ષાના અધિકારી, ૨૬ પીઆઈ, ૬૫ પીએસઆઇ, ૧૨૨૨ એએસઆઈ – હેડ કોન્સ્ટેબલ – એલઆરડી, ૧૩૭૪ હોમ ગાર્ડસ અને સીએપીએફ પેરા મિલેટ્રી ફોર્સની ૪ ટુકડીઓ ખડેપગે રહેશે.

### રાજકોટ લોકસભા મતદારો

રાજકોટ લોકસભા વિસ્તારમાં કુલ ૨૨૩૬ મતદાન બુથો છે. જેમાંથી ૧૦૩૨ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરાયા છે : આ લોકસભા બેઠકમાં કુલ ૨૧,૧૨,૨૭૩ મતદારો છે. જેમાં ૧૦,૯૩,૬૨૬ પુરૂષ મતદારો, ૧૦,૧૮,૬૧૧ મહિલા મતદારો અને ૩૬ ટ્રાન્સ જેન્ડર મતદારોનો સમાવેશ થાય છે.

### નવનિયુક્ત આઈપીએસ આયુષ જૈન પણ ચૂંટણી ફરજમાં જોડાયા

હાલમાં જ નવનિયુક્ત થયેલા આઇપીએસ અધિકારી આયુષ જૈન પણ ચૂંટણી ફરજમાં જોડાયા છે. તેઓ હાલ પ્રોબેશન પિરિયડમાં રાજકોટ રૂરલ પોલીસમાં ફરજ બજાવે છે.

### રાજકોટ ગ્રામ્યમાં બંદોબસ્ત

આ તરફ રાજકોટ ગ્રામ્ય પોલીસના બંદોબસ્તની વાત કરીએ તો, રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, રાજકોટ જિલ્લા એસપી અને નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ બે આઇપીએસ, ૪ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૫૦ પીએસઆઇ, એએસઆઈ – હેડ કોન્સ્ટેબલ – કોન્સ્ટેબલ મળી ૧૨૦૦ પોલીસ જવાન અને હોમગાર્ડ-જીઆરડીના આશરે ૧૫૦૦ જવાન તેમજ સીએપીએફ પેરા મિલેટ્રી ફોર્સની ૫ ટુકડીઓ ખડેપગે રહેશે.ચૂંટણીમાં સુરક્ષા વ્યવસ્થાની કામગીરીમાં રાજકોટ ગ્રામ્ય પોલીસના ડીવાયએસપી એચ.એસ.રત્નુ, કે.જી.ઝાલા, આર.એ.ડોડીયા, એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરા, પીએસઆઇ ડી.જી. બડવા, પીએસઆઇ એચ. સી. ગોહિલ, એસઓજી પીઆઈ એફ.એ. પારગી, પીએસઆઇ બી.સી. મિયાત્રા, જુદા જુદા પોલીસ મથક અને સર્કલ પીઆઈ સર્વે ટી.બી. જાની, એલ.આર.ગોહિલ, એ. એમ. હેરમા, એસ.સી.ડામોર, જે.પી.ગોસાઇ, બી.એલ.રોહિત, એચ.એન.રાઠોડ, પીએસઆઇ સર્વે એસ.જે.રાણા, એમ.એચ.યાદવ, કે.એ.ગોહિલ, વી.બી.વસાવા, પી.એચ.જાડેજા, એચ.એચ.વાજા, વાય.બી.સરવૈયા, જે.એમ.ઝાલા, ડી.પી.ઝાલા, બી.ડી.પરમાર, કે.વી.પરમાર, આઇ.ડી.જાડેજા, આર.એચ.સાકળીયા, જી.જે.ઝાલા, આર.કે.ગોહિલ, જે.એસ સીસોદીયા, કે.એસ.ગરચર, ડી.એચ.રાખોલીયા, આર.વી.ભીમાણી, કે.એમ.ચાવડા, વી.એમ.ડોડીયા, એમ.જે પરમાર વગેરે જોડાશે.


## લાકડાના ભૂંસા-મરચાના ડીટીયા- સૂકાવેલા પાંદડામાંથી મસાલા બનાવતા ઉત્પાદકને ત્યાં દરોડા

### દિલ્હી પોલીસે ૧૫ ટન મસાલા કબ્જે કર્યાઃ મુળ મસાલાનું પ્રમાણ ફકત ૨૫% જ રહેતુ હતુ

નવી દિલ્હીઃ વિદેશમાં ભારતીય મસાલાઓ સામે સિંગાપોર, હોંગકોંગ સહિતના દેશોમાં તપાસ અને અમેરિકા-ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં પણ તે મુદે સર્જાયેલા વિવાદ વચ્ચે દિલ્હી પોલીસે કરાવાલનગર ક્ષેત્રમાં મસાલા ઉત્પાદકોને ત્યાં દરોડો પાડી લાકડાના ભૂસા તથા એસીડ મેળવેલા ૧૫ ટન મસાલા ઝડપી લીધા હતા તથા પ્રોસેસીંગ એકમના માલિક સહિતના ત્રણ લોકોની ધરપકડ કરી હતી. આ મસાલા બનાવવામાં સડેલા પાંદડા



અને હલકી ગુણવતાના ચોખા, લાકડાનું ભૂસુ, મરચાના ડીટીયા, એસીડ અને અન્ય વાંધાજનક ચીજોનો ઉપયોગ થતો હતો. આ મસાલા અનેક પેકીંગમાં મસાલા વેચતા બ્રાન્ડને સપ્લાય થતા હતા તથા છૂટક દુકાનદારો પણ લઈ જતા હતા. તા.૧ મે ના રોજ મળેલી બાતમી પરથી આ દરોડા પાડવામાં આવ્યા હતા તથા અન્ય પ્રોસેસીંગ એકમોમાં પણ તપાસ શરૂ થઈ છે. ૨૦૨૧થી આ યુનીટ ચાલતુ હતું અને તેમાં ભારે નફો હોવાથી તેના બે વધારાના યુનીટ પણ લગાવ્યા હતા.



## રૂપાલા-ધાનાણી અને માંડવીયા ખુદને મત નહી આપી શકે

**રાજકોટ લોકસભા બેઠક લડી રહેલા બંને ઉમેદવાર મૂળ અમરેલીનાઃ રૂપાલા અને ધાનાણી મતદાન કરીને પરત આવશેઃ મનસુખ માંડવીયા છેક પાલીતાણા મતદાન કરવા જશે**

રાજકોટ તા. ૬

રાજકોટ અને પોરબંદર લોકસભા બેઠક માટે ચુંટણી લડી રહેલા ભાજપ અને કોંગ્રેસના ત્રણ ઉમેદવારો પોતાને મત આપી શકશે નહી પરંતુ તેઓ મતદાન કરવા માટે વતનમાં જશે. કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલા અમરેલીના ઈશ્વરીયાના મતદાર છે જયારે ધાનાણી અમરેલી પ્રોપરના મતદાન છે અને બંને રાજકોટ લોકસભા બેઠક પર ટકરાઈ રહ્યા છે. પરંતુ તેમનો મતાધિકારનો ઉપયોગ કરવા બંને નેતાઓ અમરેલી જશે. શ્રી રૂપાલા આજે રાત્રે જ અમરેલી જવા રવાના થશે તેઓ અમરેલીના ઈશ્વરીયા ખાતે આવતીકાલે સવારે મતદાન કરીને રાજકોટ પરત આવવા નીકળી જશે અને રાજકોટ જીલ્લાની હદમાં જયાં તેમનો સંસદીય મતવિસ્તાર શરૂ થશે ત્યાંથી જ તેઓ ત્રંબા સહીત અલગ અલગ ગ્રામીણ ક્ષેત્રોમાં મતદાન મથકોની મુલાકાત લેશે અને વધુ લોકોને મતદાન કરવા પ્રેરણા આપશે. શ્રી ધાનાણી પણ કાલે અમરેલીમાં મતદાન કર્યા બાદ સીધા રાજકોટ પરત આવશે. જયારે પોરબંદર લોકસભા ચૂંટણીના ભાજપના ઉમેદવાર મનસુખભાઈ માંડવીયા પાલીતાણા બેઠકમાં મતદાર છે અને તેઓ કાલે પાલીતાણામાં મતદાન કરીને પોરબંદર પરત આવી જશે.

## લોહીની ઉલ્ટી થયાં બાદ યુવકે સારવારમાં દમ તોડયો

**પીપળીયાના સુરેશભાઈ રોળીયાને કિડની, લીવરની બીમારી હતી**

રાજકોટ તા. ૬

પીપળીયાના ગામના યુવકને લોહીની ઉલટી થયાં બાદ સારવારમાં દમ તોડી દિધો હતો. તેઓને કિડની, લીવરની બીમારી તેમજ કમળો થઈ જતાં અંતે જિંદગીનો જંગ હારી ગયો હતો.બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ સુરેશભાઈ કાળુભાઈ રોળીયા (ઉ.વ.૪૫ રહે. પીપળીયા ગામ સાત હનુમાન પાસે) નામના યુવકની તબીયત લથડતા ગિરિરાજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં યુવકે દમ તોડી દિધો હતો. યુવકને દારુની ટેવ હોવાથી લિવરની બીમારી અને કીડની ખરાબ થઈ ગઈ હતી. તેમજ કમળો થઈ ગયો હતો. જેની સારવાર શરૂ હતી. યુવક ગઈ કાલે પોતાનાં ઘરે હતો ત્યારે લોહીની ઉલ્ટી થતાં તુરંત ગિરિરાજ હોસ્પિટલમાં દાખલ કરાયો બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પણ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. તેઓ એક બહેનમાં મોટા હતાં. તેમજ તેઓને સંતાનમાં બે દીકરા અને એક દિકરી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.


## આપણે સ્વથી ઉપર ઊઠીને સમષ્ટિનાં કલ્યાણલક્ષી નૂતન પથનું નિર્માણ કરીએ

# નૂતન ભારતના નિર્માણ યજ્ઞમાં મતદાનરૂપી આહુતિ અર્પણ કરીને આપણો રાષ્ટ્રધર્મ નિભાવીએ - માંધાતાસિંહજી જાડેજા

**આપણો ઉચિત નિર્ણય જ આપણી ભાવી પેઢી માટે સુરક્ષિત ભવિષ્યનું નિર્માણ કરશે**

**ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીને ૪૦૦+ કમળની ભેટ અર્પણ કરીએ**

રાજકોટના રાજવી શ્રી માંધાતાસિંહજી જાડેજાએ જાહેર અપીલ કરતાં જણાવ્યું હતું કે, ૭મી મે-૨૦૨૪, મંગળવાર આપણાં સહિત આપણી ભાવિ પેઢીના સુરક્ષિત ભવિષ્ય નિર્ધારણ માટે કદાવર ફેંસલો લેવા માટેનો નિર્ણાયક દિવસ છે. સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિના જતન માટે જીવન સમર્પિત કરીને અવિરત મથામણ કરી રહેલાં રાષ્ટ્રભક્ત શૂરવીરને નૈતિક મનોબળ પુરૂં પાડવાનો ક્રાંતિકારી દિવસ છે. ભવ્ય ભારત, દિવ્ય ભારત, એક ભારત, નેક ભારત, અખંડ ભારત, વિકસિત ભારત, સમર્થ ભારત જેવી આપણી ઝંખનાને સાકાર સ્વરૂપ આપવાનો દિવસ છે ત્યારે આપણે પ્રત્યેક ભારતવાસીઓ પૂર્ણ સજાગતાથી નિર્ણય લઇએ અને લોકશાહી શાસન વ્યવસ્થામાં આપણને સહુને પ્રાપ્ત થયેલાં આપણાં વિશેષાધિકારનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને નૂત્તન ભારત નિર્માણ યજ્ઞમાં આપણી મતદાનરૂપી આહુતિ અર્પણ કરીએ અને આપણો રાષ્ટ્રધર્મ નિભાવીએ. અત્યારે આપણો ભારત દેશ સંક્રાન્તિ કાળમાંથી પસાર થઇ રહ્યો છે, આપણે સૌ એક એવા ત્રિભેટે ઊભાં છીએ જ્યાંથી આપણું અને આપણી ભાવિ પેઢીનું આગામી ભવિષ્ય નિર્મિત થવાનું છે. સને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં હોંશિયાર બનીને મતદાન કરવાને બદલે



સમજદારીપૂર્વક મતદાન કરવું અનિવાર્ય છે કારણ કે, હોંશીયાર વ્યક્તિ રસ્તા પર પથરાયેલાં કંટકોથી બચીને પોતાના માર્ગની પસંદગી કરશે જ્યારે સમજદાર વ્યક્તિ રસ્તા ઉપર પથરાયેલાં કંટકો વીણી લઇને એક સ્વચ્છ નૂત્તન પથનું નિર્માણ કરશે. આવો, આપણે સ્વથી ઉપર ઊઠીને સમષ્ટિનાં કલ્યાણલક્ષી નૂતન પથનું નિર્માણ કરીએ અને આપણાં પ્રચંડ મતદાન સ્વરૂપ આશિર્વાદથી પૂર્ણ બહુમતિ સાથેની સ્થિર સરકારના ગઠનના મંગલાચરણ કરીએ.

રાષ્ટ્ર પ્રથમ વિભાવના યુક્ત રાષ્ટ્ર હીતમાં લેવાયેલો નિર્ણય જ આપણી ભાવી પેઢી માટે સુરક્ષિત ભવિષ્ય અંકિત કરશે અને સનાતન ધર્મ તેમજ ભારતીય સંસ્કૃતિના જતન માટેની દિશાનું દ્વાર પણ ખુલશે તેમ કહીને શ્રી માંધાતાસિંહજીએ વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર સૃષ્ટીનું સંચાલન કરનાર વિષ્ણુની નાભિમાંથી પ્રગટ થયેલું કમળનું ફૂલ શુદ્ધતા, શાન્તિ, પવિત્રતા, સંતુલન અને જ્ઞાનનું પ્રતિક હોવા ઉપરાંત આધ્યાત્મિક અનુસંધાનનું આંગણું પણ છે. પરમ પવિત્ર જીવનની પ્રેરણાનું કારક હોવાથી કમળના ફુલને સૃષ્ટીના સર્જક બ્રહ્માજી, ધનની દેવી લક્ષ્મીજી અને જ્ઞાનની દેવી માતા સરસ્વતીજીએ પોતાના આસન સ્વરૂપે સ્વીકાર્યું છે તેવા કમળ પુષ્પનો આદર કરીએ અને દુષ્ટતાની વચ્ચે પણ પોતાની પવિત્રતા, મૌલિકતા અને શુદ્ધતાને જાળવી રાખતાં કમળના નિશાનની સામેનું બટન દબાવીને આપણે સહુ ભારતવાસીઓ સાથે મળીને પ્રચંડ મતદાનના માધ્યમથી સનાતન ધર્મ તથા ભારતીય સંસ્કૃતિની સમૃધ્ધ ધરોહરને વધારે મજબૂત બનાવવા માટે અવિરત કાર્યરત એક તપસ્વી, તેજસ્વી, ઓજસ્વી અને રાષ્ટ્રને જ સમર્પિત સાધક ઉપરાંત ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્ર મોદીને દૈવીય સિંહાસન સ્વરૂપ ૪૦૦+ કમળની સાત્વિક ભેટ અર્પણ કરીને પૂર્ણ બહુમતિથી સરકાર રચવાનો અવસર આપીને આપણો રાષ્ટ્રધર્મ નિભાવીએ.

અંતમાં શ્રી માંધાતાસિંહજી જાડેજાએ કહ્યું હતું કે, આપણે સહુ જાણીએ છીએ કે, છેલ્લાં ચોવીસ વર્ષથી એક અખંડ ધૂણાના સાધકની માફક શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પોતાના સમયની ક્ષણે ક્ષણ અને શરીરનો અણુએ અણુ કેવળ જનતા જનાર્દનની સેવા હેતુ સમર્પિત કર્યા છે. પ્રધાનમંત્રી તરીકે એકપણ દિવસની રજા લીધા વિના પ્રતિદિન સોળથી અઢાર કલાક સુધી કાર્યરત રહીને સર્વાંગી વિકાસ, આર્થિક વૃદ્ધિ, પાયાગત સુવિધાઓ ઉપરાંત અસરકારક વિદેશ નીતિના ગઠન સાથે નક્કર કાર્યો કરીને ૧૪૦ કરોડ ભારતવાસીના ઉજ્જવળ ભવિષ્યની ખેવના કરી છે ત્યારે આપણે પણ સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિના જતન માટે અજોડ, અનુપમ, નિખાલસ અને વિરલ વ્યક્તિત્વના ધારક એવાં ગુજરાતના પનોતા પુત્રરત્ન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ૪૦૦+ કમળનું સ્નેહસભર નઝરાણું અર્પણ કરીએ.

**(માંધાતાસિંહજી જાડેજા)**
**ઠાકોર સાહેબ–રાજકોટ**

# રાજકોટ લોકસભા બેઠકના તમામ બુથો પર EVM પહોંચ્યા, કર્મચારીઓએ કબ્જો સંભાળ્યો






રાજકોટ સહિત રાજ્યભરમાં આવતીકાલે તા.૭ને મંગળવારે લોકશાહીના મહાપર્વ એવા લોકસભાની બેઠકોની ચૂંટણીનું મતદાન થનાર છે ત્યારે આ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં અને સુચારૂરૂપથી યોજવા માટે તંત્ર સંક્ષ્જ બની ગયું છે રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના તમામ મતદાન બુથોનો કબ્જો ૧૩ હજાર જેટલા કર્મચારીઓએ સંભાળી લીધો છે.આજે સવારના વિધાન સભા વિસ્તારોના તમામ ઈ.વી.એમ.ડીસ્પેચીંગ રીસીવીંગ સેન્ટરો પરથી ઈ.વી.એમ.(વોટીંગ મશીનો) એસ.ટી.ની વિશેષ બસોમાં કર્મચારીઓ સાથે સંક્ષ્જડ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રવાના કરવામાં આવેલ હતાં. **(તસ્વીરઃ દેવેન અમરેલીયા)**

# કાલે રાજકોટ લોકસભા બેઠકના ૨૨૩૬ બુથો પર મતદાન, તમામ તૈયારીઓ પૂર્ણઃ મથકોમાં મોબાઈલ પ્રતિબંધ, કામદારોને સવેતન રજા નહી આપનારા સામે ગુનો દાખલ થશે-કલેકટર પ્રભવ જોશી

### સંવેદનશીલ ૧૦૩૬ મથકો પર બાજ નજર રખાશેઃ માઈક્રો ઓબ્ઝર્વર તૈનાત થશે, વીડીયોગ્રાફી કરાશે

### હીટવેવ સામે ખાસ પગલાઃ તમામ બુથો પર ORS, પીવાના પાણી અને છાંયડાની વ્યવસ્થા

### ૨૦૦ જેટલા એરકુલર મૂકાશેઃ સ્લીપ વિતરણની ૯૮% કામગીરી પૂર્ણ

### રોકડ, સોનાના દાગીના સહિત ૭ કરોડનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ તા.૬

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે તંત્ર સજજ બની ગયું છે. આવતીકાલે સવારના ૭થી સાંજના ૬ વાગ્યા સુધી ૨૨૩૬ જેટલા મતદાન મથકો પર મતદાન થશે તેમ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ આજે કલેકટર કચેરી ખાતે આયોજીત પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું.

શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ તેમજ જીલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડની વિશિષ્ટ ઉપસ્થિતિમાં યોજાયેલ આ કોન્ફરન્સમાં કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે રાજકોટ લોકસભા વિસ્તારમાં ૯૮% જેટલી મતદાર સ્લીપનું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવેલ છે. આવતીકાલે મતદાનના દિવસે કારખાનેદારો, ઉદ્યોગગૃહો, વેપારીઓ સહિતની સંસ્થાઓમાં કામદારોને સવેતન રજા આપવાની રહેશે. કામદારો-કર્મચારીઓને સવેતન રજા નહીં આપનારા સામે ગુનો દાખલ કરવામાં આવશે.

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના ૧૦૩૬ જેટલા મતદાન મથકોને આ વખતે સંવેદનશીલ જાહેર કરવામાં આવેલ છે. આ મતદાન બુથો ઉપર માઈક માઈક્રો ઓબ્ઝર્વરો તૈનાત કરાશે. તેની સાથોસાથ આવા મતદાન મથકોની વિડીયોગ્રાફી પણ કરવામાં આવશે. હીટવેવ સામે વહીવટી તંત્ર સામે ખાસ પગલા લેવામાં આવેલ છે. જેમાં તમામ બુથો પર ઓઆરએસ, પીવાના પાણી અને છાંયડાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત ૨૦૦ જેટલા બુથો પર એરકુલર પણ મુકવામાં આવેલ છે.

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં વધુને વધુ મતદાન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા પુરતા પ્રયાસો કરવામાં આવેલ છે. તેની સાથોસાથ ચૂંટણી આચારસંહિતાનું પણ ચૂસ્તપણે પાલન કરવામાં આવેલ છે. લોકસભાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ અત્યાર સુધીમાં રોકડ, સોના ચાંદીના દાગીના સહિતનો રૂા.૬ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજકોટ શહેર અને જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસની સાથે પેરામીલીટ્રી ફોર્સના જવાનોએ પોઝીશન લઈ લીધી છે. લોકસભા બેઠક વિસ્તારમાં પેરા મીલીટ્રી ફોર્સના જવાનો દ્વારા સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે. તેઓએ અંતમાં મતદારોને વધુને વધુ મતદાન કરવા અપીલ કરી હતી.



તસ્વીરઃ પંકજ શિશાંગીયા

## ચૂંટણી કાર્ડ સિવાય મતદાન માટે ઓળખના ૧૨ વૈકલ્પિક પુરાવા માન્ય

રાજકોટ; રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં આવતીકાલે મતદાન થનાર હોય મતદારો વધુને વધુ મતદાન કરે તેના પર ભાર મૂકી કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે જો મતદાર પાસે ચૂંટણીકાર્ડ ઉપલબ્ધ ન હોય તો, ૧૨ પુરાવાઓ પરથી પણ મતદારો મતદાન કરી શકે છે.

જેમાં આધારકાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક, પોસ્ટ ઓફીસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના અન્વયે આપવામાં આવેલ હેલ્થ ઈસ્યુરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એનટીઆર અન્વયે આરજીઆઈ દ્વારા આપવામાં આવતા સ્માર્ટકાર્ડ, ભારતીય પાસપોર્ટ, ફોટો સાથેના પેન્શન ડોકયુમેન્ટસ, કેન્દ્ર રાજય સરકાર જાહેર ક્ષેત્ર અને લીમીટેડ કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટો સાથેના સર્વિસ ઓળખ પત્રો, સાંસદો, ધારાસભ્યો અને વિધાન પરીષદને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો, તેમજ વિકલાંગતા આઈડી કાર્ડનો સમાવેશ થાય છે.

## ૫૧ શોપીંગ-મેડીકલ સ્ટોર, પેટ્રોલપંપ દ્વારા મતદારો માટે અવસર ડિસ્કાઉન્ટ જાહેર

રાજકોટ તા.૬

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી પર મતદારો વધુને વધુ મતદાન કરે તે માટે ૫૧ શોપીંગ-મેડીકલ સ્ટોર, પેટ્રોલપંપ દ્વારા મતદારો માટે અવસર ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવેલ છે.

જેમાં રાજકોટ શહેરમાં ઈમ્પીરીયલ હોટેલ, હોટલ ભાભા ડાઈનીંગ હોલ, હોટલ ભાભા કીંગસ્ટોન તરફથી ૧૦ ટકા ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત થઈ છે જયારે અડીંગો રેસ્ટોરન્ટ દ્વારા સાત ટકા ઉપરાંત એસ્ટ્રોન કાફે, સેમસંગ એસેસરીઝ સ્ટોર તરફથી સેમસંગ એસેસરીઝ પર ૭ ટકા ડિસ્કાઉન્ટ તથા અંબાણી ફોન એસ્ટ્રોન ચોક તરફથી તમામ મોબાઈલ એસેસરીઝ પર મતદાતાઓ માટે ૧૦ ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત કરવામાં આવી છે.આવી જ રીતે જામકંડોરણા ખાતે આવેલ ન્યારા પેટ્રોલપંપ તેમજ વૈભવ ફોર્ચ્યુન, ગીતાંજલી, કલ્યાણ કૃપા, રામદૂત, દ્વારકાધીશ તથા સોમેશ્વર પેટ્રોલપંપ દ્વારા ઓઈલ પર સાત ટકા ડિસ્કાઉન્ટ જાહેર કરાયુ છે જયારે જામકંડોરણામાં શામ, જનતા, શિવશક્તિ, શ્રી વલ્લભ, બાલાજી, શિવ સત્યમ વગેરે મેડીકલ સ્ટોર દ્વારા સાત ટકા અવસર ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું છે તેમજ વિશાળ મેગા મોલ જેતપુર દ્વારા પણ આ મોલમાં આવનાર મતદાતાઓને એક-એક બોલપેન આપવાની જાહેરાત કરવામાં આવી છે.

## સરકારી કર્મચારીઓનું બેલેટ પેપરથી ૭૫% મતદાન

### ૧૫ હજારથી વધુ કર્મચારીઓ દ્વારા કરાયું મતદાન

રાજકોટઃ લોકસભાની ચૂંટણીનું આવતીકાલે મતદાન થનાર છે. તે પૂર્વે ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ દ્વારા બેલેટ પેપરથી મતદાન કરવામાં આવેલ હતું. આ અંગે જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે સરકારી કર્મચારીઓનું બેલેટ પેપરથી ૭૫% જેટલું મતદાન થવા પામેલ છે. ૧૫ હજારથી વધુ કર્મચારીઓ દ્વારા આ મતદાન કરવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનિય છે કે ચૂંટણી ફરજમાં રોકાયેલા સરકારી કર્મચારીઓ તેમજ પોલીસ સ્ટાફ માટે તાલીમના સ્થળો પર જ બેલેટ પેપરથી જ મતદાનની પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં ૧૫ હજારથી વધુ કર્મચારીઓ દ્વારા મતદાન કરવામાં આવેલ છે.

## ફરીયાદ કરવા માટે ખાસ હેલ્પલાઈન

રાજકોટઃ મતદારો ચૂંટણી અંગેની ફરીયાદો કરી શકે તે માટે ખાસ હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે. જેમાં જીલ્લા કક્ષાના કંટ્રોલ રૂમનો ટોલ ફ્રી નં.૧૯૫૦ છે. આ ઉપરાંત ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૦-૦૩૨૨ છે. મતદારો આ નંબર ઉપર સંપર્ક કરી જરૂરી માહિતી માર્ગદર્શન મેળવી શકે છે. તેની સાથોસાથ ફરીયાદ પણ પહોંચાડી શકે છે.

## ૬૦ મોબાઈલ વાન દ્વારા સતત પોલીસ પેટ્રોલીંગ કરાશે

### ડીસીપી કક્ષાના ૩૦ અધિકારીઓને સોંપાતી વિશેષ જવાબદારીઃ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ

રાજકોટઃ રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીનું આવતીકાલે મતદાન થનાર છે ત્યારે કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે વિશેષ રૂપથી પગલા લેવાયા છે જેમાં ૬૦ જેટલી મોબાઈલ વાન દ્વારા સતત પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવશે તેમ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે જણાવ્યું હતું.

પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે જણાવ્યું હતું કે આ પોલીસ પેટ્રોલીંગ માટે ડીસીપી કક્ષાના ૩૦ જેટલા અધિકારીઓને વિશેષ રૂપથી જવાબદારી સોપવામાં આવી છે. મતદાનમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે તકેદારીના પગલા લેવામાં આવેલ છે. રાજકોટ સીટી વિસ્તારમાં ઉભી કરાયેલ ચેક પોસ્ટો દ્વારા વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. પોલીસ તંત્ર દ્વારા પણ આ ચૂંટણી અંગેની તૈયારીઓ પરીપૂર્ણ કરાયેલ છે.

## જીલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં કોમ્બીંગ

### ૨૨ જેટલી ચેકપોસ્ટો દ્વારા વાહનો પર ચાંપતી નજરઃ જીલ્લા પોલીસવડા રાઠોડ

રાજકોટઃ રાજકોટ લોકસભાની ચૂંટણી સંદર્ભે જીલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં કોમ્બીંગ કરવામાં આવેલ છે. કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ચાંપતા પગલા લેવામાં આવેલ છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૫૦૦૦ જેટલા લોકો સામે અટકાયતી પગલા લેવામાં આવેલ છે. આ ઉપરાંત જીલ્લામાં ૨૨ જેટલી ચેકપોસ્ટો ચૂંટણી જાહેરનામા બાદ કાર્યરત કરાયેલ હોય આ ચેકપોસ્ટો પર તૈનાત કરાયેલા કર્મચારીઓ દ્વારા વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં પોરબંદર અને વાંકાનેર વિધાનસભા વિસ્તાર પણ લાગુ પડે છે. આ ઉપરાંત હિરાસર પાસેથી સુરેન્દ્રનગર જીલ્લાની હદ શરૂ થાય છે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં પોલીસ કર્મચારીઓની સાથે હોમગાર્ડ તેમજ અર્ધ લશ્કરી દળોને પણ ફરજ સોંપવામાં આવી છે. આઠ જેટલી અર્ધ લશ્કરી દળોની કંપનીઓ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તૈનાત કરવામાં આવી છે.

### વિધાનસભા વિસ્તાર વાઈસ બુથની સંખ્યા

| ક્રમ | નામ | બુથની સંખ્યા | વ્હીલચેર | વોલ્યેન્ટીયર્સ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ ટંકારા | ૨૯૧ | ૧૯૦ | ૦ |
| ૨ | ૬૭-વાંકાનેર | ૩૦૩ | --- | ૦ |
| ૩ | ૬૮-રાજકોટ-પૂર્વ | ૨૬૪ | ૮૦ | ૨૭ |
| ૪ | ૬૯-રાજકોટ પશ્ચિમ | ૩૧૦ | --- | ---- |
| ૫ | ૭૦-રાજકોટ દક્ષિણ | ૨૨૮ | ૮૦ | ૨૭ |
| ૬ | ૭૧-રાજકોટ ગ્રામ્ય | ૩૮૧ | ૯૮ | ૨૭ |
| ૭ | ૭૨-જસદણ | ૨૫૯ | ૧૦૦ | ૦ |
| | કુલ | ૨૦૩૮ | --- | ૧૦૮ |

### ચૂંટણીમાં આકસ્મિક આરોગ્ય પરિસ્થિતિનો સામનો કરવા તંત્ર સજ્જ

# મતદાન વખતે સિવિલ હોસ્પિટલના તબીબોની બે મોબાઈલ ટીમ ખડેપગે રહેશેઃ બુથ પર ૬૦૦થી વધુ મેડિકલ કીટ પહોંચાડી દેવાઈ

### સિનિયર અને જુનિયર ડોક્ટર સહીત પેરા મેડીકલ સ્ટાફ ખડેપગે રહેશેઃ લુ લાગી જાય કે, ગરમીથી હૃદય રોગનો હુમલો આવે તો ઈમરજન્સી રૂમમાં વિશેષ વ્યવસ્થા રખાઈ

### તાપમાનનો પારો ઊંચો રહેવા અનુમાન હોય, મતદાન મથકો પર આવતા મતદારો અને ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ-અધિકારીઓના આરોગ્યની તકેદારી સિવિલ હોસ્પિટલ તંત્ર રાખશે





રાજકોટ, તા.૬

આવતીકાલે લોકશાહીનો સૌથી મોટો પર્વ છે. રાજકોટ શહેરમાં લોકસભા ચુંટણીનું મતદાન થશે. આજે પ્રચાર પડઘમ શાંત પડી ગયા છે. પરંતુ સૂરજ દેવતા આકરો તાપ વરસાવે તેવુ અનુમાન છે, તડકા વચ્ચે આવતીકાલે મતદાન છે ત્યારે સિવિલ હોસ્પિટલ તંત્ર પણ આકસ્મિક આરોગ્ય પરિસ્થિતિને સંભાળી લેવા સજજ છે. મતદાન વખતે સિવિલ હોસ્પિટલના તબીબોની બે મોબાઈલ ટીમ ખડેપગે રહેશે. બુથ પર ૬૦૦થી વધુ મેડિકલ કીટ પહોંચાડી દેવાઈ છે. સિનિયર અને જુનિયર ડોકટર સહીત પેરા મેડીકલ સ્ટાફ ખડે પગે રહશે. લુ લાગી જાય કે, ગરમીથી હૃદય રોગનો હુમલો આવે તો ઇમરજન્સી રૂમમાં વિશેષ વ્યવસ્થા રખાઈ છે. તાપમાનનો પારો ઊંચો રહેવા અનુમાન હોય, મતદાન મથકો પર આવતા મતદારો અને ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ - અધિકારીઓના આરોગ્યની તકેદારી સિવિલ હોસ્પિટલ તંત્ર રાખશે. દિવ્યાંગો, સગર્ભા બહેનો, સિનિયર સિટીઝન, ન ચાલી શકતા હોય તેવા દર્દીઓ માટે તમામ બુથ પર વ્હિલચેરની વ્યવસ્થા કરાઈ છે.

આ અંગે 'સાંજ સમાચાર'ને માહિતી આપતા રાજકોટ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.આર. એસ. ત્રિવેદીએ જણાવ્યું કે, રાજકોટ શહેરમાં મતદાનના દરેક બુથ પર મેડિકલ ટીમ ખડે પગે રહેશે. હાલ સિવિલ હોસ્પિટલ દ્વારા બે મોબાઈલ ટીમ બનાવવામાં આવી છે. આ મોબાઈલ ટીમમાં એક સિનિયર ડોક્ટર એક જુનિયર ડોકટર સહિત નર્સિંગ સ્ટાફ, લેબ ટેકનીશયન અને વર્ગ-૪ના કર્મચારી ખડે પગે રહેશે. સિવિલ હોસ્પિટલ દ્વારા ૬૦૦ મેડિકલ કીટ તૈયાર કરાવામાં આવી છે. જેમાં ફર્સ્ટ એડ, લુ લાગે તો તે માટેની દવાઓ, બીજી પ્રાથમિક દવાઓનો સમાવેશ છે. આ મેડિકલ કિટો બુથ સુધી પહોંચાડી દેવામાં આવી છે.

દિવ્યાંગોને કોઈ તકલીફ ન પડે તો તે માટે વ્હીલ ચેર પણ સિવિલ હોસ્પિટલ દ્વારા દરેક બુથ પર મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત સગર્ભા મહિલા માટે અને સિનિયર સિટીઝન તેમજ ચાલી ન શકતા હોય તેવા દર્દીઓ માટે પણ વ્હીલ ચેરની વ્યવસ્થા બુથ પર કરી દેવામાં આવી છે. બ્લડ પ્રેશર ઈન્સ્ટ્રમેંટ, ગ્લોમિટર, ઓઆરએસના પેકેટ સહીત પ્રાથમિક જરૂરી મેડિકલ કીટ બુથ સુધી પહોંચાડી દેવામાં આવી છે. હાલ ઉનાળો છે ત્યારે હિટ વેવ કે અચાનક ચકકર આવી પડી જવાનાં બનાવો પણ વધી રહ્યાં છે. ત્યારે આવાં હાર્ટ એટેક કે આકસ્મિક કોઈ બનાવ બને તો તે પરિસ્થિતિને પહોંચી વળવા સિવિલ તંત્ર દ્વારા કેથલેબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં હૃદય રોગના નિષ્ણાંત તબીબ ખડે પગે રહેશે. અચાનક હાર્ટ એટેકના બનાવોમાં ઝડપથી સારવાર મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલ તંત્રએ વિશેષ વ્યવસ્થા ગોઠવી છે. આ ઉપરાંત ૧૦ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ રાખવામાં આવી છે. જે કોઈ પણ પ્રકારની ઇમરજન્સી સ્થિતિમાં જે તે બુથ પર પહોંચી જશે અને દર્દીને સિવિલ હોસ્પિટલ સુધી તત્કાલ પહોંચાડવા કામગીરી કરશે. ચુંટણીના કામગીરીમાં બહારથી આવતાં અધિકારી, કર્મચારી તથા આર્મીના જવાનો માટે પણ વિશેષ મેડીકલ કીટ મોકલી આપવામાં આવી છે.

મતદાતાઓને કોઈ તકલીફ ન પડે તે માટે સિવિલ હોસ્પિટલ તંત્ર સજ્જ હોવાની ડો. ત્રિવેદીએ જણાવ્યું છે.

### દિવ્યાંગો, સગર્ભા બહેનો, સિનિયર સિટીઝન, ન ચાલી શકતા હોય તેવા દર્દીઓ માટે તમામ બુથ પર વ્હિલચેરની વ્યવસ્થા કરાઈ


## સિવિલ હોસ્પિટલનો વહીવટી સ્ટાફ પણ ચૂંટણી ફરજમાં

આવતી કાલે મતદાન છે, ત્યારે દરેક વિભાગમાંથી અધિકારી અને કર્મચારી ચૂંટણીની કામગિરીમાં રોકાયેલ છે. ત્યારે સિવિલ હોસ્પિટલના વહીવટી અધિકારી અને કર્મચારી પણ આજથી ત્રણ દિવસ ચૂંટણીની કામગીરીમાં ફરજ બજાવશે. પણ સિવિલ હોસ્પિટલની કામગીરીમાં કોઈ અસર નહિ પહોંચે.

# અમિત જેઠવા હત્યા કેસ : પૂર્વ સાંસદ દીનુ સોલંકી, શિવા સોલંકી સહિત તમામ આરોપી નિર્દોષ

**વર્ષ ૨૦૧૦માં સોલા હાઇકોર્ટ સામે જ ગોળીઓ ધરબી આરટીઆઇ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની હત્યા થઈ હતી, જેમાં સીબીઆઇ કોર્ટે તમામ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી હતી, હાઇકોર્ટમાં અપીલ થતા નિર્દોષ છુટકારો મળ્યો**

**ચકચારી કેસમાં પ્રથમ સોલા પોલીસની તપાસ, એસઆઈટીની તપાસ, સીઆઈડી ક્રાઈમની તપાસ બાદ અંતે કેસ સીબીઆઈ પાસે ગયા બાદ દીનુ બોઘા સોલંકીનું નામ ખુલ્યું હતું**



મૃતક અમિત જેઠવા



દીનુ સોલંકી, શિવા સોલંકી



આરોપી બહાદુરસિંહ વાઢેરના એડવોકેટ પ્રશાંત ખંઢેરિયા

**ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ.સુપૈયા અને જસ્ટિસ વી.કે. વ્યાસની કોર્ટે વ્યવસ્થિત પોલીસ તપાસ ન થઈ હોવાનું અવલોકન કર્યું**

રાજકોટ, તા.૬

અમિત જેઠવા હત્યા કેસમાં પૂર્વ સાંસદ દીનુ બોઘા સોલંકી અને તેના ભત્રીજા શિવા સોલંકી સહિત તમામ સાતેય આરોપીઓ નિર્દોષ છુટકારો થયો છે. વર્ષ ૨૦૧૦માં સોલા હાઇકોર્ટ સામે જ ગોળીઓ ધરબી આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની હત્યા થઈ હતી. જેમાં સીબીઆઈ કોર્ટે તમામ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી હતી. જોકે હાઇકોર્ટમાં અપીલ થતા આરોપીઓને નિર્દોષ છુટકારો મળ્યો છે. ચકચારી કેસમાં પ્રથમ સોલા પોલીસની તપાસ, પછી એસઆઈટીની તપાસ અને સીઆઈડી ક્રાઈમની તપાસ બાદ અંતે કેસ સીબીઆઈ પાસે ગયા પછી દીનુ બોઘા સોલંકીનું નામ ખુલ્યું હતું. આ કેસમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ.સુપૈયા અને જસ્ટિસ વી.કે. વ્યાસની કોર્ટે વ્યવસ્થિત પોલીસ તપાસ ન થઈ હોવાનું અવલોકન કર્યું છે.

ફરિયાદી પક્ષના કેસની વિગત મુજબ, તા.૨૦/૦૭/૨૦૧૦ના રોજ અમદાવાદ ખાતે સોલા સ્થિત ગુજરાત હાઇકોર્ટ સામે જ, સત્યમેવ કોમ્પલેક્ષ પાસે રાત્રે ૮.૪૦ વાગ્યે આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની ગોળીઓ ધરબી હત્યા થઈ હતી. સોલા પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો. પ્રથમ તપાસ પોલીસે ચલાવ્યા બાદ, એસઆઈટીએ તપાસ ચલાવી હતી. એ પછી સીઆઇડી ક્રાઇમને તપાસ સોંપવામાં આવેલ. દરમિયાન ફરિયાદી પક્ષ હાઇકોર્ટમાં ગયો હતો અને સીબીઆઈ તપાસની માંગ કરી હતી. સીબીઆઈને તપાસ સોંપાઈ એ પછી આ કેસમાં દીનુ બોઘા સોલંકીનું આરોપી તરીકે નામ ઉમેરવામાં આવેલ. ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ, મૃતક અમિત જેઠવા આરટીઆઈ એક્ટિવિસ્ટ હતા. તેમણે કરેલી આરટીઆઈ અરજીઓના કારણે દીનુ બોઘા સોલંકી અને ભત્રીજા શિવા સોલંકીના માઇનિંગ કામમાં ખૂબ આર્થિક નુકસાની થતી હતી. જેથી દીનુ સોલંકીના હળમળીયા ખાતેના ફાર્મ હાઉસમાં અમિત જેઠવાની હત્યા કરવાનું કાવતરૂ ઘડાયું હતું. અહીં દીનુ સોલંકી, શિવા સોલંકી અને બહાદુરસિંહ વાઢેર ત્રણેય વચ્ચે કાવતરૂ ઘડવા ચર્ચા થયેલી અને સોપારી આપી હત્યા કરવા નક્કી થયેલું. શાર્પ શૂટર ચાર આરોપી શૈલેષ નાનાલાલ પંડ્યા, પચાણ ગોપાલ દેસાઈ, સંજય પરબત ચૌહાણ અને ઉદાજી કાંતિજી ઠાકોરનો બહાદુરસિંહ વાઢેરે સંપર્ક કરી આ ચાર લોકોને હત્યાના કાવતરામાં સામેલ કરેલા. હત્યા કરાયા પછી દીનુ બોઘાએ આંગળીયા મારફત બહાદુરસિંહને રૂપિયા મોકલ્યા અને બહાદુરસિંહે શૂટર ચાર આરોપીને રૂપિયા આંગળીયામાં મોકલેલ. સીબીઆઈ તપાસ બાદ સીબીઆઈ કોર્ટ અમદાવાદ ખાતે સાથે આરોપી સામે ચાર્જશીટ મુકવામાં આવેલ. હત્યા, કાવતરૂ, આર્મ્સ એક્ટ સહિતની કલમો સાથે ચાર્જ ફ્રેમ કરવામાં આવેલ. કેસ ચાલતા ૧૯૭ સાહેદ - સાક્ષીઓ તપાસવામાં આવેલ. જેઓ હોસ્ટાઈલ થઈ ગયા હતા.

કેસમાં ફરી નવો વળાંક આવતા ફરિયાદી પક્ષે ફરી હાઇકોર્ટમાં અરજી કરવામાં આવેલી કે, આ કેસના તમામ સાક્ષી - સાહેદોને ફેર તપાસવામાં આવે. કારણે દીનુ બોઘા સોલંકીની ધાકથી ડરીને સાક્ષી - સાહેદો હોસ્ટાઈલ થયા છે. હાઇકોર્ટે તમામ સાક્ષી - સાહેદોને ફેર તપાસવા હુકમ કરેલું. જેની હુકમ સામે આરોપીપક્ષએ સુપ્રીમ કોર્ટ સમક્ષ અરજી કરી હતી. જેમાં બંને પક્ષને સાંભળી સુપ્રીમ કોર્ટ તમામ નહીં પણ મહત્વના ૨૮ સાક્ષીઓને ફેર તપાસવા હુકમ કરેલો. સીબીઆઈ કોર્ટ અમદાવાદમાં ૨૮ સાક્ષીઓ ફરી હોસ્ટાઈલ થઈ ગયા હતા. જોકે, સીબીઆઈ કોર્ટે તમામ આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. આ સજાના હુકમ સામે તમામ આરોપીએ ગુજરાત હાઇકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ.સુપૈયા અને જસ્ટિસ વી.કે. વ્યાસની કોર્ટમાં કેસ ચાલી જતા વ્યવસ્થિત પોલીસ તપાસ ન થઈ હોવાનું અવલોકન કરી આજરોજ હાઇકોર્ટે તમામ સાતેય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપી બહાદુરસિંહ વાઢેર વતી હાઇકોર્ટમાં સિનિયર એડવોકેટ પ્રશાંત ખંઢેરિયા, વરિષ્ઠ ધારાશાસ્ત્રી જે.એમ. પંચાલ, કમલનયન પંચાલ, નરેન્દ્રસિંહ ઝાલા અને નિયંત ભીમાણી રોકાયેલા હતા.

**ક્ષત્રિય સમાજ અંગે રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવારે કરેલા વિધાનો ગુજરાતની અનેક બેઠકો પર છવાઇ ગયા**

# પરસોતમ રૂપાલાથી કનુભાઇ દેસાઇ : મુદ્દા નહીં વિવાદો પર લડાઇ ગુજરાતની ચૂંટણી

**રૂપાલાના વિધાનોનું ડેમેજ કંટ્રોલ કરવામાં ભાજપની મદદે રાહુલ ગાંધી આવી ગયા અને રાજા-મહારાજાઓની ગરીબોના લુંટારા ગણાવતા કોંગ્રેસને બચાવ મુશ્કેલ થઇ પડયો**

**વડાપ્રધાન ડેમેજ કંટ્રોલ કરશે તેવી આશા ભાજપને હતી : જામનગરમાં મોદી મહારાજા શત્રુશલ્યસિંહજીને પણ મળ્યા પરંતુ બીજા જ દિવસે ક્ષત્રિયોની વિરાટ સભાથી ડેમેજ કંટ્રોલ સામે પ્રશ્ન સર્જાયા**



**રાહુલ ગાંધી પણ હડફેટમાં આવી ગયા : આપના પૂર્વ ધારાસભ્ય ભુપત ભાયાણીએ કોંગ્રેસના નેતાને નપુસંક કહ્યા તો બીજી તરફ રાજકોટમાં ઇન્દ્રનીલ રાજગુરૂએ ગાંધીજીને થોડા લુચ્ચા ગણાવીને રાહુલની પ્રશંસા કરતા વિવાદ સર્જાયો**

**ધાનાણીએ પાટીદારોને હરખપદુડા ગણાવ્યા તો ચૂંટણી પંચ સુધી વાત પહોંચી ગઇ : ઉમેશ મકવાણાએ તો રાજા-મહારાજાઓને અફીણ અને ગાંજામાં પડયા રહેતા હોવાનું નિવેદન કરીને ભાજપને કામચલાઉ રાહત આપી**

રાજકોટ, તા. ૬

ગુજરાતમાં લોકસભા ચૂંટણીના પ્રારંભે લગભગ એક તરફી વાતાવરણમાં અચાનક જ પલ્ટો લાવવામાં રાજકોટ સંસદીય બેઠક લડી રહેલા ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલા સહિતના અનેક નેતાઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી અને કદાચ પ્રથમ વખત ગુજરાતની લોકસભા ચૂંટણી વિવાદી વિધાનો પર લડાઇ હતી. ગઇકાલે સાંજે પૂરા થયેલા જાહેર પ્રચાર સાથે હવે કોઇ વિધાનો વાયરલ નહીં થાય અને કોઇ રાજકીય પક્ષોને ડેમેજ નહીં કરે તેવી આશા નેતા અને રાજકીય પક્ષો રાખી રહ્યા છે પરંતુ સૌથી મોટી ચિંતા પરસોતમ રૂપાલાના ક્ષત્રિય સમાજ અંગેના વિધાનો કેટલા ડેમેજ કરી શકે છે કેટલી બેઠકો પર તે ભાજપની લીડમાં ઘટાડો કરી શકે છે તેના પર સૌની નજર છે. ભાજપના સુત્રોના જણાવ્યા મુજબ મોટા ભાગે ડેમેજ કંટ્રોલ થઇ ગયું છે પરંતુ ક્ષત્રિય સમાજ કહે છે કે અમારા કેટલાક આગેવાનોને બાદ કરો તો સમગ્ર સમાજ અમારી સાથે છે અને આવતીકાલે મતદાનમાં તેની અસર દેખાશે. રૂપાલાના વિધાનો બાદ સૌપ્રથમ ગોંડલમાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ જે રીતે સમાધાનના પ્રયાસો કર્યા તે નિષ્ફળ ગયા બાદ ભાજપે અનેક રીતે ક્ષત્રિય સમાજને સમજાવવાના પ્રયત્નો કર્યા અને તેમાં કમલમથી લઇને મુખ્યમંત્રીના આવાસ સુધી બેઠકોનો અને ક્ષત્રિય સમાજના અગ્રણીઓની સાથે વાટાઘાટનો દૌર કરાયો હતો. તો બીજી તરફ ક્ષત્રિય સમાજે પહેલા રાજકોટ અને પછી પાંચ ઝોનમાં જે રીતે વિશાળ સંમેલન બોલાવાયા અને તેમાં જંગી હાજરીથી આ વિવાદની અસર મોટી હશે તે નિશ્ચિત થઇ ગયું હતું છેલ્લે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જામનગરની બેઠકમાં પ્રચાર માટે આવતા રાજવી શત્રુશલ્યસિંહની મુલાકાત લઇને ક્ષત્રિય સમાજને સંદેશો આપવાની કોશીશ કરી હતી પણ બીજા દિવસે ક્ષત્રિય સમાજનું મોટુ સંમેલન મળ્યુ અને તેમાં જે પ્રકારે શત્રુશલ્યસિંહજીની આમાન્ય સ્વીકારી નહીં હોવાનો સંદેશ આપ્યો તે પછી હવે મતદાન ઉપર નજર છે.

જોકે ફકત પરસોતમ રૂપાલાની અનેક નેતાઓના નિવેદનો ચર્ચામાં રહ્યા છે જેમાં છેલ્લે બે દિવસ પહેલા જ રાજયના લો-પ્રોફાઇલ ગણાતા નેતા અને નાણામંત્રી કનુભાઇ દેસાઇએ કોળી સમાજ અંગે જે નિવેદન કર્યુ તે પણ મોટો વિવાદ સર્જી શકે તેમ હતો પરંતુ તે મુદો કોળી સમાજ ઉઠાવે તે પૂર્વે જ તેઓએ માફી માંગી લીધી તેને કારણે તેનુ ડેમેજ મર્યાદિત હોય તેમ માનવામાં આવે છે જોકે આ સમય દરમ્યાન રાહુલ ગાંધીએ ગુજરાત બહારના પ્રચારમાં રાજા મહારાજાઓએ ઇચ્છા પડે તેની જમીન છીનવી લીધી હતી અને તેમને ગરીબ જમીનના લુટારા ગણાવ્યા તેથી ભાજપને ગુજરાતમાં રૂપાલાના નિવેદન સામે ડેમેજ કરવાની તક મળી ગઇ અને તે અધુરૂ હતું ત્યાં ભાવનગર લોકસભા બેઠક લડી રહેલા આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણાએ રાજા મહારાજા અફીણમાં પડયા રહ્યા તેવું નિવેદન કરીને ભાજપને પણ એક હથિયાર આપી દીધુ હતું.

જોકે રૂપાલાના નિવેદનના કારણે સર્જાયેલા વિવાદના પગલે લોકસભા બેઠક પર ચૂંટણી લડવા આવેલા કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ પાટીદારોને હરખપદુડા કહ્યા હતા અને અત્યાર સુધી ભાજપની સાથે જતા હતા અને ઉમેર્યુ કે જે રીતે ક્ષત્રિય સમાજને ભાજપનો પરચો મળી ગયો છે તો પાટીદાર સમાજને મળશે જોકે રૂપાલામાં નિવેદન આપનરા કલીનચીટ આપનાર ચૂંટણી પંચે ધાનાણીના હરખપદુડા નિવેદન પર ચૂંટણી આચારસંહિતાના ભંગની તપાસ શરૂ કરી છે આ રીતે ચૂંટણી પંચે વિચિત્ર વલણ લીધુ હતું તો બીજી તરફ અનેક વખત વિવાદાસ્પદ વિધાનો કરનાર કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજગુરૂએ ગાંધીજી અને રાહુલ ગાંધીની સરખામણી કરતા કહ્યું હતું કે ગાંધીજીમાં થોડી ઘણી લુચ્ચાઇ હતી રાહુલ ગાંધી તો સાવ નિર્દોષ માણસ છે તેમ કહીને ગાંધીજીને વિવાદમાં ઘસેડયા હતા એટલું જ નહીં જુનાગઢમાં ભાજપના જિલ્લા પ્રમુખે પણ ક્ષત્રિય સમાજ અંગે આડા અવળા વિધાનો કર્યા તો ગુજરાતમાં કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરએ પણ પોતાને બનાસની બેટી ગણાવવાની સાથે જે રીતે બનાસ ડેરી સામે પ્રશ્ન ઉઠાવ્યા આમ આદમી પાર્ટીના પૂર્વ ધારાસભ્ય ભાજપમાં જોડાયેલા ભુપત ભાયાણીએ રાહુલ ગાંધીને નપુસંક કહ્યા હતા અને તે વિધાનો પર હજુ ચૂંટણી પંચ કોઇ એકશનમાં આવ્યો નથી તો છેલ્લે કનુભાઇ દેસાઇએ જે રીતે કોળી સમાજ અંગે વિધાનો કર્યા તેનું માંડ ડેમેજ કંટ્રોલ થયું છે.

**નેતાઓ અને વિવાદી વિધાનો**

## પ્રજા રાજા રામની પણ ન્હોતી થઇ તો મારી શું થશેઃ રાજેશ ચુડાસમાનું વિધાન વાયરલ

**વડોદરામાં ભાજપના ઉમેદવાર ડોક્ટર કહેવાય કે નહીંઃ વિવાદ સર્જાયો**



★ જૂનાગઢ જિલ્લા ભાજપના પ્રમુખ કિરીટ પટેલે એક સભામાં એવું વિધાન કર્યું હતું કે રાજા-મહારાજાઓની પટરાણી હોય તેના દિકરાને જ રાજા બનાવતા પછી પટરાણી લુલી-લંગડી, બાડી, બોબડી ગમે તે હોય પણ તેનો દિકરો જ રાજા બનતો હતો. તેણે કહ્યું કે રાજા હવે મત પેટ્ટીમાંથી પેદા થાય છે. બાદમાં તેણે પોતાના વિધાનો પર માફી માંગી લીધી હતી.

★ વાઘોડીયાના પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ પણ આ ચૂંટણીમાં વિવાદી વિધાનો કરી ચૂક્યા છે તેણે આજે કહ્યું કે વડોદરામાં ભાજપનો જન્મ મારા હાથે થયો છે અને હવે ખત્મ પણ મારા હાથે જ થશે. તેઓએ ધારાસભા ચૂંટણીમાં ટીકીટ ન મળતા ભાજપમાંથી બળવો કર્યો હતો પણ અપક્ષ લડીને પરાજીત થયા હતા.

★ જૂનાગઢ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાએ ચોરવાડ ખાતે કાર્યાલયના ઉદ્‌ઘાટન સમયે એવું વિધાન કર્યું હતું કે પ્રજા રાજા રામની પણ નહોતી થઇ તો પણ મારી પણ નો થાય. આમ કહીને રામાયણમાં જે રીતે સીતાની અગ્નિપરીક્ષા લેવાની પ્રજાએ માંગણી કરી હતી તે આગળ ધરી હતી.

★ અમરેલીમાં ભાજપના ઉમેદવાર ભરત સુતરીયાએ લોકસભાની ૪૦૦ નહીં ૫૦૦ બેઠકો મોદી સાહેબ જીતશે તેવો દાવો કર્યો હતો.




★ વડોદરામાં ભાજપના ઉમેદવાર ડો. હેમાંગ જોષી ખરેખર ડોક્ટર છે કે તે અંગે પણ પ્રશ્ન છે અને તેઓએ પોતાને ડોક્ટર ગણાવ્યા પરંતુ હોમીયોપેથીના અભ્યાસ કરનાર ડોક્ટર શબ્દનો ઉપયોગ કરી શકે નહીં તેવું જણાવીને કોંગ્રેસે સુપ્રીમ કોર્ટના એક આદેશને આગળ ધરીને આચાર સંહિતા ભંગની ફરિયાદ નોંધાવી હતી તેની સામે વડોદરાની ફીજિયોથેરાપી ડોક્ટર મેદાને પડ્યા છે અને તેઓએ કોંગ્રેસ માફી માંગે તેવી માંગણી સાથે દેખાવો કરતાં નવો વિવાદ સર્જાયો છે.

**લોકસભા ચૂંટાણીના શોરબકોરમાં વિધાનસભા પેટાચૂંટાણીનો પ્રચાર દબાયો**

# વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીમાં 'અપસેટ' સર્જાઈ શકે!!!

**મુળ કોંગ્રેસી નેતાઓ કમળના સહારે 'તરી' જવા આતુર પણ આંતરિક કરન્ટમાં બે-ત્રાણ બેઠકોમાં અપસેટ શકય**

**પોરબંદરમાં મોઢવાડિયા એકંદરે સલામત પણ માણાવદરમાં લાડાણી માટે જવાહર ચાવડા ફેકટર મહત્વનું બનશે**

**વાઘોડીયામાં ક્ષત્રિય સમાજના જ બે ઉમેદવારો વચ્ચે જંગઃ રૂપાલા ફેકટર ભૂમિકા ભજવશે**

**આણંદમાં મજબૂત અમિત ચાવડા લોકસભામાં ભાજપને ટકકર આપે છેઃ ખંભાતમાં પક્ષપલ્ટુ સામે નારાજગીનો ફાયદો મહેન્દ્રસિંહ પરમારને મળી શકે**

**વિજાપુરમાં સી.જે.ચાવડા સામે ક્ષત્રિય સમાજનો ગુસ્સોઃ કોંગ્રેસના દિનેશ પટેલને માટે મતો ખેંચી શકે**

રાજકોટઃ ગુજરાતમાં લોકસભા ચૂંટણીના પ્રચારના અને વધુ તો વિવાદના પ્રચંડ 'શોર' હેઠળ વિધાનસભાની પાંચ બેઠકોની યોજાઈ રહેલી પેટાચુંટણીનો પ્રચાર દબાઈ ગયો છે અને ભાગ્યે જ આ પેટાચૂંટાણી ચર્ચાનો વિષય બની છે પણ સૂત્રોના જાણાવ્યા મુજબ બે-ત્રાણ બેઠકો પર આંતરિક રીતે અન્ડરકરન્ટ ચાલી રહ્યા છે અને તેમાં અપસેટ સર્જાવાની પણ ધારાણા છે.

લોકસભા ચૂંટાણી પુર્વે ભાજપે પાંચ લાખ મતોની લીડ નિશ્ચિત કરવા ૨૦૨૨માં જે ધારાસભા બેઠકોમાં કોંગ્રેસના ઉમેદવાર સામે પુરો લડીને પણ જીત્યા હતા. તેઓને ઓપરેશન લોટસ હેઠળ ભાજપમાં ભેળવવામાં આમ આદમી પાર્ટીના એક અને એક અપક્ષ સહિત કુલ છ વિધાનસભા બેઠકોના ધારાસભ્યોને રાજીનામા આપીને અહી પેટાચુંટણીમાં લોકસભા સાથે યોજાય તે નિશ્ચિત કર્યુ હતું પણ વિસાવદર બેઠકમાં કાનૂની વિવાદ ચાલી રહ્યો હોવાથી પાંચ બેઠકો પોરબંદર, માણાવદર, ખંભાત, વિજાપુર અને વાઘોડીયા બેઠક પર ચુંટાણી યોજાઈ રહી છે અને તેમાં ભાજપે કોંગ્રેસના જ પક્ષાંતર કરી આવેલા તમામ ચાર અને એક બેઠક પરના અપક્ષને ફરી ટિકિટ આપી છે જેમાં પોરબંદરમાં અર્જુન મોઢવાડીયા છે જેની સામે કોંગ્રેસ પક્ષે પક્ષના યુવા ચહેરા રાજુભાઈ ઓડેદરાને ટિકિટ આપી છે તેઓ તાલુકા પ્રમુખ છે. અહી મુળ કોંગ્રેસી નેતાઓ, કાર્યકર્તાઓમાં અર્જુનભાઈના પક્ષ પલ્ટાથી નારાજ છે અને જો લોકસભાના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવીયાની સાથે તેઓ સલામત તરી શકે તો વિજેતા બનશે.

માણાવદર બેઠક પર ભાજપે રાજીનામું આપનાર મુળ કોંગ્રેસી અરવિંદ લાડાણીને ફરી ટિકિટ આપી છે તેની સામે કોંગ્રેસ પક્ષે હરિભાઈ પટેલને ટિકિટ આપી છે. અહી જવાહર ચાવડા ફેકટર ભાજપને ચિંતા કરાવશે જે ડો. માંડવીયાના પ્રચારમાં પણ દેખાયા નથી. પાટીદારો વચ્ચેના આ જંગમાં આહિર મતો મહત્વના છે.

વડોદરા લોકસભા બેઠકમાં ભાજપને ઉમેદવાર બદલવા પડયા હતા તો આ લોકસભા ક્ષેત્ર હેઠળ વાઘોડીયામાં ૨૦૨૨માં ભાજપ-કોંગ્રેસ બન્નેને પરાજીત ભાજપના અસંતુષ્ટ ધર્મેન્દ્રસિંહ વાઘેલા ચુંટાયા હતા જે હવે ફરી ભાજપની ટિકિટ પર ચુંટાણી લડે છે તેની સામે કોંગ્રેસ કનુભાઈ ગોહિલને ટિકિટ આપી છે જે ક્ષત્રિય સમાજના છે. આમ આ બેઠક પર ક્ષત્રિય અગ્રાણીઓ ટકરાશે તો હાલમાં જે રીતે ક્ષત્રિય આંદોલન ચાલે તેમાં હવે ક્ષત્રિયો ભાજપ વિરુદ્ધ જઈ શકે છે.

ખંભાત બેઠક પર ચિરાગ પટેલને 'ખેડવી' ભાજપે આણંદ લોકસભા બેઠક જીતવા પ્રયાસ કર્યા છે પણ કોંગ્રેસના લોકપક્ષના મજબૂત ઉમેદવાર અમીત ચાવડા છે. અહી ઓબીસી ક્ષત્રિય મતો નિર્ણાયક છે અને વિધાનસભામાં ભાજપે પુનઃ મુળ કોંગ્રેસી ચિરાગ પટેલને ટિકિટ આપી છે. તેની સામે મહેન્દ્રસિંહ પરમાર મજબૂત છે. આણંદ બેઠક પણ જોખમમાં છે તો વિજાપુર બેઠક જે લોકસભામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના ગાંધીનગર લોકસભા બેઠક હેઠળ આવે છે તે બેઠક પર કોંગ્રેસમાંથી આવનાર સી.જે.ચાવડાને ભાજપે ફરી ટિકિટ મળી છે. અહી ક્ષત્રિય આંદોલનની અસર છે તેથી ભાજપે અહી મુળ કોંગ્રેસમાંથી આવેલા જયરાજસિંહ જાડેજાને જવાબદારી સોંપી છે તો કોંગ્રેસ પક્ષે મહેસાણા જીલ્લાના પાટીદાર અગ્રાણી દિનેશ પટેલને ટિકિટ આપી છે અને તેઓ હવે પાટીદાર-ક્ષત્રિયોના મતો મેળવે તો કદાચ અપસેટ સર્જી શકશે.

# ચૂંટણીનો જાહેર પ્રચાર પૂર્ણઃ આજે ભાજપ કાર્યાલયમાં કાર્યકરો સાથે પરસોત્તમ રૂપાલાએ કરી હળવા મૂડમાં વાતો



રાજકોટ,તા.૬

રાજકોટ લોકસભાની ચૂંટણીમાં પ્રચારના ૫૪ દિવસોમાં જન જન સુધી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સુશાસન અને ભવિષ્યના રાજકોટ-સૌરાષ્ટ્રને વિકસિત બનાવવાના અભિયાનનો સંદેશો સાથી કાર્યકર્તાઓ સાથે પહોંચાડવાના તમામ રાઉન્ડ પૂર્ણ કરનાર ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા જાહેર પ્રચાર પૂરો થયા પછી પણ સતત સક્રિય રહ્યા છે. તેમજ મતદાનના આગલાં દિવસે ભાજપના લોકસભા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયમાં ઉપસ્થિત સહુ કાર્યકરો સાથે હળવા મૂડમાં વાતો કરી હતી. સાથોસાથ આજે ભાજપના શહેર ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજાનો જન્મદિવસ હોવાથી અન્ય અગ્રણી અગ્રણીઓએ શુભેચ્છા આપી હતી. આ પ્રસંગે રાજ્યસભાના સભ્ય રામભાઈ મોકરિયા, પ્રદેશ ઉપપ્રમુખ ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ અધ્યક્ષ મુકેશભાઈ દોશી, પક્ષના અગ્રણીઓ ધનસુખભાઈ ભંડેરી, સૌરાષ્ટ્ર ભાજપ પ્રવક્તા રાજુભાઈ ધ્રુવ, માધવભાઈ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિનભાઈ મોલિયા, પૂર્વ મેયર પ્રદીપભાઈ ડવ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ક્ષત્રિય સમાજનું આંદોલન નમુનારૂપ રહ્યું

**રાજકોટ સહિતના સંમેલનમાં વિશાળ સંખ્યા છતાં પણ ક્યાંય સમસ્યા ન સર્જાઇઃ અગ્રણીઓએ પણ ભાષાનો સંયમ રાખ્યો અને સરકારને આંદોલન તોડી પાડવાની પણ એક તક ન આપી**

રાજકોટ, તા.૬

ગુજરાતમાં લોકસભા ચૂંટણી સમયે ક્ષત્રિય સમાજ અંગે પરસોતમ રૂપાલાએ કરેલા વિધાનો બાદ આ સમુદાય જે રીતે રાજય વ્યાપી આંદોલન છેડી દીધું તેના સંયમ અને શિસ્ત એ સૌના ધ્યાને આવી ગયા. રાજકોટમાં વિશાળ સંમેલન મળ્યું તેમાં લાખો ક્ષત્રિયો ઉમટચા હતા પરંતુ ત્યાં આ સંમેલનની કોઇ ખોટી અસર જોવા મળી નહીં. ક્ષત્રિય અગ્રણીઓને ઉશ્કેરવા માટે પણ અનેક પ્રયત્નો થયા હતા પરંતુ આ સમુદાયના અગ્રણીઓએ ભાષાનો સંયમ પણ ગુમાવ્યો નહીં. અને આંદોલન કેમ કરી શકાય અને છેક વડાપ્રધાન સુધી કેમ નોંધ લેવી પડે તે આ સમુદાયએ દર્શાવ્યું છે અને સરકારને આંદોલન તોડી પાડવાની એક પણ તક આપી નહીં.

**ઈઝરાયેલની હવે રાફા પર નજર**

## ઈઝરાયેલનું ફિલીસ્તીઓને રાફા છોડવા અલ્ટીમેટમઃ મોટા હુમલાની આશંકા

**ઈઝરાયેલી સેના માને છે કે રાફામાં હજારો હમાસ લડાયકો અને બંધકોને શરાણમાં રાખ્યા છે**

રાફા (ફિલીસ્તીન) તા.૬

ગત વર્ષથી શરૂ થયેલ ઈઝરાયેલ હમાસ વચ્ચેનું યુધ્ધ બંધ થવાનું નામ લેતું નથી. હવે ઈઝરાયેલની રાફા પર નજર મંડાઈ છે. અહીં તે કોઈપાણ સમયે હુમલો કરી શકે છે. ઈઝરાયેલની સેનાએ પિલીસ્તીની નાગરિકોને પૂર્વી રાફા ખાલી કરવા અલ્ટીમેટમ આપ્યું છે. ઉલ્લેખનીય છે કે અહીં ૧૦ લાખથી વધુ યુધ્ધ વિસ્થાપિત



ફિલીસ્તીનીઓએ શરાણ લીધી છે.

અરબી સંદેશા, ટેલીફોન કોલ, ફલાયર્સથી ઈઝરાયેલી સેનાએ ફિલીસ્તીનીઓને ૨૦ કિલોમીટર દુર વિસ્તારિત માનવીય ક્ષેત્ર કહેવાતા સ્થળ પર જવાનો નિર્દેશ કર્યો છે. ઈઝરાયેલી સેનાનું માનવું છે કે રાફામાં હમાસના હજારો લડાયકો અને સંભવિત રીતે ડઝનબંધ બંધકોને શરાણમાં રાખ્યા છે. સેનાનું માનવું છે કે રાફાને હરાવ્યા વિના જીત સંભવ નથી.

### દર પાંચ વર્ષે આવતા લોકશાહીના મહાપર્વે મતદાનની ફરજ અને અધિકાર સૌને યાદ રાખવા દેશહિતમાં નરેન્દ્રભાઈ સોલંકીની મતદારોને અપીલ

# કમળ અને નરેન્દ્રભાઈને મત એટલે વિકસિત રાષ્ટ્રના નિર્માણને મત : નરેન્દ્રબાપુ

## ૬૪ વર્ષમાં ન થયા તે કામ ભાજપની કેન્દ્ર સરકારે ૧૦ વર્ષમાં કર્યા : સમતોલ વિકાસ

## આયુષ્યમાન કાર્ડ ઘર ઘર માટે આશિર્વાદરૂપ : વિશ્વકર્મા યોજનાએ શ્રમજીવીઓને પગભર કર્યા

## નર્મદા અને સૌની યોજના થકી રાજકોટથી માંડી રણપ્રદેશના ખેડુતો પાણીદાર બન્યા : જળસંકટ દુર

## સમગ્ર વિશ્વ નરેન્દ્રભાઈની ચાણક્ય નીતિ પર આફ્રીન : પ્રધાન સેવકના હાથ મજબુત કરવાનો કાલે અવસર

રાજકોટ, તા. ૬

દર પાંચ વર્ષે આવતી લોકસભાની ચૂંટણીમાં મત આપીને દેશને વિકાસની નવી ક્ષિતિજ પર પહોંચાડવાનો સુવર્ણ અવસર મતદારો માટે આવી ગયો છે. આવતીકાલ તા. ૭ના મંગળવારે સવારે ૭ થી સાંજથી ૬ વાગ્યા સુધી તમામ લોકોને દેશ હિત કાજે સૌને મતદાન કરવા અને આપણો મત નરેન્દ્રભાઇ મોદી તથા કમળને શા માટે તેના કારણો સાથે આ ચૂંટણી માત્ર ભાજપને જીતાડવા માટે નહીં પરંતુ રાષ્ટ્ર નિર્માણની ચૂંટણી હોવાનું જણાવી રાજકોટ સહિત રાજયના મતદારોને નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ (નરેન્દ્રભાઇ સોલંકી) (મહંતશ્રી આપાગીગાનો ઓટલો)એ અપીલ કરી છે.


આજે નરેન્દ્રબાપુ 'સાંજ સમાચાર' કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. તેઓએ આ મુલાકાતમાં વિશ્વગુરૂ બનવા જઇ રહેલા ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવાના પ્રયાસોમાં નરેન્દ્રભાઇ મોદીના હાથ મજબુત કરવાની અપીલ કારણો સાથે કરી છે. છેલ્લા ૬૪ વર્ષમાં નહીં થયેલા વિકાસ અને છેલ્લા દસ વર્ષમાં ભાજપ સરકારે કરેલા વિકાસની તુલના તેમને આધારો સાથે રજૂ કરી હતી. વર્તમાન અને દેશની ભાવિ યુવા પેઢીનું ભવિષ્ય પણ ઉજજવળ બનાવવા તમામ નાગરિકો ૧૦૦ ટકા મતદાન કરે તે અનિવાર્ય છે.



રાજકોટ લોકસભાની ચૂંટણીમાં પક્ષ સાથે ખભેખભો મિલાવીને ભાજપ તથા નરેન્દ્રભાઇ મોદીની આગેવાનીવાળી સરકારને પુનઃ વિજયી બનાવવા પરિશ્રમની પરાકાષ્ઠા સર્જનાર નરેન્દ્રબાપુએ વાતચીતમાં જણાવ્યું હતું કે નરેન્દ્રભાઇ મોદીને વિજયની હેટ્રીકની ભેટ આપવા સમગ્ર સમાજના મતદારોમાં જોરદાર ઉત્સાહ છે. મતદાન સૌની ફરજ અને સૌના અધિકાર છે. નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્ર સરકારે ૨૦૧૪ થી ૨૦૨૪ સુધીમાં કરેલા કામોથી ગરીબ અને મધ્યમ વર્ગનો સમતોલ વિકાસ થયો છે. નાગરિકો માટે રૂા.૧૦ લાખ સુધીની વિનામૂલ્યે સારવાર આપતા આયુષ્યમાન કાર્ડ, અયોધ્યામાં રામ મંદિર, નલ સે જલ યોજના, મફત રાશન સહિતના લાભ ભાજપ સરકારે લોકો સુધી પહોંચાડયા છે. છ કરોડથી વધુ લોકો માટે આયુષ્યમાન કાર્ડ વાસ્તવમાં આયુષ્યમાન ભવઃ જેવા આશિર્વાદ સાબિત થયા છે.

પીએમ વિશ્વકર્મા યોજના પુરા દેશમાં શરૂ કરવામાં આવતા સમગ્ર શ્રમજીવી વર્ગ માટે આ યોજના આશિર્વાદરૂપ બની છે. ૮૦ કરોડ ગરીબ પરિવારોને હજુ પાંચ વર્ષ મફત અનાજ મળવાનું છે. સોલાર યોજનાથી વિજળીનું બીલ બચશે અને હવે તો નરેન્દ્રભાઇએ તો પેટ્રોલ ખર્ચ પણ ઝીરો સુધી લઇ જવાનો ઇરાદો જાહેર કર્યો છે. નાના ખેડુતોના ખાતામાં રૂા. ૬ હજાર, વિધવા બહેનોને ૧૨૫૦, જન ધન યોજના હેઠળ કરોડો નવા બેંક ખાતા, તમામ યોજનાના લાભ સીધા ખાતામાં જમા થવા સહિતના લાભ માત્ર ૧૦ વર્ષમાં પહોંચાડવામાં આવ્યા છે.

સમગ્ર દેશમાં રોડ-રસ્તાની સુવિધા નમુનેદાર બની છે. ૧૦ વર્ષથી નરેન્દ્રભાઇ મોદી પ્રજા માટે દિવસમાં ૧૮-૧૮ કલાક કામ કરી રહ્યા છે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે નર્મદા બંધની ઉંચાઇ વધારવા અને ગેટ મુકવા કેન્દ્ર સરકાર સામે ઉપવાસ આંદોલન કર્યુ હતું. છતાં કોંગ્રેસ સરકારે આ કામ કર્યુ ન હતું. ૨૦૧૪ની ચૂંટણી વખતે આપેલા વચન મુજબ પ્રધાનમંત્રી બનવા સાથે તેઓએ સૌ પહેલું આ કામ પૂર્ણ કર્યુ છે. નર્મદા બંધના કારણે ગુજરાત-સૌરાષ્ટ્રના ગામડાઓ પણ વિકસ્યા છે. સૌની યોજના અંતર્ગત રાજકોટથી માંડી



કચ્છ સહિતના શહેરોને પાણીદાર બનાવવામાં આવ્યા છે. સમગ્ર રણ વિસ્તારમાં ખેડુતોને નર્મદાની કેનાલો દ્વારા પાણી પહોંચાડવામાં આવ્યા છે. રાજકોટમાં તો વર્ષો સુધી રહેલો એક માત્ર ગંભીર પ્રશ્ન પીવાના પાણીનો ભુતકાળ બની ગયો છે. આજી ડેમમાં સૌપ્રથમ વખત સૌની યોજનાના પાણી ઠલવવા ખુદ નરેન્દ્રભાઇ મોદી રાજકોટ આવ્યા હતા.

સમગ્ર વિશ્વમાં શકિતશાળી દેશો અને ત્યાંના શાસકો વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની મુત્સદીગીરી અને ચાણકય નીતિના ચાહક છે. વિશ્વના દેશો વચ્ચે યુદધની સ્થિતિમાં ચુનો પણ તેઓને દરમિયાનગીરી કરવાની ભલામણ કરે છે. આવા શકિતશાળી પ્રધાનમંત્રીને નવા પાંચ વર્ષ માટે કેન્દ્રમાં સત્તા સોંપીને મતદારોએ પોતાની ફરજ પૂરી કરવાની જરૂર છે.

નરેન્દ્રભાઇએ પૂરી દુનિયામાં ભારતનું ગૌરવ વધે તેવું સ્થાન ઉભુ કર્યુ છે.

ભારત વિશ્વગુરૂ બનવા જઇ રહ્યું છે. તમારા એક મતથી દુનિયામાં ભારતનું અર્થતંત્ર ૧૧માંથી પાંચમા ક્રમે આવ્યું છે અને આ વખતે તમારા એક મતથી ભારત વિશ્વમાં ત્રીજા નંબરની ઇકોનોમી બની જશે. અગાઉ માત્ર એક મતના વાંકે સ્વ.શ્રી અટલ બિહારી વાજપેયીજીની સરકાર પડી ભાંગી હતી. પરંતુ તે બાદ લોકોએ ભાજપને સંપૂર્ણ બહુમતી આપતા દેશ હિતમાં અનેક નિર્ણયો લઇ શકાયા છે. હજુ સત્તા સંભાળ્યા બાદ કેટલાક મહત્વના નિર્ણય લેવાની તૈયારી પણ વડાપ્રધાનની છે. આથી કાલે મંગળવારે એકેએક મતદારને બુથ પર પહોંચીને નરેન્દ્રભાઇના હાથ મજબુત કરવા કમળના નિશાન પર બટન દબાવવા નરેન્દ્રબાપુએ હાકલ કરી છે.





## મહેસાણામાં શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે ચાલતી હનુમાન કથાઃ સત્સંગ પરમાત્માની કૃપાથી મળે છે

રાજકોટ,તા.૬

મહેસાણાના વિજાપુરમાં સાંકાપુરા ખાતે વડતાલ ધામ સંચાલિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના શાસ્ત્રી શ્રીહરિપ્રકાશદાસ સ્વામીની શ્રીહનુમાન ચાલીસા કથાનું રસપાન કરાવી રહ્યા છે. આજે કથાના ત્રીજા દિવસે શ્રીહરિપ્રકાશદાસ સ્વામી અને સંતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આદે જે બાદ શ્રીહરિપ્રકાશદાસ સ્વામીએ વ્યાસપીઠ પરથી હાજર ભક્તોને હનુમાન ચાલીસા કથાનું શ્રવણ કરાવવાનું શરૂ કર્યું હતું. જેમાં શ્રીહરિપ્રકાશદાસ સ્વામીએ સમજાવ્યું હતું કે, જીવનમાં સાચું સુખ કેવી રીતે મળે છે.

હરિપ્રકાશ સ્વામીએ કહ્યું કે, ''આ દુનિયામાં ભગવાનથી સુખ મળે, ભગવાનમાં સુખ મળે, ભગવાન વતી સુખ મળે અને ભગવાન દ્વારા સુખ મળે છે અને ભગવાનની નજીક જવાથી સુખ મળે છે. સુરપુર, નરપુર, નાગપુર વો તીનમેં સુખ નાહી, કાં હરિચરણમેં કાંતો સતસંગમાં સુખ મીલતા હૈ.''

શ્રીહરિપ્રકાશદાસ સ્વામીએ વધુમાં કહ્યું કે, ''જેણે જેણે ભજન કર્યું છે. જેણે નામ લીધું તેનું નામ થયું. જેને રામનું કામ કર્યું તેનું પણ કામ થયું. તમને વિનંતી કરું છું. જો અંદરથી આનંદિત થવું છે તો ભગવાનમાં લીન થઈ જાવ. મોટા મોટા સંત ભગવાનની નજીક છે તે ભગવાનનું કામ કરે છે. આ દુનિયામાં અબજો ભગવાનના ભગત થયા. એમાં વિશ્વાસપૂર્વક કહી શકું તો તેમાં સૌથી મોટું નામ હનુમાન છે. તે ભગવાનની એકદમ નજીક છે. આ તો હનુમાનજીએ છાતી ચીરી અને એમાં રામસીતા દેખાયા. કદાચ કોઈ રામની છાતીમાં જોવેને તો એમાં મારો હનુમાન દેખાય.''

શ્રીહરિપ્રકાશદાસ સ્વામીએ વધુમાં કહ્યું છે કે, ''દરેક વ્યક્તિને જેની જરૂર પડે છે તેનું નામ હનુમાન છે. હનુમાનજીના નામ કેવા ભીડભંજન, કષ્ટભંજન, સંકટમોચન કાશી, ભયભંજન, દુખભંજન આવા જ બધા નામ આજે આપણે ભાગ્યશાળી છીએ કે, અગિયારશ અને શનિવાર એક દિવસે જ છે. સતસંગનું ફળ શું છે? પરમાત્માની કૃપાનું ફળ સતસંગ છે. તે સાધનોથી મળતું નથી. તપ વ્રત અને જપથી મળે છે. સતસંગ પરમાત્માની કૃપાથી મળે છે. તુલસીદાસ લખે છે કે, સતસંગ વગર વિવેક આવતું નથી. અને રામની કૃપા વગર સતસંગ મળતું નથી.''



## રવિરત્ન પાર્ક નાગરિક મંડળ દ્વારા રાશનકીટ વિતરણ સમારોહ યોજાયો

રાજકોટ તા. ૬

રવિરત્ન પાર્ક નાગરીક મંડળ દ્વારા ૨૨૦ નિરાધાર પરિવારોને રાશનકીટ વિતરણ સમારોહ તા.૫ના આયોજન કરવામાં આવેલ. સૌપ્રથમ દાતા તરફથી તમામ લાભાર્થી અને કાર્યકરોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો.

રાશનકીટ સાથે દાતા છગનભાઈ સાવલીયા તરફથી તમામને ૧ કિલોગોળ તથા સાબુનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

સમારોહના અતિથિ વિશેષ તરીકે બેંક ઓફ બરોડાના મેનેજર જીયાઉદીનભાઈ એડવોકેટ જીતેશભાઈ પુનવાણી, મહેશભાઈ પટેલ, છગનભાઈ સાવલીયા, નિવૃત પીઆઈ કાંતિભાઈ માકડીયા ઉપસ્થિત રહ્યા હતા.

દાતા પ્રેમચંદભાઈ અઘેરાના પરિવારજનો જગદીશભાઈ, સોનલબેન, વનિતાબેન, હેમાંગીબેન તથા એવીન અઘેરા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા આર.સી.પટેલ, સી.એન.જાવિયા, વી.ડી.ઠકકર, ધીરુભાઈ ઝાલાવડીયા, મગનભાઈ ઝાલાવડીયા, જગદીશભાઈ પટેલ, નરોતમભાઈ ફળદુ, મગનભાઈ વાછાણી, ધીરુભાઈ ફળદુ, હરેશભાઈ મારડીયા, રમણીકભાઈ કણસાગરા, નટુભાઈ કણસાગરા, જેન્તીભાઈ ઢોલરીયા, મહેશ બાવરવા, જેન્તીભાઈ ચપલા, મુકેશભાઈ અમૃતીયા, સંજયભાઈ જાવિયા, આર.કે.ઝાલાવડીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન મગનભાઈ ઝાલાવડીયા તથા સ્વાગત પ્રવચન સી.એન.જાવિયાએ કરેલ હતું.

## શુક્રવારે પરશુરામ ધામ-લીંબડી ખાતે પરશુરામ જન્મજયંતિ મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી

### ગાયત્રી યજ્ઞ, સમુહ વિષ્ણુસહસ્ત્ર સ્તોત્ર, મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોની વણઝાર

રાજકોટ, તા. ૬

ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર મૃત્યુથી પર એવા ચિરંજીવી આરાધ્ય પરશુરામ દાદાની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર બ્રહ્મ ઊર્જાનું કેન્દ્ર અને બ્રાહ્મણોની આસ્થાનું પ્રતિક સમાન પરશુરામ ધામ-લીંબડી ખાતે આવેલ છે.

જ્યાં પરશુરામ દાદાનું ભવ્ય મંદિર તેમજ ૨૨ ફુટની પર રામ દાદાની પ્રતિમા આવેલ છે. આ ભવ્ય મંદિર તેમજ સંકુલ ખાતે આગામી તા.૧૦ ને શુક્રવારના રોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ગાયત્રી યજ્ઞ સવારે ૮:૪૫ થી ૧૧ કલાકે, સમુહ વિષ્ણુ સહસ્ત્ર સ્તોત્ર સવારે ૧૧ થી ૧૧:૩૦ કલાકે, ભગવાન પરશુરામનો મહિમા ૧૧:૪૦ થી ૧૧:૫૦ કલાકે, મહાઆરતી ૧૧:૫૦ થી ૧૨ કલાકે અને મહાપ્રસાદ ૧૨ થી ૧:૩૦ કલાક સુધી યોજાશે. સમગ્ર આયોજન પરશુરામ ધામ મંદિર-ટ્રસ્ટ લિંબડી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં દેશ વિદેશમાં રહેતા તેમજ તમામ બ્રહ્મઅગ્રણીઓ આ ધાર્મિક કાર્યક્રમોમાં હાજર રહેવાના છે. ઉપરાંત સમગ્ર ગુજરાતના બ્રહ્મસમાજનાના સદસ્યો અને ભૂદેવોની હાજરીમાં મહાઆરતીનું પણ આયોજન કરેલ છે. ટ્રસ્ટના સભ્યો તેમજ કાર્યકરો દ્વારા ભારે જહેમત ઉઠાવી સમગ્ર ધાર્મિકોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. ટ્રસ્ટના સભ્યો તેમજ સભ્યો દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.









તા.૪થીના શનિવારે રાજકોટમાં વિવિધ વિસ્તારોમાં આવેલી હવેલીઓમાં વલ્લભકુળના બાલકોની અધ્યક્ષતામાં પુષ્ટિ પ્રવર્તક, જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પ્રાગટયોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો.આ પ્રસંગે સાંજના સમયે સર્વોત્તમ સેવા સંસ્થાનના ગો.શ્રી પરાગકુમારજીમ.તથા દરબારગઢ હવેલી દ્વારા શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટયોત્સવ પ્રસંગે શોભાયાત્રા યોજવામાં આવેલ.દિવસભર વિવિધ ધાર્મિક આયોજનો કરાયા હતાં. જેમાં વૈષ્ણવો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતાં.શનિવારે રાજકોટના જશુબાઈ મંડાણથી શોભા યાત્રાનો પ્રારંભ સાંજે ૬ વાગે થયો હતો. જે નવાનાકા રોડ, કંસારા બજાર, પરાબજાર જઈને સાત સ્વરૂપ હવેલીએ સંપન્ન થઈ હતી.ત્યાં કીર્તન તથા વલ્લભકુળના આચાર્યોના વચનામૃત યોજાયા હતાં. ઉપરોકત તસ્વીરમાં મુખ્યાજી પાલખી લેતા જોવા મળે છે બીજી તસ્વીરમાં વૈષ્ણવા ચાર્યજી, ત્રીજી અને ચોથી તસ્વીરમાં વૈષ્ણવોની ઉપસ્થિતિ દ્રષ્ટિગોચર થાય છે. **(તસ્વીર: દેવેન અમરેલીયા)**

### રાજકોટ સમસ્ત જૈન સમાજમાં ૧૦૦ ટકા મતદાન થાય તે માટે

## જૈન વિઝન દ્વારા અનોખું આયોજનઃ સ્થા. જૈન ઉપાશ્રયો તથા દેરાસરોના આંગણે સવારે નવકારશીનું આયોજન

રાજકોટ,તા.૬

રાજકોટ અને વાંકાનેર સુધી નજીકનાં ઉપાશ્રય દેરાસર ખાતે નવકારશીનું આયોજન કરવામાં આવેલ છે મતદાન માટે લોકો જાગૃત બને તેવા શુભ હેતુથી આપણેસૌ લોકશાહીનું પર્વ મનાવી રહ્યા છીએ અને તારીખ ૭મી મેં ને મંગળવારે સમગ્ર જૈન સમાજ દ્વારા ૧૦૦% મતદાન થાય સર્વ પોતાની નૈતિક જવબદારી સુપરે નિભાવીએ તે ખુબ જ જરૂરી છે, તેમ એક નિવેદનમાં મિલન કોઠારી, મયુર શાહ જણાવ્યું છે, વધુ માં કહ્યું હતું કે લોકશાશાહિના આ પવિત્ર પર્વમાં મત આપવો આપણી નૈતિક જવાબદારી છે,અને તે દરેક ભારતીય મત અધિકારે



જરૂર થી નિભાવી જોઈએ અને આપણા મત નો ઉપયોગ કરીને દેશના પ્રગતિમા યોગદાન આપવું જોઈએ મારો એક મતનો શું ફરક પડે છે..?

રોજગાર વિકાસ અને તમારા ભવિષ્યમાં ફરક પાડો જાણો એક મતની કિંમત પરિવારે સાથે મતદાન કરી અને અન્યને પણ કરાવી એજ આ પર્વની મોટી ઉજવણી છે, અત્યારે આપણો દેશ વિકસિત છે,વિકાસની હરણફાળ પ્રગતિ કરી રહ્યો છે, સમસ્ત જૈન સમાજને મત દાન કરવા અપીલ કરાઈ છે, કે સવારે ૧૧ વાંગ્યા સુધીમાં જ મતદાન કરીને ફરજ નિભાવો લોકશાહી એટલે લોકો માટે લોકોથી અને લોકો દ્વારા ચાલતી સરકાર લોકશાહીમાં લોકો જ સર્વપરી હોય છે. તેથી મત આપવો ખુબ જ જરૂરી છે, તેમ અંતમાં જણવ્યું હતું, અત્રે ઉલ્લેખનીય છે, વધુમાં વધુ મતદાન થાય તે માટે જૈન વિઝન દ્વારા ઉપાશ્રય, દેરાસર ખાતે અને વાંકાનેર જૈન સમાજ ખાતે પણ નવકારશીનું આયોજન કરાયું છે, સમગ્ર જૈન સમાજને અપીલ કરાઈ છે આપનું મતદાન અવશ્ય કરશો અને ત્યાર બાદ સવારના ૭.૫૫ થી ૧૦ વાગ્યાં સુધી નવકારશી લાભ આપવા વિનંતી કરાઈ છે.

સમગ્ર આયોજન જૈન અગ્રણી જયોતિન્દ્રભાઈ મહેતા (મામાં) ચંદ્રકાન્તભાઈ શેઠ, દિનેશભાઇ પારેખ, પ્રવીણભાઈ કોઠારી, કિશોરભાઈ દોશી, જયેશભાઇ શાહ અને સુનિલભાઈ શાહ દ્વારા સુંદર માંગદર્શન મળી રહેલ છે. જૈન વિઝન દ્વારા આ તકે ચારેય ફિરકાના આગેવાનો સ્થાનકવાસી અને મૂર્તિપૂજક દેરાસરના આગેવાનો અને તેમજ ટ્રસ્ટ્રીઓ તેમજ વાંકાનેર જૈન સમાજના આગેવાનો સહકાર બદલ ખાસ આભાર મનાયો છે.

સમગ્ર આયોજનમાં ટિમ નવકારશીના આયોજનમાં મહેશભાઈ મણિયાર, સુનિલભાઈ કોઠારી, અનીષભાઈ વાઘર, ગીરીશભાઈ મહેતા, અજીતભાઈ જૈન, ડોલરભાઈ કોઠારીએ સમગ્ર આયોજન સફળ બનવા જેહમત ઉઠાવી છે.

### તું એકવાર મતદાન કરી દે

શ્રીકૃષ્ણએ ઉંચકયો ટચલી આંગળીથી ગોવર્ધન પર્વત....
તું એક આંગળીથી બટનના દબાવી શકે ?
તુ એકવાર મતદાન કરી દે.

તારાં માટે સૈનીકો જાગે છે રાતભર સરહદ પર....
તું એક દિવસ ઉંઘ છોડીને મતદાન મથક સુધીના જઈ શકે ?
તુ એકવાર મતદાન કરી દે.

લોભ, લાલચને તું મૂક બાજુએ....
પછી પાંચ વર્ષ સુધી કોણ સહન કરશે?
તુ એકવાર મતદાન કરી દે.

દેશની પરિસ્થિતિ પર ફરિયાદ કરવાનું તું બંધ કર
ઉકેલ તારા હાથમાં છે.
તુ એકવાર મતદાન કરી દે.

મારા એક મતથી શો ફર્ક પડે ? એ વિચારવાનું તું છોડી દે....
તારા દેશનું ભવિષ્ય તું બદલી દે
તુ એકવાર મતદાન કરી દે.

**નીરજ ચુડાસમા**



## રાજકોટ જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ રાઠોડ દ્વારા ચૂંટણી સ્લીપ અને પત્રિકાનું વિતરણ

૧૦ લોકસભા ના ઉમેદવાર અને ભારત સરકાર ના પ્રધાન પરસોત્તમભાઈ રૂપાલાના સમર્થનમા હર-ઘર ચૂંટણી સ્લીપ અને પત્રિકા વિતરણ નુ અભિયાન આ અભિયાન મા મનોજભાઈ રાઠોડ( મંત્રી રાજકોટ જિલ્લા ભાજપ) તથા શૈલેષભાઇ રાઠોડ(તાલુકા ભાજપ આગેવાન અને બુથપ્રમુખ) તથા વિનોદભાઈ મહિડા(તાલુકા અ.જા. મંત્રી) તથા મિલનભાઈ રાઠોડ( બુથ પ્રમુખ) અનિલભાઈ રાઠોડ(લોધીકા યુવા મોરચા) તથા લાખાભાઇ રાઠોડ(ગ્રામપંચાયત સભ્ય) તથા (હકાભાઈ છાસિયા(ગ્રામપંચાયત સભ્ય) આગેવાનો એ હર- ઘર સંપર્ક કર્યો હતો.



## છ ISKU ગુજરાત સ્ટેટ લેવલ કરાટે ચેમ્પિયનશિપમાં જયરાજસિંહ ચુડાસમાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

રાજકોટ,તા.૬

ઇન્સ્ટિટયૂટ ઓફ શોટોકાન કરાટે યુનાઈટેડ,રાજકોટ અને ટેકનોફાઇટ માર્શલઆર્ટ્સ મેનેજમેન્ટ દ્વારા ''છઠ્ઠી ISKU ગુજરાત સ્ટેટ લેવલ કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૪'' નું તા.૫/૫/૨૦૨૪ નાં રોજ રાજકોટ ખાતે આયોજન થયું હતું.જેમાં રિટાયર્ડ આર્મીમેન ધર્મેન્દ્રસિંહ અને હર્ષાબાના બે પુત્રો પૈકી જયરાજસિંહ ચુડાસમા એ કરાટેની કાતા ઈવેન્ટમાં ગોલ્ડ અને કુમિતે ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.જયારે હર્ષવર્ધનસિંહ એ કરાટેની કુમિતે ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ અને કાતા ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.બંને બહેનોએ પોતાના માતા પિતા અને ચુડાસમા પરિવારનું ગૌરવ વધારેલ છે. તેમને કરાટેનું પ્રશિક્ષણ કોચ સેનસાઈ નમ્રતાબા પરમાર (બ્લેક બેલ્ટ ૨ક્ષમ ડેન) આપી રહ્યા છે.

### પ્રાર્થના સભા

રાજકોટ,તા.૬

પુનિત સદ્ગુરૂ ભજન મંડળ દ્વારા આજે સાંજે ૫ થી ૬ સ્વ.નિર્મળાબેન કોટેચાને શ્રધ્ધાંજલી અર્પણ કરવા પ્રાર્થના સભા રાધાકિષ્ન હોલ, પંચનાથ મહાદેવ મંદિર ખાતે રાખેલ છે.

### સેવાભાવી શાંતી લાલ પોપટનો જન્મદિવસ

રાજકોટ,તા.૬



વીરપુરના સતત ૨૧ વર્ષના પદયાત્રા રઘુવીર સેનાના સભ્ય અને બોલબાલાના સન્માનિત સભ્ય શાંતીલાલ પોપટનો આજે જન્મદિવસ છે તેઓ ૭૮માં વર્ષમાં મંગલપ્રવેશ કરશે.આજે તેમના જન્મદિને ખુબ શુભેચ્છાઓ મો.નં.૯૪૦૮૯૮૯૯૯૦ પર મળી રહી છે.

## ટીબીઓ ટેક લિમિટેડનો આઈપીઓ ૮ મે, ૨૦૨૪ના રોજ ખૂલશે

અમદાવાદ, તા.૬

ટીબીઓ ટેક લિ. બધવાર તા.૮ના રોજ ઇકવીટી શેર્સનો તેનો આઇપીઓ માટે બિડ ખોલશે. ઓફર શુક્રવાર તા.૧૦ના રોજ બંધ થશે. એન્કર ઇન્વેસ્ટર બિડીંગ મંગળવાર તા.૭ના રોજ રહેશે.

ઓફર માટેનો પ્રાઇઝ બેન્ડ ઇકવીટી શેર દીઠ રૂા.૮૭૫ થી રૂા.૯૨૦ નક્કી કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ ૧૬ ઇક્વિટી શેર્સ અને ત્યારબાદ ૧૬ ઇક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

૪૦૦ કરોડના મૂલ્યના ઇક્વિટી શેર્સના ફ્રેશ ઇસ્યુ અને ૧૨,૫૦૮,૭૯૭ સુધીના ઇક્વિટી શેર્સના કેટલાક શેરધારકો દ્વારા વેચાણની ઓફર થાય છે.

કંપની ઓફરના ફ્રેશ ઇસ્યુ પોર્શનમાંથી મળેલી કુલ આવકનો નીચે મુજબ ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. (૧) નવા ખરીદકર્તાઓ અને સપ્લાયર્સ દ્વારા પ્લેટફોર્મને વધારવા તથા મજબૂત કરવા જેમાં સમાવેશ થાય છે. (એ) કંપની દ્વારા ટેકનોલોજી અને ડેટા સોલ્યુશનમાં રોકાણ માટે રૂા.૧૩૫ કરોડ (બી) માર્કેટીંગ અને પ્રમોશનલ એક્ટિવીટીઝ દ્વારા પ્લેટફોર્મ યુઝર્સના ઓનબોર્ડીંગ માટે તથા ભારતની બહાર સપ્લાયર અને બાયર્સને વધારવા માટે સેલ્સ અને કોન્ટ્રાક્ટીંગ કર્મચારીઓની ભરતી માટે તેની મટિરિયલ સબસિડિયરી ટેક ટ્રાવેલ્સ ડીએમસીસીમાં રોકાણ માટે રૂા.૧૦૦ કરોડ (સી) ભારતમાં સંસ્થાની વિકાસ યોજનાઓને સમર્થન આપવા માટે સેલ્સ, માર્કેટીંગ અને ઇન્ફ્રાસ્ટ્રકચરમાં રૂા.૨૫ કરોડનું રોકાણ અને (૨) અજાણ્યા ઇનઓર્ગેનિક હસ્તાંતરણો તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે રૂા.૪૦ કરોડ.


# કોંગ્રેસે ૬૪ વર્ષ શું કર્યુ? સનાતન ધર્મનું ગૌરવ ફરી દેશવાસીઓને અપાવતા નરેન્દ્રભાઇ મોદી

**ગુજરાતમાં ભાજપના શાસનમાં શાંતિ સાથે રામ રાજયનો અનુભવ : તોફાન અને કર્ફ્યુના દિવસો ભાજપે દુર કર્યા**

**રામ મંદિર માટે કોંગ્રેસ કેમ સુપ્રિમ કોર્ટમાં જતી ન હતી? હજુ 'ખીચડી સરકાર' જ બનાવવા વિપક્ષના નબળા ઈરાદા**

**અમરનાથ યાત્રા અને ચાર ધામ યાત્રાને દાયકાઓ બાદ મળી સુરક્ષા : કલમ ૩૭૦ રદ્દ કરી કાશ્મીરને ફરી દેશ સાથે જોડયું**

**સુરત અને ઈન્દોરમાં તો ભાજપનું ખાતુ પણ ખુલી ગયું : પછાત વર્ગને હકકો અપાવવામાં પણ કોંગ્રેસના નબળા ઈરાદા આડે આવ્યા**



રાજકોટ, તા. ૬

રાજકોટ સહિત ગુજરાતની ૨૫ અને દેશના અન્ય રાજયોમાં તબકકાવાર યોજાતી ચૂંટણી માટે આવતીકાલે મંગળવારે મહત્વપૂર્ણ અને ઐતિહાસિક મતદાન થવાનું છે ત્યારે દેશમાં ૬૪ વર્ષ સુધી રાજ કરનાર કોંગ્રેસને પ્રજા અને રાષ્ટ્રના વિકાસ માટે ઉદાર તથા મજબુત પગલા લેતા કોણ રોકતું હતું તેવો વેધક સવાલ આપા ગીગાના ઓટલાના મહંત નરેન્દ્રબાપુએ કર્યો છે. સાથે જ તેઓએ કોંગ્રેસ શાસનના કર્ફ્યુ કાળના દિવસો પણ યાદ કરાવ્યા હતા.

આજે 'સાંજ સમાચાર' કાર્યાલયની મુલાકાત વખતે તેઓએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં મુખ્યમંત્રી પદે પ્રથમ વખત ભાજપ સરકારના સ્વ.કેશુભાઇ પટેલે જવાબદારી સંભાળી તે પહેલા ગુજરાતના હૃદય એટલે કે અમદાવાદ તથા અન્ય નાના મોટા શહેરોમાં તોફાનોને કારણે છાશવારે કર્ફ્યુ લાગી જતા હતા. આવી હાલત સામે પગલા લેવામાં કોંગ્રેસ સફળ થતી ન હતી તે પણ શંકા ઉભી કરે તેવી બાબત છે. આ બાદ નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા એટલે સમગ્ર ગુજરાતમાં શાંતિની સ્થાપના થઇ હતી અને તોફાન તથા કર્ફ્યુ ભુતકાળ બન્યા છે. આવા કોઇ કામ કોંગ્રેસ કરવા માંગતી ન હતી તેવું સાબિત થયું હતું.

ઇતિહાસ પર નજર ફેરવતા તેઓએ કહ્યું હતું કે, ૧૯૪૭માં બંધારણ લાગુ થયું ત્યારથી પછાત વર્ગને અધિકારો આપવામાં કોંગ્રેસને કોઇ રસ ન હોય તેવું લાગતું હતું. ૧૯૯૦માં વી.પી.સિંઘ સરકારે અનામત માટે પહેલ કરી ત્યારે સુપ્રિમ કોર્ટમાં નિર્ણય પડકારવામાં આવ્યા હતા અને ૫૦ ટકાની મર્યાદા નકકી થઇ હતી. છતાં ૨૦૧૪ સુધી એટલે કે કુલ ૬૪ વર્ષ સુધી કોંગ્રેસે આ દિશામાં કોઇ કામ કર્યુ ન હતું. સંપૂર્ણ બહુમતી ધરાવતી કોંગ્રેસની દાનતમાં ખોટ હતી.

ભાજપ સરકાર આવી તે બાદ બીજી ટર્મમાં નરેન્દ્રભાઇએ કરોડો ભારતીયોનું ૫૦૦ વર્ષ જુનુ સપનુ સાકાર કરીને અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કરાવ્યું છે. કાશ્મીરમાં ૩૭૦મી કલમ હટાવીને દેશ સાથે જોડવાનું હિંમતભર્યુ કામ કર્યુ છે. આટલા વર્ષો સુધી કોંગ્રેસ સરકાર રામ મંદિર નિર્માણ માટે કેમ કોર્ટમાં ગઇ ન હતી? સરકાર દ્વારા રાષ્ટ્રની સુરક્ષા માટે કરવામાં આવેલી એર સ્ટ્રાઇક અને સર્જીકલ સ્ટ્રાઇક એ આપણા એક મતની તાકાત છે. જે જે રાજયમાં કોંગ્રેસની સરકાર છે ત્યાં પણ પછાત સહિતના વર્ગ માટે હિતકારી નિર્ણય લીધા નથી. અરે કોંગ્રેસ તો બહુમતી માટે જરૂરી ૨૭૨ બેઠક પર ચૂંટણી પણ લડતી નથી. આથી ચૂંટણી બાદ ખીચડી સરકાર બનાવીને ફરી દેશને ખાડામાં નાખવાની માનસિકતા હોવાનું પણ લોકો સ્પષ્ટ જોઇ રહ્યા છે.

**એક મતથી શું થયું**

- રાજકોટને એઇમ્સ મળી
- આંતરરાષ્ટ્રીય એરપોર્ટ
- સૌની યોજનાથી પાણીનું સુખ
- આયુષ્યમાન કાર્ડથી ફ્રી સારવાર
- રામ મંદિરનું નિર્માણ
- કાશ્મીરમાં ૩૭૦ રદ
- ચાર ધામ યાત્રા માટે સુગમ અને સુરક્ષા સાથેના માર્ગો
- બાબા અમરનાથ યાત્રાને સુરક્ષા કવચ
- કાશી, મથુરા, ઉજજૈન કાયાપલટના માર્ગે
- સોલાર યોજનાથી વિજ બીલની બચત
- દરેક પરિવારને ઘરનું ઘર
- હજુ ૧૦૦ દિવસનો પ્લાન તૈયાર



મતદાન પહેલા સુરત અને મધ્યપ્રદેશના ઇન્દોરની બે બેઠક તો ભાજપે બિનહરીફ જીતી લીધી છે. આ રીતે સમગ્ર દેશના લોકોનો ઇરાદો પણ દેખાઇ આવે છે.

ભાજપ સરકારના રાજમાં સનાતન ધર્મની ફરી જય બોલવામાં આવી છે. દરેક સમાજને હિન્દુસ્તાની હોવાનું ગર્વ મળ્યું છે. જયાં હજારો વર્ષ પહેલા ભગવાને જન્મ લીધા એ ભારતને અખંડ રાખવા નરેન્દ્રભાઇ મોદી અને ગૃહમંત્રી અમિતભાઇ શાહની ટીમે જરૂર પડયે સુરક્ષા માટે કડક પગલા લીધા છે. અયોધ્યા બાદ કાશી, મથુરા અને ઉજજૈન સંપૂર્ણ કાયાપલટના માર્ગે છે. ચાર ધામ યાત્રા અને બાબા અમનાથની યાત્રા માટે સંપૂર્ણ સુરક્ષા વ્યવસ્થાઓ કરવામાં આવી છે. પરંતુ આવું કંઇ કોંગ્રેસને સુઝયુ ન હતું.



ભારત સામે ઉંચી આંખ કરવામાં હવે અન્ય દેશોએ સાત વખત વિચારવું પડે છે. સનાતન ધર્મની સ્થાપના સાથે ગુજરાત સહિત સમગ્ર દેશના લોકો શાંતિ અને સલામતી ભોગવે તે સહિતના નવા કામોની તૈયારી પણ કરવામાં આવી છે. સૌપ્રથમ વખત રાજકોટથી ચૂંટણી લડેલા નરેન્દ્રભાઇ મોદી રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના હિત માટે કામ કરતા રહ્યા છે. એઇમ્સ, સૌની યોજના, રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જેવા અનેક કામો રાજકોટવાસીઓને દાયકાઓ સુધી કામ આવે તેમ છે.

---

**'સમગ્ર ભારતના ઉત્થાન' માટેની સદ્‌ગુરૂદેવ શ્રી રણછોડદાસજી બાપુની અંતિમ ઇચ્છાને સાકાર કરવા**

# સદ્‌ગુરૂ આશ્રમ દ્વારા તા.૧૧થી એક વર્ષ સુધી ૧૦૮ કરોડ શ્રીરામ જપ યજ્ઞનું દિવ્યતાસભર ભવ્ય આયોજન

**આ જપયજ્ઞમાં સૌથી વધારે જાપ કરનાર પરિવારનું આશ્રમ દ્વારા સન્માન કરવામાં આવશે | આગામી તા.૧૧મીના શનિવારે સદ્‌ગુરૂ આશ્રમના સ્થાપના દિનથી જપયજ્ઞ અભિયાનનો પ્રારંભ**

**સદ્‌ગુરૂદેવ પુના ખાતે બિરાજ્યા હતા ત્યારે ૧૯૬૯ના ઓકટોબરમાં પોતાની અંતિમ ઇચ્છા ડાયરીમાં લખાવીઃ દેશનું ઉત્થાન થાય, કોઇ વ્યકિત દુઃખી ન રહે સર્વનું કલ્યાણ થાય તેવો ભાવ વ્યકત કર્યો**

રાજકોટ, તા.૬

સદ્‌ગુરુદેવ શ્રી રણછોડદાસજી બાપુએ પોતાની અંતિમ ઈચ્છા પુનામાં ઓક્ટોબર ૧૯૬૯માં ડાયરીમાં 'સમગ્ર ભારત વર્ષનું ઉત્થાન થાય તેવી નોંધ' મુકી હતી. પૂ. સદ્‌ગુરુદેવની અંતિમ ઈચ્છા અનુસાર શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ દ્વારા 'ભારત દેશના ઉત્થાન' માટે આગામી તા.૧૧-૫ થી તા.૧૧-૫-૨૫ (એક વર્ષ) સુધી ૧૦૮ કરોડ 'રામ રામ' જપયજ્ઞનું દિવ્યતાથી સભર આયોજન કરવામાં આવેલ છે.

પૂ.શ્રી રણછોડદાસજી બાપુની પ્રેરણા અને મહાસંકલ્પને સાર્થક કરવા તથા ચારેય દિશાઓથી ભારત દેશનું રક્ષણ થાય તે નિમિત્તે ૧૦૮ કરોડ 'રામ રામ રામ રામ રામ' મહામંત્ર જપયજ્ઞનું આશ્રમના સ્થાપના દિવસ તા.૧૧-૫ના શનિવારથી તા.૧૧-૫-૨૫ના રવિવાર સુધી કરવામાં આવેલ છે.

પૂ. સદ્‌ગુરુદેવ શ્રી રણછોડદાસજી બાપુ પુના ખાતે બિરાજતા હતા અને બીમાર હતા ત્યારે તેઓએ પોતાની અંતિમ ઈચ્છા ૧૯૬૯માં ઓક્ટોબર મહિનામાં



ડાયરીમાં લખાવતા કહ્યું હતું કે 'સમગ્ર ભારત વર્ષનું ઉત્થાન થાય' એ માટે તેઓને એક જ વિચાર અને સંકલ્પ હતો કે ભારત દેશની કિર્તી ચોમેર પ્રસરે સૌનું કલ્યાણ થાય. કોઈ વ્યકિત દુઃખી ન રહે તેવી ભાવના વ્યકત કરી હતી.

**૧૦૮ કરોડ જપયજ્ઞ**

૧૦૮ કરોડ મહામંત્રના જાપમાં સર્વ ધર્મપ્રેમી ભાઈ-બહેનોને જોડાવા સદ્‌ગુરૂ આશ્રમ દ્વારા અનુરોધ કરાયો છે. આ મહા આયોજનમાં ગુરુદેવની આજ્ઞાનું પાલન કરીને જાપમાં જોડાવા માટેની અપીલ કરાઈ છે. સૌથી વધારે જપ કરનાર પરિવારનું સન્માન કરીને તેમને બિરદાવવામાં આવશે. ગુરુદેવની આશીર્વાદરૂપી ઉપેણી સૌથી વધારે જાપ કરનાર પરિવારને આપવામાં આવશે.

આ મહા અભિયાનમાં દેશ-વિદેશમાં વસતા સર્વ ભાવિકો જોડાય તેવી કામના વ્યકત કરાઈ છે. જાપ યજ્ઞમાં જોડાતા ભાઈ-બહેનોએ વોટ્સએપ નં. ૯૫૮૬૩ ૦૮૧૭૮ ઉપર મેસેજ કરી નામ નોંધાવી દેવા સદ્‌ગુરુ આશ્રમના ટ્રસ્ટી પ્રવિણભાઈ વસાણીએ જણાવેલ છે.

---

# રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ એમ. જાડેજાનો આજે ૪૨મો જન્મદિવસ

**રાજકોટ તાલુકા રાજપુત ક્ષત્રિય યુવા સમાજના પ્રમુખ તરીકે સેવા આપે છે**

રાજકોટ:તા ૬

રાજાભાઈ-વાવડી કોઠારીયા, રાજકોટ તરીકે જાણીતા રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ એમ. જાડેજા (રાજાભાઈ-વાવડી) જેઓનો જન્મદિવસ છે. તેઓ પ્રમુખ- રાજકોટ તાલુકા રાજપુત ક્ષત્રિય યુવા સમાજ, સંગઠન મંત્રી- ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ, પ્રમુખ-જન્માષ્ટમી મહોત્સવ સમિતિ વિશ્વ હિન્દુ પરિષદ-રાજકોટ, પૂર્વ ઉપપ્રમુખ- રાજપૂત કરણી સેના રાજકોટ જીલ્લો, પૂર્વ પ્રભારી રહી ચૂકયા છે.



તેમજ વીરપુર રાજપૂત ક્ષત્રિય યુવક મંડળ, સભ્ય-રાજપૂતાના સ્પોર્ટ કલબ ગુજરાત, સભ્ય-આર.વાય.એન.એલ. અપના બેંક, સભ્ય- શુભલક્ષ્મી ક્રેડીટ કો. ઓ. સોસા. લી.-રાજકોટ/ભાવનગર/જામનગર, સભ્ય-મવડી જુથ સેવા સહકારી મંડળી, પ્રેસીડન્ટ- દેવભુમી દ્વારકા જીલ્લા ક્રિકેટ એસોસીએશન, એકિઝકયુટીવ મેમ્બર-ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસીએશન, વાઈસ પ્રેસીડન્ટ- ગીર સોમનાથ ફુટબોલ એસોસીએશન, સભ્ય-ગુજરાત ફુટબોલ ગ્રાસરૂટ કમિટી, ચેરમેન-માસ્ટર એફ.સી. ફુટબોલ કલબ, રાજકોટ, શુભમ એન્ટરપ્રાઈઝ-રાજકોટ, શુભમ કન્સ્ટ્રકશન-રાજકોટ/ભાવનગર/સુરેન્દ્રનગર, શુભમ સુપર માર્કેટ-સુરેન્દ્રનગર, શુભલ લેન્ડ ડેવલોપર્સ એન્ડ બિલ્ડર્સ-ગુજરાત,શીવાના ફૂડ પ્રા.લી.-રાવકો(રાજકોટ), જાપરા ફુડ પ્રા.લી.-અમદાવાદ, કુહે એકઝીમ પ્રા.લી.-અમદાવાદ/ઓસ્ટ્રેલીયા/ આફ્રિકા, મોહનેશ્વર વર્લ્ડ વિઝન-રાજકોટ, કલ્પવૃક્ષ બિલ્ડર્સ-ભાવનગર, બ્લેક પાયથોન પ્રા.લિ.-રાજકોટ/મુંબઈ, શિવશકિત ઈન્ફ્રા. પ્રા.લી.-ભાવનગર, એમેઝોન વેર હાઉસ-રાજકોટ/મુંબઈ, એન.જી.રોફ, ઈન્ટરનેશનલ પ્રા.લી.-મેટોડા, મોહનેશ્વર ગ્રુપ-વાવડી, કુમકુમ ગ્રુપ-રાજકોટ, આર.ડી. ગ્રુપ-રાજકોટ, શ્રી હનુમાન ચાલીસા યુવા કથા ગ્રુપ, બાઘેશ્વર સેવા સમિતિ ગ્રુપ તથા ગુજરાતની અનેક સમાજીક, સહકારી, ધાર્મીક, રમતગમત સહિત અનેક સેવાકીય સંસ્થાઓ તથા અનેક વ્યવસાયો સાથે સંકળાયેલા છે.

રાજદીપસિંહનો આજે ૪૨મો જન્મદિવસ છે. આજે તેમના જન્મદિવસે મોબાઈલ નં. ૯૯૭૮૫ ૦૦૭૦૦ ઉપર બહોળા મિત્ર વર્ગ તથા સમર્થકોની ગુજરાત સહિત દેશ વિદેશથી શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

---

# પૂ.ધીરજમુનિ મ.ની નિશ્રામાં ધાર્મિક-સામાજીક કાર્યો પૂર્ણતા ભણી

રાજકોટ તા.૬

ગોંડલ સંપ્રદાયના પૂ.શ્રી ધીરજમુનિ મ.ના અનુગ્રહથી ૧૯૯૬થી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્રના ઉપક્રમે ખાસ કરીને પંચ મહાવ્રતધારી સાધ્વીજીઓના સંયમ સુરક્ષા ઉપલક્ષે ગ્રામ્ય વિસ્તારમાં વિહાર સ્થાન ઉપાશ્રય નિર્માણનો પ્રારંભ થયા બાદ આજ સુધીમાં ૧૨૫ જેટલા વિહારધામ, ઉપાશ્રય, આયંબિલ ભવન મેડીકલ સેન્ટર, ગર્લ્સ હોસ્ટેલ, પાંજરાપોળ, ગૌશાળા, સેવા સંકુલ, જૈન બોર્ડિંગ બહેરા મુંગા શાળા સંકુલ, પ્રાથમિક શાળા ભોજનાલય વગેરે કાર્ય થઈ રહેલ છે. જે ચારેય ફિરકાના સંત સતીજીઓને ઉપયોગી બની રહ્યા છે.

રજનીભાઈ બાવીસીના જણાવ્યાનુસાર હાલમાં ઘાટકોપર હિંગવાલા સંઘમાં જલગાંવમાં સુવિધિનાથ ધર્મ સંકુલ, ગોપાલગ્રમમાં વિમલ વૈયાવચ્ચ ભવન, ચેન્નઈમાં સી.યુ. શાહ પ્રેરિત ઉપાશ્રય, નૂતનીકરણ, રાજકોટમાં વિરાણી બહેરા મુંગા શાળા, જૈન બોર્ડિંગ, મહાવીર ભવન-હોલ, કલકતામાં કમાણી જૈન સંકુલ કરોડોના ખર્ચે કાર્યરત છે. જે નજીકના ભવિષ્યમાં પૂર્ણ થશે.

---

# સેવા સહકાર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી પાર્થરાજસિંહ ચૌહાણનો આજે જન્મદિવસ

રાજકોટ:તા ૬



રાજકોટ શહેર યુવા ભાજપ અગ્રણી અને સેવા સહકાર ચેરીટેબલ ટ્રસ્ટ ના ટ્રસ્ટી પાર્થરાજસિંહ ચૌહાણના જન્મદિવસ નિમિત્તે સેવા યજ્ઞ તારીખ ૦૧/૦૫/૨૦૨૪ થી લઈ ૦૬/૦૫/૨૦૨૪ સુધી, અખંડ સેવા યજ્ઞ અવિરત ચાલુ હતો. ત્યારે આજ રોજ પાર્થરાજસિંહ ચૌહાણ ને જન્મદિવસ ની ખુબ ખુબ શુભેચ્છા મળી રહી છે. સેવા સહકાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આરોગ્ય સહાય, બેટી પઢાઓ, બેટી બચાઓ,જરૂરિયાતમંદ વૃધ્ધો ને સહાય,શિક્ષણ સહાય,પર્યાવરણ બચાવો - વૃક્ષ વાવેતર, અબોલા જીવદયા સહિના કાર્યક્રમ કરવામાં આવે છે.

---

# બુધવારે પી. જી. વી. સી. એલ. દ્વારા વીજ પુરવઠો યથાવત ચાલુ રખાશે

રાજકોટ, તા.૬

આવતીકાલ તા.૭ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી છે, કલેકટરના જાહેરનામા અનુસંધાને સવેતન જાહેર રજા રાખવાનું જણાવેલ છે. આથી તમામ વેપાર-ઉદ્યોગકારો પોતે મતદાન કરે અને પોતાના કર્મચારીઓ-સહપરિવાર અવશ્ય મતદાન કરે તે માટે જાગૃતતા લાવીને લોકશાહીના આ પર્વમાં સામેલ થવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના દ્વારા અનુરોધ કરવામાં આવે છે. સાથોસાથ પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૮ને બુધવારના રોજ સ્ટેગરીંગ-ડે હોવા છતાં તે રદ કરી વીજ પુરવઠો ચાલુ રાખવામાં આવશે તેવી જાહેરાત કરાવમાં આવી છે.

વધુમાં પ્રમુખ વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે, જે કોઈ ઔદ્યોગિક એકમોને બુધવારના દિવસે સ્વૈચ્છીક રીતે પોતાના એકમો ચાલુ રાખવા હોય તો તે રાખી શકશે.

---

# આજે ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ એડવોકેટ નાનજીભાઇ ખીમસુરીયાનો જન્મદિવસ

રાજકોટ, તા.૬

ગ્રાહક ઈઝ કિંગ ના સુત્રને વેગતુ બનાવનાર રાજકોટ જીલ્લાના ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ એડવોકેટ નાનજીભાઈ ખીમસુરીયાનો આજે જન્મદિવસ છે.



એડવોકેટ નાનજીભાઈ રૂડાભાઈ ખીમસુરીયા રાજકોટ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળમાં છેલ્લા ૧૪ વર્ષથી પ્રમુખ તરીકેની કામગીરી નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે. તેઓ નાના બાળકો થી માંડીને મોટેરા સુધીમાં ગ્રાહક સુરક્ષાનું જ્ઞાન મળી રહે જેથી કરીને આવનારી પેઢી છેતરાય નહીં તે માટે રેલી, સેમીનાર શિબિર, પરીસંવાદ, જેવા કાર્યક્રમો કરી પોતાનું પ્રમુખ તરીકેનું કર્તવ્ય સારી રીતે નીભાવી રહ્યા છે. તદ્‌પરાંત પોતાના જીવનકાળ દરમ્યાન ૫૩ વર્ષમાં ૪૧ વખત રકતદાન કરીને એક સાચી સામાજીક ફરજ બજાવી છે. તેમના જન્મ દિવસે નિમિતે મિત્રો, સ્નેહીજનો, કુટુંબીજનો, સગા સબંધીઓ, એડવોકેટ મિત્રો તથા ગ્રાહક સુરક્ષાના કાર્યકર્તાઓ,સભ્યો દ્વારા મો.નં.૯૮૭૯૫ ૯૯૨૨૦ પર અને ઓફીસ નં.૭૭,૩જો માળ, સમૃધ્ધિ ભવન, ગોંડલ રોડ રાજકોટ ખાતે મુલાકાત લઈને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

---

# રેસકોર્સમાં વેકેશન કાર્નિવલનો ધમાકેદાર પ્રારંભ

**ગુજરાતમાં પ્રથમવાર ફ્રી ફિશ એકવેરિયમ આકર્ષણનું કેન્દ્ર બનશેઃ ૭૦ રૂપિયામાં પાંચ રાઈડ્સનો લ્હાવોઃ તા.૨ જૂન સુધી વેકેશન કાર્નિવલનો આનંદ માણી શકાશે**





રાજકોટ,તા.૬

રાજકોટ રેસકોર્સ મેદાનમાં માઈક્રોફાઈન ઘરઘંટી પ્રસ્તુત વેકેશન કાર્નિવલ ૨૦૨૪નો પ્રારંભ થઈ ચૂકયો છે. ૨ જૂન સુધી ચાલનારા આ વેકેશન કાર્નિવલને રાજકોટવાસીઓ મન ભરીને માણશે. આ ફેરનું ઉદ્‌ઘાટન રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ સ્વામી નીખીલેશ્વરાનંદજી અને સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ ઝાલા દિવ્યરાજસિંહ જાડેજા, રવિરાજસિંહ રાણા, દિવ્યરાજસિંહ ચુડાસમા, દેવેન્દ્રસિંહ સોલંકી, અને કિરીટભાઈ વ્યાસ અને યુવરાજસિંહ ચુડાસમા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ વર્ષે કરતા વધુ મોટા પ્રમાણમાં અને અત્યાધુનિક રીતે ફેર યોજવામાં આવ્યો છે. બાળકોથી લઈને મોટેરાઓ પરિવાર સાથે રેસકોર્સ વેકેશન કાર્નિવલનો લાભ લઈ શકશે દર વર્ષે રંગીલા રાજકોટવાસીઓ માટે વેકેશન કાર્નિવલ કંઈક નવું જ લઈને આવે છે ત્યારે આ વર્ષે પણ લોકોને અનેરો આનંદ મળે તે માટે અવનવી રાઈડસ સાથેની મોજ લોકો માણી શકશે. ખાસ તો આ વખતે ફિશ એકવેરિયમ, મોતનો કૂવો તેમજ ઘોસ્ટ હાઉસ નાનાથી લઈ મોટા તમામ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. વેકેશન કાર્નિવલમાં ફકત ૭૦ રૂપિયામાં લોકો ૫ રાઈડસમાં બેસી શકશે.તદ્‌પરાંત ફેરમાં બધા જ પ્રકારનાં સેગમેન્ટનાં સ્ટોલને આવરી લેવાયા છે.જયાં અત્યાધુનિક વસ્તુઓનું પ્રદર્શન તેમજ સૌરાષ્ટ્રની નામાંકિત કંપનીઓ પણ ફેરમાં ભાગ લઈ રહી છે.વેકેશન કાર્નિવલ ફેરની મુલાકાત બપોરે ૪ વાગ્યાથી રાત્રીનાં ૧૧ વાગ્યા સુધી લઈ શકાશે. રાજકોટવાસીઓ આનંદ ઉલ્હાસ સાથે વેકેશન મેળાને માણી શકે તેવું આયોજન કૃષ્ણસિંહ જાડેજા, યશપાલસિંહ જાડેજા, સાગર ઠકકર અને ટિમ દ્વારા કરવામાં આવ્યું છે.તો રાજકોટવાસીઓ ઉલ્લાસભેર આયોજનમાં સહભાગી થાય અને મુલાકાત લે તેવી અપીલ કરવામાં આવી છે.

---

# મતદાન મથકે પહોંચવા આદેશ ટ્રાવેલ્સ પ્રા.લી.ની નિઃશુલ્ક કેબ સેવા

આદેશ ટ્રાવેલ્સ પ્રા.લી. દ્વારા આવતીકાલે તા.૭ ને મંગળવારના રોજ લોકસભાનું મતદાન કરવાનું હોવાથી વધુ ને વધુ મતદાન થાય તેવા આશ્રયથી આદેશ કેબ સર્વિસ રાજકોટવાસીઓ માટે એમના ઘરેથી મતદાન મથકે અને મતદાન મથકેથી એમના ઘરે પહોંચાડવા માટે નિઃશુલ્ક સર્વિસ આપશે. ઉંમરલાયક વૃધ્ધ વ્યકિતઓ કે બીજી રીતે અશકત (પરમેનેન્ટ ડીસિબ્લિટી) છે એમના માટે આદેશ કેબ ટોલ ફ્રી નં.૯૦૯૯૦ ૯૭૩૭૩ પર ફોન કરી કેબ સુવિધા મંગાવી શકાશે.

---

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફિઓ તથા DBS બેન્કના સંયુકત ઉપક્રમે માર્ગદર્શન સેમિનાર યોજાયો

**Hassle Free Export Finance Smooth Lodgment of Export Bills" અંગે માહિતી અપાઈ**

રાજકોટ:તા ૬

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિઓ) તથા DBS બેન્કના સયુંકત ઉપક્રમે તા.૩-૫-૨૦૨૪ ના રોજ "Hassle Free Export Finance Smooth Lodgment of Export Bills'' અંગે સેમિનાર યોજાયો હતો. જેમાં જોઈન્ટ ડીજીએફટી રોહિત સોની ખાસ ઉપસ્થિત રહેલ. સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ફિઓ વેસ્ટર્ન રીજીઓનના કન્વીનર પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર દ્વારા વિવિધ સેકટરને લગતા સેમિનારો યોજવામાં આવે છે. તેમજ EBRC જાણકારી અંગે આગામી ટુંક સમયમાં સેમીનાર યોજીશું. વધુમાં નિકાસને લગતા કોઈપણ પ્રશ્નો કે સમસ્યા હોય તો તે રાજકોટ ચેમ્બરને મોકલી આપવા અનુરોધ કરેલ.




ત્યારબાદ જોઈન્ટ ડીજીએફટી રોહિત સોનીએ નિકાસને લગતી કાંઈપણ મુશ્કેલીઓ પડી રહી હોય તો ડીજીએફટી ઓફિસનો સંપર્ક કરી સંપુર્ણ સહયોગ આપવા ખાત્રી આપેલ.DBS બેન્કના કવિશ શાહએ બેન્ક દ્વારા નિકાસકારો માટે મળવાપાત્ર સેવાઓ-લાભો અંગે તેમજ Hassle Free Export Finance Smooth Lodgment of Export Bills અંગે વિસ્તાર પૂર્વક પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા માહિતી આપેલ.

---

# કાલે ૧૦૦% મતદાન કરી વિકસીત ભારતના નિર્માણમાં સહભાગી બનવાનો અમૂલ્ય અવસર

**ભાજપને મત એટલે નરેન્દ્રભાઈ મોદીના મજબુત સંકલ્પોને મત : અનિલભાઈ મકવાણા**



રાજકોટ, તા. ૬

રાજકોટની બેઠક પર પરસોતમભાઈ રૂપાલા સહિત રાજયના ૨૫ ઉમેદવારો માટે આવતીકાલે મંગળવારે લોકસભા ચૂંટણીનું મતદાન થવાનું છે ત્યારે લોકશાહીના આ મહાપર્વમાં તમામ નાગરિકે ઉત્સાહથી ભાગ લઈ ૧૦૦ ટકા મતદાન કરવાની અપીલ ભાજપના પૂર્વ કોર્પોરેટર અને અનુ.જાતિ વિકાસ નિગમના ડિરેકટર અનિલભાઈ મકવાણાએ કરી છે.

પાંચ વર્ષે આવતા લોકસભાની ચૂંટણી દેશનું ભાવિ ઉજજવળ કરવાનો અને આ વખતે પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત કરવાનો સુવર્ણ અવસર છે. ૬૦ વર્ષમાં ન થયેલા કામો ભાજપ સરકારે ૧૦ વર્ષમાં કર્યા છે. મફત સારવારથી માંડી ગરીબોના ઉત્થાન માટે કામ કરતા નરેન્દ્રભાઈની આગેવાનીમાં ભાજપને ૪૦૦થી વધુ બેઠક જીતાડવા લોકોમાં ઉત્સાહ છે. રાજકોટના લોકો તેમાં પુરૂ મતદાન કરીને સહભાગી બને તે જરૂરી છે. ભારત હવે દુનિયાના ટોચના ત્રણ વિકસીત દેશોમાં સ્થાન પામવા જઈ રહ્યું છે ત્યારે રામ મંદિરના નિર્માણ સાથે હિન્દુ રાષ્ટ્રના પાયા પણ મજબુત થયા છે.

**પરિચય**



★ કોર્પોરેટ પોલિટિકલ એસ્ટ્રોલોજિકલ કન્સલ્ટન્ટ.
★ વાસ્તુ : પાવર ઓફ ડાઈરેકશન એક્સપર્ટ.
★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
★ માઇન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
# સાંજ સમાચાર

## અઠવાડિક રાશિ ભવિષ્ય

**તારીખ :- ૬/૫/૨૦૨૪ થી ૧૨/૫/૨૦૨૪**

**સનતકુમાર વી. પોપટ**
(પોલિટિકલ બિસનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ, સાયન્ટિફિક કરિયર કાઉન્સેલર) (મો.) ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૦ / ૯

ૐ સોમવાર થી રવિવાર ૐ



### મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાનના સ્વામી ચંદ્ર બારમે રહેલા મંગળ તથા રાહુ પરથી પસાર થઈ રહ્યો છે. વિવાદિત મિલકતના વ્યવહારોથી દૂર રહેવું. આ સપ્તાહ દરમિયાન ત્રીજા તથા છઠ્ઠા સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં પ્રથમ સ્થાનમાં પ્રવેશે છે. વ્યક્તિત્વનો વિકાસ થતો જણાય. વ્યાપારીઓ, સંગઠન સાથેના સંબંધો સુદ્રઢ બનતા જણાય. બુદ્ધિચાતુર્યમાં વધારો થઇ શકે. મેષ રાશિ પરથી પસાર થનારો ચોથા સ્થાનનો સ્વામી ચંદ્ર કોઈ નિર્ણય લેવા અંગે ઉતાવળ ન કરવાનું સૂચવે છે. વૃષભ રાશિ પરથી પસાર થનાર ચંદ્ર ગુરુ સાથે રહીને ગજ કેશરી યોગની અસર કરતાં વાકશક્તિના યોગ્ય ઉપયોગ દ્વારા કાર્ય સિદ્ધિ પ્રાપ્ત કરવાનું સૂચવે છે. સપ્તાહના અંત ભાગમાં ત્રીજા સ્થાનમાં ચંદ્ર ભાઇભાંડુઓથી ઉત્તમ સહકાર અપાવી શકે. વ્યવસાયના વિકાસ માટે થયેલી મુસાફરી યાત્રા ફળદાયી નિવડી શકે.



### મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન પ્રથમ સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં લાભ સ્થાનમાં પ્રવેશે છે. અહી બળવાન રાશિપતિ બુધ દ્વારા નાણાંકીય લાભ પ્રાપ્ત કરવી શકે. કોઈ જગ્યાએ અટવાયેલા નાણાં છુટા પડતા જણાય. પરિચિત વર્તુળના નેટવર્ક તથા ઓળખાણ ધરાવતી વ્યક્તિઓના સહકાર દ્વારા કાર્ય સરળ બનાવી શકો. પંચમેશ શુક્ર પરથી ધનેશ ચંદ્રનું લાભ સ્થાનમાં ભ્રમણ ફળદાયી નીવડી શકે. આકસ્મિક તેમજ અણધારી સફળતા પણ પ્રાપ્ત કરી શકાય. સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાનનો સ્વામી ચંદ્ર મંગળ- રાહુ પરથી પસાર થતો હોવાથી ભૌતિક સુખસગવડોને લગતી વસ્તુઓ અંગે ખર્ચ અપાવી શકે. સપ્તાહના મધ્યભાગમાં બારમે રહેલા ગુરૂ ઉપરથી ચંદ્ર પસાર થતા મનમાં ધાર્મિક ભાવનાનો વિકાસ રહે. પરોપકારના કાર્યમાં સહભાગી બની શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આપની રાશિ પરથી થતા મન પ્રફુલ્લિત રહે.



### સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન ધન તથા લાભ સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં નવમા સ્થાનમાં પ્રવેશે છે. વ્યવસાયિક પરિસ્થિતિમાં સુધારો અનુભવી શકો. આત્મવિશ્વાસ બુલંદ બનતો જણાય. વ્યક્તિત્વનો વિકાસ થઈ શકે. મિલકતને લગતા વ્યવહારો લાભદાયક નિવડી શકે. ભાગ્ય ઉન્નતિ તથા કર્મ ક્ષેત્રે પ્રગતિ માટેની નવીન તકો પ્રાપ્ત કરી શકો. આઠમા સ્થાનમાં રહેલા મંગળ તથા રાહુ પરથી પસાર થતો ચંદ્ર પાલતુ જનાવરોથી સાવચેતી રાખવાનું સૂચવે છે. ઝડપી વાહન ડ્રાઇવિંગ ત્યજવું ઈચ્છનીય ગણાશે. બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર આ સપ્તાહની શરૂઆતમાં મેષ રાશિમાં રહેલા શુક્ર પરથી પસાર થતાં નાની પિકનિક દ્વારા હળવાશ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરી શકો. દશમે રહેલા ગુરુ પરથી ચંદ્ર પસાર થતા સપ્તાહ મધ્યભાગમાં કાયદાકીય કાર્યોમાં સફળતા મળતી જણાય. સપ્તાહના અંતભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે. શેરબજાર દ્વારા નાણાંકીય લાભ પ્રાપ્ત કરી શકો.



### તુલા રાશિ (ર, ત)

તુલા રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં કર્મતુલા રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન ભાગ્ય સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં સાતમા સ્થાનમાં પ્રવેશે છે. અહીં સામાજીક માન-સન્માન તથા ઓળખાણમાં વૃદ્ધિ થઇ શકે છે. ઉચ્ચ સ્થાન, સત્તા તથા સંપર્કો ધરાવનાર વ્યક્તિ દ્વારા સહાય પ્રાપ્ત કરી શકો. છઠ્ઠા સ્થાનમાં રહેલા રાહુ ઉપરથી ચંદ્રનું પરિભ્રમણ હરિફાઈ તથા પ્રતિસ્પર્ધામાં વિજય અપાવે. સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનનો ચંદ્ર સૂર્ય સાથે હોતા દાંપત્યજીવનમાં લેટ-ગો કરવાની ભાવના રાખવી. સપ્તાહના મધ્યભાગમાં આઠમા સ્થાનમાં ગુરૂ પરથી ચંદ્ર પસાર થતાં ગુઢ તથા આધ્યાત્મિક અનુભૂતિ કરી શકો. આકસ્મિક બનાવોથી રક્ષણ સંભવે. સપ્તાહના અંતભાગમાં નવમા સ્થાનનો ચંદ્ર પ્રગતિ માટેના સાનુકૂળ સંજોગોનું નિર્માણ કરે. આર્થિક ઉન્નતિ પ્રાપ્ત કરવા માટેના નવા પ્રયત્નો અમલમાં મૂકી શકો. નવી લાઈનમાં કોઈ વ્યવસાય કે સર્વિસ કરવા ઇચ્છતા જાતકો માટે અનુકુળ સમય ગણી શકાય.



### ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન સાતમા-દશમા સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં પાંચમા સ્થાનમાં પ્રવેશે છે. અહીં વ્યવસાય તથા સર્વિસમાં પ્રગતિ માટેની ઉત્તમ તક પ્રાપ્ત થતી જણાય. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકો. વિદ્યાર્થીઓને તેની મહેનતથી ઉત્તમ પરિણામ પ્રાપ્ત થઇ શકે છે. અહીં પ્રણય પ્રસંગોમાં થોડી સાવચેતી રાખવી ઇચ્છનીય ગણી શકાય. આઠમા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં પાંચમા સ્થાનમાં રહેલા શુક્ર પરથી પસાર થશે. પ્રિય પાત્ર સાથે આનંદદાયક સમય વિતાવી શકાય. બુદ્ધિ ક્ષમતામાં વધારો રહે. સપ્તાહના મધ્યભાગમાં છઠ્ઠા સ્થાનમાં રહેલા ગુરૂ પરથી ચંદ્ર પસાર થતા શારીરિક સ્વાસ્થ્ય વિષયક સમસ્યા હળવી બને. યોગ્ય તબીબી સારવારની તક ઉપલબ્ધ કરી શકો. મોસાળ પક્ષ સાથે સમજપૂર્વક વર્તવું. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણ સાતમા સ્થાન પરથી થશે. જાહેરજીવનમાં લાભદાયી પરિણામો પ્રાપ્ત થતા જણાય.



### કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને પાંચમા-આઠમા સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં ત્રીજા સ્થાનમાં પ્રવેશે છે. સંતાનો દ્વારા યોગ્ય સપોર્ટ પ્રાપ્ત થતા પરિવારિક હળવાશયુક્ત માહોલ રહે. કર્મ ક્ષેત્રે વિશેષ સફળતા પ્રાપ્ત કરવા માટે વ્યક્તિ વિશેષ સહયોગ પ્રાપ્ત કરી શકો. ભૂતકાળમાં રોકેલા નાણાં ઉચિત વળતર સાથે પરત પ્રાપ્ત કરી શકાય. ચંદ્રનું પરિભ્રમણ સ્થાનમાં રહેલા મંગળ તથા રાહુ ઉપરથી પસાર થશે. અહીં આર્થિક આયોજન જરૂરી બનશે. વ્યવસાય હોય કે ગૃહ બજેટ, આવક તથા જાવકનું સંતુલન સ્થાપવું જરૂરી બનશે. છઠ્ઠા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનમાં રહેલા શુક્ર પરથી પસાર થશે. મુસાફરીનો આનંદ માણી શકો. ચોથા સ્થાનમાં રહેલા ગુરૂ ઉપરથી ચંદ્ર પસાર થતાં સપ્તાહના મધ્યભાગમાં માનસિક તણાવ હલવો બને. પેન્ડિંગ રહેલા કે અટવાયેલા મિલકતના પ્રશ્નો સફળતાપૂર્વક ઉકેલી શકો. વાહન- ફર્નિચરની ખરીદી શક્ય બને.



### વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિના જાતકોને નવા સપ્તાહ ની શરૂઆતમાં ચંદ્ર લાભસ્થાનમાં મંગળ તથા રાહુ પરથી પસાર થશે. વધુ વળતરની લાલચમાં અયોગ્ય જગ્યાએ નાણાંનું રોકાણ કરવાથી બચવું. આ સપ્તાહ દરમિયાન બીજા તથા પાંચમા સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં બારમા સ્થાનમાં પ્રવેશે છે. અહીં આર્થિક વ્યવહારોમાં વધુ પડતાં ભરોસે કે જોખમે કાર્યો કરવા નહીં. વિવાદોથી દૂર રહેવું. ત્રીજા સ્થાનનો સ્વામી ચંદ્ર મેષ રાશિમાં પરિભ્રમણ કરશે. જે આકસ્મિક ખર્ચ અપાવી શકે. સપ્તાહના મધ્યભાગમાં આપની રાશિ પરથી પસાર થનારો ચંદ્ર વિચારોમાં એકાગ્રતા અપાવે. નવીન વિચારો-આયોજનો અમલમાં મૂકી શકો. માનસિક સ્થિતિ મજબૂત બનતી જણાય. કર્મક્ષેત્રે થયેલી ગેરસમજ દૂર થતાં કાર્યસ્થળે આનંદભર્યા માહોલનો અનુભવ કરી શકો. સપ્તાહના અંત ભાગમાં બીજા સ્થાનમાં ચંદ્ર ભોજનમાં ઠંડા પદાર્થોથી પરેજી રાખવાનું સૂચવે છે. આવકમાં વૃદ્ધિ પામી શકો.



### કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન ત્રીજા તથા બારમા સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં કર્મ સ્થાનમાં પ્રવેશે છે. અહી કર્મક્ષેત્રે પરિશ્રમમાં વધારો કરવો ઇચ્છનીય ગણાય. વડીલ વર્ગના માર્ગદર્શન હેઠળ ચાલવાથી ઉત્તમ પરિણામ પ્રાપ્ત થઈ શકે.

સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ ચંદ્રનું પરિભ્રમણ નવમે રહેલા રાહુ પર થતા મન તણાવ અનુભવે. દસમા સ્થાનમાં રહેલા શુક્ર પરથી રાશિપતિ ચંદ્રનું પરિભ્રમણ યશ,

પ્રતિષ્ઠા તથા કીર્તિમાં વધારો અપાવે. નવી ઓળખાણો તથા સંપર્ક વર્તુળમાં વધારો કરી શકો. ચંદ્રનું પરિભ્રમણ વૃષભ રાશિમાં ગુરૂ પરથી થતા મિત્રો દ્વારા ઉત્તમ સહકાર પામી શકો. સપ્તાહના અંત ભાગમાં કોઈ નાના કાર્યને પૂર્ણ કરવા માટે પણ વધુ પ્રયાસો કે ધક્કા થઈ શકે છે. વ્યવસાયિક ક્ષેત્રે અનૈતિક કાર્યોથી દૂર રહેવું. તેમજ શેરબજારમાં લાંબાગાળાનું રોકાણ સમજપૂર્વક કરવું ઈચ્છનીય ગણાશે.



### કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન રાશિપતિ બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં આઠમા સ્થાનમાં પ્રવેશે છે. અહીં શારીરિક સ્વાસ્થ્યની જાળવણી જરૂરી બનતી જણાય. વકૃત્વ ક્ષમતામાં વધારો થઈ શકે. કર્મક્ષેત્રે આયોજનપૂર્વક કરેલા પરિશ્રમ દ્વારા લાભ પ્રાપ્ત કરી શકો. કોઈ કાર્ય અંગે મહેનત વધુ કરવી પડી શકે તેમ છે. તેમ છતાં અહીં શુભ ફળ પ્રાપ્ત કરી શકવાના સંયોગ પણ જણાઈ રહ્યા છે. અગિયારમાં સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાન પરથી પસાર થશે. જે વધુ પડતા દોડધામ કે ઉજાગરાની નિવારવાનું સૂચન કરે છે. નવમા સ્થાનમાં રહેલા ગુરૂ ઉપરથી પસાર થનારો ચંદ્ર ધાર્મિક કાર્યો સંપન્ન બનાવવામાં નિમિત બની શકે છે. સપ્તાહના અંત ભાગમાં દશમા સ્થાનમાં ભ્રમણ કરતો ચંદ્ર વડીલોથી સાથ સહકાર અપાવી શકે છે. જુના સંબંધો તથા ઓળખાણો તાજી બનાવતી ઘટનાઓ કે કાર્યક્રમમાં ભાગ લેવાનું બને.



### વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિ જાતકો માટે આ સપ્તાહમાં આઠમા-આગિયારમા સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં છઠ્ઠા સ્થાનમાં પ્રવેશે છે. અહી વિપરિત રાજયોગ રચાતા વ્યવસાય તથા સર્વિસના ક્ષેત્રે કોમ્પિટિશનમાં આગળ રહેવાના આપના પ્રયત્નો સફળ નીવડે. પાંચમા સ્થાનમાં ચંદ્ર રાહુનું કોમ્બિનેશન સંતાનોની સમસ્યા તરફ ગંભીરતાથી ધ્યાન આપવાનું સૂચવે છે. નવમા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાનમાં રહેલા સૂર્ય, શુક્ર પરથી પસાર થશે. કાર્યમાં સફળતા મેળવવા માટે માઈક્રો પ્લાનિંગ દ્વારા આગળ રહેવાનો પ્રયત્ન કરી શકો છો. સપ્તાહના અંત ભાગમાં સાતમે રહેલા ગુરૂ ઉપરથી ચંદ્ર પસાર થતા ભાગીદારી સાથે સર્જાયેલા મનદુઃખનું સમાધાન થતા મન હળવું બનતું જણાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્ર આઠમા સ્થાન પરથી પસાર થશે. હૃદય, રક્ત, હાડકા જેવી સમસ્યાઓથી પીડાતા જાતકોએ સ્વાસ્થ્ય વિશે થોડી વિશેષ કાળજી રાખવાની રહેશે. વાઈરલ શારીરિક સમસ્યાથી બચવા માટે પૂરતી જાગૃતિ અનિવાર્ય બનશે.



### મકર રાશિ (ખ, જ)

મકર રાશિના જાતકોને આ સપ્તાહ દરમિયાન છઠ્ઠા-નવમા સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં ચોથા સ્થાનમાં પ્રવેશે છે. માતાની તબિયત અંગે દોડધામ કે ખર્ચ ઉદભવી શકે છે. અહી મનમાં વિશ્વાસ તથા ઉત્સાહમાં વધારો થતો હોવા છતાં પણ મનના કોઇ ખૂણે વ્યગ્રતા અનુભવી શકાય. અહીં મિલકત ભુવનમાં શુક્ર પરથી ચંદ્ર પસાર થશે. મકાન, દુકાન, શો-રૂમ, ઓફિસમાં ફર્નિચર કે સમારકામ કરાવવા ઈચ્છતા હોય તો સાનુકૂળતા જણાઈ શકે જો કે અહીં મિલકતને લગતા ડોક્યુમેન્ટેશનના કાર્યોમા સાવધાની રાખવી. પાંચમાં સ્થાનમાં રહેલા ગુરૂ ઉપરથી પસાર થનારો ચંદ્ર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે શુભ સંદેશ લાવી શકે છે. શેરબજાર દ્વારા આકસ્મિક આર્થિક લાભ સંભવી શકે. સપ્તાહના અંતભાગમાં છઠ્ઠા સ્થાનનો ચંદ્ર વાઈરલ તથા સીઝનલ બીમારીઓથી બચવા માટે ખાન-પાન તથા આહાર વિહારના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું સૂચવે છે.



### મીન રાશિ (દ, ચ)

મીન રાશિના જાતકોને પ્રથમ સ્થાનમાં રહેલા મંગળ તથા રાહુ પરથી ચંદ્ર પસાર થશે. કર્મક્ષેત્રે પ્રગતિ માટે પ્રાપ્ત કરવા માટે વિશેષ શ્રમ તથા આયોજનની આવશ્યક્તા રહે. વ્યક્તિત્વમાં વધુ પડતો ઉશ્કેરાટ અને આક્રોશ ત્યજવો.

ચોથા-સાતમા સ્થાનનો સ્વામી બુધ તારીખ ૧૦ મે થી રાશિ પરિવર્તન પામીને મેષ રાશિમાં બીજા સ્થાનમાં પ્રવેશે છે.

અહીં વાણીના યોગ્ય ઉપયોગ દ્વારા હિતેચ્છુઓનું વર્તુળ વિકસાવી શકો. પાંચમા સ્થાનનો સ્વામી ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાનમાં રહેલા શુક્ર પરથી પસાર લેખકો તથા કલાકારો માટે ઉન્નતી દાયક વિશેષ તક મળતી જણાશે. સપ્તાહના અંતભાગમાં ત્રીજા સ્થાનમાં રહેલા ગુરૂ પરથી ચંદ્ર પસાર થતા ગજ કેસરી યોગની અસર ઉત્પન્ન થશે. નિષ્ણાતોની સલાહ દ્વારા લીધેલા ગણતરીપૂર્વકના સાહસો ભવિષ્યમાં મોટા લાભની પ્રાપ્તિ માટેનો પાયો રચી શકે. ચોથા સ્થાનમાં ચંદ્ર કોઈ બાબત અંગેનો માનસિક તણાવ હળવો બનાવી શકે છે. માતાની તબિયતમાં સુધારો અનુભવી શકો.

# બપોરે ૧૨ થી ૩ બહાર ન નીકળો : હિટવેવનું જોખમ : મનપાએ ગાઇડલાઇન જાહેર કરી

## કાલથી ભારે તાપની સંભાવના વચ્ચે સતર્ક રહેવું જરૂરી : પાણી પીતા રહો, ચા-કોફી ટાળો : ત્વરીત આપવાની સારવાર અંગે પણ માર્ગદર્શન આપતો આરોગ્ય વિભાગ

રાજકોટ, તા. ૬

ઉનાળાની કાળઝાળ ગરમી પડવા લાગી છે અને આવતીકાલથી ફરી હિટવેવની આગાહી કરવામાં આવી છે ત્યારે ભારે તાપમાં ઘણી વખત લોકોને લુ લાગી જવા કે હિટ સ્ટ્રોક લાગી જવાનો ખતરો રહે છે. આ સંજોગોમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મ્યુનિ. કોર્પો.ની આરોગ્ય શાખાએ ઉનાળામાં અતિશય ગરમી અને હિટવેવથી બચવા માટેનું માર્ગદર્શન જાહેર કર્યુ છે.

લોકોને વધુને વધુ પાણી પીવા, હાઈડ્રેટ રહેવા, વડીલો અને બાળકોને ખાસ તકેદારી રાખવા તડકાથી બચવા, બપોરે ૧૨ થી ૩ બહાર નીકળવાનું ટાળવાની અપીલ કરવામાં આવી છે. આરોગ્ય શાખાએ શહેરીજનો માટે જાહેર કરેલું માર્ગદર્શન આ મુજબ છે.

**હાઈડ્રેટેડ રહો**

- જ્યારે પણ શક્ય હોય ત્યારે પૂરતું પાણી પીઓ.
- મુસાફરી કરતી વખતે પીવાનું પાણી સાથે રાખો.
- ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન (ઓઆરએસ)નો ઉપયોગ કરો અને લીંબુ પાણી, છાસ-લસ્સી જેવા ઘરે બનાવેલા પીણાઓનું સેવન કરો
- મોસમી ફળો અને શાકભાજી ખાઓ જેમાં પાણીનું પ્રમાણ વધુ હોય જેમ કે તરબૂચ, ટેટી, નારંગી, દ્રાક્ષ, અનાનસ, કાકડી, અથવા અન્ય સ્થાનિક રીતે ઉપલબ્ધ ફળો અને શાકભાજી.

**શરીરને ઢાંકેલું રાખો**

- મહત્તમ શરીર ઢંકાય તેવા પાતળા,ઢીલા,વજનમાં હલકાં, સુતરાઉ વસ્ત્રો ખાસ કરીને હળવા રંગના કપડાં પહેરો.
- તમારૂં માથું ઢાંકેલું રાખો, સૂર્યપ્રકાશનાં સીધા સંપર્કમાં આવવા દરમિયાન છત્રી, ટોપી, ટુવાલ નો ઉપયોગ કરો.
- તડકામાં બહાર જતી વખતે પગમાં ચંપલ અથવા બુટ પહેરો.

**સતર્ક રહો**

- રેડિયો સાંભળો,ટીવી જુઓ,સ્થાનિક હવામાન સમાચાર માટે અખબાર વાંચો. હવામાનની નવીનતમ અપડેટ ભારતીય હવામાન વિભાગની વેબસાઇટ https://mausam.imd.gov.inપરથી મેળવો.

**બને તેટલું ઘરની અંદર રહો**

- હવાની અવરજવર વાળી સારી વેન્ટિલેટેડ અને ઠંડી જગ્યાએ રહો.
- સીધો સૂર્યપ્રકાશ અને ગરમીના તરંગોને અવરોધિત કરો: દિવસ દરમિયાન બારીઓ અને પડદા બંધરાખો, ખાસ કરીને તમારા ઘરની સૂર્ય તરફ ની બાજુ. ઠંડી હવા આવવા દેવા માટે રાત્રે બારી ખોલો. જો બહાર જવાનું હોય, તો તમારી આઉટડોર એક્ટિવિટીને દિવસના ઠંડા સમય એટલે કે સવાર અને સાંજ સુધી મર્યાદિત કરો

**કોના માટે વધુ જોખમકારક છે ?**

- નાના બાળકો, સગર્ભા સ્ત્રીઓ, બહાર કામ કરતા લોકો, વૃદ્ધ લોકો, અન્ય બીમારી જેવી કે હૃદય રોગ, હાઈ બ્લડ પ્રેશરહોય તેવા લોકોની ખાસ કાળજી લેવી જોઈએ.

**અન્ય સાવચેતીઓ**

- એકલા રહેતા વૃદ્ધ અથવા બીમાર લોકોની દેખરેખ રાખવી જોઇએ અને તેમના સ્વાસ્થ્યનું દૈનિક ધોરણે નિરીક્ષણ કરવું જોઈએ.
- તમારા ઘરને ઠંડુ રાખો, પડદા, શટર અથવા સનશેડનો ઉપયોગ કરો અને રાત્રે સુતી વખતે બારીઓ ખુલ્લી રાખો.
- શરીરને ઠંડુ કરવા માટે પંખા, ભીના કપડાનો ઉપયોગ કરો.

**આટલું ના કરો**


- તડકામાં બહાર નીકળવાનું ટાળો. ખાસ કરીને બપોરે ૧૨ થી ૩ વાગ્યાની વચ્ચે.
- બપોરે બહાર હોય ત્યારે વધુ મહેનતવાળી પ્રવૃત્તિઓ ટાળો.
- ખુલ્લા પગે બહાર ન જાવ.
- ઉનાળાના સૌથી ગરમ સમય દરમ્યાન રસોઈ કરવાનું ટાળો. રસોઈ વિસ્તારમાં હવાની પર્યાપ્ત રીતે અરજવર થાય તે માટે દરવાજા અને બારીઓ ખોલો.
- આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રિંક્સ અથવા મોટી માત્રામાં ખાંડવાળા પીણાં ટાળોજે વાસ્તવમાં, શરીરને વધુ પ્રવાહીની ખોટ તરફ દોરી જાય છે અથવા પેટમાં ખેંચાણ થઈ શકે છે.
- વધુ પ્રોટીનવાળો ખોરાક ટાળો અને વાસી ખોરાક ન ખાઓ.
- પાર્ક કરેલા વાહનમાં બાળકો અથવા પાલતુ પ્રાણીઓને છોડશો નહીં. વાહનની અંદરનું તાપમાન જોખમી બની શકે છે.

**હિટ સ્ટ્રોકનાં લક્ષણો**

- શરીરનાં તાપમાનમાં વધારો.
- ગભરામણ થવી.
- ઉલટી -ઉબકા થવા.
- પરસેવો બંધ થવો.
- અમુક સંજોગોમાં બેભાન થવું.

**હિટ સ્ટ્રોક લાગે ત્યારે શું કરવું**

- જો શક્ય હોય તો દર્દીને ઠંડી જગ્યાએ ખસેડો.
- ત્વચાના મોટા ભાગોમાં અથવા કપડાં પર ઠંડુ પાણી લગાવવું.
- વ્યક્તિને શક્ય તેટલો પવન નાખો.
- શક્ય હોય તો ઓ.આર.એસ.નું દ્રાવણ અથવા લીંબુ પાણી આપવું.



# લોકસભા ચુંટણીમાં મતદારોને જંગી મતદાન કરવા ભાજપ અગ્રણીઓની અપીલ

## રાજકોટ-૧૦ના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના ભવ્ય વિજય માટે શહેર ભાજપ સતત પ્રયત્નશીલ

રાજકોટ:તા ૬

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા જણાવેલ છે કે પક્ષ એટલે વિચારધારા, પક્ષ એટલે સંસ્કાર અને સંસ્કૃતિ, પક્ષ એટલે સંગઠન, પક્ષ એટલે સક્રિય રાજકારણ, પક્ષના કાર્યકરોની એકતા અને સંગઠનની તાકાત વધારી તેને પક્ષના ઉદ્દેશોને સામાન્ય જનતા સુધી પહોંચાડી પાર્ટીનો વિસ્તાર વધારવા તરફ રાહ ચિંધવાની ક્ષમતા, કૌશલ્ય અને કુનેહ ધરાવતું પ્રતિભાશાળી વ્યકિતત્વ હોય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકાર ત્રીજી વખત બને તે માટે આવતીકાલે લોકસભાની ચૂંટણીના મતદાનનો ધર્મ નિભાવવાની દરેક મતદારની ફરજ છે.

ત્યારે સૌએ સો ટકા મતદાન થાય, રાષ્ટ્રવાદથી છલકાતી ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થાય અને દેશમાં કમળ સોળે કળાએ ખીલે તે માટે આવતીકાલે તા.૭/૦૫ના મંગળવારે લોકસભાની ચુંટણીમાં જનતાને લોકશાહીના આ પર્વને ઉજવવા મતદાનનો પવિત્ર ધર્મ ઉજવી જંગી મતદાન કરી અને રાજકોટના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જીતાડવા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ અનુરોધ કર્યો છે.

**લોકશાહીના સૌથી મોટા પર્વની ઉજવણીમાં વડાલીયા ફૂડસ પણ સામેલ**

# મત આપો અને વડાલીયા ફૂડસની તમામ પ્રોડકટ પર ૨૫ ટકાનું ડિસ્કાઉન્ટ મેળવો !

રાજકોટ : રાજકોટ: લોકસભાની ચૂંટણી નો ત્રીજા રાઉન્ડ માટેનું મતદાન આવતીકાલે મંગળવારે ૭ મેના રોજ ગુજરાત ભરમાં થવા જઈ રહ્યું છે. લોકશાહીનું સૌથી મોટું પર્વ એટલે મતદાન. જ્યારે પાંચ વર્ષ માટે લોકસભાની ચૂંટણીમાં મતદારોને પોતાનો મત આપીને દેશની નવી સરકાર પસંદ કરવાનો મોકો મળતો હોય છે ત્યારે આ પવિત્ર ફરજમાં વડાલીયા ફુડ્સ પણ પોતાની ફરજ માં સામેલ થયું છે.

"FLAVOUR FOREVER"
Vadalia FOODS
વેફર્સ | ફ્રાઈમ્સ | ફરસાણ | નમકીન

આવતીકાલ એટલે કે ૭ મેના રોજ જ્યારે મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે વડાલીયા ફુડ્સના તમામ આઉટલેટ ઉપર જે કોઈ વ્યક્તિ પોતાનો કિંમતી અને પવિત્ર મત આપીને આવશે અને મતદાન કર્યાનું આંગળીમાં નિશાન બતાવશે તેમને વડાલીયા ફૂડ્સ ની તમામ પ્રોડક્ટ ઉપર ૨૫% નું વિશેષ વળતર આપવામાં આવશે.

અમદાવાદ, રાજકોટ, ભાવનગર, હળવદ, વેરાવળ સોમનાથ ,ગોંડલ, જેતપુર, જુનાગઢ, ભરૂચ, જામનગર, આણંદ સહિતના ૨૪ સ્ટોર ઉપર જે લોકો પોતાનો વોટ દઈને આવશે તેમને તમામ પ્રોડક્ટ ઉપર ૨૫% નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

વડાલીયા ફૂડ્સના મેનેજિંગ ડિરેક્ટર મીત ભાઈ વડાલીયા તેમજ સીઈઓ કેતન તન્ના એ જણાવ્યું હતું કે આઝાદીનું સૌથી મોટું પર્વ કોઈ હોય તો એ લોકસભાની ચૂંટણી છે. જ્યારે દેશભરની નજર આ ચૂંટણી ઉપર છે અને મતદાન કરવું એ આપણી સૌની નૈતિક જવાબદારી અને ફરજ છે, ત્યારે જે કોઈ મતદાન કરીને વડાલીયા સ્ટોરની મુલાકાતે આવશે તેમને તમામ પ્રોડક્ટ ઉપર ૨૫%નું વળતર તારીખ ૭ અને ૮ મે ના દિવસે આપવામાં આવશે.

મીતભાઈ વડાલીયા તેમજ કેતનભાઇ તન્નાએ વધુમાં જણાવ્યું હતું કે આ સ્કીમ પાછળનો મુખ્ય ઉદ્દેશ લોકો વધુ મતદાન કરે, મતદાન પ્રત્યે વધુ જાગૃતિ આવે અને લોકશાહીનું પર્વ વધુ મજબૂત બને તે છે.

આ વળતર યોજના વાદળીયા ફૂડ્સના રાજકોટના તમામ કંપની સ્ટોર અને ફ્રેન્ચાઈઝી ઉપર ઉપલબ્ધ બનશે.

**તમામ આઉટલેટ પર ઓફર : મતદાન જાગૃતિ માટે સુંદર પ્રયોજન**

# રાજકોટ દક્ષિણમાં બુથ નં.૧૬૨ મોડેલ મતદાન મથક બન્યું

## શ્રધ્ધા પ્રા.શાળાનું મતદાન મથક હેરિટેજ થીમ આધારિત તૈયાર કરાયું



રાજકોટ,તા. ૬

આવતીકાલે રાજકોટ લોકસભા બેઠક પર મતદાન થનાર છે. આજે રાજકોટ શહેરમાં તમામ મથકો ઉપર મત કુટીર સાથે તમામ મતદાન મથકો તૈયાર થયા છે. ત્યારે રાજકોટ દક્ષિણમાં હેરિટેજ થીમ આધારિત મતદાન મથક તૈયાર કરવામાં આવ્યું છે ૭૦ રાજકોટ દક્ષિણમાં બુથ-૧૬૨ મોડેલ મતદાન મથક તૈયાર કરવામાં આવ્યું છે.જેમાં રાજકોટ દક્ષિણમાં બુથ નં.૧૬૨ શ્રધ્ધા પ્રાથમિક શાળાનું મતદાન મથક હેરિટેજ થીમ આધારીત તૈયાર કરાયું છે.જેમાં રાણીકી વાવ (પીળા રેતીના પથ્થરોનું કામ, હવા મહેલ (લાસ સ્ટોન) લાક્ષણિક ઢબતી કાઠિયાવાડી કિલ્લોબંધી માટી કામ અરીસાઓનું હેન્ડવર્ક અજરખ પ્રિન્ટ અને કથપુતળી વર્કથી શણગારવામાં આવેલ છે. મોડલ મતદાન મથક મતદારો માટે આકર્ષકરૂપ બની રહેશે.

### ઝાયડસ હોસ્પિટલ દ્વારા આયોજિત હેલ્થ ટોકમાં

# ડો. મિલન મહેતા અને ડો. મોના શાહ દ્વારા હેલ્થ રીલેટેડ પ્રોબ્લેમ્સ અંગે માર્ગદર્શન અપાયું

રાજકોટ, તા. ૬

ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદ અને રીટાયર્ડ ઈન્સ્યુરન્સ એમ્પ્લોઈઝ ફ્રેટરનિટી એન્ડ વેલ્ફેર એસોસિએશન (એલ.આઈ.સી.) દ્વારા રિટાયર્ડ કલાસ-૧ ઓફીસર માટે ગત તા.૩૦ ના રોજ ''હેલ્થ ટોક''નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદના નિષ્ણાંત 'ગેસ્ટ્રોલોજીસ્ટ અને હિપેટોલોજીસ્ટ' ડો. હાર્દિક કોટેચા અને 'પેઈન મેનેજમેન્ટ' સ્પેશ્યાલીસ્ટ ડો. મિલન મહેતા દ્વારા હેલ્થ રીલેટેડ પ્રોબ્લેમ્સ માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ 'હેલ્થ ટોક'થી લોકોને તેમના હેલ્થ રીલેટેડ પ્રશ્નોના જવાબ, યોગ્ય માર્ગદર્શન સાથે મળેલ અને ખોટી માન્યતાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

તદ્‌પરાંત ગત તા. ૨૭ ના રોજ નિષ્ણાંત ડો. મોનાબેન શાહ સ્ત્રીરોગ કેન્સર તજજ્ઞ દ્વારા 'નિરાલી રીસોર્ટ' ખાતે બહોળી સંખ્યામાં બહેનોએ હેલ્થ ટોકનો લાભ લીધેલ તથા તેમને મુંઝવતા પ્રશ્નોનો યોગ્ય જવાબ મેળવી ઝાયડસ કેન્સર હોસ્પિટલ, અમદાવાદનો આભાર વ્યકત કરેલ છે. જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ મીડટાઉન લેડીઝ વિંગ-સંગીની, પ્રેસીડેન્ટ પ્રિતીબેન જી. શાહ તેમજ સેજલબેન શાહના સહયોગથી આ ''હેલ્થ ટોક''નું સુંદર આયોજન કરવામાં આવેલ હતું.

ઝાયડસ સુપર સ્પેશ્યાલીટી ઓપીડી સેન્ટર ૧૦૧, ટાઈમ્સ સ્કેવર-૨, અયોધ્યા સર્કલ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે કાર્યરત છે.

## દવા વિના માનસિક રોગોની સારવાર

રાજકોટ,તા. ૬

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રીકૃષ્ણ ચિકિત્સાલય (કનક રોડ એસ.ટી.સ્ટેશન પાછળ) દવા વિના માનસિક રોગોની સારવાર સાયકોલોજીસ્ટ નમ્રતા ખેતાણી દ્વારા દર મંગળ અને શુક્રવારે સાંજે ૫ થી ૬ દરમ્યાન પોતાની સેવા આપશે.

### ચૂંટણી પ્રચારના અંતિમ દિવસોમાં રાજકીય પક્ષોએ ઠેક ઠેકાણે મતદારોના 'પેટ ઠાર્યા'


# વિક એન્ડમાં શેરી-લતે 'જમણવાર'ની ભરમાર: કાલે સવારે પણ સોસાયટીઓમાં 'ગાંઠીયા પાર્ટી'

## મતદારોની સંખ્યાના આધારે 'મેનૂ': નાની શેરીઓમાં આઇસ્ક્રીમ પાર્ટી, ક્યાંક 'તાવા'તો ક્યાંક ચા-ગાંઠીયા; મોટી સોસાયટીઓમાં 'ફૂલ ડીશ ભોજન'

## કાલે મતદાનના દિવસે મતદારોને વ્હેલા બહાર કાઢવા અનેક સોસાયટી-વિસ્તારોમાં જલેબી-ગાંઠીયાના આયોજનો: છેલ્લી ઘડી સુધી મતદારો 'સર્વોપરી'

રાજકોટ, તા.૬

ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાવાનું છે. રાજકોટમાં પણ ભાજપના પરસોતમ રૂપાલા સામે કોંગ્રેસના પરેશ ધાનાણીનો મુખ્યત્વે સીધો જંગ છે. અન્ય સાત ઉમેદવારો પણ મેદાનમાં છે. કાલના મતદાન પૂર્વેના છેલ્લા દિવસોમાં રાજકીય પક્ષો તથા નેતાઓએ લગભગ આખા શહેરમાં ઠેક ઠેકાણે જમણવારની ભરમાર સર્જી દીધી હતી. આઇસ્ક્રીમ, ગાંઠીયા, તાવાથી માંડીને ફુલ ડીશ ભોજન સુધીની પાર્ટીઓ રાખવામાં આવી હતી. અંદાજીત ૪૦૦ જેટલી આવી પ્રચાર પાર્ટી થયાના સંકેત છે.



ભાજપનો ગઢ ગણાતી રાજકોટની બેઠક અગાઉ 'વન-વે' ગણાતી હતી પરંતુ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે વિવાદાસ્પદ વિધાનો કરતા અને ક્ષત્રિય સમાજે રાજ્ય વ્યાપી આંદોલન કરીને ભાજપ સામે મોરચો ખોલતા રાજકીય ચૂંટણી ગરમી આવી ગઇ હતી. માત્ર ગુજરાત જ નહીં, દેશભરની 'હોટ સીટો' પૈકીની એક બની ગઇ હતી. ક્ષત્રિયોના વિરોધ વચ્ચે કોંગ્રેસે પરેશ ધાનાણીને મેદાને ઉતારતા ચૂંટણી જંગ વધુ દિલધડક અને ઉત્તેજનાભર્યો બની ગયો હતો. બન્ને પક્ષો-ઉમેદવારોએ તમામ તાકાત લગાડી દીધી હોય તેમ જબરદસ્ત પડઘાર કર્યો હતો અને તેના ભાગરૂપે છેલ્લા વિક એન્ડ અને અંતિમ સપ્તાહમાં સેંકડો જમણવાર-પ્રચાર પાર્ટી યોજવામાં આવી હતી.

નાણાં અને નેટવર્કની દ્રષ્ટિએ કોંગ્રેસ કરતાં ભાજપ ઘણું આગળ હોવાની વાત અછાજતી નથી છતાં કોંગ્રેસ દ્વારા પણ શક્ય એટલા સ્થળોએ ભોજન સાથેની પ્રચાર પાર્ટી કરવામાં આવી હતી.

રાજકીય સૂત્રોના કહેવા પ્રમાણે મતદારોની સંખ્યાના આધારે પાર્ટી-નેતાઓ દ્વારા મેનૂ સેટ કરવામાં આવતું રહ્યું હતું. એકાદ-બે શેરીના મતદારોને જ કવર કરવાના હોય તો આઇસ્ક્રીમ પાર્ટી રાખવામાં આવતી હતી. જ્યારે વર્ષોથી પડખે રહેનારા ચૂસ્ત સમર્થનના વિસ્તારો કે મધ્યમ સોસાયટીઓમાં ગાંઠીયા-જલેબી કે તાવા પાર્ટી રાખવામાં આવી હતી. સેંકડોની સંખ્યામાં મતદારો ધરાવતી મોટી સોસાયટી અથવા પાર્ટીના સમર્થનમાં જ્ઞાતિ સમાજ કે એસોસીએશનના સંમેલન કે સ્નેહમિલન રાખવામાં આવ્યો હોય તેવા કાર્યક્રમોમાં ફૂલ ડીશ ભોજન રાખવામાં આવ્યા હતા. સૂત્રોએ કહ્યું કે તમામ સ્થળોએ મતદારોની સંખ્યાના આધારે મેનૂ સેટ થયા હતાં.

આવતીકાલના મતદાન પૂર્વે ગુજરાતભરમાં જાહેર પ્રચાર પર પડદો પડી ગયો છે. કાલે મતદાન છે. આકરી ગરમી પડકાર બનવાની આશંકા છે. જ્યારે મતદારોને વ્હેલા બહાર કાઢવા મોટી સોસાયટી-વિસ્તારોમાં કાલે સવારે પણ ગાંઠીયા-જલેબીના આયોજનો ગોઠવાયાના સંકેત છે. 'નાસ્તો કરીને આવીએ' તેવા બહાના મતદારો બતાવી ન શકે અને તૈયાર થઇને સીધા જ મતદાન મથકે જાય તે માટે નાસ્તાની આવી ગોઠવણો કરવામાં આવી રહી છે. જો કે, તે પણ મોટી સંખ્યામાં મતદારો ધરાવતી મોટી સોસાયટી-વિસ્તારોમાં જ છે અને તેમાં 'સ્પોન્સર' રાજકીય પક્ષો કે નેતાઓ જ હોવાનું માનવામાં આવે છે. ભૂતકાળની ચૂંટણીઓમાં પણ આવી ગોઠવણો થતી જ હતી.

# ખોડલધામના કાર્યકરો તથા ક્ષત્રિયો પણ એક્ટીવ

## પત્રિકા કાંડમાં ખોડલધામ સાથે સંકળાયેલા યુવાનોની ધરપકડથી ખોડલધામનું નેટવર્ક મેદાને પડ્યાની ચર્ચા

## રૂપાલાના વિધાનોથી નારાજ ક્ષત્રિય સમાજે ભાજપ વિરૂધ્ધ મતદાન કરાવવા ઉપરાંત સંભવિત બોગસ મતદાનનો ખેલ ઉંધો કરવા પ્લાનીંગ ગોઠવ્યું

રાજકોટ, તા.૬

લોકસભાની ચૂંટણી માટે આવતીકાલે યોજનારા મતદાન પૂર્વે છેલ્લી ઘડીના રાજકીય ખેલ ઉપરાંત કાવાદાવાનો દૌર ચાલી રહ્યો છે. મતદાન પૂર્વે જ સામાન્ય રીતે જાહેર રાજકારણથી દુર રહેતું લેઉવા પટેલ સમાજનું સંગઠન ખોડલધામના કાર્યકરો મેદાને આવ્યા છે.

એવી ચર્ચા છે કે ગત સપ્તાહમાં ફરતી થયેલી વિવાદિત પત્રિકાના મામલે પોલીસ ખોડલધામ સાથે સંકળાયેલા ચાર પાટીદાર યુવકોની ધરપકડ કરી હતી. વિવાદાસ્પદ પત્રિકામાં રૂપાલા તથા ભાજપ વિરોધી ૧૦ મુદા-વાક્યો લખવામાં આવ્યા છે. બે સમાજ-જ્ઞાતિ વચ્ચે વૈમનસ્ય સર્જવાના ષડયંત્રના આરોપસર ધરપકડ થઇ હતી. ભાજપ-કોંગ્રેસે એક બીજા પર આરોપ લગાવ્યા હતા. પાટીદાર યુવકોની ધરપકડથી ખાસ કરીને ખોડલધામના આગેવાનો-કાર્યકરો પણ નારાજ થયા હતા અને આ કારણે કાર્યકરો લેઉવા પટેલ સમાજના મતદારોની મોટી વસતી ધરાવતા રાજકોટ ૬૮, રાજકોટ-૭૦ તથા રાજકોટ-૭૧ વિધાનસભા મત વિસ્તારોમાં એક્ટીવ થયાની ચર્ચા છે.

બીજી તરફ રૂપાલાના વિવાદિત વિધાનો સામે ક્ષત્રિય સમાજ ખુલ્લેઆમ મેદાને પડયો જ છે. ભાજપની વિરુધ્ધમાં મતદાન કરવાનું એલાન કર્યું છે. નેટવર્કમાં નબળી કોંગ્રેસના મતદાન મથકોના ટેબલોની જવાબદારી સંભાળવાની પણ તૈયારી બતાવી હતી. આ ઉપરાંત કોઇપણ સ્થળોએ સંભવિત બોગસ મતદાન અટકાવવાનું પણ માઇક્રોપ્લાનીંગ કર્યું હોવાની ચર્ચા છે.

# સોશ્યલ મીડીયામાં કટાક્ષ કરતી પોસ્ટ: પક્ષ-નેતાઓ એક દિ' જમાડશે અને પાંચ વર્ષ આપણા પૈસે 'જલ્સા' કરશે!

લોકસભાની ચૂંટણીમાં જાહેર પ્રચાર કરતાં પણ વધુ પ્રચાર સોશ્યલ મીડિયામાં થયો છે. રાજકીય પક્ષો-નેતાઓનો પોત પોતાના પક્ષ-ઉમેદવારોના પ્રચાર કરતો હોય છે પરંતુ સામાન્ય લોકો પણ ધારદાર કટાક્ષ કરતી પોસ્ટ મુકી દેતા હોય છે. આવી જ એક કટાક્ષ કરતી પોસ્ટ જોવા મળી હતી. રાજકોટ સહિત સર્વત્ર રાજકીય પક્ષોએ જમણવાર યોજ્યાના કિસ્સાઓના અનુસંધાને પોસ્ટમાં એમ લખાયું હતું કે 'ચેતજો, પક્ષ-નેતાઓ ચૂંટણી ટાણે એક દિવસ જમાડશે, પછી પાંચ વર્ષ આપણા (પ્રજાના) પૈસે જ જલ્સા કરશે' લોકસભાના સભ્યોને મફત મુસાફરીથી માંડીને મળતી અનેકવિધ સુવિધાઓ વગેરેનો તેમાં ઉલ્લેખ હતો.

### કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘે POKને ભારતનું ગણાવતા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીએ વળતી ચેતવણી આપી

# પાકિસ્તાને પણ બંગડી પહેરી નથી: અણુબોમ્બ ઝીંકશે: ફારૂક અબ્દુલ્લા

## ચૂંટણીસભામાં અબ્દુલ્લા સિનિયરે વિવાદી વિધાનો કર્યા: જો પાકિસ્તાન કબ્જાનું કાશ્મીર ભારતનું હોય તો પરત લેતા કોણ રોકે છે પણ જવાબમાં પાકિસ્તાન આપણા પર હુમલો કરશે: દેશના જ નેતાએ દેશને ચેતવણી આપી

નવી દિલ્હી, તા.૬

કેન્દ્રીય સરંક્ષણ મંત્રી રાજનાથસિંઘ દ્વારા દેશની સરહદો સુરક્ષિત હોવાનું અને પાકિસ્તાન કબ્જાનું કાશ્મીર ભારતનું જ હોવાનું તથા કોઇ પાડોશી દેશ જો દુસાહસ કરે તો તેને ભરી પીવાશે તેવા વિધાનો પર જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાએ વિવાદાસ્પદ વિધાનો આપ્યા છે અને કહ્યું હતું કે પાકિસ્તાને પણ બંગડી પહેરી નથી અને તે ભારત પર અણુ બોમ્બ ફેંકી દેશે. જમ્મુ કાશ્મીરમાં ચૂંટણીસભાને સંબોધતા રાજનાથસિંઘએ પાક કબ્જાના કાશ્મીરને ભારતનો જ પ્રદેશ ગણાવ્યો હતો પરંતુ ફારૂક અબ્દુલ્લાને તે માફક આવ્યું નહીં અને ભારતને વળતી ધમકી આપી હતી અને કહ્યું કે રક્ષામંત્રી જો કહે છે કે જો પાક કબ્જાનું કાશ્મીર ભારતનું છે તો તેને પરત લેતા કોણ રોકે છે? પરંતુ એ યાદ રાખવું જોઇએ કે પાકિસ્તાને પણ બંગડી પહેરી નથી અને તેની પાસે પણ અણુબોમ્બ છે અને કમનશીબે તે આપણા ઉપર જ ઝીંકશે.



ચૂંટણીમાં આ રીતે પૂર્વ મુખ્યમંત્રીએ કરેલા વિધાનોનો આકરો પડઘો પડશે તેવા સંકેત છે. આ રીતે તેઓએ પાકિસ્તાન પ્રત્યેનો તેનો પ્રેમ પણ દર્શાવવાની કૌશિષ કરી હતી. તેઓ અગાઉ આ પ્રકારના વિવાદી વિધાની કરી ચૂક્યા છે.

# રાજકોટમાં ફરી ગરમીનો પારો ઉંચકાયો: બપોરે અઢી કલાકે ૪૦ ડીગ્રી

## પવનની ઝડપ ૧૨ કિ.મી. નોંધાતા અંગ દઝાડતી લૂં નો અનુભવ

રાજકોટ, તા.૬

રાજકોટ શહેરમાં આજે ફરી ગરમીનો પારો ઉંચકાયો છે. ગઇકાલે વાદળા સાથે ૩૭ ડિગ્રી તાપમાન નોંધાયા બાદ આજે બપોરથી ફરી આકરી લૂં સાથે અંગ દઝાડતો તાપ અનુભવાયો હતો.



આજે બપોરે ૨-૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૪૦ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે પવનની ઝડપ ૧૨ કિ.મી. રહેતા આગ ઝરતી લૂં ફુંકાઇ હતી.

બપોરે હવામાં ભેજ ૨૨ ટકા રહ્યો હતો, જ્યારે આજે સવારે ૮-૩૦ કલાકે શહેરનું તાપમાન ૨૮.૪ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૬ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે હવામાં ભેજ ૭૧ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કિ.મી. નોંધાવા પામી હતી.

# રાજકોટ લોકસભા બેઠકનાં કોંગ્રેસી ઉમેદવાર ધાનાણી દ્વારા ધાર્મિક સ્થળે પ્રચાર... છતાં જિલ્લા ચૂંટણી અધિકારીઓ પગલા લેતા નથી!

## શહેર ભાજપ મધ્યસ્થ કાર્યાલયનાં ઇન્ચાર્જ મયુર શાહે રાજ્યનાં મુખ્ય ચૂંટણી કમિશ્નરને ફરિયાદ કરી

રાજકોટ, તા.૬

રાજકોટ લોકસભા બેઠકનાં કોંગ્રેસનાં ઉમેદવાર પરેશ ધાનાણીએ તાજેતરમાં વાંકાનેર તાલુકાનાં વઘાસીયા ગામમાં એક મંદિર તથા અન્ય ધાર્મિક સ્થળે પ્રચાર કરી આચાર સંહિતાનો ભંગ કર્યાની ફરિયાદ રાજકોટ શહેર ભાજપનાં મધ્યસ્થ કાર્યાલયના ઇન્ચાર્જ મયુર શાહએ ચૂંટણી પંચને કરતા અરજદારની તા.૨૦-૪, ૨૧-૪ અને ૩-૫ની ફરિયાદ અનુસંધાને વાંકાનેર પ્રાંત અધિકારી અને મોરબીના જિલ્લા ચૂંટણી અધિકારીએ પોતાનો અભિપ્રાય રાજકોટ મોરબી જિલ્લાનાં ચૂંટણી અધિકારીઓને મોકલી આપેલ હતો.

આમ છતાં રાજકોટ-મોરબીનાં જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા કોઇ પગલા લેવાતા ન હોવાની ફરિયાદ શહેર ભાજપ મધ્યસ્થ કાર્યાલયનાં ઇન્ચાર્જ મયુરભાઇ શાહએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને કરવામાં આવી છે.



આ લેખીત ફરિયાદમાં મયુરભાઇએ જણાવેલ છે કે પરેશ ધાનાણીએ ધાર્મિક જગ્યામાં ચૂંટણી પ્રચાર કરી પોતાની તરફેણમાં મતો મેળવવા કામગીરી કરી છે.

જે સંદર્ભની ફરિયાદ રાજકોટ લોકસભા-૧૦ના મુખ્ય ચૂંટણી અધિકારી તા.૨૦-૪ના રોજ લેખિત ફરિયાદ પુરાવા સાથે આપેલ હતી. રાજકોટ-મોરબીના કલેક્ટર દ્વારા આ ફરિયાદ સંદર્ભે આજદિન સુધી કાર્યવાહી કરવામાં નથી રાજકોટ-મોરબીના કલેક્ટરો સાથે મળીને આ અરજી પર કોઇ જ કાર્યવાહી ન કરતા હોય તે બાબત શંકા ઉપજાવનાર છે રાજકોટ-મોરબીના કલેક્ટરે આ ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર પરેશ ધાનાણી વિરુધ્ધ કોઇ જ કાર્યવાહી ન કરી તેનો બચાવ કરી રહ્યા હોય તેવું અમારુ સ્પષ્ટ માનનું છે.

### વિવાદી નિવેદન કરી રાહલ ગાંધી ફરી ફસાયા

# કુલપતિઓની નિમણુંક મામલે રાહુલના નિવેદનથી શિક્ષણવિદો ખફા: ખુલ્લો પત્ર લખી વિરોધ કર્યો

## કુલપતિઓની નિમણુંક યોગ્યતાને બદલે આરએસએસ સાથે સંબંધ ધરાવનારાઓની રહી છે: રાહુલ

નવી દિલ્હી તા.૬

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વધુ એકવાર વિવાદમાં ઘેરાઈ ગયા છે. દેશના ૧૮૧ જેટલા શિક્ષણવિદોએ રાહુલને ખુલ્લો પત્ર લખીને રાહુલ સામે વિરોધ કર્યો છે. વાત એમ છે કે રાહુલ ગાંધીએ વિશ્વ વિદ્યાલયોમાં કુલપતિઓની નિયુક્તિ સામે સવાલ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે આ કુલપતિઓની નિયુક્તિ તેમની યોગ્યતાને બદલે કોઈ સંગઠન સાથે તેમના સંબંધના કારણે કરવામાં આવે છે. રાહુલ ગાંધીએ સીધો આરોપ જ લગાવ્યો હતો કે શૈક્ષણિક સંગઠનોમાં નિયુક્તિ હિન્દુવાદી સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) સાથે સંબંધના આધારે રહી છે.



રાહુલના આ નિવેદન સામે દેશના અનેક વિશ્વ વિદ્યાલયોના કુલપતિઓ અને પુર્વ કુલપતિઓ સહિત ૧૮૧ જેટલા શિક્ષણવિદોએ રાહુલ ગાંધીને ખુલ્લો પત્ર લખી વિરોધ દર્શાવ્યો છે. તેમણે રાહુલ સામે નિયુક્તિની પ્રક્રિયાના બારામાં 'જૂઠ ફેલાવવાનો' આરોપ લગાવ્યો છે. એટલું જ નહીં, આ શિક્ષણવિદોએ કોંગ્રેસ નેતા સામે કાનૂની કાર્યવાહીની પણ માંગ કરી છે.

શિક્ષણવિદોએ રાહુલના દાવાને ફગાવીને પત્રમાં લખ્યું છે કે કુલપતિઓની પસંદગી પ્રક્રિયા સખ્ત અને પારદર્શક છે. તેમાં યોગ્યતા, વિદ્વતા, વિશિષ્ટતા અને નિષ્ઠાના મૂલ્યો રહેલા છે. નિયુક્તિ પુરી રીતે શૈક્ષણિક અને પ્રશાસનિક કૌશલ પર આધારીત છે અને વિશ્વ વિદ્યાલયોને આગળ લઈ જવાનો દ્રષ્ટિકોણ છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ)ની કુલપતિ શાંતિશ્રી ધુલીપુરી પંડિત, દિલ્હી વિશ્વ વિદ્યાલયના કુલપતિ યોગેશસિંહ અને અખિલ ભારતીય ટેકનીકલ શિક્ષા પરિષદ (એઆઈસીટીઈ)ના અધ્યક્ષ ટી.જી.સીતારામ સહિત વિભિન્ન ક્ષેત્રોમાં શિક્ષણવિદોએ આ ખુલ્લા પત્રમાં હસ્તાક્ષર કર્યા છે.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીએ હાલમાં જ સનસનીખેજ આરોપ લગાવ્યો હતો કે શૈક્ષણિક સંસ્થાઓમાં નિયુક્તિમાં હિન્દુવાદી સંગઠન રાષ્ટ્રીય સેવક સંઘ સાથે સંબદ્ધતા એક મુખ્ય કારણ રહ્યું છે.

# ભરઉનાળે પણ શરદી-ઉધરસના ૭૪૧ નવા કેસ : મેલેરીયાનો પણ ૧ કેસ : કુલ ૧૩૧૫ દર્દી નોંધાયા

## ખોરાકજન્ય ઝાડા-ઉલ્ટીના ૨૨૯, સામાન્ય તાવના ૨૪૫ દર્દીની નોંધ : મચ્છર ઉત્પતિ બદલ ૫૦૧ આસામીને નોટીસ

રાજકોટ, તા. ૬

રાજકોટ શહેરમાં ઉનાળાના કાળઝાળ તાપ વચ્ચે પણ મચ્છરોનો ઉપદ્રવ દુર કરવા આરોગ્ય વિભાગ દોડાદોડી કરી રહ્યો છે. છેલ્લા અઠવાડિયામાં મેલેરીયાનો નવો એક નોંધાયો હતો.

મેલેરીયા વિભાગે જાહેર કરેલા રિપોર્ટ મુજબ તા.૨૯-૪ થી ૫-૫ દરમ્યાન મેલેરીયાના એક દર્દીની નોંધ થઇ હતી. તો ડેંગ્યુ અને ચીકનગુનીયાના કોઇ કેસ ચોપડે ચડયા ન હતા. આ ઉપરાંત સપ્તાહમાં સિઝનલ રોગચાળાના ૧૩૧૫ કેસ નોંધાયા છે. તેમાં શરદી-ઉધરસના ૭૪૧, સામાન્ય તાવના ૩૪૫ અને ઝાડા-ઉલ્ટીના ૨૨૯ કેસ છે. લોકોને ગરમીમાં બહારના ખાનપાનમાં તકેદારી રાખવા અનુરોધ કરાયો છે. તો ગરમીમાં પણ શરદી-ઉધરસના કેસ ચાલુ રહ્યા છે તે ઉલ્લેખનીય છે.



મચ્છરોનો ઉપદ્રવ રોકવા સંવેદનશીલ વિસ્તારમાં ફોગીંગ અને દવા છંટકાવ ઉનાળામાં પણ ચાલુ રાખવામાં આવ્યો છે.

મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા. ૨૯ થી ૫ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર સહિત ની ૩૧૯ ટીમો દ્વારા ૧,૧૩,૭૩૭ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૪૩૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરાઇ હતી. મચ્છરોના ત્રાસ અંગે સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવ સમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

તો બેદરકારી બદલ બાયલોઝ અંતર્ગત આસામી વિરૂધ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૬૨૫ પ્રીમાઇસીસમાં તપાસ કરી મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૩૫૬ અને કોમર્શીયલ ૧૪૫ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.


# શેરબજારમાં ફરી હર્ષદ મહેતા-કેતન પારેખ યુગના દિવસો; ગુજરાતી-મારવાડી બ્રોકરો મારફત કંપનીઓના ગોટાળા

## ટોચના ઉદ્યોગપતિ હર્ષ ગોએન્કાની ચેતવણી: ઇન્વેસ્ટરો ફસાઇ શકે છે

મુંબઇ, તા.૬

શેરબજારમાં કરોડો રૂપિયાના કૌભાંડો આચરીને માર્કેટને ધ્રુજાવનારા અને ઇન્વેસ્ટરોને પાયમાલ કરી દેનારા હર્ષદ મહેતા તથા કેતન પારેખ કાળના દિવસો ફરી આવી ગયા છે અને રેકોર્ડ બ્રેક તેજીમાં રહેલા માર્કેટમાં અનેકવિધ ગોટાળાથી ગમે ત્યારે ઇન્વેસ્ટરોને મોટી નુકશાની સહન કરવાનો વખત આવે તેમ હોવાની ચેતવણી જાણીતા ઉદ્યોગ જુથ આરપીજી ગ્રુપના ચેરમેન હર્ષ ગોએન્કાએ ઉચ્ચારી છે.

તેઓએ કહ્યું કે ગુજરાતી-મારવાડી શેરબ્રોકરો સાથે સાંઠગાંઠ રચીને કંપની પ્રમોટરો નફાની એન્ટ્રી લઇને અવાસ્તવિક નફો દર્શાવી રહ્યા છે અને તેના આધારે પોત પોતાની કંપનીઓના શેરોના ભાવોને ઉંચે ચડાવી રહ્યા છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્વીટ કરીને તેઓએ કહ્યું કે શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજી વચ્ચે કોલકત્તા જેવા શહેરોમાં ગેરરીતિ-ગોટાળા શરૂ થઇ ગયા છે. કંપની પ્રમોટરો ખોટો-બનાવટી નફો દર્શાવી રહ્યા છે. ખોટી એન્ટ્રી મેળવીને ધરખમ નફો બતાવ્યાના આધારે મારવાડી-ગુજરાતી બ્રોકરો સાથે સાંઠગાંઠ કરીને શેરના ભાવ અવાસ્તવિક સ્તરે પહોંચાડી રહ્યા છે. સેબી તથા નાણાં મંત્રાલયે દાખલ થવાનો સમય આવી ગયો છે અન્યથા નાના ઇન્વેસ્ટરોને મોટી નુકશાની વેઠવાનો વખત આવશે.



તેઓએ નાણાં મંત્રાલય તથા સેબીને એવી અપીલ કરી હતી કે ઇન્વેસ્ટરોને સંભવિત નુકશાનીમાંથી રોકવા માટે અત્યારથી જ તપાસ કરવામાં આવે. શેરબજારમાં શુક્રવારે જબરો કડાકો સર્જાયો હતો. ઉપરાંત વોલાટીલીટી ઇન્ડેકસ પણ ચિંતાના સ્તરે આવ્યાને પગલે ગોએન્કા દ્વારા ટ્વિટ કરવામાં આવ્યું હતું.

શેરબજારના જાણકારોએ એમ કહ્યું કે ચૂંટણી બાદ નવી સરકાર આવકવેરા કાયદામાં ધરખમ બદલાવ કરશે તેવી વાત ફેલાતા ગભરાટની અસરે કડાકો બોલી ગયો હતો. જો કે, નાણાં મંત્રી નિર્મલા સિતારામને આ વાતને ગપગોળો ગણાવીને નકારી કાઢી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૯૦ના દાયકામાં હર્ષદ મહેતા તથા કેતન પારેખે વિવિધ છટકબારીઓનો ઉપયોગ કરીને શેરબજારમાં કૃત્રિમ તેજી સર્જી હતી અને કૌભાંડ ખુલ્લું પડતા પ્રચંડ કડાકા સર્જાયા હતાં.

# યુવાવર્ગમાં પ્રેરણાત્મક ઉત્સાહ: જયેશ બોઘરાનો પુત્ર મતદાન માટે બેંગ્લોરથી આવ્યો


ગુજરાતમાં આવતીકાલે લોકસભા ચૂંટણીનું મતદાન યોજાવાનુ છે. મતદારોમાં, ખાસ કરીને યુવાવર્ગ તથા પ્રથમ વખત મતદાનનો અધિકાર મેળવનાર યુવાનોમાં અદમ્ય ઉત્સાહ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાજકોટ માર્કેટયાર્ડના ચેરમેન જયેશ બોઘરાનો ૧૮ વર્ષિય પુત્ર યશ બોઘરા બેંગ્લોરમાં બીબીએમાં અભ્યાસ કરે છે.



૨૩/૨/૨૦૦૬ના રોજ જન્મેલા યશને પ્રથમ વખત મતદાન કરવાનો અધિકાર મળ્યો છે અને એટલે ખાસ મતદાન કરવા માટે બેંગ્લોરથી રાજકોટ આવ્યો છે. લોકોએ મતદાન માટે આ કિસ્સો પ્રેરણા સમાન છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૩૫-૨૫૮૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૮૫-૨૫૩૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૬૮૫-૧૭૧૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૩૫-૧૬૬૫ |
| પામોલીયન તેલ | ૧૪૭૦-૧૪૭૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૪૦૦-૨૪૫૦ |
| દિવેલ | ૨૦૧૦-૨૦૩૦ |



**સોનુ-ચાંદી**

સોનુ (૧૦ ગ્રામ)
૭૪૦૦૦(+૪૫૦)

ચાંદી
૮૩૮૦૦(+૧૨૫૦)

### દશકા બાદ હોટ બની રાજ્યની લોકસભા ચૂંટણીઃ દેશભરની નજર

# ભાજપની હેટ્રીક કે કોંગ્રેસને આશ્વાસન ઈનામ! કાલે ગુજરાતનો ફેસલો

## રાજયની ૨૫ લોકસભા બેઠક પર ૪.૧૨ કરોડથી વધુ મતદારોઃ હાઈપ્રોફાઈલ સહિત ૨૬૬ ઉમેદવારોના ભાવિ નકકી કરશે



રાજકોટઃ ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના હોમ સ્ટેટ- ગુજરાતમાં લોકસભાની સુરત બેઠક બિનહરીફ વિજેતા બનાવીને દેશમાં રેકોર્ડ સર્જનાર ગુજરાતમાં હવે કાલે ૨૫ બેઠકો પર મતદાન પુર્વે રાજકીય ઉતેજના વધી ગઈ છે અને દેશભરનું ધ્યાન ગુજરાતની રાજકોટ સહિતની અનેક બેઠકો પર કેન્દ્રીત થયુ છે. રાજયમાં પ્રથમ વખત નોંધાયેલા ૧૨ લાખથી વધુ મતદારો ૪.૯૭ કરોડ મતદારો આવતીકાલે ૨૬૬ ઉમેદવારોના ભાવી નિશ્ચિત કરશે જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અને ત્રણ કેન્દ્રીય મંત્રીઓ પરસોતમ રૂપાલા, મનસુખ માંડવીયા અને દેવુસિંહ ચૌહાણનો સમાવેશ થાય છે અને સૌથી મહત્વપૂર્ણ આ ૨૫ બેઠકોમાં કોંગ્રેસ ૨૩ અને આમ આદમી પાર્ટી ૨ બેઠકો પર ચુંટણી લડે છે. ગુજરાતમાં ભાજપે ૨૦૧૪ તથા ૨૦૧૯માં તમામ ૨૬ બેઠકો પર વિજય પતાકા લહેરાવ્યા બાદ ૨૦૨૪માં જીતની હેટ્રીક સર્જવા ઉપરાંત તમામ બેઠકો પર ૫ લાખની લીડનો જે વિજય લક્ષ્યાંક નિશ્ચિત કર્યો હતો પરંતુ ચુંટણીના પ્રારંભે જ રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર

### ગત ૨૦૧૯ની ચૂંટણીમાં ૬૪.૫૧ ટકા મતદાન અને મળેલું પરિણામ

| બેઠક | કુલ મતદારો | મતદાન ટકામાં | કેટલા મતે જીત્યા | બેઠક | કુલ મતદારો | મતદાન ટકામાં | કેટલા મતે જીત્યા |
|---|---|---|---|---|---|---|---|
| કચ્છ(SC) | ૧૭,૪૪,૩૨૧ | ૫૮.૭૧ | ૩,૦૫,૫૧૩ | અમરેલી | ૧૬,૨૮,૪૫૧ | ૫૫.૯૭ | ૨,૦૧,૪૩૧ |
| બનાસકાંઠા | ૧૬,૯૬,૧૧૩ | ૬૫.૦૩ | ૩,૬૮,૨૯૬ | ભાવનગર | ૧૭,૬૮,૨૯૭ | ૫૯.૦૫ | ૩,૨૯,૫૧૯ |
| પાટણ | ૮,૦૭,૦૪૩ | ૬૨.૪૫ | ૧,૯૩,૮૭૯ | આણંદ | ૧૬,૫૫,૮૭૦ | ૬૭.૦૪ | ૧,૯૭,૭૧૮ |
| મહેસાણા | ૧૬,૪૮,૮૬ | ૬૫.૭૮ | ૨,૮૧,૫૧૯ | ખેડા | ૧૮,૦૪,૦૨૮ | ૬૧.૦૪ | ૩,૬૭,૫૧૯ |
| સાબરકાંઠા | ૧૮,૦૧,૭૧૭ | ૬૭.૭૭ | ૨,૬૮,૯૮૭ | પંચમહાલ | ૧૭,૪૪,૭૬૨ | ૬૨.૨૩ | ૪,૨૮,૫૪૧ |
| ગાંધીનગર | ૧૯,૪૫,૭૭૨ | ૬૬.૦૮ | ૫,૫૭,૦૧૪ | દાહોદ (ST) | ૧૫,૯૮,૯૩૯ | ૬૬.૫૭ | ૧,૨૭,૫૯૬ |
| અમદાવાદ-પૂર્વ | ૧૮,૧૧,૮૫૧ | ૬૧.૭૬ | ૪,૩૪,૩૩૦ | વડોદરા | ૧૭,૯૪,૮૯૬ | ૬૮.૧૮ | ૫,૮૯,૧૭૭ |
| અમદાવાદ-પશ્ચિમ | ૧૮,૪૩,૩૧૭ | ૬૦.૮૧ | ૩,૨૧,૫૪૬ | છોટા ઉદેપુર | ૧૬,૭૧,૨૫૩ | ૭૩.૯૦ | ૩,૭૭,૯૪૪ |
| સુરેન્દ્રનગર | ૧૮,૪૯,૪૨૯ | ૫૮.૪૧ | ૨,૭૭,૪૩૭ | ભરૂચ | ૧૫,૬૪,૫૧૯ | ૭૩.૫૫ | ૩,૩૪,૨૧૪ |
| રાજકોટ | ૧૮,૮૪,૩૩૯ | ૬૩.૪૯ | ૩,૬૮,૪૦૭ | બારડોલી (ST) | ૧૮,૨૬,૫૨૬ | ૭૩.૮૯ | ૨,૧૫,૪૪૭ |
| પોરબંદર | ૧૬,૬૨,૩૬૮ | ૫૭.૨૧ | ૨,૨૯,૮૨૩ | સુરત | ૧૬,૫૫,૭૦૪ | ૬૪.૫૮ | ૫,૪૮,૨૩૦ |
| જામનગર | ૧૬,૫૭,૧૬૬ | ૬૧.૦૩ | ૨,૩૬,૮૦૪ | નવસારી | ૧૯,૭૧,૬૫૮ | ૬૬.૪૦ | ૬,૮૯,૬૬૮ |
| જુનાગઢ | ૧૬,૪૨,૮૬૪ | ૬૧.૩૧ | ૧,૫૦,૧૮૫ | વલસાડ (ST) | ૧૬,૭૧,૦૩૦ | ૭૫.૪૮ | ૩,૫૩,૭૯૭ |
| | | | | કુલ | ૪,૫૧,૫૨,૩૭૩ | ૬૪.૫૧ | (-) |

## રાજયમાં હીટવેવની આગાહીઃ મતદારોને ઘરમાંથી બહાર ખેચવામાં રાજકીય પક્ષોના કાર્યકર્તાઓની કસોટી

પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિરુદ્ધ કરેલા વિધાનોએ પહેલા રાજકોટ તથા બાદમાં સમગ્ર ગુજરાતમાં વિવાદ સર્જીને અનેક બેઠકો પર રસપ્રદ સ્થિતિ સર્જી છે અને ભાજપને ડેમેજ કંટ્રોલ માટે છેક વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આધાર રાખવો પડયો છે અને હવે તેનો કેટલો પ્રભાવ પડયો છે તેના પર સૌની નજર છે. કાલે ગુજરાતમાં મતદાનના સમયે જ આકરા તાપની આગાહી કરવામાં આવી છે અને તેથી તેની અસર મતદાન પર કેટલી થશે તે પ્રશ્ન છે. ગુજરાતમાં એક બાદ ચુંટણીમાં વધુને વધુ મજબૂત થઈ રહેલા ભાજપ સાથે સતત નબળી પડી રહેલી કોંગ્રેસના આ જંગમાં એક તરફ ભાજપે

## ક્ષત્રિય આંદોલન ઉપરાંત લોકલ ફેકટર તથા ઉમેદવારોની વ્યક્તિગત ક્ષમતાને કારણે કોંગ્રેસને આશાઃ ભાજપ છેલ્લી ઘડીએ બાજી ફેરવવામાં વ્યસ્ત

તેની તમામ તાકાતથી ચુંટણી લડી છે તો કેટલાક કોંગ્રેસના ઉમેદવારો તેમની ખુદની ક્ષમતાથી વળતી લડાઈ આપી રહ્યા છે અને ખાસ કરીને સૌરાષ્ટ્રની રાજકોટ-જામનગર-સુરેન્દ્રનગરને અમરેલીની બેઠક પર જંગની શકયતા છે તો ક્ષત્રિય આંદોલન- ઠાકોર મતદારો અને આદીવાસી મતક્ષેત્રમાં જબરો સ્પર્ધાત્મક સ્થિતિથી બનાસકાંઠા, વલસાડ, સાબરકાંઠા, પાટણ, ખેડા સહિતની બેઠકો પર પણ રસપ્રદ જંગની શકયતા છે. હવે ગુજરાતના મતદારો કાલે ભાજપને હેટ્રીક માટે સાથ આપે છે કે કોંગ્રેસને તેના ઉમેદવારોની ‘મહેનત’ મુજબ મતદાન કરે છે તેના પર નજર છે.

### લોકસભા ચૂંટણી ૨૦૨૪ – ગુજરાતમાં ભાજપ, કોંગ્રેસ અને AAPના ઉમેદવારો

| બેઠક | ભાજપના ઉમેદવારો | કોંગ્રેસ-આપના ઉમેદવાર | બેઠક | ભાજપના ઉમેદવારો | કોંગ્રેસ-આપના ઉમેદવાર |
|---|---|---|---|---|---|
| ૧. કચ્છ | વિનોદ ચાવડા | નીતિશ લાલન | ૧૪. અમરેલી | ભરતભાઇ સુતરિયા | જેનીબેન ઠુંમર |
| ૨. બનાસકાંઠા | રેખાબેન ચૌધરી | ગેનીબેન ઠાકોર | ૧૫. ભાવનગર | નિમુબેન બાંભણીયા | ઉમેશ મકવાણા(આપ) |
| ૩. પાટણ | ભરતસિંહ ડાભી | ચંદનજી ઠાકોર | ૧૬. આણંદ | મિતેશ પટેલ | અમિત ચાવડા |
| ૪. મહેસાણા | હરિભાઇ પટેલ | રામજી ઠાકોર | ૧૭. ખેડા | દેવુસિંહ ચૌહાણ | કાળુસિંહ ડાભી |
| ૫. સાબરકાંઠા | શોભનાબેન બારૈયા | તુષાર ચૌધરી | ૧૮. પંચમહાલ | રાજપાલસિંહ જાદવ | ગુલાબસિંહ ચૌહાણ |
| ૬. ગાંધીનગર | અમિતભાઇ શાહ | સોનલબેન પટેલ | ૧૯. દાહોદ | જશવંતસિંહ ભાભોર | પ્રભાબેન તાવિયાડ |
| ૭. અમદાવાદ(પૂર્વ) | હસમુખ પટેલ | હિંમતસિંહ પટેલ | ૨૦. વડોદરા | હેમાંગ જોશી | જશપાલસિંહ પઢિયાર |
| ૮. અમદાવાદ(પશ્ચિમ) | દિનેશ મકવાણા | ભરત મકવાણા | ૨૧. છોટા ઉદેપુર | જશુભાઇ રાઠવા | સુખરામ રાઠવા |
| ૯. સુરેન્દ્રનગર | ચંદુભાઇ શિહોરા | ઋત્વિક મકવાણા | ૨૨. ભરૂચ | મનસુખભાઇ વસાવા | ચૈતર વસાવા (આપ) |
| ૧૦. રાજકોટ | પરસોતમ રૂપાલા | પરેશ ધાનાણી | ૨૩. બારડોલી | પ્રભુભાઇ વસાવા | સિધ્ધાર્થ ચૌધરી |
| ૧૧. પોરબંદર | મનસુખ માંડવીયા | લલિત વસોયા | ૨૪. સુરત | ભાજપના મુકેશ દલાલની બિનહરીફ જીત | |
| ૧૨. જામનગર | પૂનમબેન માડમ | જે.પી.મારવિયા | ૨૫. નવસારી | સી.આર.પાટીલ | નૈષધ દેસાઇ |
| ૧૩. જુનાગઢ | રાજેશ ચુડાસમા | હીરાભાઇ જોટવા | ૨૬. વલસાડ | ધવલ પટેલ | અનંત પટેલ |

# મતદાનના બે દિવસ પહેલાં પોલીસ એકશન મોડમાંઃ કમિશ્નર રાજુ ભાર્ગવ મેદાનમાં ઉતર્યા

### તકેદારીના ભાગ રૂપે વાહનોનું સઘન ચેકીંગઃ જીલ્લા પંચાયત ચોકમાં પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ સહીતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉતરી આવ્યાઃ ચૂંટણી શાંતીથી પુરી કરવાની ખાતરી આપતાં પોલીસ કમિશ્નર



રાજકોટ,તા.૬

લોકસભા ચૂંટણીના બે દિવસ પહેલાં શહેર પોલીસ એકશન મોડમાં આવી હતી અને પોલીસ કમિશ્નર રાજુભાર્ગવ, ડીસીપી સુધીર દેસાઈ, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહીલ સહીતના ઉચ્ચ પોલીસ અધિકારી સહીતનો પોલીસ કાફલો જીલ્લા પંચાયત ચોક ખાતે ઉતરી આવ્યો હતો. અને વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું.પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે જણાવ્યું હતું કે, મતદાન પહેલાંના બે દિવસ બહુ જ ગંભીર હોય છે. જેમની તકેદારીના ભાગ રૂપે સઘન વાહન ચેકીંગ કરવામાં આવી રહ્યો છે. જેમાં તેમજ ક્રીટીકલ બુથમાં ચૂંટણીની ગાઈડલાઈન્સ પર એસઆરપી સહીતનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.તેમજ મતદાન શાંતીપૂર્ણ પુરૂ થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેની ખાતરી આપી હતી.રાત્રે જીલ્લા પંચાયત ચોકમાં કરેલ વાહન ચેકીંગમાં ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એન.આર.ગોંડલીયા સહીતનો સ્ટાફ તેમજ પ્ર.નગર પોલીસનો સ્ટાફ જોડાયો હતો.

# સેન્સેકસ ગ્રીનઝોનમાં; નિફટી તથા મોટાભાગના શેરો ‘ડાઉન’: સાવચેતીનું માનસ

રાજકોટ તા.૬

મુંબઈ શેરબજારમાં અફડાતફડીના માહોલ વચ્ચે મીશ્ર વલણ રહ્યું હતું. આવતીકાલે ત્રીજા તબકકાના ચૂંટણી મતદાન તથા માર્કેટમાં ગેરરીતિ થઈ રહ્યાની ઉદ્યોગપતિ હર્ષ ગોએન્કાની ચેતવણીથી માનસ સાવચેતીનું હતું.

શેરબજારમાં આજે શરૂઆત તેજીના ટોને થઈ હતી. ઉછાળે વેચવાલીથી માર્કેટ રેડઝોનમાં ઉતરી ગયુ હતું. પસંદગીના ધોરણે ફરી ધૂમ લેવાલી નિકળતા પુનઃ તેજીના માર્ગે દોડવા લાગ્યુ હતું અને અંતિમ તબકકામાં ફરી અટવાયુ હતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ત્રીજા તબકકાના ચૂંટણી મતદાન, વિદેશી સંસ્થાઓની એકધારી વેચવાલી, ઉદ્યોગપતિ હર્ષ ગોએન્કાની ચેતવણી સહિતના કારણોથી ટોન સાવચેતીનો બન્યો હતો. આવતીકાલના મતદાનના આંકડાના આધારે માર્કેટમાં પ્રભાવ પડી શકે છે.

શેરબજારમાં આજે ટેક મહિન્દ્ર, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, હિન્દ લીવર, ઈન્ડુસઈન્ડ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, મહીન્દ્ર, ટીસ્કો, બ્રીટાનીયા, ટીસીએસ, ટાટા મોટર્સ વગેરે ઉંચકાયા હતા. ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઈનાન્સ, મારૂતી, લાર્સન, રીલાયન્સ, સ્ટેટ બેંક, અદાણી એન્ટરપ્રાઈઝ, ભારત પેટ્રો, આરઈસી, પાવર ફાઈનાન્સમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૪૮ પોઈન્ટના સુધારાથી ૭૩૯૨૬ હતો તે ઉંચામાં ૭૪૩૫૯ તથ નીચામાં ૭૩૭૮૬ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૮ પોઈન્ટના ઘટાડાથી ૨૨૪૫૭ હતો તે ઉંચામાં ૨૨૫૮૮ તથા નીચામાં ૨૨૦૦૮ હતો.

### બહુ મોટા પ્રચાર યુદ્ધ, મહત્વના મુદ્દા વગરની ચૂંટણીમાં વિવાદો જ રહ્યા કેન્દ્રમાંઃ વધુમાં વધુ મતદાન માટે મહેનત

# સૌરાષ્ટ્ર-કચ્છની ૮ બેઠકો પર કાલે મતદાન; રાજકોટ ‘હોટ સીટ’

### સૌરાષ્ટ્ર-કચ્છના મુખ્ય ઉમેદવારો

- **રાજકોટઃ** પરસોતમ રૂપાલા (ભાજપ કડવા પટેલ)
  પરેશ ધાનાણીઃ(કોંગ્રેસ–લેઉવા પટેલ)
- **જુનાગઢઃ** રાજેશ ચુડાસમા (ભાજપ–કોળી)
  હીરાભાઈ જોટવા (કોંગ્રેસ–આહીર)
- **જામનગરઃ** પુનમબેન માડમ (ભાજપ–આહીર)
  જે.પી.મારવીયા (કોંગ્રેસ–લેઉવા પટેલ)
- **અમરેલીઃ** ભારત સુતરીયા (ભાજપ–લેઉવા પટેલ)
  જેનીબેન ઠુમ્મર (કોંગ્રેસ–લેઉવા પટેલ)
- **પોરબંદરઃ** ડો.મનસુખ માંડવીયા (ભાજપ–લેઉવા પટેલ)
  લલીત વસોયા (કોંગ્રેસ–લેઉવા પટેલ)
- **ભાવનગરઃ** નિમુબેન બાંભણીયા (ભાજપ–કોળી)
  ઉમેશ મકવાણા (આપ–કોળી)
- **સુરેન્દ્રનગરઃ** ચંદુભાઈ શિહોરા (ભાજપ–ચુંવાળીયા કોળી)
  ઋત્વિક મકવાણાઃ (કોંગ્રેસ–તળપદા કોળી)
- **કચ્છઃ** વિનોદ ચાવડા (ભાજપ–દલિત)
  નિતેશ લાલણ (કોંગ્રેસ–દલીત)

## સુરેન્દ્રનગર–જામનગરમાં પણ રાજકીય ગરમીઃ બે કેન્દ્રીય મંત્રીના ભાવિ પર નજરઃ જ્ઞાતિઓનાં ગણિત પર ફોકસઃ ભાવનગરમાં ભાજપ–આપ વચ્ચે ટકકર

રાજકોટ તા.૬

સૌરાષ્ટ્ર-કચ્છની લોકસભાની આઠ બેઠકની ચૂંટણીનાં મતદાન આડે હવે ગણતરીના કલાકો રહ્યા છે ત્યારે મોટા રાજકીય પ્રચાર-ઝંઝાવાતી સભાઓના સતત પ્રસંગો વગર અગાઉની ચૂંટણી કરતાં આ વખતે પ્રચાર-એકંદરે ઠંડો રહ્યો છે. વડાપ્રધાનની સભા સિવાય મોટા પ્રચારકો આવ્યા નથી તો કાલે મંગળવારે સવારે ૭ થી સાંજે ૭ દરમ્યાન ભારે ગરમી વચ્ચે મતદારોનાં ઉત્સાહ ઉપર તમામ નેતાઓ પક્ષની નજર છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં આ વખતે રાજકોટથી ક્ષત્રિય સમાજનો જાગેલો રોષ હોટ ઈસ્યુ બની રહ્યો છે. ભાજપના પરસોતમભાઈ રૂપાલાના વિધાન સામે શરૂ થયેલો વિરોધ રાજય વ્યાપી બન્યો અને છેલ્લા દિવસ સુધી ચાલુ રહ્યો. રાજકોટ ઉપરાંત જામનગર, સુરેન્દ્રનગરમાં આ મુદ્દાની ખાસ્સી અસર રહી છે.

સૌરાષ્ટ્રમાં બે કેન્દ્રીય મંત્રી પોતાના મત વિસ્તારથી બહાર ચૂંટણી લડી રહ્યા છે રાજકોટથી પરસોતમ રૂપાલા અને પોરબંદરથી ડો.મનસુખ માંડવીયાને પાર્ટીએ ટીકીટ આપી છે.સૌરાષ્ટ્રમાં ભાવનગરમાં ભાજપ અને આપ વચ્ચે ટકકર છે. એ સિવાય ભાજપ-કોંગ્રેસનાં ઉમેદવારો ચૂંટણી લડે છે.

કચ્છ, જામનગર, અને જુનાગઢમાં વર્તમાન સાંસદો ત્રીજી વખત ચૂંટણી લડે છે. રાજકોટમાં કોંગ્રેસના પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી ચૂંટણી લડવા આવતા અમરેલીનાં બે માથા વચ્ચે રાજકોટમાં ટકકર થઈ છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં બે વખતથી ભાજપ તમામ બેઠક જીતે છે.આ વખતે વિવાદ સિવાય કાંઈ નવા મુદ્દા નથી આથી મતદારોના મિજાજ પર સૌની નજર છે. ભાજપે મોદી, રામ મંદિર અને વિકસીત રાષ્ટ્રનાં નામે મત માગ્યા છે તો કોંગ્રેસે વચનો આપવા સાથે વિવાદોનો પણ લાભ લીધો છે.

સૌરાષ્ટ્ર-કચ્છની ૮ બેઠક ૨ ૧.૫૦ કરોડથી વધુ મતદારો છે.ગત ચૂંટણીમાં ૫૯ ટકા જેટલુ મતદાન થયુ હતું. ભાજપને જીત અને જોઈતી લીડ માટે ૭૦ ટકા નજીક મતદાનની જરૂર છે.

કુલ ૯૨ ઉમેદવારો મેદાનમાં છે ત્યારે વિવાદો અને વિરોધના લાભ કોને મળે છે? શું મતદાન માત્ર રાષ્ટ્રવાદના નામે ચાલશે? તે વાત મતદારોના મનમાં છુપાયેલી રહી છે. હાલ તો બન્ને પક્ષો વધુમાં વધુ મતદાન માટે પ્રયાસો કરી રહ્યા છે.

## ગીતા વિદ્યાલય ટ્રસ્ટમાં નિઃશુલ્ક ફિઝિયોથેરાપી નિદાન-સારવાર કેમ્પ યોજાયો



જંકશન પ્લોટ ખાતે ગીતા વિદ્યાલય ટ્રસ્ટ-ગીતા મંદિરમાં તબીબી સહાય અંતર્ગત રવિવાર તા.૨૮ એપ્રિલના રોજ નિઃશુલ્ક ફિઝિયોથેરાપી નિદાન-સારવાર કેમ્પનું આયોજન થયું હતું. જેમાં જાણીતા ફિઝિયોથેરાપિસ્ટ ડો.દેવકી મહેતા તથા ડો.હાર્વી સરવૈયાએ સેવા આપી હતી. આ કેમ્પમાં ફિઝિયોથેરાપી માટે ડો.દેવકી મહેતા, ડો.હાર્વી સરવૈયા સાથે સંસ્થાના સંચાલક ડો.કૃષ્ણકુમાર મહેતા, રાવલભાઈ અને હેતલ મહેતા એ નિઃશુલ્ક સારવાર આપી હતી.

## ૧૫૨ આસામીઓ પાસેથી ૭.૮ કિલો પ્લાસ્ટીક જપ્તઃ રૂા.૩૪ હજારનો દંડ



રાજકોટ,તા.૬

પ્લાસ્ટીક યુઝ પર મનપા દ્વારા પ્રતિબંધ મુંકવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી પ્લાસ્ટીક જપ્તની કાર્યવાહી કરવામાં આવી રહી છે.ત્યારે આજરોજ મનપા દ્વારા ત્રણેય ઝોનમાંથી ૧૫૨ આસામીઓ પાસેથી ૭.૮ કિલો પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવ્યું છે. તેમજ ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૩૪૨૩૪નો દંડ વસુલવામાં આવ્યો છે.તા.૪ અને ૫નાં રોજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્તીની કાર્યવાહી કરવામાં આવી હતી.જેમાં સેન્ટ્રલ ઝોનના મુખ્ય માર્ગો પર કાર્યવાહી કરતા ૫૧ આસામીઓ પાસેથી ૨.૧ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી રૂા.૯૧૫૦નો દંડ ફુટ કારવામાં આવ્યો છે.વેસ્ટઝોન વિસ્તારમાં ૭૨ આસામીઓ પાસેથી ૪.૫ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી રૂા.૧૭૬૫૦નો દંડ ફુટકાર્યો અને ઈસ્ટઝોનમાંથી ૨૯ આસામીઓ સામે કાર્યવાહી કરી રૂા.૭૪૩૪નો દંડ ફટકાર્યો હતો.આમ કુલ રૂા.૩૪૨૩૪ રીતે ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

### મહિલા અને બે યુવાનોના હૃદય ધબકતા બંધ થયા

# રેલનગરમાં ૩૭ વર્ષીય નરેશભાઈ, શાપરમાં ૩૦ વર્ષીય દિલીપ અને પુનિતનગરમાં ૫૬ વર્ષીય મહિલાનું હાર્ટએટેકથી મોત

### ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપમાં રહેતા નરેશભાઈ ઘરે જ ઢળી પડયા : શાપરમાં રોડ પરથી બેભાન મળેલ દિલીપનું સારવાર મળે તે પહેલા જ મોત નિપજયું : પુનિતનગરમાં ભાનુબેન કપડા ધોતી વખતે જ ઢળી પડયા : અરેરાટી

રાજકોટ, તા. ૬

શહેરમાં હાર્ટ એટેકના બનાવો અવિરત રહ્યા હોય તેમ વધુ ૩ જિંદગીના હૃદય ધબકતા બંધ થયા હતા. રેલનગરમાં ૩૭ વર્ષીય નરેશભાઈ, શાપરમાં ૩૦ વર્ષીય દિલીપ અને પુનિતનગરમાં ૫૬ વર્ષીય ભાનુબેનનું હાર્ટ એટેકથી મોત નિપજયું હતું.



પ્રાપ્ત વિગત મુજબ રેલનગરમાં ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપમાં રહેતા નરેશભાઈ રમેશભાઈ ભાગવાણી (ઉ.વ.૩૭) નામનો યુવક ગઈકાલે પોતાના ઘરે હતો ત્યારે અચાનક જ બેભાન થઈ ઢળી પડયો હતો. જેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત નિવડે તે પહેલા જ તેમનું મોત નિપજયું હતું. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી.

બીજા બનાવમાં શાપર-વેરાવળમાં આવેલ પિતૃ કૃપા હોટલ પાસે રોડ પર એક યુવાન બેભાન હાલતમાં મળ્યો હતો. જેમને સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી જણાવ્યું હતું કે મૃતક શાપરના બુધ્ધનગરમાં રહેતો દિલીપ મગનભાઈ સનુરા (ઉ.વ.૩૦) હોવાનું બહાર આવ્યું હતું.

મૃતક યુવાન બે દિવસ પહેલા નીકળી ગયો હતો અને ગઈકાલે તે બેભાન હાલતમાં મળ્યો હતો.

ત્રીજા બનાવની વિગત મુજબ પુનિતનગર વિસ્તારમાં સતનામ સોસાયટીમાં રહેતા ભાનુબેન ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.૫૬) પોતાના ઘરે કપડા ધોઈ રહ્યા હતા ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો ઉપડતા બેભાન થઈ ઢળી પડયા હતા જેમને સારવાર અર્થે સીવીલ હોસ્પિટલે ખસેડાતા ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા.

બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃતક ૩ બહેન, ૧ ભાઈમાં મોટા અને સંતાનમાં બે પુત્ર છે. તેઓના પતિ મિસ્ત્રી કામ કરતા હોવાનું સામે આવ્યું હતું. બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# ‘ક્ષમા વીરસ્ય ભૂષણમ’ના ક્ષાત્રધર્મને સાર્થક કરી ક્ષત્રિય સમાજ ભાજપાને સમર્થન આપે : ક્ષત્રિય સમાજના અગ્રણીઓની અપીલ

## ક્ષત્રિય સમાજને ત્યાગ અને બલિદાનની પ્રતીતિ કરાવવા ભાજપાના પ્રદેશ અગ્રણીઓની ક્ષત્રિય સમાજને અપીલ કરતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ.કે.જાડેજા, મહેન્દ્રસિંહ સરવૈયા, બળવંતસિંહ રાજપૂત, પ્રદીપસિંહ જાડેજા, કિરીટસિંહ રાણા, કેસરીદેવસિંહ ઝાલા, હકુભા સહિતના આગેવાનો

ગાંધીનગર :

ભારતીય જનતા પાર્ટીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે છેલ્લા દસ વર્ષમાં આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વર્ષની સંસ્કૃતિના પુનર્જાગરણ સાથે કલમ ૩૭૦ની નાબૂદીનો સંકલ્પ સાકાર થતા રાષ્ટ્રીય અખંડિતતાની સિદ્ધિ પણ સાકાર થઈ છે. આગામી વર્ષોમાં પણ સમગ્ર વિશ્વમાં ભારતને ‘વિશ્વ ગુરૂ’ બનાવવાની શરૂ થયેલી પ્રક્રિયામાં શ્રી નરેન્દ્ર ભાઈ મોદીને સંપૂર્ણ સહયોગ અને સમર્થન આપવા ભારતીય જનતા પાર્ટીના તમામ ક્ષત્રિય આગેવાનોએ ક્ષત્રિય સમાજને હૃદયપૂર્વકની અપીલ કરી છે.

આ તમામ ક્ષત્રીય આગેવાનોને જણાવ્યું છે કે પુરુષોત્તમ રૂપાલાજીના નિવેદનથી દુ:ખ અને આઘાત ક્ષત્રિય સમાજને લાગ્યા છે એટલો જ આઘાત ભાજપના ક્ષત્રિય આગેવાનો અને કાર્યકર્તાઓને પણ લાગ્યો છે. સૌના આઘાતની આ લાગણીને તુરત જ ધ્યાનમાં લઈને ખરા દિલથી પુરુષોત્તમ રૂપાલાએ એક કરતાં વધુ વખત પોતાના વિધાન બદલ દિલગીરી વ્યક્ત કરી ક્ષત્રિય સમાજની માફી પણ માંગી છે. રૂપાલાએ એમ પણ કહ્યું છે કે - ‘ભૂલ મેં કરી છે; તો તેની સજા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને શા માટે કરો છો?’એમ કહીને પણ રૂપાલા એ વારંવાર માફી માંગી છે ત્યારે રાષ્ટ્રહિતમાં ક્ષત્રિય સમાજે પણ ઉદારતા દાખવી ‘ક્ષમા વિરસ્ય ભૂષણમ’ના ક્ષત્રિય ધર્મને સાર્થક કરી માફી આપી પોતાની ગૌરવવંતી પરંપરા સાથે ત્યાગ અને બલિદાનની ભાવનાની પણ પ્રતીતિ કરાવવી જોઈએ.

ભારતીય જનતા પક્ષના ક્ષત્રિય સમાજના પ્રદેશ અગ્રણીઓ સર્વ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ. કે. જાડેજા, પ્રદિપસિંહ જાડેજા, માંધાતા સિંહ જાડેજા, કેસરીદેવસિંહ ઝાલા (રાજ્ય સભા સભ્ય) બળવંતસિંહ રાજપૂત (મંત્રી), જયદ્રથસિંહ પરમાર, મહેન્દ્રસિંહ સરવૈયા ( પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ), કિરીટસિંહ રાણા (ધારાસભ્ય), ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા), (ધારાસભ્ય) સી. કે. રાઉલજી, (ધારાસભ્ય)અરૂણ સિંહ રાણા(ધારાસભ્ય) વિરેન્દ્રસિંહ જાડેજા (ધારાસભ્ય)તથા શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (ધારાસભ્ય)એક સંયુકત



નિવેદનમાં ક્ષત્રિય સમાજને અપીલ કરતા જણાવ્યું છે કે ભાજપાની ગુજરાત અને કેન્દ્રની સરકાર દ્વારા થયેલા વિકાસ કાર્યોમાં દેશ અને રાજયના અન્ય સમાજની સાથે ક્ષત્રિય સમાજનું પણ યશસ્વી પ્રદાન રહ્યું છે. આ વિકાસ પ્રક્રિયા આગામી દાયકાઓમાં પણ ચાલુ રહેવાની છે ત્યારે ક્ષત્રિય સમાજ પોતાની ગૌરવવંતી પરંપરાને જાળવીને આગામી લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપને જ પોતાનો બહુમૂલ્ય મત આપીને સમર્થન આપે તેવી અમારા સૌની હૃદય પૂર્વકની ક્ષત્રિય સમાજને અપીલ છે.

જે લોકો પોતાને વિધિવત આમંત્રણ છતાં પણ શ્રી રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા વિધિમાં ન જાય, જેના માટે આ દેશના શૂરવીર રાજવીઓ, ક્ષત્રિયોએ બલિદાન આપ્યા એવા આપણા સનાતન ધર્મનું સતત નુકસાન કરીને માત્ર તૂષ્ટીકરણની નીતિમાં રાચનારાઓને ક્યારેય મત ન અપાય, કલમ ૩૭૦ ની નાબૂદીનો વિરોધ, સી.એ.એ.ના કાનૂન નો વિરોધ, ત્રિપલ તલ્લાક નાબૂદીના કાનૂનનો વિરોધ, સ્વર્ગસ્થ રાજીવ ગાંધીના સમયમાં શાહબાનુ કેસના સંદર્ભમાં અપનાવાયેલું વલણ, રામ જન્મભૂમિ કેસને વિલંબમાં નાખવાનો તત્કાલીન યુ.પી.એ સરકારનો અભિગમ, શ્રી રામના અસ્તિત્વને નકારી તેમને કાલ્પનિક પાત્ર કહેવાની નીતિ-પુષ્ટીકરણની નીતિના આ બધા વરવા ઉદાહરણો આ દેશની જનતાએ અનેક વખત જોયા છે ત્યારે આ તૂષ્ટિકરણની રાજનીતિ કરનારા આ દેશના રાજકારણીઓને આપણો ક્ષત્રિય સમાજ આ ચૂંટણીઓમાં પોતાનો કિંમતી મત આપી કેવી રીતે સમર્થન આપી શકે? એવો પ્રશ્ન પણ પ્રદેશ ભાજપના ક્ષત્રિય અગ્રણીઓએ ક્ષત્રિય સમાજને કર્યો છે.

આ અગ્રણીઓએ એમ પણ જણાવ્યું છે કે કોંગ્રેસના રાષ્ટ્રીય આગેવાન રાહુલ ગાંધીએ પણ હમણાં જ પોતાના વિવાદિત નિવેદન દ્વારા આ દેશની રાજવી પરંપરા અને રાજા રજવાડાઓનું હળહળતું અપમાન કર્યું છે એ જ રીતે ભાવનગર લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર કે જેમને કોંગ્રેસનું પણ સમર્થન છે,

તેઓએ પણ ઈરાદાપૂર્વક રાજા રજવાડાઓનું અપમાન કર્યું છે. આ મહાનુભાવે પોતાના વિધાન બદલ માફી માગવાની પણ બિલકુલ સ્પષ્ટ ના પાડી છે ત્યારે અમને સૌને એ વાતનું દુ:ખ છે કે આપણે એટલે કે ક્ષત્રિય સમાજ આ બંનેની માફી મંગાવી શક્યા નથી !! જ્યારે રૂપાલાએ તથા ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે પણ ક્ષત્રિય સમાજની હૃદય પૂર્વક બે હાથ જોડીને માફી માગી છે ત્યારે ક્ષત્રિય ભાઈઓએ પણ ક્ષમા વીરસ્ય ભૂષણમની પોતાની યશસ્વી અને ગૌરવ વંતી પરંપરા અને સ્વભાવને સાર્થક કરવાનો આ અમૂલ્ય અવસર છે.

# મોદી રાત્રીના અમદાવાદ પહોંચશે: કાલે સવારે ૭.૩૦ કલાકે મતદાન કરશે

## રાણીપની નિશાના સ્કુલમાં મત આપશે: ભાજપમાં આનંદીબેન–અમીત શાહ પણ ગુજરાત આવે છે



રાજકોટ:

આવતીકાલે ગુજરાતમાં યોજનારી લોકસભા ચુંટણીના મતદાનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અમદાવાદમાં મતદાન માટે આજે રાત્રીના જ અમદાવાદ આવી પહોંચશે. શ્રી મોદી અમદાવાદના રાણીપ મતક્ષેત્રમાં અહીની નિશાના સ્કુલમાં મતદાન કરશે.

એસપીજીની ટીમ ગઈકાલે જ અહી મોદીની સુરક્ષા માટેની વ્યવસ્થા ગોઠવવા પહોંચી ગઈ હતી અને મોદી આજે રાત્રીના ૯.૩૦ વાગ્યે અમદાવાદ વિમાની મથકે આવીને રાજભવનમાં રોકાણ કરશે અને સવારે ૭.૩૦ના મતદાન કરીને પછી અન્ય રાજયમાં ચુંટણી પ્રવાસે રવાના થશે. આ ઉપરાંત ઉતરપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ થિલજમાં મતદાન કરશે તો કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ નારણપુરામાં મતદાન કરશે.

## અમેઠીમાં કોંગ્રેસના કાર્યાલય પર હુમલો : વાહનોમાં તોડફોડ : ભાજપ પર આરોપ



અમેઠી, તા. ૬ : લોકસભા ચૂંટણીમાં અમેઠી બેઠક પર કોંગ્રેસના ઉમેદવારની ઓફિસ ઉપર તોડફોડ થઇ હોવાનો અને પોલીસ મુકપ્રેક્ષક બનીને જોતી રહી હોવાનો આરોપ કોંગ્રેસના પ્રવકતા સુપ્રિયા શ્રીનેતે કર્યો છે. અમેઠીમાં ભાજપના ઉમેદવાર તરીકે સ્મૃતિ ઇરાની ફરી ચૂંટણી લડી રહ્યા છે ત્યારે કોંગ્રેસ પક્ષે અહીં ગાંધી કુટુંબના વફાદાર ગણાતા કે.એલ.શર્માને ટીકીટ આપી છે અને તેઓએ હવે પ્રચાર પણ શરૂ કર્યો છે તે સમયે તેમના કાર્યાલય બહાર જે વાહનો ઉભા હતા તેમાં તોડફોડ અને નુકસાન કરાઇ હોવાનો કોંગ્રેસના પ્રવકતાએ આરોપ મુકયો હતો જણાવ્યું કે ભાજપના સમર્થકોએ આ હુમલા કર્યા છે. અમેઠીમાં જાણીતા તેવા શર્માની ઉમેદવારીથી ભાજપ માટે પડકાર સર્જાયો હોવાથી તેમના ગુંડાઓએ હવે આ પ્રકારની તોડફોડ શરૂ કરી હોવાનો દાવો કર્યો હતો. રાહુલ ગાંધીની આ બેઠક પર હવે કે.એલ.શર્મા સ્મૃતિ ઇરાનીને કેવો પડકાર આપે છે તેના પર નજર છે.

# પાડાને વાંકે પખાલીને ડામ: પાન-આધાર લિંક મામલે આઈટીએ વિક્રેતાને બદલે ઘર ખરીદનારને નોટિસ મોકલી

## ઘર ખરીદનારાઓને ટીડીએસ કપાત મામલે હાલ તુરંત ૩૧ મે સુધી રાહત આપી: જો વિક્રેતા પાન–આધાર લિંક ન કરાવે તો ખરીદનારે ટીડીએસ ચૂકવવો પડે: આ મામલે ૧૬ હજારથી વધુ ઘર ખરીદનારાઓને નોટિસ આઈટીએ ફટકારતા મામલો કોર્ટમાં ગયો

નવી દિલ્હી તા.૬

આવકવેરા વિભાગ નવું ઘર ખરીદનારાઓને વિશેષ ટીડીએસ કપાતથી હાલ તરત રાહત આપી છે. તેના માટે સંપતિ વેચનાર વિક્રેતાએ ૩૧ મે સુધીમાં પોતાના પાન અને આધારને લિંક કરવાનો રહેશે. જો વિક્રેતા આમા ચૂકી જશે તો ખરીદનારે વધેલા દરથી વધારાનો ટીડીએસ ચૂકવવો પડશે. આ મામલે અનેક લોકોને નોટિસ પણ મોકલવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ગત એક વર્ષમાં દેશભરમાં લગભગ ૧૬ હજારથી વધુ ઘર ખરીદનારાઓને નોટીસ મોકલી તેમની



પાસેથી ખરીદી સંપતિ પર તેમની પાસેથી વધારાનો ટેકસ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. આવકવેરા વિભાગનું કહેવું હતું કે જે વિક્રેતાઓએ આ સંપતિ વેચી છે, તેમના પાન નંબર નિષ્ક્રીય છે અથવા તો આધાર સાથે લિંક નથી.

આ પરીસ્થિતિમાં ખરીદનારે વધારાના કરનું ચૂકવણું કરવું પડશે, પણ હાલમાં જ જાહેર એક સકર્યુલરમાં વિભાગે આવા ઘર ખરીદનારાઓને રાહત આપીને પાન અને આધારને લિંક કરાવવા માટે ૩૧ મે ૨૦૨૪ સુધીનો સમય આપ્યો છે. વિશેષજ્ઞોનું કહેવું છે કે આનો મતલબ એ છે કે ખરીદનારે નોટિસ રદ કરાવવા માટે વિક્રેતાને પોતાના પાનને પોતાના આધાર સાથે લિંક કરવાનો આગ્રહ કરવો પડશે.

અનેક ખરીદનારાઓએ અદાલતનો દરવાજો ખખડાવ્યો: અરજદારોનું કહેવું છે કે આમાં તેમની કોઈ ભુલ નહોતી. તેમણે બધી કાનૂની પ્રક્રિયાઓનું પાલન કર્યું હતું પણ આવકવેરાની નોટિસનો તેમને સામનો કરવો પડે છે.

વિશેષજ્ઞો બોલ્યા- વિક્રેતાની જ જવાબદારી: વિશેષજ્ઞોનું કહેવું છે કે આવકવેરા વિભાગે વિક્રેતાની જવાબદારી નકકી કરવી જોઈએ. તે પોતાના પાનકાર્ડને આધાર સાથે લિંક કરાવે, નહીં કે ખરીદનારાઓ પર ટીડીએસનો બોજ નાખવામાં આવે. નિશ્ચિત તારીખ સુધીમાં પાન-આધાર લિંક ન થવા પર વિક્રેતાને જ નોટિસ મોકલવી જોઈએ.

# વેસ્ટ ઈન્ડિઝમાં રમાનારા ક્રિકેટ વર્લ્ડ કપના મેચ પર ત્રાસવાદી હુમલાની ધમકી

નવી દિલ્હી, તા. ૬

અગામી તા. ૨ જુનથી શરૂ થયેલા ક્રિકેટ ટી-૨૦ વર્લ્ડકપ પૂર્વે જ વેસ્ટ ઇન્ડિઝમાં રમાનાર મેચમાં ત્રાસવાદી ધમકી આવતા ફરી એક વખત ક્રિકેટ પર ત્રાસવાદનો પડછાયો જોવા મળી રહ્યો છે. ઉત્તર પાકિસ્તાનમાંથી આઇએસ સંગઠને હવે વર્લ્ડકપ સહિતના ક્રિકેટ અને અન્ય રમતો સહિતના ઇવેન્ટને ટાર્ગેટ બનાવવાની ધમકી આપી છે. અફઘાન સ્થિત આ સંગઠનની પાકિસ્તાનમાં કાર્યરત આઇએસ ખુશરાન દ્વારા વેસ્ટ ઇન્ડિઝમાં ક્રિકેટ વર્લ્ડ કપ દરમ્યાન ત્રાસવાદી હુમલાની ધમકી આપી છે. જોકે વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટ બોર્ડ ક્રિકેટરો ઉપરાંત પ્રેક્ષકોને તમામ સુરક્ષાની ખાતરી આપી છે. ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન તા. ૨ થી ૨૯ જુન દરમ્યાન વેસ્ટ ઇન્ડિઝ અને અમેરિકામાં




**પાકિસ્તાન સ્થિત અફઘાન ત્રાસવાદી સંગઠન આઇએસ ખુશરાનએ નસીર પાકિસ્તાન મારફત ધમકીભર્યા સંદેશા મોકલતા સુરક્ષા એજન્સી એલર્ટ**

બંનેમાં યોજાઇ રહ્યું છે. વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટ બોર્ડના સીઇઓ જોની ગ્રેવે જણાવ્યુ હતું કે, અમે આઇસીસી સાથે સહયોગ કરીને ક્રિકેટ મેચને સુરક્ષા આપવા માટે વધુ પ્રયાસો કરીએ છીએ ખાસ કરીને વેસ્ટ ઇન્ડિઝના જે શહેરોમાં આ સ્પર્ધાના મેચ યોજાવાના છે ત્યાં સુરક્ષા ઉપાયો વધુ સુરક્ષીત બનાવાયા છે. સ્થાનિક સ્તરે શકદારો અંગે તપાસ કરવામાં આવી છે. બાર્બાડોઝમાં રિઝયોનલ અધિકારીઓએ પણ આ પ્રકારની ધમકી મળી હોવાનું સ્વીકાર્યુ હતું અને નસીર પાકિસ્તાન દ્વારા આ ધમકી ભર્યા સંદેશા મોકલાયા હતા. વેસ્ટ ઇન્ડિઝમાં બાર્બાડોઝ ઉપરાંત ગુયાના, એન્ટી ગોવા, બર્બુડા, સેન્ટ વિન્સેન, લુસીયા તેમજ ટોબેડામાં વર્લ્ડ કપના મેચ રમાવાના છે.

# પુંછ હુમલામાં પાકિસ્તાનનું આતંકવાદી સંગઠન લશ્કર સામેલ, ત્રણથી ચાર આતંકવાદીઓએ અંજામ આપ્યો

દિલ્હી, તા ૬

શનિવારે સુરનકોટ વિસ્તારમાં એરફોર્સના કાફલા પર થયેલા આતંકવાદી હુમલામાં પાકિસ્તાનના આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો હાથ હોવાનું જાણવા મળ્યું છે. આ હુમલામાં ત્રણથી ચાર આતંકવાદીઓ સામેલ હોવાની આશંકા છે, જેમણે અચાનક હુમલો કર્યો હતો. આ હુમલાનો માસ્ટરમાઈન્ડ અબુ હમઝા હોવાનું કહેવાય છે, જે સરહદી જિલ્લા રાજૌરી-પૂંચમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપી રહ્યો છે. વધુ નુકસાન પહોંચાડવાના હેતુથી હુમલામાં સ્ટીલની ગોળીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો કે હજુ સુધી કોઈ સંગઠને આ ઘટનાની જવાબદારી લીધી નથી.




રવિવારે બીજા દિવસે પણ આતંકવાદીઓની શોધ ચાલુ રહી. સુરક્ષા દળો ૨૦ કિલોમીટરથી વધુની ત્રિજ્યામાં આતંકીઓને ઘેરીને તેમને શોધવામાં વ્યસ્ત છે. સર્ચ ઓપરેશનમાં હેલિકોપ્ટર, ડ્રોન, ડોગ સ્કવોડ અને પેરા કમાન્ડોને તૈનાત કરવામાં આવ્યા છે. આ દરમિયાન શંકાના આધારે છથી વધુ લોકોની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે AK એસોલ્ટ રાઈફલ્સ ઉપરાંત, આતંકવાદીઓએ મહત્તમ જાનહાનિ કરવા માટે યુએસ નિર્મિત M4 કાર્બાઈન્સ અને સ્ટીલ બુલેટનો પણ ઉપયોગ કર્યો હતો. હુમલા બાદ હુમલાખોરો ભાગીને જંગલમાં છુપાઈ ગયા હતા. જમ્મુ KIGP આનંદ જૈન અને સેના અને ગુપ્તચર એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. અધિકારીઓએ જણાવ્યું કે આતંકીઓને મારવા માટે શાહસિતાર, ગુસઈ, સનાઈ અને શિંદરા ટોપ સહિત ઘણા વિસ્તારોમાં સેના અને પોલીસનું સંયુકત ઓપરેશન ચાલી રહ્યું છે. પુંછના સરહદી જિલ્લા તેમજ નજીકના રાજૌરીમાં છેલ્લા બે વર્ષમાં મોટા આતંકવાદી હુમલાઓ થયા છે. આ વિસ્તારમાં ૨૦૦૩ થી ૨૦૨૧ વચ્ચે આતંકવાદનો અંત આવ્યો હતો.

# સુનીતા વિલિયમ્સ ત્રીજીવાર અવકાશમાં ઉડાન ભરવા માટે તૈયાર

## કાલે માનવયુક્ત અવકાશયાનના પ્રથમ મિશન પર ઉડાન ભરશે

વોશિંગ્ટન, તા.૬



ભારતીય મૂળની સુનીતા વિલિયમ્સ ફરી એકવાર અવકાશમાં જવા માટે તૈયાર છે. આ વખતે બુચ વિલ્મોર પણ તેની સાથે હશે. નાસાના બે અનુભવી અવકાશયાત્રીઓ બોઈંગના સ્ટારલાઈનર અવકાશયાનમાં અવકાશમાં જવા માટે તૈયાર છે. આ પહેલું માનવયુક્ત અવકાશયાન હશે, જે ૭ મેના રોજ ઉડાન ભરશે. નાસાના જણાવ્યા અનુસાર, યુનાઈટેડ લોંચ એલાયન્સ એટલાસ વી રોકેટ અને બોઈંગ સ્ટારલાઈનર સ્પેસક્રાફ્ટને કેનેડી સ્પેસ સેન્ટરથી ૭ મેના રોજ સવારે ૮:૦૪ વાગ્યે લોન્ચ કરવામાં આવશે. મીડિયા કર્મચારીઓ સાથે વાત કરી તેણીએ કહ્યું કે, તે થોડી ગભરાયેલી છે. પરંતુ નવા અવકાશયાનમાં ઉડાન ભરવા માટે ઉત્સાહિત છે. તેણીએ આગળ કહ્યું, ‘જ્યારે હું ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પહોંચીશ, ત્યારે તે ઘરે પાછા જવા જેવું હશે.’

ડો. દીપક પંડ્યા અને બોની પંડ્યાના ઘરે જન્મેલી સુનિતા વિલિયમ્સ જેણે કુલ ૩૨૨ દિવસ અવકાશમાં વિતાવ્યા છે, તે ફરી એકવાર ઈતિહાસ રચશે. માનવયુક્ત અવકાશયાનના પ્રથમ મિશન પર ઉડાન ભરનાર તે પ્રથમ મહિલા હશે. તે ૨૦૦૬ અને ૨૦૧૨માં બે વખત અવકાશમાં જઈ ચુકી છે. વિલિયમ્સે બે મિશનમાં કુલ ૩૨૨ દિવસ અવકાશમાં વિતાવ્યા છે, જે પોતાનામાં એક રેકોર્ડ છે. ત્રીજી વખત ઉડાન ભરતા પહેલા વિલિયમ્સે કહ્યું કે, તે પોતાની સાથે ભગવાન ગણેશની મૂર્તિ લેશે. તેઓ માને છે કે ગણેશ તેમના માટે ભાગ્યશાળી છે. ભગવાન ગણેશની મૂર્તિ પોતાની સાથે લઈ જઈને તે ખુશ થઈ ગઈ. આ પહેલા સુનીતા પોતાની સાથે ભગવદ ગીતાને અવકાશમાં લઈ ગઈ હતી.

# શાળાના કલાસ રૂમમાં એસીનો ચાર્જ છાત્રના વાલી ઉઠાવે: દિલ્હી હાઈકોર્ટ

## શાળા દ્વારા એસીના ૨૦૦૦ રૂપિયા છાત્ર દીઠ વસૂલવા સામે વાલીની અરજી કોર્ટે ફગાવી

નવી દિલ્હી, તા.૬

દિલ્હી હાઇકોર્ટે એક ખાનગી સ્કૂલ દ્વારા એસીની સુવિધા માટે વસુલવામાં આવતા ચાર્જ રદ કરવા માટેની એક જાહેર હિતની અરજી ફગાવી દીધી હતી. દરમ્યાન અદાલતે જણાવ્યું હતું કે આ ચાર્જ વાલીએ આપવો જ પડશે.

આ અંગેની વિગત એવી છે કે દિલ્હીની એક ખાનગી




સ્કૂલે કલાસમાં એસીની સુવિધા માટે અધધ ૨૦૦૦ રૂપિયા માસિક વસૂલવામાં આવતા તેની સામે છાત્રના વાલીએ હાઇકોર્ટમાં જાહેર હિતની અરજી કરી હતી અને આ ફી રદ કરવાની માંગ કરી હતી. અદાલતે વાલીની અરજી ફગાવીને કહ્યું હતું કે આવી સુવિધાઓ આપવા માટે નાણાંકીય બોજ એકલા સ્કૂલ મેનેજમેન્ટ પર ન નાખવો જોઇએ.

# વિવાદાસ્પદ વિધાનો બાદ કનુભાઇ દેસાઇએ પણ રૂપાલા સ્ટાઈલથી કોળી સમાજની માફી માંગી લીધી

**જો કે બચાવ કર્યો મારો વિડીયો અધુરો દર્શાવાયો છે, ડેમેજ વધે તે પૂર્વે જ માફી માંગી લેતા ભાજપના અનેક ઉમેદવારોને રાહત**

રાજકોટ, તા. ૬

ગુજરાતમાં લોકસભા ચૂંટણી સમયે ક્ષત્રિય સમાજ અંગે રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ કરેલા વિવાદાસ્પદ વિધાનોના કારણે રાજયભરમાં ક્ષત્રિય સમાજે ભાજપ સામે મોરચો માંડયો છે અને તેમાં કેટલુ ડેમેજ કંટ્રોલ થયું છે તે અંગે ખુદ ભાજપ જ ચિંતમાં છે તે વચ્ચે ગુજરાત સરકારના નાણામંત્રી અને પક્ષના સિનીયર નેતા કનુભાઇ દેસાઇએ એક ચૂંટણી સભામાં કોળી સમાજ અંગે કરેલા વિધાનો વાયરલ થતા જ રાજયમાં અનેક સ્થળોએ કોળી સમાજ દ્વારા આંદોલન અને વિરોધ શરૂ કરાતા રૂપાલા પ્રકરણમાંથી બોધપાઠ લઇને નાણામંત્રી કનુભાઇ દેસાઇએ માફી માંગી લીધી છે. ભાજપે ક્ષત્રિય સમાજને ક્ષમા વિરસ્ય ભૂષણમ કહીને મોટુ મન રાખવા અપીલ કરી હતી. પરંતુ ક્ષત્રિય સમાજ મુખ્યત્વે રૂપાલા કે ભાજપને માફ કરવાના મુડમાં નથી. તે સમયે ભાજપની મોટી વોટબેંક ગણાતા કોળી સમાજ વિરૂધ્ધની આ ટીપ્પણી વધુ વિવાદ સર્જે તે પૂર્વે કનુભાઇ દેસાઇએ માફી માંગી લીધી હતી. કોળી સમાજમાં તેના પડઘા ધીમા પડયા હતા અને કેટલાક પોકેટ પર કનુભાઇ દેસાઇ વિરૂધ્ધ દેખાવ થયા હતા તે વચ્ચે સ્પષ્ટતા સાથે મારા નિવેદનોનો વિડીયો અધુરો દર્શાવ્યો છે જો પુરો દર્શાવ્યો હોત તો



સમાજની લાગણી દુભાય ન હોત, જોકે તેમણે શું અધુરૂ દર્શાવાયું છે તે અંગે કોઇ ફોડ પાડયો ન હતો અને માફી માંગી લીધી હતી અને એ પણ દાવો કર્યો કે તેઓ કોળી સમાજ સાથે સંકળાયેલા છે અને આ સમાજની અનેક પ્રવૃતિમાં સહકાર પણ આપ્યો હતો. મતદાનના ૪૮ કલાક પહેલા જ ભાજપના સિનીયર નેતા અને શાણા ગણાતા કનુભાઇ દેસાઇના આ વિધાનોથી વિવાદ વધે તે પૂર્વે ભાજપે તે રીતે ડેમેજ કંટ્રોલ કરી લેતા અનેક બેઠકના ઉમેદવારોને પણ હાશકારો થયો હતો.

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ પર તૂટી પડયા: વ્યક્તિગત આરોપો

# ઉદ્ધવ ઠાકરે બાળાસાહેબને પણ ટોર્ચર કરતા હતા: ખુરશી પર બેસવા પેટમાં પાપ હતુ: એકનાથ શિંદે

## ચૂંટણી ટાણે બેફામ આક્ષેપ: પુત્રવધુને પણ ઘરમાંથી કાઢી મુકી હતી

મુંબઈ,તા.૬

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને શિવસેનાના નેતા એકનાથ શિંદે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે અને મતદારોને મતદાન કરવા અપીલ કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે મીડિયા સાથે ખાસ વાતચીતમાં શિવસેના તૂટવાનું સાચું કારણ જણાવ્યું છે. તે જ સમયે, સીએમ શિંદેએ દાવો કર્યો છે કે તેમણે પાર્ટીને તૂટવાથી બચાવવા માટે પાંચ વખત પ્રયાસ કર્યા છે. સાથે જ તેમનું કહેવું છે કે બાળાસાહેબ ઠાકરેનું સપનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાકાર કર્યું છે.

તેમણે કહ્યું કે બાળાસાહેબ ઠાકરેના વિચારોનું સન્માન કરવા બદલ હું વડાપ્રધાનનો આભાર માનું છું. ખુરશી માટે બાળા સાહેબના આદર્શો – વિચારોને છોડીને આગળ વધનારાઓ સાથે મતભેદો થતાં. તેમના પુત્રએ ખુરશી માટે વિચારો છોડી દીધા. અસલી શિવસેના એ છે જે બાળા સાહેબના વિચારને આગળ ધપાવી રહી છે અને અમે, ધનુષ અને તીર, અમારી સાથેના તમામ કાર્યકરો જ અસલી શિવસેના છે. ઉદ્ધવ સંકુચિત મનથી વિચારે છે. ઉદ્ધવ બાળા સાહેબની સંપત્તિના વારસદાર છે, અમે બાળા સાહેબના વિચારોના વારસદાર છીએ.



સીએમ શિંદેએ કહ્યું કે ઉદ્ધવ ઠાકરેને વ્યક્તિગત રીતે મદદ કરવી એ પીએમની મહાનતા છે. આ બાળા સાહેબના પ્રેમને કારણે છે.

તેમણે કહ્યું કે પાર્ટી તૂટેલી નથી, અમે અસલી શિવસેનાને બચાવવા માટે કામ કર્યું છે. અગાઉ દુશ્મનોએ જવાનોના ગળા કાપી નાખ્યા હતા, પરંતુ આજે તેમનામાં હિંમત નથી. તમે મોદીજીને જેટલા અપશબ્દો બોલશો, એટલા જ લોકો તમને આશીર્વાદ આપશે. આજે ભારત બોલે છે અને દુનિયા સાંભળે છે.

ઉદ્ધવ ઠાકરેના મુખ્યમંત્રી બનવા અંગે શિંદેએ કહ્યું કે, ઉદ્ધવજીએ કહ્યું હતું તેઓ સીએમ બનવા માંગતા નથી, શિવસૈનિકને સીએમ બનવું છે, પરંતુ ખુદ ખુરશી પર બેસવાનો લોભ હતો. સરકાર રચવા જનતાના આશીર્વાદ મળ્યા, પણ દગો કોણે કર્યો? શિવસેના-ભાજપની સ્વાભાવિક ગઠબંધન સરકાર હોત, આ બધું સીએમ બનવા માટે કરવામાં આવ્યું હતું. જે પાર્ટી કોંગ્રેસને સોંપવામાં આવી હતી તેને બચાવવા અમે કામ કર્યું હતું. ઘરે બેસીને રાજ્ય ચલાવી શકાતું નથી, ફેસબુક દ્વારા સરકાર ચલાવી શકાતી નથી. વીર સાવરકરનું અપમાન કરનારાઓ કોંગ્રેસના ખભા પર બેસીને સરકાર ચલાવતા હતા, તેથી અમે બળવો કર્યો. હું પ્રામાણિકતા સાથે કહું છું કે પાર્ટી તૂટે નહીં તે માટે મેં પાંચ વખત પ્રયાસ કર્યો, ઉદ્ધવની લડાઈ માત્ર ખુરશી માટે હતી, પરંતુ તેમનો ઉદ્દેશ્ય ૫ વર્ષ સુધી ખુરશી પર રહેવાનો હતો.

તેમણે કહ્યું કે બાળા સાહેબનું સપનું મોદીજીએ પૂરું કર્યું છે. એક સામાન્ય શિવસૈનિક મુખ્યમંત્રી બન્યો છે. જો તમે મને સીએમ ન બનાવ્યો હોત તો તમે બીજા કોઈ શિવસૈનિકને બનાવત. મોદીજીએ બાલા સાહેબને સાચી શ્રદ્ધાંજલિ આપી છે. ઉદ્ધવે શિવસૈનિકો પાસેથી ૫૦ કરોડ રૂપિયા પડાવી લીધા છે. ઉદ્ધવ ખૂબ જ ઈન સિક્યોર વ્યક્તિ છે. તેમની પુત્રવધૂને ઘરમાંથી કાઢી મુકવામાં આવી હતી. ઉદ્ધવે રાજ ઠાકરેને ઘરની બહાર કાઢી મૂક્યા. તે બાળાસાહેબને પણ ટોર્ચર કરતો હતો. લોકોને વિકાસની ચિંતા છે, ઈમોશનલ કાર્ડથી નહીં.

એકનાથ શિંદેએ મોટો દાવો કરતા કહ્યું કે, ’ઉદ્ધવ ઠાકરે ભાજપના મોટા નેતાઓને જેલમાં મોકલવા માંગતા હતા. આ જહાંગીરનો જમાનો નથી કે પરિવારનો દીકરો જ રાજા બને. હનુમાન ચાલીસા વાંચનારાઓને જેલમાં મોકલવામાં આવ્યા, કંગના રનૌતનું ઘર તોડવામાં આવ્યું, પત્રકારોને જેલમાં મોકલવામાં આવ્યા, મેં તમામ ષડયંત્રનો અંત આણ્યો.

શરદ પવાર વિશે સીએમએ કહ્યું, ’પવાર સાહેબના પરિવારની હાલત માટે તેઓ પોતે જ જવાબદાર છે. કોંગ્રેસની કંપનીની દરેકને અસર થઈ છે. અજિત પવારને આગળ વધતા અટકાવવામાં આવ્યા હતા. તે એક પ્રગતિશીલ વ્યક્તિ છે.NDA દેશમાં ૪૦૦થી વધુ સીટો જીતશે.






### કોમલ હૈ કમજોર નહીં, તુ શક્તિ કા નામ નારી હૈ, જગ કો જીવન દેનેવાલી મોત ભી તુજ સે હારી હૈ

# મહિલાઓના સ્વાભિમાનને આંચ આવશે તો લડાઈમાં સૌથી આગળ રહીશઃ પરેશ ધાનાણી

## ‘મિલે સૂર મેરા તુમ્હારા’ના ગાન પર બહુમાળી ચોકમાં સ્વાભિમાન જયોત પ્રજવલિત કરવાનો ઐતિહાસિક કાર્યક્રમ યોજતા કોંગ્રેસના ઉમેદવારઃ મોટી સંખ્યામાં મહિલાઓની હાજરી

## મહિલા સ્વાભિમાનને ઠેસ પહોંચાડતા પરસોતમ રૂપાલાના ‘વેણ’ને કારણે લડાઈમાં ઉતર્યો છું, પરેશ ધાનાણી ભાવુક બન્યાઃ મહિલાઓ દ્વારા ‘વિજય’ના આશિર્વાદ આપ્યા

सिर्फ हंगामा खड़ा करना मेरा मकसद नहीं मेरी कोशिश रहे की यह सूरत बदलनी चाहिए
पीड पर्वत सी हुई, अब पीगलनी नहीं चाहिए इस हिमालय से कोई गंगा निकलनी चाहिए
मेरे दिल में ही नहींतो, तेरे दिल में ही सही हो कहीं भी हो आग, लेकिन आग जलनी चाहिए

રાજકોટ તા.૬

રાજકોટની લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ ચુંટણી પ્રચારના અંતિમ તબકકામાં બહુમાળી ચોકમાં મહિલા સ્વાભિમાન જયોત પ્રગટાવીને ઐતિહાસિક કાર્યક્રમ કર્યો હતો. મોટી સંખ્યામાં મહિલાઓએ હાજરી આપીને સ્વાભિમાનની જયોત પ્રગટાવી હતી. આ તકે પરેશ ધાનાણીએ કહ્યું કે અત્યારે જ નહીં, ભવિષ્યમાં પણ સ્વાભિમાનને દાગ લગાવવાનો પ્રયત્ન થશે કે કોઈ આંચ આવશે તો તેઓના રક્ષણ માટે પોતે સૌથી આગળ ઉભા રહેશે અને આવા કૃત્યો કરનારાઓને જડબાતોડ જવાબ આપવામાં આવશે.

રાજકોટની બેઠક પર આવતીકાલે મતદાન થવાનુ છે અને રવિવારે સાંજથી પ્રચાર પડધમ શાંત થઈ ગયા છે ત્યારે પરેશ ધાનાણીએ શનિવારે રેસકોર્ષ બહુમાળી ચોકમાં સ્વાભિમાન જયોત પ્રગટાવવાનો ઐતિહાસિક કાર્યક્રમ યોજયો હતો. તમામ સમાજ, જ્ઞાતિ-જાતિ અને ધર્મના લોકોની સાથે મળી એકબીજા પ્રત્યે સમર્પણ, સદભાવનાની ભાવના અને ‘મિલે સૂર મેરા તુમ્હારા’ની થીમ પરનો આ કાર્યક્રમ ઐતિહાસિક બની રહ્યો હતો.

યત્ર નાર્યસ્તુ પૂજયન્તે તત્ર રમન્તે દેવતાઃ એટલે કે જયાં જયાં નારીઓનું પૂજન થાય છે ત્યાં ત્યાં દેવતાઓનો વાસ હોય છે. આપણો દેશ તો નારીના પૂજનનો છે, અર્ચનનો છે, નારીનાં સન્માનને માનનારો છે. વર્ષો પહેલાં જયારે દાનવો પોતાની મર્યાદાઓ ભૂલ્યા ત્યારે ત્યારે તેનો વધ કરવામાં એ રણચંડી બનીને તેનો સંહાર કર્યો, અને ઈતિહાસ સાક્ષી છે કે જયારે જયારે નારીની અસ્મિતા જોખમાય છે, ત્યારે ત્યારે માત્ર ને માત્ર વિનાશ સર્જાયો છે. દ્રૌપદીના ચીર હરણ કરવામાં દુર્યોધન અને દુઃશાસનનો હાથ હતો, પરંતુ ભરી સભામાં ઉપસ્થિત બધા એ સ્ત્રીના એ અપમાનને ચૂપચાપ જોતા રહ્યા, અને પરિણામે મહાભારત થયું અને તમામ કૌરવોનો નાશ થયો.

સમયાંતરે સ્ત્રીના અપમાન થતા આવ્યા છે અને હજુ પણ સ્ત્રીની અસ્મિતા જોખમાઈ રહી છે. મહિલાઓનું સ્વાભિમાન હણાઈ રહ્યું છે. સ્વાભિમાન શેનું? મહિલાઓના રક્ષણનું, મહિલાઓના આત્મસન્માનનું, મહિલાઓની મર્યાદાનું, મહિલાઓના ગૌરવનું, મહિલાઓના બલિદાનનું અને મહિલાઓના સમર્પણનું.

શાસ્ત્રોમાં લખ્યુ છે, નારી એટલે, માં નવદુર્ગા, માં ખોડલ, માં ઉમા, માં શક્તિ સ્વરૂપ આશાપુરા, માં બહુચર, માં મોમાઈ, માં જગદંબા, માં ચામુંડા, માં ચરસ્વતી નારીને છેડવાની અને ઓછું આંકવાની ભુલ કરનારને નારીના અનેક સ્વરૂપોનો સામનો કરવો પડે છે. નારી જરૂર પડે ત્યાં શક્તિનું તો ક્યાંક ચામુંડાનું સ્વરૂપ ધારણ કરવા સમર્થ છે.

પરસોતમ રૂપાલાએ કરેલા વેણ મહિલા સન્માન, બલિદાન, મર્યાદા અને ગૌરવને ઠેસ પહોંચાડે તેવા ઉચ્ચારણોને લીધે, પરેશભાઈ ધાનાણી, મહિલારઓના સ્વાભિમાનની રક્ષા કાજે લડી રહ્યા છે, ત્યારે શનિવારે સાંજે સરદાર સ્મારક બહુમાળી ભવન પાસે મોટી સંખ્યામાં મહિલાઓની હાજરીમાં મહિલાઓએ પરેશભાઈને મશાલ અર્પણ કરી મહિલાઓના સ્વાભિમાન કાજે રણ મેદાનમાં ઉતરેલ શ્રી પરેશભાઈ ધાનાણીને ખૂબ શુભેચ્છા અને આશીર્વાદ આપ્યા. મશાલમાંથી પ્રગટેલી જયોત માત્ર એક દિવસ નહીં પણ આવનાર લાંબા સમય સુધી મહિલાઓના રક્ષણ અને સ્વાભિમાન માટે પરેશ ધાનાણીને બળ પુરું પાડશે તેવું પરેશભાઈએ જણાવ્યું હતું. પરેશભાઈ ધાનાણીએ ઉપસ્થિત બહેનોને વચન આપ્યું હતુ કે ભવિષ્યમાં તેમના સ્વાભિમાનને દાગ લગાવવાનો કોઈ પ્રયત્ન થશે તો પોતે હંમેશા મહિલા સ્વાભિમાનની રક્ષા કાજે બધાથી આગળ રહી જેવી રીતે જવાબ આપવાનો હશે તેવી રીત જવાબ આપશે. ઉપસ્થિત સૌ મહિલાઓને વંદન કરી જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, કાર્યક્રમમાં ઉપસ્થિત હજારો મહિલાઓ અબાલ વૃદ્ધ અને શહેરના શ્રેષ્ઠીઓ સાથે આજે લોકસભા સીટના ઉમેદવારે પહેલી જ વખત કોઈ ઉમેદવારે સદભાવનાની અને સર્વે સાથે મળીને એકબીજા માટે સમર્પણની ભાવના સાથે નારી શક્તિની અસ્મિતા માટે હજારો દીવડા પ્રગટાવ્યા હતા. પરેશભાઈ ધાનાણીએ સ્વાભિમાન જયોત જલાવી હતી અને તેમાં ઉપસ્થિત સૌએ પોતાના દીપ પ્રગટાવ્યા હતા. પોતાના વકતવ્યમાં પરેશભાઈ ધાનાણીએ ખૂબ જ ભાવુક થયા હતા અને ઉપસ્થિત લોકોને સંબોધન કરતા કહ્યું હતું કે, આ દેશમાં નારી શક્તિએ વારંવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સીતા અને દ્રૌપદી એ પણ સામનો કરવો પડયો હતો ત્યારે મારે ઘરમાં બે બે દીકરી છે. હું દીકરી માતાઓ શક્તિ માનું છું, અને એ બધી શક્તિઓના ચરણોમાં આજે વંદન કરું છું.








## રામલલ્લાનાં મોદીએ દંડવત દર્શન કર્યાઃ રોડ-શોમાં જનસૈલાબ ઉમટયો

### અયોધ્યાથી ગુજરાતની શ્રીકૃષ્ણભુમી દ્વારકાનો ઉલ્લેખ

અયોધ્યા તા.૬

ભગવાન શ્રીરામની જન્મભૂમી અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનાં નિર્ણય બાદ પ્રાણ પ્રતિષ્ઠા કરનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બીજી વખત અયોધ્યાની મુલાકાત લઈને રામલલ્લાને દંડવત કરીને દર્શન-પુજા અર્ચના કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે અયોધ્યા પહોંચ્યા હતા. રામ મંદિરમાં રામલલ્લાનાં દર્શન કર્યા હતા. ભગવાન શ્રીરામની આરતી કરી હતી. જે થાળીમાં દીપક રાખીને આરતી ઉતારી તેમાં કમળના ફૂલ પર રાખવામાં આવ્યા હતા. ઉતર પ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ પણ સાથે રહ્યા હતા.

રામલલ્લાનાં દર્શન બાદ વડાપ્રધાન મોદીએ અયોધ્યામાં વિરાટ રોડ-શો કર્યો હતો. તેમાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. અને મોદી યોગી પર ફુલ વરસાવ્યા હતા. આ તકે વડાપ્રધાને દ્વારકાની કૃષ્ણનગરીનો પણ ઉલ્લેખ કર્યો હતં. શ્રી કૃષ્ણની દ્વારકા દરીયામાં ડુબેલી છે.પુરાતત્વ વિભાગે શોધી લીધી છે. મેં પોતે સમુદ્રની અંદર જઈને દર્શન કર્યા છે અને મોરપંખ અર્પણ કર્યા છે. ઉતર પ્રદેશની સમાજવાદી પાર્ટીને પૂછવા માંગુ છું કે તમે તો યદુવંશી છો અને ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરવાવાળા પર સવાલ ઉઠાવનારાઓની કેમ આરતી ઉતારો છો મોદી તો શ્રી કૃષ્ણની આરતી ઉતારાશે.

દેશમાં જુદા જુદા રાજયોમાં આવતીકાલે લોકસભાની ત્રીજા તબકકાની ચૂંટણીનું મતદાન યોજાવાનું છે.તે પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતને સૂચક ગણવામાં આવે છે.રોડ-શોમાં જનસૈલાબ ઉમટયો હતો.

## ગુરૂ-શુક્રનો અસ્ત હોવાથી આ વખતે ૬૧ વર્ષ બાદ અક્ષય તૃતીયાના દિવસે શરણાઈના સૂર નહિ ગુંજે

સનાતન ધર્મમાં અક્ષય તૃતીયા તિથિનું વિશેષ મહત્વ છે. આ દિવસે કરવામાં આવેલ દરેક કાર્ય શુભ અને ફળદાયી હોય છે. કેલેન્ડર જોયા વગર પણ આ દિવસ શુભ છે. આ દિવસે લગ્ન, ઉદ્‌ઘાટન, વાસ્તુ, ગૃહ પ્રવેશ સહિતના કાર્યો થઈ શકે છે પરંતુ આ વર્ષે તા.૧૦મી મેના અક્ષય તૃતીયાના શરણાઈના સૂરો ગુંજશે નહિ.

જયોતિષ શાસ્ત્ર અનુસાર ૬૧ વર્ષ પછી આવો સંયોગ બની રહ્યો છે. આ વખતે અક્ષય તૃતીયાના દિવસે લગ્ન તથા શુભકાર્યો થશે નહિ. આ દિવસે ગુરૂ અને શુક્ર હસ્ત થવાના કારણે આમ થશે. ૨૮મી જૂનના શુક્ર ગ્રહનો ઉદય થશે ત્યાર પછી લગ્ન અને અન્ય માંગલિક કાર્યો માટે મુહુર્ત નીકળશે.



વિવાહ માટે ગુરૂ અને શુક્રનો ઉદય હોવો જરૂરી છે. આ બન્નેમાંથી કોઈ એક પણ અસ્ત થવાથી વિવાહ વગેરે માંગલિક કાર્યો કરવામાં આવતા નથી. આ વખતે અક્ષય તૃતીયાના દિવસે ગુરૂ અને શુક્રનો અસ્ત હોવાથી વિવાહ મુહૂર્ત માટે જુલાઈ સુધી પ્રતીક્ષા કરવી પડશે. તા.૯મી જુલાઈથી શરણાઈઓનું જશે. જુલાઈમાં લગ્નના મુહુર્તો ૯,૧૧,૧૨,૧૩ તથા ૧૫ તારીખ છે.

૧૭ જુલાઈથી ચાતુર્માસનો પ્રારંભ થાય છે તેથી ચાતુર્માસના ચાર મહિના માંગલિક કાર્યો પર બ્રેક લાગશે.

## ચૂંટણી મેચમાં ક્રિકેટ સ્ટાર્સ !ઃ કેટલાકે સિકસર લગાવી તો કોઈક કલીન બોલ્ડ થયા

### મોહમ્મદ અઝહરૂદીન, નવજોત સિદ્ધ, ચેતન ચૌહાણ, મોહમ્મદ કેફ સહિતના ચૂંટણીની ઈનીંગ ખેલી ચૂકયા છે






લખનૌ તા.૬

ફિલ્મી સ્ટાર્સની જેમ ક્રિકેટ સ્ટાર્સ પણ રાજકારણમાં ઝંપલાવતા રહ્યા છે. આમાં ઘણાએ ચોકકા-છકકા લગાવ્યા છે તો ઘણા કલીન બોલ્ડ પણ થયા છે.

ચેતન ચૌહાણઃ લાંબા સમયની ક્રિકેટ કારકિર્દી બાદ ચેતન ચૌહાણ ભાજપમાં સામેલ થયા હતા. ભાજપની ટિકીટ પર તે બે વખત અમરોહાની સીટ પર જીત્યા હતા, દરમિયાન તેઓ બે વાર ચૂંટણી હાર્યા પણ હતા. મુખ્યમંત્રી યોગીએ તેમને પોતાની સરકારમાં મંત્રી બનાવ્યા હતા.

મોહમ્મદ અઝહરુદીનઃ ભારતીય ક્રિકેટ ટીમના કપ્ટન રહી ચૂકેલ અઝહરુદીન હૈદ્રાબાદના છે. કોંગ્રેસે તેમને યુપીના મુરાદાબાદની સીટની ૨૦૦૯માં ટિકીટ આપેલી પોતાની લોકપ્રિયતાના બળે એ ચુંટણી જીતી ગયા હતા. ૨૦૧૪માં તેણે રાજસ્થાનની ટોંક સવાઈ માધોપુરપુરથી ચુંટણી લડી પણ સફળતા નહોતી મળી. ત્યારબાદ હૈદ્રાબાદની મહત્વની સીટ પરથી પણ ચુંટણી હારી ગયા હતા.

મોહમ્મદ કેફઃ મોહમ્મદ કેફે રાજકીય ઈનીંગ કોંગ્રેસથી શરૂ કરી હતી. ૨૦૧૪માં અલાહબાદની ફુલપુર સીટ પર કોંગ્રેસની ટિકીટ પણ લોકસભા ચૂંટણી લડી હતી પણ અહીં ભાજપના કેશવ પ્રસાદ મૌર્યએ શાનદાર જીત મેળવી હતી. અહીં પહેલી ઈનીંગમાં જ કેફ કલીન બોલ્ડ થઈ ગયો હતો.

### આંતરરાષ્ટ્રીય ચુનાવ આગંતુક કાર્યક્રમ અંતર્ગત...

## ૨૩ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૭૫ પ્રતિનિધિઓ ભારતમાં ચૂંટણી નિહાળવા દિલ્હી આવી પહોંચ્યા



નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય ચુનાવ આગંતુક કાર્યક્રમ અંતર્ગત ૨૩ દેશોનું પ્રતિનિધિત્વ કરનાર ૭૫ પ્રતિનિધિએ ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી જોવા માટે દિલ્હી આવી પહોંચ્યા હતા. ગઈકાલે રવિવારે નવી દિલ્હીમાં આ

### મુખ્ય ચૂંટણી કમિશ્નરની ઉપસ્થિતિમાં પ્રતિનિધિઓનું સ્વાગત

કાર્યક્રમનો શુભારંભ મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમાર અને ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબીરસિંહ સંધુની હાજરીમાં થયો હતો. આ તકે રાજીવકુમારે પ્રતિનિધિઓને સંબોધતા જણાવ્યું હતું કે ભારતનું ચૂંટણી ક્ષેત્રમાં યોગદાન અને ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવેલ કાર્ય વિશ્વમાં એક મહત્વપૂર્ણ સ્થાન રાખે છે.

## ‘અનુપમા’ ફેમ રૂપાલી ગાંગુલીએ ક્રેન પર ચઢી ફલાઈંગ કિસથી ફેન્સને ખુશ કર્યા

### શુટીંગ દરમિયાન રૂપાલા ડાઉન ટુ અર્થ જોવા મળી




મુંબઈ તા.૬

‘અનુપમા’ ફેમ એકટ્રેસ રૂપાલી ગાંગુલીએ ક્રેન પર શુટીંગ દરમિયાન ફલાઈંગ કિસ કરીને ફેન્સને ખુશ કરી દીધા હતા.

એકટ્રેસે હાલમાં જ પોતાના શુટીંગના અનુભવને સોશ્યલ મીડીયામાં શેર કર્યો છે. જેમાં રૂપાલી ક્રેન પર ચડીને ફેન્સને ફલાઈંગ કિસ કરીને ફેન્સને ખુશ કરતી જોવા મળે છે.

રૂપાલી ગાંગુલીએ ‘અનુપમા’ ટીવી શ્રેણીમાં પોતાની ભૂમિકાથી લાખો લોકોના દિલ જીતી લીધા છે.

શુટીંગ દરમિયાન રૂપાલીની એનર્જી અને એકસાઈટમેન્ટ તેના ફેન્સને પ્રભાવિત કરે છે શેર કરેલ કલીપમાં રૂપાલી માત્ર ફન મોમેન્ટમાં જ નથી દેખાતી, બલકે તેનો ડાઉન ટુ અર્થ સ્વભાવ અને સેટ પર કુ મેમ્બર્સ સાથેનો સંબંધ પણ જોવા મળે છે.



### રાજકીય પક્ષો ચૂંટણી પછી જે રીતે પક્ષાંતરને પ્રોત્સાહન આપે છે અને આયા રામ ગયા રામનું સત્તાલક્ષી રાજકારણ બન્યું છે તે પણ મતદારોનો ઉત્સાહ ઘટાડે છે

# શું ચૂંટણીમાં મતદાર ઉદાસ બની રહ્યો છે ?

**આવતીકાલના મતદાન પૂર્વે એ પ્રશ્ન પૂછાઇ રહ્યો છે કે છેલ્લા એક માસ જેવા પ્રચારમાં જનતા માટે એવી કઇ આશા કે તેને આવતીકાલે મતદાન માટે પ્રોત્સાહિત કરશે, લોકશાહીમાં જનતાની ભાગીદારી ઘટતી જાય તો કદાચ તે લાંબાગાળે આપખુદશાહીમાં પ્રવર્તે છે, સ્પર્ધાનું તત્વ પણ જોવા ન મળે તો મતદાર નિરૂત્સાહ થાય છે, મૌસમની માર એક ફેકટર છે પણ જો મતદાર મકકમ હોય તો તે મતદાન કરવા પહોંચે જ છે**

**લોકપ્રતિનિધિત્વ એટલે કે સ્થાનિક સ્તરે દિલ્હીમાં તમારો અવાજ કોણ બને તે માટે આ મતદાન છે અને તેને આપણે પ્રેસિડેન્ટ ઈલેકશનમાં ફેરવી નાંખી છે જેના કારણે કમીટેડ મતદારો બહાર આવશે, લાભાર્થીઓ પણ આવશે, પરંતુ ચૂંટણીમાં ચોકકસ જીત નિશ્ચિત છે તેવું જણાય તો એક વર્ગ મતદાન કરવા જશે નહીં, આપણા મતથી શું ફર્ક પડવાનો છે તે એક માનસિકતા બનવા લાગી છે જે લોકતંત્ર માટે પણ પડકાર છે**




જો તે ગુણોતર લાગુ કરે તો મતદાનની ટકાવારી અનેકગણી વધવી જોઇએ એવું મનાતું હોય છે ૬૦ થી ૭૦ ટકા મતદાન યોગ્ય છે એ પણ નિશ્ચિત થાય છે કે દેશની વસ્તી વધી છે. મતદાનનો અધિકાર મેળવનાર વર્ગ વધ્યો છે અને તેથી એક દસકા પૂર્વેના ૬૦ ટકા અને આજના ૬૦ ટકાનો કઇ રીતે સ્વીકાર્ય કરી શકાય તે પ્રશ્ન છે.

મતદાન વધારવા ચૂંટણી પંચ જે પ્રયાસ કરે છે તેમાં રાષ્ટ્રીય બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાથી લઇને ગ્રામીણ કમીટેડ મતદારો હોય છે તેના આધારે ચૂંટણીમાં વિજેતા બનવાની આશા રાખે છે. મતદાર વધારવા માટે પણ તેમના પ્રયાસો એ મર્યાદિત છે.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

જયારે કોઇપણ ચૂંટણી યોજાઇ ત્યારે ચોકકસપણે ખાસ કરીને રાષ્ટ્રીય ચૂંટણીમાં રાષ્ટ્રીય મુદાઓ ગાજવા જોઇએ તેના બદલે આ ચૂંટણીમાં સ્થાનિક મુદાઓની ગેરહાજરી લોકોને મોદી સ્વીકાર્ય નથી તેઓ મતદાનથી દુર રહે તેવી સ્થિતિ બને છે. આમ સ્પર્ધા ફેકટર ઘટતું જાય ત્યારે મતદાનની ટકાવારી પણ ઘટે છે.

જોકે એક મતદાનનો એક વર્ગ એવો છે કે કોઇ પણ સંજોગમાં મતદાન કરે છે તેની રાજકીય પ્રતિબધ્ધતા કોઇ પક્ષ સાથે હોય કે ન હોય મતદાન કરવાની હંમેશા સ્વીંગ મતદારોનો સૌથી મોટો ડર હોય છે.

આ લોકસભા ચૂંટણીમાં સૌથી વધુ કોઇ ચર્ચા હોય તો તે ભારે ગરમીની છે અને આવતીકાલે જયારે આપણે મતદાન કરવા જશુ તો તે ફેકટર મહત્વનું બની જશે અને રાજકીય પક્ષો માટે પછી મતદાનને બહાર કાઢવા મુશ્કેલ બની જાય છે. ખાસ કરીને એક નાનો વર્ગ એવો પણ છે કે રોજની કમાઇ પર જીવવાનું હોય છે. આ મતદાર વર્ગ પોતાના ઘરથી

**રાજકીય પક્ષો પણ પોતાના કમીટેડ પોકેટમાં વધુ મતદાન થાય તે ચિંતા કરે છે અને જયાં વિરોધી ઉમેદવારના પોકેટ ગણાય ત્યાં ઓછું જોર લગાવે છે આમ રાજકીય પક્ષો પણ મતદાનમાં સિલેકટેડ અભિગમ અપનાવે છે, બીજુ એક કારણ હોમ અવે મતદારો છે જેમાં સ્થાનિક સ્તરે રોજનું કમાતાથી લઇ જેમને સરકારી આદેશ છતાં પણ રજા મળતી નથી અથવા આવક કપાવવાનો ભય છે તે મતદાનની ચિંતા કરતા નથી અને એક વિશાળ વર્ગ જે માઇગ્રેટ થયો છે અને પોતાના મત ક્ષેત્રમાંથી અન્યત્ર છે તેઓ પણ મતદાન નહીં કરે જેમ ભારત શિક્ષિત થઇ રહ્યું છે તેમ ચૂંટણીઓ નિરસ બની રહી છે**

આવતીકાલે ગુજરાત સહિત દેશના ૧૦ રાજયોના મતદાનો માટે તેમની પવિત્ર ફરજ બજાવવાનો સમય આવી ગયો છે. છેલ્લા એક માસ કે તેથી વધુ સમયથી ગુજરાતમાં જે રીતે રાજકીય વાતાવરણ સર્જાયુ છે તેનાથી મતદારો માટે પણ અનેક પ્રશ્ન ઉભા થયા છે અને ખાસ કરીને રાજયમાં જયારે અગાઉની બંને લોકસભા ચૂંટણીઓ એટલે ૨૦૧૪-૨૦૧૯માં જે સ્પષ્ટ સ્થિતિ હતી તે ૨૦૨૪માં દેખાતી નથી અને તેમાં એક નહીં અનેક કારણો જવાબદાર છે તેથી આવતીકાલના મતદાન પર સૌની નજર છે ખાસ કરીને આ ચૂંટણીમાં રાજકીય પક્ષો અને નેતાઓના તમામ પ્રયત્નો છતાં પણ ફકત વિવાદોને કારણે જ ચોકકસ વર્ગના મતદારો ચૂંટણી પ્રક્રિયામાં જોડાયા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. લોકશાહીના પર્વમાં લોકભાગીદારી સૌથી મહત્વની હોય છે. આ ચૂંટણીમાં વ્યાપક રીતે જોઇએ તો તે જ અદ્રશ્ય હતી અને પ્રથમ તથા બીજા તબકકામાં જે રીતે મતદાનની ટકાવારી ઘટી તે કદાચ પરિણામ પર અસર પાડશે કે કેમ તે પ્રશ્ન છે પરંતુ લાંબા ગાળા માટે ચોકકસપણે ચિંતા સર્જે તેવું છે. લોકોમાં એક ચર્ચા છે કે મત દેવાથી કંઇ ફેર પડતો નથી. આપણે આજે મત દઇએ જે ઉમેદવારને ચૂંટીએ તે આવતીકાલની રાજકીય પરિસ્થિતિ મુજબ પોતાની રાજકીય વફાદારી નિશ્ચિત કરી દે છે ગુજરાત અને દેશમાં વિધાનસભા સહિતની ચૂંટણીમાં તે જોયું છે ભારતીય જનતા પક્ષ કે દેશનો સૌથી મોટો અને સૌથી વ્યાપક, સૌથી આક્રમક અને શ્રેષ્ઠ નેતૃત્વ ધરાવતો પક્ષ હોય અને લાંબા સમય સુધી સતામાં રહેવાનો તેનો સંકેત હોય તેથી તમામ પ્રવાહો ભાજપ પાસે જતા હોય છે પરંતુ એ કાયમી નથી. એક વખત સત્તામાં થોડી ઢીલાશ આવશે તો રીવર્સ પ્રવાહ પણ સર્જાય શકે છે અને લોકો પણ તે સમજે છે અને તેથી આપણી રાજનીતિ આ બાજુ જાય કે ઓલી બાજુ લોકોને પોતાને માટે કોઇ ફર્ક પડતો હોય તે જણાતું નથી. ચોકકસપણે અનેક યોજનાઓ અને અનેક સરકારી નિર્ણયોથી જે લાભકર્તા સ્થિતિ બની છે તે લાભાર્થી સાથે રહે પરંતુ તે લાભની આશા રહે છે નહીં કે લોકશાહીના ધબકાર સર્જાય તે માટે.

એક માન્યતા એવી છે કે અથવા તો સમજ એવી છે કે મતદારો શિક્ષિત થતા જાય તેમ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવામાં વધુ વિચારતા થાય છે અને લોકતંત્રમાં તેમની તેની ભાગીદારી વધે છે પરંતુ ભારતમાં સ્વતંત્રતા ૭૭ વર્ષ પછી પણ લોકભાગીદારી અંગે પ્રશ્ન ઉભા કરવા પડે છે ખાસ કરીને યુવા ફર્સ્ટ ટાઇમ વોટરથી લઇને મેટ્રો સીટીમાં એક વિશાળ વર્ગ મતદાનથી દુર રહે છે અથવા તો આળસ અનુભવે છે. ૧૯૪૭માં દેશ આઝાદ થયો તો ૧૮ ટકા લોકો શિક્ષિત હતા આજે ૭૫ ટકાથી વધુ શિક્ષિત છે કક્ષા સુધી મતદાર જાગૃતિ કાર્યક્રમો ચોકકસપણે યોજવામાં આવે છે અને ખાસ કરીને ભારતીય જનતા પક્ષે જે રીતે પેજ પ્રમુખ અને પેજ સમિતિની પ્રથા ચાલુ કરી તેમાં દરેક મતદાર સુધી કાર્યકર્તા પહોંચે તે નિશ્ચિત કરાય છે તે મતદાન વધારવામાં મહત્વની ભુમિકા ભજવે છે પરંતુ તેમાં પણ સિલેકટેડ અભિગમ અપનાવવા આવે છે ચોકકસ પોકેટમાં મતદાન માટે તે પ્રયત્ન કરાતો નથી જે અન્ય પોકેટમાં કરાય છે તેનું પણ રાજકારણ છે અને તેથી જ મતદાનની ટકાવારી પર અસર પડે છે. જયારે અન્ય પક્ષો પાસે આવી કોઇ વ્યવસ્થા બહુ ઓછી છે અને તે ફકત કોઇ વેવના આધારે અથવા તો તેના જ જોવા મળી લોકો સંસદમાં તેમના પ્રતિનિધિ તરીકે તેમનો અવાજ બને તે માટે મતદાન કરે તે સમગ્ર થીમ છે પરંતુ તેનાથી ઉલ્ટુ થઇ ગયું છે. અને લોકપ્રતિનિધિની ભૂમિકા ઘટતી જાય છે અને ફેકટર ઉપર ચૂંટણી ચાલી ગઇ છે. જેમ કે ભારતીય જનતા પક્ષ મોદી ફેકટર પર ચૂંટણી લડી રહ્યું છે. તમારો મત પ્રતિનિધિને આપવો તે વ્યકિત છે, તમારો અવાજ બની શકશે અને તમારી સમસ્યાનો પડઘો પાડશે અને તેનો ઉકેલ લાવશે આ તમામ રાષ્ટ્રીય કક્ષાએ જરૂરી છે પરંતુ તેના બદલે મોદીને વડાપ્રધાન બનાવવાના એક માત્ર એજન્ડા સાથે ભારતીય જનતા પક્ષનો પ્રચાર કેન્દ્રીત થયો છે જેના કારણે જે પોતાની ફરજ સમજે છે અને તે પ્રથમ મતદાર બનવા પણ દોટ મૂકે છે. બીજો એક વર્ગ એવો છે કે ચોકકસ રાજકીય પક્ષને પ્રતિબધ્ધ હોય છે તેને જીતાડવા માટે મતદાન કરે છે જયારે કોઇ વખત બેઠક સમજુતી મુજબ જો રાજકીય પક્ષ જે તે મત વિસ્તારમાં ચૂંટણી ન લડતો હોય તો તે મતદાર સંભવ છે કે મતદાનથી દુર રહે જયારે ત્રીજો મતદાર વર્ગ એવો છે કે સ્વીંગ મતદાર કહેવાય છે તે આખો દિવસ માહોલ જોવે છે 'કોનું જોર' છે તે ચર્ચામાં જોડાઇ છે અને તેના આધારે મતદાન કરે છે અને આ સ્વીંગ મતદારો પરિણામમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે અને રાજકીય પક્ષોને દુર કમાણી માટે જતો હોય તો તે પહેલા મતદાન કરીને જાય તેવી ચિંતા કરતો નથી. બીજો એક વર્ગ એવો છે કે પોતાના ગામ કે શહેરથી દુર રહે છે અને ભારતમાં આ હોમ અવે મતદારનો મોટો વર્ગ છે. ગ્રામીણથી શહેરીકરણ થયું છે. તો શહેરોમાંથી મેટ્રો સીટીમાં ધંધા-રોજગાર માટે પહોંચે છે. તેઓ ભાગ્યે જ મતદાન માટે પોતાના વિસ્તારમાં આવે છે. એ વર્ગ રજાનો મહતમ લાભ ઉઠાવવા માટે આતુર હોય છે તેના માટે મતદાન એ પવિત્ર ફરજ રહેતી નથી અને તેઓ એવી માન્યતા હોય છે કે સરકાર કોઇપણ હોય પરંતુ તે રોજીરોટી પર ભાગ્યે જ ફરજ પાડી શકે છે.

# આવકવેરા રિટર્ન ફાઈલ કરતી વખતે તમામ વ્યવહારો મેળ કરાવવા અનિવાર્ય

## એન્યુઅલ ઈન્ફર્મેશન સ્ટેટમેન્ટ (AIS) માં ૪૦ થી વધુ પ્રકારના વ્યવહારોની માહિતીનો સમાવેશ

નવી દિલ્હી, તા ૬

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે આવકવેરા રિટર્ન ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ટેક્સ નિષ્ણાતોએ સલાહ આપી છે કે કરદાતાઓએ ITR ફાઇલ કરતા પહેલા થોડી તૈયારી કરવી જોઈએ. જેમ કે, તમારા તમામ વ્યવહારો અને કર કપાતને ફોર્મ-૧૬, વાર્ષિક માહિતી નિવેદન (AIS) અને ફોર્મ 26AS સાથે મેળ કરાવો જરૂરી છે. પગારદાર કર્મચારીઓને આ મહિના સુધીમાં એમ્પ્લોયર પાસેથી ફોર્મ-૧૬ પ્રાપ્ત થશે. કેટલીક સાવચેતી રાખવાથી કરદાતાઓ આવકવેરા વિભાગની નોટિસ થી બચી શકે છે.

**ખોટી વ્યક્તિગત માહિતી**

કરદાતાઓએ ખાતરી કરવી જોઈએ કે નામ, PAN, સરનામું અને બેંક ખાતાની વિગતો જેવી બધી માહિતી યોગ્ય રીતે ભરેલી છે.

**ખોટું ITR ફોર્મ પસંદ કરવું**

કરદાતા માટે યોગ્ય ITR ફોર્મ પસંદ કરવું મહત્વપૂર્ણ છે. ખોટા ફોર્મ ભરવાથી સમસ્યાઓ અને દંડ થઈ શકે છે.



**આવક વિશે સંપૂર્ણ માહિતી આપવી**

ITR માં પગાર, વ્યાજ અને ભાડા સહિત તમામ સ્ત્રોતોમાંથી આવક વિશેની માહિતી પ્રદાન કરવી. તેને છુપાવવાથી કરચોરીનો મામલો સામે આવી શકે છે.

**ટીડીએસની અવગણના:**

એમ્પ્લોયર અથવા કપાતકર્તાએ આઇટીઆરમાં એમ્પ્લોયર દ્વારા જારી કરાયેલ ફોર્મ ૧૬ અને ૧૬-એમાં કાપવામાં આવેલા ટીડીએસની વિગતો દર્શાવવી આવશ્યક છે.

**રોકાણ ની અધુરી માહિતી આપવી**

આવકવેરાની કલમ 80C, 80D, 80G હેઠળ કર મુક્તિ માટે તમામ રોકાણોની સાચી ઘોષણા કરવી. આમ કરવામાં નિષ્ફળતા ટેક્સ જવાબદારીમાં વધારો કરશે.

**AIS સાથે મેળ ખાતી હોવી જોઇએ**

ભરેલી બધી વિગતો વાર્ષિક માહિતી નિવેદન (AIS) અને ફોર્મ ૨૬અજ સાથે મેળ ખાતી હોવી જોઈએ. AIS એપ ડાઉનલોડ કરીને આ પ્રાપ્ત કરી શકાય છે.

**સમયસર ITR ભરવું**

ITR ફાઇલ કરવાની છેલ્લી તારીખ તમારા ટેક્સ બ્રેકેટના આધારે બદલાઈ શકે છે, તેથી તેને યોગ્ય રીતે તપાસવું. ITR મોડું ફાઈલ કરવાથી દંડ થઈ શકે છે

### આ કામ પહેલા કરવું

૧. જો તમે હજુ સુધી PAN અને Aadhaar ને લિંક નથી કરાવ્યા, તો પહેલા કાર્ય પૂર્ણ કરો.

૨. જો તમે સમયસર સંપૂર્ણ રિફંડ મેળવવા માંગો છો, તો બેંક સાથે તમારો મોબાઈલ અને પાન નંબર તપાસવું. જો કોઈ ભૂલ હોય તો KYC માટે બેંકને અરજી કરવી.

### એટલા માટે ફોર્મ-૧૬ જરૂરી

આવકવેરા રિટર્ન ફાઇલ કરવા માટે તેમના એમ્પ્લોયર દ્વારા પગારદાર કર્મચારીઓને ફોર્મ-૧૬ જારી કરવામાં આવે છે. આ ફોર્મ સામાન્ય રીતે મે સુધીમાં આપવામાં આવે છે. તે કર્મચારીની આવક અને એમ્પ્લોયર દ્વારા કાપવામાં આવેલા ટેક્સ વિશે માહિતી આપે છે. ફોર્મ-૧૬ પુષ્ટિ કરે છે કે નોકરીદાતાએ TDS જમા કરાવ્યો છે.

### જો ત્યાં ફોર્મ-૧૬ ન હોય તો....

જો કરદાતા પાસે ફોર્મ ૧૬ નથી, તો વાર્ષિક માહિતી નિવેદન અને ફોર્મ 26AS પણ પૂરતા છે. આ બંને ફોર્મમાં સમગ્ર નાણાકીય વર્ષમાં કરદાતા દ્વારા કરવામાં આવેલા તમામ વ્યવહારો, કમાણી કરાયેલ કુલ આવક, રોકાણ, કંપની દ્વારા કાપવામાં આવેલ ટીડીએસની સંપૂર્ણ વિગતો હોય છે. આને મેચ કરીને, કરદાતા. કોઈપણ ભૂલ કર્યા વિના ITR ભરી શકે છે.

# વડાપ્રધાન મોદી મતદાન કરવા કાલે ગુજરાત આવશેઃ વ્યવસ્થા-સુરક્ષાનુ ચેકીંગ




વડાપ્રધાન નરેન્દ્ર મોદી મતદાન માટે અમદાવાદ આવશે. ૭મીને મંગળવારે તેઓ રાણીપ સ્થિત નિશાન શિક્ષણ સંકુલમાં મતદાન કરશે. આ પુર્વે રવિવારે ચૂંટણી પંચના અધિકારીઓ, પોલીસ સહિતની એજન્સીઓના અધિકારીઓએ વડાપ્રધાન જયાં આવવાના છે તે સ્થળ, સંકુલની મુલાકાત લઈ સુરક્ષા સહિત વિવિધ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

# લખનૌને ૯૮ રને હાર આપતું કોલકતાઃ પોઈન્ટ ટેબલમાં 'નંબર વન' પર પહોંચી

## નારાયણનની સ્ફોટક બેટીંગઃ લખનૌની સૌથી મોટી હાર



લખનૌ તા.૬

લખનૌ સામેનાં મેચમાં કોલકતા નાઈટ રાઈડર્સ ૯૮ રનની અત્યાર સુધીની સૌથી મોટી જીત હાંસલ કરી હતી.

લખનૌએ ટોસ જીતીને કોલકતાને પ્રથમ દાવ લેવા મેદાને ઉતાર્યુ હતું. નારાયણ, સોલ્ટ, રઘુવંશી તથા શ્રેયસની આક્રમક બેટીંગનાં સહારે કોલકતાએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૩૫ રન ઝુડયા હતા. નારાયણે સ્ફોટક બેટીંગ કરીને ૩૯ દડામાં સાત છગ્ગા તથા છ ચોગ્ગા સાથે ૮૧ રન બનાવ્યા હતા. આ પૂર્વે સોલ્ટ તથા રઘુવંશીએ ૩૨-૩૨ રન શ્રેયસે ૨૩, રીંકુએ ૧૬ તથા રસેલે ૧૨ રન કર્યા હતા. રમનદીપ છ દડામાં ૩ છગ્ગા અને એક ચોકકા સાથે અણનમ ૨૫ રન કર્યા હતા

લખનૌની ટીમ મોટો ટારગેટ ચેઝ કરવામાં ફસકી ગઈ હતી. નિયમીત અંતરે વિકેટો ખડતી રહી છે. ૧૬.૧ ઓવરમાં માત્ર ૧૩૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. કોલકતાનો ૯૮ રને મોટો વિજય થયો હતો.

કોલકતાએ આ પૂર્વે દિલ્હીને ૧૦૬ રને હરાવી હતી. ત્યારપછી બીજા નંબરની સૌથી મોટી જીત છે. ૬ઠી વખત ટીમે ૨૦૦ થી વધુનો સ્કોર કર્યો હતો. પોઈન્ટ ટેબલમાં નંબર ૧ થઈ હતી.

# રવિન્દ્રનાં ઓલરાઉન્ડ દેખાવથી પંજાબ ફસકયુઃ ચેન્નાઈની ૨૮ રને જીત





- **પંજાબ સામે સળંગ પાંચ હાર બાદ ચેન્નાઈએ વિજય મેળવ્યોઃ**
- **જાડેજા આઈપીએલનાં ઈતિહાસમાં ૧૬ મી વખત પ્લેયર ઓફ ધ મેચ બન્યો**

ધર્મશાલા તા.૬

ચેપોકમાં છેલ્લા મુકાબલામાં હાર સાથે પાટા પરથી ખડી ગયેલી 'ચેન્નાઈ એકસપ્રેસ' ધર્મશાળામાં ફરી પહાડ ચડી ગઈ છે. રવિન્દ્ર જાડેજાના ઓલરાઉન્ડ દેખાવના જોરે ચેન્નાઈમાં પંજાબ સામે ૨૮ રને જીત હાંસલ કરી હતી.

પંજાબ સામે સળંગ પાંચ મેચમાં પરાજીત ચેન્નાઈએ છઠ્ઠા મેચમાં વિજય મેળવ્યો હતો અને પ્લે ઓફમાં પહોંચવા માટેની સંભાવના વધુ દ્રઢ બનાવી હતી.ધર્મશાલામાં ચેન્નાઈએ નિર્ધારીત ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૬૭ રન બનાવ્યા હતા. રવિન્દ્ર જાડેજાએ ઓલરાઉન્ડ દેખાવ કર્યો હતો. ૨૬ દડામાં બે છગ્ગા અને ત્રણ ચોગ્ગા સાથે ૪૩ રન ઝુડયા હતા.આ સિવાય કપ્તાન ગાયકવાડ ૩૨ તથા મીચેલના ૩૦ રન મુખ્ય હતા. શિવમ દુબે તથા ધોની ખાતા પણ ખોલાવી શકયા ન હતા.

૧૬૮ રનના વિજય ટારગેટ સાથે પંજાબની ટીમ માત્ર ૧૩૯ રન જ કરી શકી હતી. જાડેજા ઉપરાંત સિમરજીત તથા દેશપાંડે જેવા બોલરોનાં તરખાટ સામે પંજાબ પરાસ્ત થઈ હતી. જાડેજાએ ૩ વિકેટો ઝડપી હતી. જાડેજા ૧૬ મી વખત આઈપીએલમાં પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો.




# 'પહેલા મને ડ્રગ્સ આપ્યુ, પછી...' - ૩૭ વર્ષીય મહિલા સાંસદનું પોતાના જ વિસ્તારમાં થયું યૌનશોષણ

## હેલ્થ મિનિસ્ટરને ઓસ્ટ્રેલિયાના સાંસદ સાથે બન્યો બનાવ : બ્રિટની લાઉગાએ પોસ્ટમાં લખ્યું છે કે, મારી સાથે જે ઘટના બની છે તે કોઈ બીજા સાથે પણ બની શકે છે

સિડની,તા.૬

ઓસ્ટ્રેલિયાના ક્વિન્સલેન્ડના સાંસદ બ્રિટની લાઉગાએ દાવો કર્યો છે કે, તેણે તેને ડ્રગ્સ આપીને તેનું યૌન શોષણ કર્યું હતું. બ્રિટની લાઉગાએ સોશિયલ મીડિયા પર તેની સાથે બનેલી આ ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ ઘટના તેમની સાથે તેમના પોતાના મતવિસ્તાર યેપ્પૂનમાં નાઈટ આઉટ દરમિયાન બની હતી.



બ્રિટની લાઉગા આસિસ્ટન્ટ હેલ્થ મિનિસ્ટર પણ છે. પોતાની પોસ્ટમાં તેણે લખ્યું છે કે, મારી સાથે જે ઘટના બની છે તે કોઈ બીજા સાથે પણ બની શકે છે. અને સૌથી દુ:ખની વાત એ છે કે આ પ્રકારની ઘટના આપણામાંથી ઘણા લોકો સાથે બને છે.

ટેલિગ્રાફના રિપોર્ટ અનુસાર ૨૮ એપ્રિલે બનેલી ઘટના બાદ ૩૭ વર્ષીય સાંસદ પહેલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા ગયા અને પછી હોસ્પિટલ ગયા. ઓસ્ટ્રેલિયન પોલીસે ફરિયાદ નોંધ્યા બાદ ઘટનાની તપાસ શરૂ કરી છે.

બ્રિટની લાઉગાએ કહ્યું કે હોસ્પિટલમાં ટેસ્ટ દરમિયાન મારા શરીરમાં ડ્રગ્સની હાજરીની પુષ્ટિ થઈ હતી, જોકે મેં દવાઓ લીધી ના હતી. સાંસદે કહ્યું કે ડ્રગ્સની તેમના પર ઘણી અસર થઈ છે. તેણે દાવો કર્યો હતો કે અન્ય ઘણી મહિલાઓએ તેનો સંપર્ક કર્યો હતો. કદાચ તેને પણ ડ્રગ્સ આપવામાં આવ્યું હશે.

સાંસદ બ્રિટની લાઉગાએ કહ્યું કે, અમે અમારા શહેરમાં પણ સુરક્ષિત નથી અને આવી ઘટના બને તો બહાર જવું યોગ્ય નથી. પોલીસે જણાવ્યું હતું કે રિપોર્ટ નોંધવામાં આવ્યો છે અને અમે ઘટનાની વિગતવાર તપાસ કરી રહ્યા છીએ. ક્વિન્સલેન્ડ હાઉસિંગ મિનિસ્ટર મેઘન સ્કેનલોને આરોપોને આઘાતજનક અને ભયાનક ગણાવ્યા હતા. સ્કેનલોને કહ્યું કે બ્રિટની લાઉગાની ક્વિન્સલેન્ડ સંસદમાં એક સહકર્મી, એક મિત્ર, એક યુવતી છે અને આ વાંચવા માટે ખરેખર ચોંકાવનારી બાબતો છે. સ્કેનલોને કહ્યું કે અમે સ્વીકારી શકતા નથી કે અમારી મહિલાઓ ઘરેલું, પારિવારિક અને જાતીય હિંસાનો ભોગ બને છે. તેમણે વધુમાં કહ્યું કે અમારી સરકાર

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મતદાન માટે આગમન પૂર્વે જ સુરક્ષા એજન્સી માટે પડકાર

# કાલના મતદાન પૂર્વે જ અમદાવાદની ૧૩ સ્કૂલોમાં બોમ્બની ધમકી

## દિલ્હી માફક રશિયન સર્વરમાંથી મોકલાયેલા ઇ-મેઇલમાં સ્કૂલ ઇમારતને ઉડાવી દેવામાં આવશે તેવી ધમકી મળતાં પોલીસ એલર્ટઃ બોમ્બ સ્કવોડ્ દોડી ગઇઃ શાળાઓમાં વેકેશન હોવાથી થોડી રાહત

રાજકોટ, તા. ૬

ગુજરાતમાં આવતીકાલે લોકસભા ચૂંટણી માટેનું મતદાન યોજવાનું છે તે પૂર્વે જ દિલ્હી મોડેલથી અમદાવાદમાં એક બાદ એક ૧૩ જેટલી સ્કૂલોને તેમની ઇમારતમાં બોમ્બ મુકાયા હોવાની ધમકી મળતા જ અમદાવાદ પોલીસની ટૂકડીઓ આ સ્કૂલોમાં દોડી ગઇ હતી અને તપાસ શરૂ કરી છે. ગત સપ્તાહે જ દિલ્હીમાં લગભગ ૮૦ જેટલી સ્કૂલોમાં બોમ્બની ધમકી મળી હતી અને તેમાં દિલ્હી પોલીસે કરેલી તપાસમાં કોઇ બોમ્બ કે વાંધાજનક ચીજો મળી ન હતી પણ આજે સવારે અમદાવાદમાં દિલ્હીની માફક જ મહાનગરની પાંચ સ્કૂલોને અને ગ્રામ્ય વિસ્તારની કેટલીક સ્કૂલોને ધમકીભર્યા ઇ-મેઇલ મળ્યા હતા અને તેમાં સ્કૂલો પાસેથી પૈસા પણ માંગવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે. અમદાવાદમાં જે સ્કૂલોને આ ધમકીભર્યા ઇ-મેઇલ મળ્યાં છે તેમાં ચાંદખેડાની કેન્દ્રીય વિદ્યાલય, વસ્ત્રાપુરની એશિયા ઇંગ્લીશ સ્કૂલ, ઘાટલોડીયાની અમૃતા વિદ્યાલય

(અનુસંધાન છઠ્ઠા પાને)





### મોબાઈલમાં કેદ જીંદગી...


ગુજરાત સહિત દેશની ૯૩ બેઠકો પર આવતીકાલે ત્રીજા તબકકાની ચૂંટણીનું મતદાન થવાનુ છે. સુરક્ષા જવાનોથી માંડીને ચુંટણી સ્ટાફને મતદાન મથકોએ તૈનાત કરી દેવાયો છે. સ્થળ પર જ તેઓને રહેવાનું ફરજીયાત છે ત્યારે મોબાઈલ જ સહારો છે. આમેય ડીજીટલ યુગમાં લોકોની જીંદગી મોબાઈલમાં કેદ થઈ ગઈ હોવાનો ઘાટ સર્જાયો જ છે અને તેમાં સુરક્ષા જવાનો પણ બાકાત નથી.

# ૪૩ ડીગ્રીને પાર! કાલથી ગુરૂવાર સુધી આકરો તાપ વરસશેઃ પવનનું જોર રહેશે

## જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની આગાહીઃ તા.૧૨ મે સુધી તાપમાનની રેન્જ ૪૧ થી ૪૩ ડીગ્રી કે તેથી વધુ રહેશે

રાજકોટ તા. ૬

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે ગઈકાલે એકાએક રાહત મળવા સાથે રાજકોટ સહીત અમુક શહેરોમાં છાંટા વરસ્યા હતા.પરંતુ આવતીકાલથી ફરી આકાશ ધરતી ધગધગશે અને મંગળવારથી ગુરૂવાર દરમ્યાન અમુક સેન્ટરોમાં તાપમાન ૪૩ ડીગ્રીને પણ પાર કરી જવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.



તેઓએ આજે વાતચીતમાં કહ્યું હતું કે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં રવિવારે એકાએક વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતું. પરીણામે તાપમાનનો પારો નોર્મલ કરતા નીચે ઉતરી ગયો હતો. હાલ નોર્મલ મહતમ તાપમાન ૪૧ થી ૪૨ ડીગ્રી ગણાય છે. તેના બદલે એકથી ચાર ડીગ્રી નીચુ હતું.ગઈકાલે અમદાવાદનું તાપમાન ૩૯.૨ ડીગ્રી હતું તે નોર્મલ કરતા ૩ ડીગ્રી નીચે હતું.રાજકોટનું ૩૭ ડીગ્રી નોર્મલથી

(અનુસંધાન છઠ્ઠા પાને)

# 'લકઝુરીયસ બેદરકારી'! કારમાંથી કચરાના થેલા ફેંકતા આસામીને દંડ

## રૈયા ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસે સીસીટીવીમાં કૃત્ય પકડાતા રૂા. બે હજારની વસુલાત




રાજકોટ, તા. ૬

રાજકોટ મનપાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઇ દંડ વસુલાતની કામગીરી ચાલુ છે. તેવામાં રૈયા રોડ પર લકઝરીયસ કારમાંથી કચરો ભરેલા થેલા ફેંકતા કાર માલિકને પકડીને રૂા. બે હજારનો દંડ કરવામાં આવ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા જાહેર સ્વચ્છતા જાળવવાના પ્રયાસોના ભાગરૂપે સીસીટીવી નેટવર્ક દ્વારા સર્વેલન્સ હાથ ધરવામાં આવતું હોય છે. ગઇકાલે રૈયા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની નજીકના સ્થળે લકઝુરિયસ કારમાં આવેલ લોકોએ આ

(અનુસંધાન છઠ્ઠા પાને)





દરેક કારની ચીપ (સેન્સર)વાળી ચાવી
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

ચામડી અને વાળના રોગો
• લેસરથી અણગમતા વાળ દુર કરવા
• ખીલ, ખીલથી થતા ખાડા તેમજ ડાઘા મો ઉપરની કરચલી માટે કેમીકલ પીલીગ અને ડર્માંરોલર તેમજ લેસરથી સારવાર
• ચહેરા અને ગરદન પર થતા તલ, મસા વગેરે માટે આધુનિક R.F.C. યુનિટ
ડૉ. સમીર વસાવડા
એમ.ડી. (સ્કીન) (યુનિ.પ્રથમ)
મો.: ૯૮૨૪૨ ૩૪૩૨૦
અપર ગ્રાઉન્ડ લેવલ - પ્રતિભા કોમ્પલેક્ષ મોટી ટાંકી ચોક, રાજકોટ.

